

# વિશ્વસંચાલનનો મૂલાધાર

તમામ વિશ્વવિચિત્રતાઓનું કારણ-કર્મ, જૈન દૃષ્ટિએ

પ્રેરક

પ.પૂ. આચાર્યદેવ શ્રીમદ્
વિજયભુવનભાનુસૂરીશ્વરજી મ.સા.

## પૂ.આ. ભ.શ્રી ભુવનભાનુ સૂરિ મહારાજા




રમ્ય ભુવનભાનુ સૂરયે નમઃ
હર્ષ ભુવનભાનુ સૂરયે નમઃ
કલ્યાણ ભુવનભાનુ સૂરયે નમઃ
સૌભાગ્ય ભુવનભાનુ સૂરયે નમઃ
આત્મ સૌંદર્ય ભુવનભાનુ સૂરયે નમઃ
પદ્મ ભુવનભાનુ સૂરયે નમઃ
તરુણ ભુવનભાનુ સૂરયે નમઃ
શાંતિ ભુવનભાનુ સૂરયે નમઃ
વર્ધમાન ભુવનભાનુ સૂરયે નમઃ
પ્રેરણા ભુવનભાનુ સૂરયે નમઃ
સૌજન્ય ભુવનભાનુ સૂરયે નમઃ
કૌશલ ભુવનભાનુ સૂરયે નમઃ
પ્રવચન ભુવનભાનુ સૂરયે નમઃ

મૈત્રી ભુવનભાનુ સૂરયે નમઃ
માધ્યસ્થ્ય ભુવનભાનુ સૂરયે નમઃ
પ્રમોદ ભુવનભાનુ સૂરયે નમઃ
પૂર્ણતા ભુવનભાનુ સૂરયે નમઃ
મગ્નતા ભુવનભાનુ સૂરયે નમઃ
સિદ્ધિ ભુવનભાનુ સૂરયે નમઃ
શુદ્ધિ ભુવનભાનુ સૂરયે નમઃ
તીર્થ ભુવનભાનુ સૂરયે નમઃ
શાસ્ત્ર ભુવનભાનુ સૂરયે નમઃ
યોગ ભુવનભાનુ સૂરયે નમઃ

દ્રષ્ટિ ભુવનભાનુ સૂરયે નમઃ
શિલ્પ ભુવનભાનુ સૂરયે નમઃ
સાહિત્ય ભુવનભાનુ સૂરયે નમઃ
અધ્યયન ભુવનભાનુ સૂરયે નમઃ
સુધા ભુવનભાનુ સૂરયે નમઃ
પ્રમાણ ભુવનભાનુ સૂરયે નમઃ
મંત્ર ભુવનભાનુ સૂરયે નમઃ
સમાધિ ભુવનભાનુ સૂરયે નમઃ
મૌન ભુવનભાનુ સૂરયે નમઃ
સ્થૈર્ય ભુવનભાનુ સૂરયે નમઃ
સંતોષ ભુવનભાનુ સૂરયે નમઃ
દક્ષતા ભુવનભાનુ સૂરયે નમઃ
અદ્વૈત ભુવનભાનુ સૂરયે નમઃ

**પ.પૂ. સકલસંઘહિતચિંતક યુવાજનોદ્ધારક**

**આચાર્યદેવ શ્રીમદ્ વિજયભુવનભાનુસૂરીશ્વરજી મ.સા.**

# જીવનું શુદ્ધ-અશુદ્ધ સ્વરૂપ:
## મૌલિકઅનંતગુણ, ૮ કર્મ વાદળ અને પ્રકટેલા વિકારો



**શ્રી ભુવનભાનુ-પદાર્થ-પરિચય-શ્રેણિ-૬**

।। જયઉ સવ્વણ્ણુસાસણં-શ્રી વર્ધમાનસ્વામિને નમઃ ।।

।। શ્રી પ્રેમ-ભુવનભાનુ-પદ્મ-જયઘોષ-હેમચંદ્રગુરૂભ્યો નમઃ ।।

# વિશ્વસંચાલનનો
# મૂલાધાર

**(તમામ વિશ્વવિચિત્રતાઓનું કારણ-કર્મ, જૈન દૃષ્ટિએ)**

-: પ્રેરક :-

પ.પૂ. સકલસંઘહિતચિંતક તપ-ત્યાગ-તિતિક્ષા મૂર્તિ

આચાર્યદેવેશ શ્રીમદ્ **વિજયભુવનભાનુસૂરીશ્વરજી** મહારાજા

-: લેખક :-

પ.પૂ. પ્રાચીન શ્રુતોદ્ધારક આચાર્યદેવ શ્રીમદ્

**વિજયહેમચંદ્રસૂરીશ્વરજી** મ.સા.ના શિષ્યરત્ન

પ.પૂ. સરળસ્વભાવી મુનિવર શ્રી **રત્નબોધિવિજયજી** મ.સા.

-: સંયોજક :-

પ.પૂ. વૈરાગ્યદેશનાદક્ષ આચાર્યદેવ શ્રીમદ્ **વિજયહેમચંદ્રસૂરીશ્વરજી** મ.સા.ના

શિષ્યરત્ન પ.પૂ. પંન્યાસજી શ્રી **સંયમબોધિવિજયજી** મ.સા.

-: પ્રકાશક :-

**જૈનમ્ પરિવાર**

વીર સં. ૨૫૪૦ • વિ. સં. ૨૦૭૦ • ઇ.સ. ૨૦૧૪

NAME

# વિશ્વસંચાલનનો મૂલાધાર
*Vishwasanchalanno Mooladhar*

*Author's Name*

**પ.પૂ. મુનિવરશ્રી રત્નબોધિવિજયજી મ.સા.**
*P.P. Munivarshree Ratnabodhivijayji M.S.*

સર્વ હક્ક પ્રકાશકને સ્વાધીન...©

પ્રથમ આવૃત્તિ • ૩૦૦૦ નકલ

મૂલ્ય રૂા. ૧૦૦.૦૦

**-: સંશોધક :-**

પ.પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયઅજિતશેખરસૂરિજી મ.સા.

પ.પૂ. પંન્યાસજી શ્રી મહાબોધિવિજયજી મ.સા.

**-: પ્રાપ્તિ સ્થાન :-**

- જૈનમ્ પરિવાર, અમદાવાદ. મો. ૯૯૮૦૧૨૧૭૧૨
- દિવ્યદર્શન, ૩૯, કલિકુંડ સોસાયટી, ધોળકા, જિ. અમદાવાદ.
- મયંકભાઇ પી. શાહ, મો. ૯૮૨૧૦ ૯૪૬૬૫
- દેવાંગ અરવિંદભાઇ શાહ, મો. ૯૩૨૨૨૭૭૩૧૭
- અમિતભાઇ કે. શાહ, વડોદરા મો. ૯૮૯૮૫૮૬૨૨૪
- હસિત દિપકભાઇ બંગડીવાલા, સુરત મો. ૯૪૨૭૧ ૫૮૪૦૦

સ્વસંપત્તિના સદ્વ્યય દ્વારા જેમણે
શાસનને સમૃદ્ધ અને પોતાના પરલોકને સદ્ધર બનાવ્યા

# ધર્મપ્રેમી
# શ્રીમતી સુરેખાબેન રમેશચંદ્ર શાહ પરિવાર

## શ્રી ભુવનભાનુ-પદાર્થ-પરિચય-શ્રેણિના
## પ્રમુખ જ્ઞાનદ્રવ્ય દાતા

- શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ શ્વેતાંબર મૂર્તિ પૂજક તપગચ્છ જૈન સંઘ-ઘાટકોપર (ઇ.)
- શ્રી રાંદેર રોડ શ્વેતાંબર મૂર્તિ પૂજક જૈન સંઘ-સુરત

श्री भुवनभानु-पदार्थ-परिचय श्रेणि
तत्त्वज्ञानश्रेणि के प्रस्तुत प्रकाशन में
श्री नवजीवन जैन संघ
लेमिंग्टन रोड, मुंबई
अपने ज्ञाननिधिसे सुंदर लाभ लिया है ।
मूल्य चुकाये बिना जैन गृहस्थ इस की मालकियत न करे ।

પૂજ્યપાદ

ગચ્છાધિપતિશ્રીનો

# અનુજ્ઞાપત્ર

શ્રી તીર્થંકર પરમાત્મા સર્વોત્કૃષ્ટ પુણ્યશાળી અને શક્તિશાળી હોય છે કારણકે એમ હોય છે - તેઓ સર્વજ્ઞ થયા પૂર્વે શાસન-મોક્ષમાર્ગ સ્થાપવાની ભાવનાવાળા હોય. આવા જે હોય તેને જિન કહેવાય. તેઓ જે ધર્મ કહે તેને જૈનધર્મ કહેવાય - તે ધર્મને સ્વીકારનાર આરાધનાર માનનારને જૈન કહેવાય. આવા ઉત્કૃષ્ટ પુણ્ય અને શક્તિશાળી હોનાર પરમાત્મા જૈનધર્મ જ હોય કારણ તો આ કારણે છે એ ઉત્કૃષ્ટ સર્વજ્ઞ હોવા બાદ જ શાસન હોય એમનું શાસન જે સ્વીકારે છે તેમાં પ્રથમ સ્વીકારનારા સંયમગ્રહણ કરનાર તેમના મુખ્ય શિષ્યો અનુયાયીઓ બનનાર અમુક સંખ્યામાં નીકળતા હોય છે તેમને ગણધર કહેવાય પછી કાળાંતરે તે સર્વજ્ઞ હોય પરંતુ એમને પ્રભુના આશીર્વાદથી એટલે પ્રભાવથી એટલું જ્ઞાન શક્તિ લબ્ધિ પુણ્ય તરત પ્રગટ થાય છે કે ભલભલા એમને પણ સર્વજ્ઞ માનવા પ્રેરાય છે. આવા જે મહાપુરુષો સર્વજ્ઞ વાસના વિના અને વાસ્તવમાં સર્વજ્ઞ ન હોવા છતાં વાસ્તવિક કક્ષા આ બન્ને અનુક્રમે શ્રી તીર્થંકર ભગવાન અને શ્રી ગણધર ભગવાન કહેવાય છે. શ્રી તીર્થંકર ભગવાન એક કાળે ભરતક્ષેત્રમાં એક જ હોય પરંતુ એ જ ભગવાનના આવા પ્રભાવપૂર્ણ શાળી ગણધર શિષ્ય અનેક અનેક હોય - બધા ગુરુભાઈઓ અનેક પ્રકારે સાથે શક્તિવાળા પરમાત્મા સાથે બેઠા ભણતા હોય છે. શ્રી પરમાત્માના હાથે એમના શિષ્ય થાય. આ ગણધર ભગવંતો પણ ઉત્તમ હતા તથા પરમાત્માને કેવળ જ્ઞાન થતાં તે આ શાસન પ્રરૂપે છે અને યોગ્ય શિષ્યોને શાસન વહન કરવા સંભળાવવા સ્થાપે છે. સ્થાપના પૂર્વે પરમાત્મા યોગ્ય શિષ્યોને સંક્ષિપ્તમાં એમના પ્રશ્નોના ઉત્તર રૂપે સંક્ષિપ્તમાં ત્રિપદીનું જ્ઞાન આપે છે અને એ શિષ્યો પોતાને મળેલ જ્ઞાનબળથી પ્રભુના પ્રભાવ અને પુણ્યથી શાસન માટેના સર્વ પ્રકારના માર્ગો ઉપાયો વિધાનો તત્ત્વો વગેરે સૂત્રાર્થ રૂપે રચે છે જે રચના કરે છે તેમાં પ્રભુ જે જવાબ આપે તે સંક્ષિપ્ત રૂપે છે અને ગણધર દેવો સૂત્ર રૂપે બાર અંગ રચે છે અને એનો અર્થ વિસ્તારે છે. આ હકીકત બાદ તરત જ ભગવાન

એ રચનાને પ્રામાણિક તરીકે પોતાના જ્ઞાનથી નિશ્ચિત કરેલ હોવાથી ગણધર હોય એટલે પ્રામાણિકતાની અનુજ્ઞા અને ભગવંતે પણ પ્રભુની અનુજ્ઞા- અને શ્રી સંઘની શાસનની સંચાલનની અનુજ્ઞા આપે છે આ અનુજ્ઞાને તીર્થસ્થાપના કહેવાય. આ સ્થાપના પ્રભુના કૈવલજ્ઞાન પછી તરત પ્રથમ દેશનામાં જ થાય છે પ્રભુ મહાવીરસ્વામીની પ્રથમ દેશના ઔપચારિક અપવાદરૂપ હતી. એ પણ એક સ્થિતિના બનનારી વસ્તુ છે બાકી દરેક પ્રભુ પ્રથમ દેશનામાં શ્રી શાસન સ્થાપના ગણધર સ્થાપના કરે છે અને સંઘ શાસન સંચાલન ગણધરોને સોંપે છે - પછી પ્રભુ ભલેને અનંતને દીક્ષા આપ્યા કરે પરંતુ એ બધાને તૈયાર કરવાની જવાબદારી ગણધર એવા શિષ્યોને સોંપેલ જ હોય છે આ શિષ્યો બધી રીતે શાસન સંભાળવા ચલાવવા સક્ષમ તૈયાર કરેલા હોય છે જેમ આજે વડીલ જેવા શક્તિશાળી હોવા છતા

જેમ મહાવિનયના તત્ત્વ નાના મોટાની મહત્તાને પાળનારા ગુણોત્તમ હોય છે જેમ જ પરમાત્મા જેમ તેના પછી તરત જ અપૂર્વ મોટું બને છે તેમ જેમ જ ગણધર દેવો પણ તદ્દન પછી તરત જ અપૂર્વ મોટું બને છે - પ્રભુની ઉપસ્થિતિ દિવ્યતાર શાસન સ્થાપે નહિ તેમ એક ... વગર શાસન ચલન કરૂણાથી. આવા નાનાકાળે બિંદુમાત્ર ઉત્પન્ન થતા સર્વજ્ઞપ્રભુના શાસનમાં સર્વ ઉત્કૃષ્ટ જ્ઞાન અને આચાર સંપન્ન હોય છે આમાં ટુંકા સમયમાં ... આવે છે આવડે છે તે આનંદ ... જ ... છતા ... સંપન્ન છે ... પ્રકાશનો સૂર્ય પરંપરાએ દિવસને કરે છે રાતને નષ્ટ કરે છે તેમ પ્રભુ શાસન ... સર્વોત્કૃષ્ટ રહ્યું આવ્યું છે રહે છે રહેશે આ પ્રભાવ છે પ્રભુનો અને સર્વજ્ઞતાથી તત્ત્વજ્ઞાનનો અને જ્ઞાનદ્વારા પ્રગટ કરેલ ... આચારના ... પદ્ધતિનો.

પ્રભુ એમ ઉગ્રધ્યાની છે ઉગ્ર આચાર સંપન્ન મહાસંતના છે ઉગ્રવૈરાગ્ય

ના ઉપર [illegible] આજ્ઞાપાલન કરતા છે તેમ પ્રભુ શાસનના મુખ્ય

આચાર્ય એ માર્ગે અનુસરવા ઉગ્ર [illegible] સદા રહે છે [illegible]

જૈન સાધુની સાધુતા વિશેષતાની અનુભવાય છે જગતભરના જીવો

અનુભવે છે પ્રભુ માર્ગની આરાધના જ્ઞાન, આચાર અને શાસન-

શાસનના ઉપર નિર્ભર છે આરાધકો આ વાતમાં ગૌરવ લેવાનો હોય છે

જીવંત [illegible] છે નહિ વ્યવહારમાં પણ અમલ આવતાં નથી. પ્રભુ

શાસન, આગમ અને પ્રભુ [illegible] છે તે જાણવું છે પણ એ જરૂરી છે

આ શાસનના ઉપકારકોના એક સિદ્ધાંતો ઉપર ઉપાડેલ પદાર્થોનો પણ

બોધ મળે છે એ જીવના ઉપકારક જ્ઞાન અને ઉપાદેય પદાર્થ જ્ઞાન

પણ મળે છે માટે પ્રભુ શાસનના સર્વોચ્ચ જ્ઞાનની આરાધના

અનુમોદન

પ્રભુ શાસનમાંથી શાસ્ત્રોમાંથી [illegible] મહાત્માઓએ

સાધુ ભગવંતોએ અનેક વિષયોની વિવેચનયુક્ત સંક્ષિપ્ત રૂપરેખા રૂપે

પુસ્તક પુસ્તિકાઓ તૈયાર કરી [illegible] છે તે કરનાર કરાવનારને ધન્યવાદ છે

પ્રભુશાસનની એક વિશિષ્ટ સેવા બજાવી છે તે અનુમોદના પૂર્વક

આમાં સહયોગ આપનારને ધન્યવાદ. અનુમોદના પૂર્વક પુ-

[illegible] આ પુસ્તક પુસ્તિકાઓનો જે કોઈ વિચારણાથી [illegible]

કરશે તે જીવો પૂર્વક લાભાન્વિત થશે

[illegible]

૨૦૫૯ ફા.વ.૬ ર. [illegible]-અમદાવાદ

## નાણં પયાસગં

# પ્રકાશકીય

અનંતજ્ઞાનગુણસંપન્ન તીર્થંકર ભગવંતો મોહના અંધકારમાં અથડાતા જીવોને સુખની ઓળખ અને સાચા સુખનો માર્ગ મળે તે માટે જ્ઞાનના પ્રકાશનું છૂટે હાથે દાન કરવા કેવલજ્ઞાની બન્યા પછી રોજ બે દેશના=છ કલાક જિનવાણી પ્રકાશે છે.

શાસનની સ્થાપના બાદ તુર્ત જ ગણધર ભગવંતોએ વ્યક્ત કરેલી તત્ત્વ-જિજ્ઞાસાના પ્રત્યુત્તરમાં પ્રભુએ સમગ્ર સંસાર સ્વરૂપને ઓળખવાની ચાવી રૂપ ત્રિપદી પ્રકાશી, **'ઉપ્પન્ને ઇ વા, વિગમે ઇ વા, ધુવે ઇ વા'**, અને એ ત્રિપદીના નાના દ્વારમાં છુપાયેલો મહાતત્ત્વખજાનો ગણધર ભગવંતોએ પોતાની વિશિષ્ટ પ્રજ્ઞાથી દ્વાદશાઙ્ગીરૂપે પ્રગટ કર્યો...

જિનશાસનના સારસર્વસ્વસમો એ દ્વાદશાંગીનો પ્રવાહ કાળબળે વિલુપ્ત થતો રોકવા પૂર્વાચાર્યોએ લેખન-વિવેચનસર્જન અને પ્રકરણ-ભાષ્ય આદિ ઉદ્ધરણરૂપે સતત પુરૂષાર્થ કરી ટકાવ્યો...પરંતુ કાળનું વિષમ આક્રમણ નિતનવા રૂપો ધારણ કરે છે. સંસ્કૃત-પ્રાકૃત ગિરાનો પ્રવાહ રુંધાયો અને પુણ્યપુરૂષોએ લોકબોલીમાં પ્રભુવાણીની ધારા વહાવી...

પ.પૂ. સકલસંઘહિતચિંતક યુવાજનોદ્ધારક **આચાર્યદેવેશ શ્રીમદ્ વિજયભુવનભાનુસૂરીશ્વરજી મહારાજાએ** કોઇ પુણ્યવંતી ધન્યપળે જિનશાસનના તત્ત્વજ્ઞાનને વિષયવાર વિભાજિત કરી સરળ ભાષામાં પ્રકાશિત કરવાનો વિચાર વહેતો મૂક્યો...વર્ષો બાદ પ.પૂ. પરમાત્મભક્તિનિમગ્ન **આચાર્યદેવ શ્રીમદ્ વિજયહેમચંદ્રસૂરીશ્વરજી મ.સા.**ના શિષ્ય પ.પૂ. પંન્યાસજી શ્રી **સંયમબોધિવિજયજી મ.સા.**એ ગુરૂભક્તિથી એ વિચારને સાકાર કરવા કમર કસી, જબરદસ્ત જહેમત ઉઠાવી. અનેક મહાત્માઓને વિનંતી કરતા તે મહાત્માઓએ પણ શ્રુતભક્તિ, ગુરૂભક્તિ અને સંઘભક્તિના આ અવસરને વધાવી લીધો, જેની અમે ખૂબ ખૂબ અનુમોદના કરીએ છીએ.

પ.પૂ. શાસ્ત્ર-શાસનમર્મજ્ઞ **આચાર્યદેવ શ્રીમદ્ વિજયઅજિતશેખરસૂરીશ્વરજી મ.સા.** તથા પ.પૂ. બહુશ્રુત પ્રવચનપટુ પંન્યાસજી શ્રી **મહાબોધિવિજયજી મ.સા.** એ આવેલ તમામ લખાણને પોતાની શાસ્ત્ર-પરિકર્મિત મતિથી સંશોધિત કરી આપ્યું છે તે બદલ પૂજ્યશ્રીઓના અત્યંત ઋણી છીએ.

નિશ્ચિત કરેલા ૪૦ થી અધિક વિષયોમાંથી પ્રથમ ચરણ રૂપે ૧૧ પુસ્તકોનો સેટ પ્રકાશિત કરી રહ્યા છીએ, તેમાં **વિશ્વસંચાલનનો મૂલાધાર (તમામ વિશ્વવિચિત્રતાઓનું કારણ-કર્મ, જૈન દૃષ્ટિએ)** પુસ્તક **પ.પૂ. મુનિરાજ શ્રી રત્નબોધિવિજયજી મહારાજ સાહેબશ્રીએ** આગવી શૈલીમાં અને તમામ તત્ત્વોનો સમાવેશ કરીને લખી આપેલ છે. પૂજ્યશ્રીની શ્રુતભક્તિની અંતરથી અનુમોદના...અમારી વિનંતિને સ્વીકારી દિશાસૂચક પ્રસ્તાવના લખી આપનાર **શાસનપ્રભાવક આચાર્યદેવ શ્રી વિજયરશ્મિરત્નસૂરિજી મ.સા.**ને ભાવભરી વંદના...પ્રિન્ટીંગનું કાર્ય દિલ દઇને કરી આપનાર શુભાય આર્ટ્સવાળા **દિનેશભાઇ મુડકર્ણી**ને પણ હજારો સલામ. પ્રાન્તે, શાસનની, સંઘની, શ્રુતની સર્વતોમુખી સેવા સાતત્યપૂર્વક, સમર્પણપૂર્વક અને સફળતાપૂર્વક કરી શકીએ એવી પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના..

**જૈનમ્ પરિવાર**

**ભવોદધિતારક**
**પ.પૂ. ગુરૂદેવશ્રીનો**

# આશિર્વાદ પત્ર

નમો નમઃ શ્રીગુરુપ્રેમસૂરયે।

સુવિશાળ ગચ્છના સર્જક સ્વ. સિદ્ધાંતમહોદધિ આચાર્ય દેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજા.

વૈરાગ્યમાંજ તેમને વિચાર સર્જન કર્યું.
સંવત ૧૯૮૭માં પિંડવાડા ચાતુર્માસ પ્રસંગે દેવ-ગુરુ સાથે ચાર ઠાણા હતા. આજે સ્વર્ગસ્થ અને હયાત થઈને લગભગ હજારથી વધુ મુનિઓનું સમાગમ છે. અનેક જ્ઞાની, ગીતાર્થ, તપસ્વી, પ્રવચનકારો, કવિઓ, બહુશ્રુતો - સંયમીઓના વિશાળ સમુદાયના તેઓ સર્જક બન્યા.

તેઓશ્રીના પટ્ટધર, જીવન ભર સુધી ગુરુ ભગવંતની ઈચ્છાઓની પૂર્તિ કરવાનું કાર્ય જ જેમણે કર્યું તે સ્વ. પૂજ્યપાદ ગુરુદેવ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજા.

શ્રેષ્ઠ સંયમ, ઉગ્ર તપ સાથે વિશાળ જ્ઞાનપ્રાપ્તિ એ એમની વિશેષતા હતી. પ્રભુ શાસન અને સંઘની સેવામાં આખું જીવન સમર્પિત કર્યું. પ્રબળ પુરુષાર્થ કર્યો. જીવનની છેલ્લી સંધ્યા સુધી અપ્રમત્ત સાધના સાથે તેઓએ અત્યંત સમાધિ સાથે પરલોક પ્રયાણ કર્યું. બુદ્ધિ બૃહસ્પતિ જેવી હતી. તેથી પ્રભુશાસન અને સંઘના અભ્યુદય માટે અનેક પ્રકારની યોજનાઓ તેમના મનમાં રમતી. જેવી કે

(૧) પ્રભુ શાસન અને સંઘના અભ્યુદય માટે સંયમી, જ્ઞાની તપસ્વી સાધુઓના વિશાળ સમુદાયનું સર્જન કરવું.
(૨) પ્રભુ શાસનના વિશાળ સાહિત્યની રક્ષા કરવી. ઉત્સૂત્ર ઉન્માર્ગનો પ્રતિકાર કરી પ્રભુ શાસનની રક્ષા કરવી.
(૩) સાધુ-સાધ્વીઓ નિર્મળ સંયમનું પાલન કરે તે માટે વિશાળ હિતકારી વાચનાઓ આપવી.
તેમ શ્રાવક શ્રાવિકાઓને પણ વ્રત, પચ્ચક્ખાણ વગેરે ધર્માનુષ્ઠાનોમાં જોડવા।

(૪) જમાનાના વાયુમંડળમાં ગુમરાહ બનેલી નવી પેઢીને પ્રભુશાસનના સિદ્ધાંતોમાં વ્યવસ્થિત કરવી.
(૫) જૈનેતરો પણ પ્રભુશાસનને સમજી શકે તેવા પ્રબંધો કરવા. આટલે સુધી જોવાની તેમની પાંસે દ્રષ્ટિ હતી.

જીવનની અંતિમક્ષણ સુધી અપ્રમત્તપણે સંયમ તપનું પાલન કરવાની સાથે પ્રભુશાસન તેમને સાધના અભ્યુદય માટે તેઓ ઝઝૂમ્યા.

પ્રશાન્ત એવા એમના શિષ્યાદિ પરિવારે પણ ગુરુના કાર્યને આગળ ધપાવી રહ્યા છે. બસો સાધુઓ મુકી ગયેલા ગુરુદેવનો ગચ્છ આજે ભીમ એવા પાંચસો મુનિઓની સંખ્યા તરફ આગળ વધી રહ્યો છે. વાચનાઓ પ્રવચનો, શિબિરો, વગેરે પ્રવૃત્તિઓ પણ સ્વ. ગુરુદેવની ઈચ્છા મુજબ સુંદર ચાલી રહી છે

પ્રભુશાસનના પ્રત્યેક અંગોને પ્રગટ કરતી તેમની યોજનાની પૂર્તિ માટે શાહપુર ખાતે માનસ મંદિરની સ્થાપના પણ થઈ ગઈ છે. (જો કે એમાં ગ્રંથાદિ થયા છે પણ પુનરુદ્ધારની યોજના રૂપ આદિ ગેલેરી બાકી છે.)

વિવિધ વિષયો પર નાની નાની પુસ્તિકાઓ સરળ ભાષામાં તૈયાર થાય અને લોકો લાભ લઈને જ્ઞાન પ્રાપ્ત કરી શકે, વિવિધ વિષયોનું જ્ઞાન સરળતાથી સચોટ રીતે મળી શકે તે રીતે મૂકવાની ગુરુદેવની ઈચ્છા પૂર્ણ કરવાનો પ્રારંભ મારા શિષ્ય પંન્યાસ સંયમબોધિવિજયજી એ કર્યો છે, એથી ખૂબ પ્રસન્નતા અને આનંદનો વિષય છે. પં. સંયમબોધિવિજય પણ સારા વક્તા છે. સંયમ તપમાં પણ સારા આરાધક છે. શાસન પ્રભાવના પણ સુંદર કરે છે. આ કાર્યમાં તેઓ સુંદર સફળતાને પ્રાપ્ત કરે એટલું જ નહિ પણ તેઓની અંતરંગ આરાધના સાથે શાસન રક્ષા-અભ્યુદયના ગુરુદેવની અનેક ઈચ્છાઓને પણ પૂર્ણ કરવા પ્રયત્નશીલ બને અને સફળતાને વરે એજ શુભેચ્છા - શુભાશીષ.

હેમચંદ્રસૂરિ

ધનતેરશ, સં ૨૦૫૬

સુરેન્દ્રનગર

## जयउ सव्वण्णुशासणम्

પરમ તારક વિતરાગ પરમાત્માનું, આ શાસન સદા જય પામો.
સર્વજ્ઞ સર્વદર્શી સર્વોપકારી પ્રભુનું, શાસન સદા જય પામો.
સર્વ કલ્યાણકર સિદ્ધાંતોના પ્રરૂપક, તીર્થંકરો સદા જય પામો.

વિરાટ વિશ્વમાં અનેક દર્શનો અસ્તિત્વમાં હતા, છે અને રહેશે. છતાં આટલું તો ડંકે કી ચોટ કહી શકાય, 'જૈન દર્શન સા કોઇ નહીં. બીજા દર્શનો તળેટીએ છે તો જૈન દર્શન શિખરે' આવું કહેવાનો આશય એક માત્ર આ જ છે કે આ સર્વજ્ઞ પ્રરુપિત છે માટેસ્તો ત્રિકાલાબાધિત છે.

જૈન દર્શનના સિદ્ધાંતોમાં સ્યાદ્વાદ અને કર્મવાદ તો સિમ્પલી અનકમ્પેરેબલ છે. વિશ્વમનીષાને આ વાતનો સ્વીકાર કર્યા વગર છુટકો જ નથી. આ બન્ને વાદોને સમજે તો જગતમાં ક્યાંય વિવાદ જેવું રહે જ નહિ, બધે સંવાદ પ્રગટે.

પ્રસ્તુતમાં ''વિશ્વશાંતિનો મૂલાધાર (જૈન દૃષ્ટિએ કર્મવાદ)'' પુસ્તક પ્રકાશનનો અવસર છે, પૂજ્યપાદ કર્મસાહિત્યનિષ્ણાત સિદ્ધાંતમહોદધિ **ભગવાન આ.ભ. શ્રી પ્રેમસૂરીશ્વરજી મ.સા.** ના શિષ્યરત્ન ન્યાયવિશારદ વર્ધમાન-તપોનિધિ સ્વનામધન્ય દાદાગુરૂદેવ શ્રીમદ્ **વિજયભુવનભાનુસૂરીશ્વરજી મ.સા.**ના માનસ સ્વપ્નને સાકાર કરતી **'ભુવનભાનુ પદાર્થ પરિચય શ્રેણી'** ને તૈયાર કરવા પૂજ્ય ગચ્છાધિપતિ આ.ભ. **શ્રી જયઘોષસૂરીશ્વરજી મ.સા.**ના આદેશથી વિદ્વાન પંન્યાસ **શ્રી સંયમબોધિ વિ.મ.** એ કમ્મર કસી, સમુદાયના વિદ્વાન મહાત્માઓને આહ્વાન આપ્યું, સહુ હોંશથી જોડાયા અને ભગીરથ કાર્યનો શુભારંભ થયો. લેખક મહાત્માઓનો સંપર્ક કરવો, લેખો મંગાવવા, સંશોધન કરાવવું, પ્રુફો તપાસવા...આદિ આદિ અનેક કાર્યોનો સરવાળો એટલે ગ્રંથ પ્રકાશન ! આ બધા સાથે પ્રવચનાદિની જવાબદારી વહન કરવી...કેટલું કપરું કામ છે તે સમજી શકાય. પંન્યાસજી મ.સા. ને લાખ લાખ ધન્યવાદ !

**ગ્રંથવિષય :**

કર્મની વાત ઘણા ગ્રંથોમાં આવે છે. કોઇ કર્મને ક્રિયા- Action માને છે. જૈનદર્શન સુખ-દુઃખની પ્રાપ્તિનું કારણ કર્મ કહે છે. ધર્મથી સુખ અને પાપથી દુઃખ માને છે, પણ પ્રશ્ન એ થશે કે ધર્મ તો આજે કર્યો અને સુખ પછી કે આવતા ભવે મળે ? વચ્ચે કઇ પ્રોસેસ ચાલે છે ? ધર્મથી પુણ્ય કર્મ બંધાય છે અને અધર્મથી પાપકર્મ બંધાય છે અને આત્મા સાથે પ્રકૃતિ, રસ, પ્રદેશ, સ્થિતિબંધથી જોડાયેલ એ કર્મ વિપાકોદય આપે છે. આ સીધી અને સાદી Process બેસી જાય તો ભયો ભયો !

આ જગત્માં જે કાંઇ વિષમતાઓ દેખાય છે એના સમાધાન માટે ત્રણ વિચારધારાઓ પ્રચલિત છે.

**૧) અકસ્માત્-વગર કારણે વિષમતા ઉભી થાય છે.**

**૨) ભગવાનની મરજીથી થાય છે. ૩) કર્મના કારણે ઉત્પન્ન થાય છે.**

જૈન દર્શન પહેલી બે વિચારધારાને માન્ય નથી કરતું, કારણ કે જો

આપોઆપ થાય તો પાણીમાંથી આગ કેમ ઉત્પન્ન થતી નથી ? અને ભગવાનની મરજી માનીયે તો ભગવાન તો કરૂણાસાગર છે. એ આ જગતને દુઃખી શું કામ બનાવે ? ત્રીજી વિચારધારા જૈન ધર્મની છે. કાર્ય છે તો કારણ અવશ્ય હોવું જોઇએ. Cause and effect થીયરી ! માટે જ, તમામ વિષમતાઓનું કારણ કર્મ માનવું જોઇએ. અનંત તીર્થંકરોએ કર્મને કારણ માની એ કર્મના નિવારણનો ઉપાય બતાવ્યો છે, અને સર્વથા કર્મમુક્ત સિદ્ધિગતિનું સ્થાન દર્શાવ્યું છે.

પાશ્ચાત્ય વિદ્વાનોએ પણ કર્મસિદ્ધાંતનો સ્વીકાર કરવો જોઇએ તેમ માન્યું છે. 'ટીચિંગ બિયાઁડ યોગા' માં **પોલ બ્રંટન** કહે છે.

"Although Karma is really a scientific law, it was appropriated by the asiatic religions as well as by the pegan faiths of primitive Europe. It lived in christian faith for five hundred years after Jesus. Then a group of men, the council of constantinopsle banished it from the christian teaching.

The west has great need for the acceptance of karma and rebirth because they make men and nations ethically self responsible. We can ignore karma but it never ignores us. Just as traffic police officer.

ગમે તેવા ડુંગર જેવા મોટા દુઃખો આવી પડે તો પણ સમાધિ અકબંધ રાખી શકાય...એ કોના જોરે ? કહો કર્મવાદથી ! કર્મસિદ્ધાંતને સમજેલી **મયણાસુંદરી**નું ચરિત્ર સર્વવિદિત જ છે. આપણા જ ઘરની વાતોથી આપણે અજાણ ન રહી જઇએ તે આશયથી કર્મવાદ વિશે આ પુસ્તક વિદ્વાન લેખક મુનિશ્રી **રત્નબોધિવિજયજીએ લખેલ** છે. ખૂબ ખૂબ વર્ષો પૂર્વે દાદા **પ્રેમસૂરીશ્વરજી**એ શ્વેતાંબર-દિગંબર ગ્રંથોનું ઊંડું પરિશીલન કરાવી પોતાના શિષ્યો પાસે કર્મના ૨૦ ગ્રંથો લખાવ્યા. એમાં મારા ગુરૂદેવશ્રી **ગુણરત્નસૂરીશ્વરજી** મહારાજાએ **ખવગસેઢી** (બર્લિન યુનિ. ના પ્રો. **ક્લાઊઝ બ્રૂન** દ્વારા પ્રશંસિત) **મૂલપયડીબંધો, ઉપશમનાકરણ, દેશોપશમના અને ઉદયસ્વામિત્વ** ગ્રંથોનું લેખન સંસ્કૃત-પ્રાકૃતમાં કરેલ.

પ્રસ્તુત પુસ્તક ''જૈન કર્મવાદ''માં કર્મની સિદ્ધિ, કર્મનું સ્વરૂપ, ભેદ-પ્રભેદ, બંધ-ઉદય-ઉદીરણા-આઠ કરણ, અબાધાકાળ, કર્મજ્ઞાનની ફળશ્રુતિ આદિ લીધેલ છે. જૈન ધર્મનો જ્ઞાનવારસો આવા ગ્રંથોમાં સચવાતો હોય છે-'**ભુવનભાનુ-પદાર્થ-પરિચય-શ્રેણિ**'માં જૈન ધર્મનો અગાધ જ્ઞાનદરિયો સરળભાષામાં વધુને વધુ ઠલવાય તેવી આશા સાથે વિરમું છું. જિનાજ્ઞા વિરૂદ્ધ કાંઇ પણ લખાયું હોય તો મિચ્છામિ દુક્કડમ્...

**ગુરૂપ્રેમ-ભુવનભાનુ-જયઘોષ-જિતેન્દ્ર-**
**ગુણરત્નસૂરિચરણરજ**
**વિજયરશ્મિરત્નસૂરિ...**

।। શ્રી સીમંધરસ્વામિને નમઃ ।।

।। શ્રી પ્રેમ-ભુવનભાનુ-પં.પદ્મવિજય-જયઘોષ-હેમચન્દ્રસૂરિસદ્‌ગુરૂભ્યો નમઃ ।।

# જૈન દર્શનનો કર્મવાદ

## કર્મની સિદ્ધિ

એક ભાઇ દાદરા ઉતરતા પગથીયું ચુક્યા. તે પડ્યા, તેમને માથામાં વાગ્યું. તેમને બ્રેઇનહેમરેજ થયું અને ત્યાં ને ત્યાં મરી ગયા.

ચાર વરસનો એક છોકરો ચોથા માળની ગેલેરીમાંથી નીચે પડ્યો. છતાં તે બચી ગયો. તેને થોડું ફ્રેકચર થયું અને ટાંકા આવ્યા, પણ બીજી કોઇ ઇજા ન થઇ.

**આ વિચિત્રતાનું કારણ શું ?**

એક ભાઇ સ્કુટર ચલાવતા હતા. બીજા ભાઇ સાઇડકારમાં બેઠા હતા. ગાડી સાથે ઠોકર લાગી. બન્ને ભાઇઓ સ્કુટરમાંથી પોતપોતાની સાઇડમાં પડ્યા. સ્કુટર ચલાવનારની ઉપર પાછળથી ધસમસતું આવતું ટેન્કર ફરી વળ્યું અને ત્યાં જ એ મરી ગયા. સાઇડકારમાં બેઠેલ ભાઇ પડ્યા પણ પાછળથી કોઇ વાહન આવતું ન હતું. તેથી તે બચી ગયા. તેમને એક ઉઝરડો પણ ન પડ્યો.

**આ વિચિત્રતાનું કારણ શું ?**

એક જ બજારમાં બાજુ બાજુમાં એક સરખો માલ વેચતી બે દુકાનોમાં એકને ધીકતી જોરદાર કમાણી થાય છે અને બીજાને નુકસાન થાય છે.

**આ વિચિત્રતાનું કારણ શું ?**

જગતમાં જન્મથી જ એક જીવ શેઠ બને છે અને બીજો જીવ નોકર બને છે.

**આ વિચિત્રતાનું કારણ શું ?**

એક માણસ ઘણું કામ કરે છે, પણ અપયશ પામે છે. બીજો માણસ કશું કામ કરતો નથી છતાં તેને યશ મળે છે.

**આ વિચિત્રતાનું કારણ શું ?**

એક માણસ ગમે તે ખાવા છતાં તંદુરસ્ત રહે છે. બીજો માણસ સાચવી સાચવીને ખાય છે, છતાં માંદો ને માંદો જ રહે છે.

**આ વિચિત્રતાનું કારણ શું ?**

પુણ્યના બળ પર દરેક વખતે સફળતા મેળવનારો માણસ અચાનક જ ગણતરી મુજબ વેપાર કરવા છતા બધું જ ગુમાવી દે છે.

**આ વિચિત્રતાનું કારણ શું ?**

એક જીવ સુખી છે. બીજો જીવ દુઃખી છે.

**આ વિચિત્રતાનું કારણ શું ?**

એક જીવ આંખે જોઇ શકે છે. બીજો જીવ અંધ છે.

**આ વિચિત્રતાનું કારણ શું ?**

કોઇ જીવ માણસ બને છે, કોઇ જીવ જાનવર બને છે, કોઇ જીવ દેવ થાય છે અને કોઇ જીવ નરકમાં જાય છે.

**આ વિચિત્રતાનું કારણ શું ?**

કોઇ જીવના શરીરમાં અનેક રોગો થાય છે. કોઇ જીવનું શરીર નીરોગી રહે છે.

**આ વિચિત્રતાનું કારણ શું ?**

કોઇ જીવ પાસે અઢળક સંપત્તિ છે. કોઇ જીવને ખાવાનાં ય ફાંફાં છે.

**આ વિચિત્રતાનું કારણ શું ?**

એક માણસ બુદ્ધિશાળી છે. બીજો માણસ મૂર્ખ છે.

**આ વિચિત્રતાનું કારણ શું ?**

એક જ દવા અને ડોકટર હોવા છતાં એક માણસ બચે છે અને બીજો મરી જાય છે.

**આ વિચિત્રતાનું કારણ શું ?**

યુદ્ધમાં એકની જીત થાય છે અને બીજાની હાર થાય છે.

**આ વિચિત્રતાનું કારણ શું ?**

બજારમાં તેજી આવે છે ત્યારે કોઇ અબજપતિ બને છે, કોઇ કરોડપતિ બને છે અને કોઇ લખપતિ બને છે.

**આ વિચિત્રતાનું કારણ શું ?**

સુખી માણસ દુઃખી થઇ જાય છે. દુઃખી માણસ અચાનક સુખી થઇ જાય છે.

**આ વિચિત્રતાનું કારણ શું ?**

આ બધી વિચિત્રતાઓનું મુખ્ય કારણ એક જ છે-જીવોના તે તે પ્રકારના **કર્મો.** બધા આત્માઓ સ્વરૂપે એક સરખા હોવા છતા કર્મને લીધે આ બધી વિચિત્રતાઓ થાય છે. સ્ફટિક એક સરખા હોવા છતાં તેમની પાછળ જેવા રંગના કાગળ મૂકાય તેવા રંગના તે દેખાય છે. કપડા એક સરખા હોવા છતાં તેમની ઉપર જેવો રંગ કરાય તેવા રંગના તે દેખાય છે. તેમ બધા આત્માઓ એકસરખા હોવા છતાં જેવા કર્મોનો ઉદય થાય તેવા ફળો મળે છે. આમ સંસારની વિચિત્રતાઓ ઉપરથી કર્મોની સિદ્ધિ થાય છે.

કર્મને માનવાના બીજા પણ અનેક કારણો છે. તે આ પ્રમાણે-

૧. વૃદ્ધશરીરની પૂર્વે યુવાશરીર હોય છે. યુવાશરીરની પૂર્વે બાળશરીર હોય છે. બાળશરીરની પૂર્વે ક્યું શરીર હોય છે ? જીવ પૂર્વભવનું શરીર તો મૂકીને આવ્યો છે. આ શરીર શેનાથી ઉત્પન્ન થયું ? શરીરનો રચનાર આત્મા તો બધાનો સરખો છે, છતાં શરીર જુદા જુદા હોવાનું કારણ વિવિધ પ્રકારના કર્મો જ છે. માણસ મૂડીના આધારે પેઢી, કારખાનું, દુકાન નાંખે છે. એક માણસ મારકેટમાં હોલસેલની દુકાન નાંખે છે, બીજો માણસ મીલ નાંખે છે, ત્રીજો માણસ રીટેલની દુકાન નાંખે છે, ચોથો માણસ રેકડી ફેરવે છે. તેમ જીવ પણ પૂર્વના કર્મની મૂડીના હિસાબે શરીર બનાવે છે. જેવા કર્મ હોય તેવું શરીર બને છે. બધા જ જીવો કેમ રૂપાળુ શરીર બનાવતાં નથી, કેમ મજબૂત શરીર બનાવતાં નથી ? કારણ એ છે કે ઇચ્છા મુજબ શરીર બનતું નથી. કર્મો મુજબ શરીર બને છે. હોંશીયાર વેપારી પણ મૂડી વિના શું કરે ? આ શરીર પણ બીજા શરીરની મદદથી બન્યું છે. તે શરીર એટલે કાર્મણશરીર એટલે આત્મા ઉપર લાગેલા કર્મોનો સમુદાય. જીવ પૂર્વભવમાંથી એ શરીરને સાથે લઇને આવે છે અને આ ભવમાંથી એ શરીરને સાથે લઇને પરભવમાં જાય છે.

૨. પૂર્વભવનું શરીર છોડ્યા પછી કર્મ ન હોય તો જીવ મોક્ષમાં જાય, પણ પૂર્વભવનું શરીર છોડ્યા પછી આપણને નિયત સ્થળે-અમુક દેશમાં, અમુક ગામમાં, અમુક કુળમાં, અમુક ઘરમાં કોણ લઇ આવ્યું ? આપણને નિયત સ્થળે જન્મ કોણે આપ્યો ? જવાબ છે-**કર્મ.**

૩. ખેતીનું ફળ અનાજ છે, તેમ મન-વચન-કાયાની ક્રિયાઓનું ફળ હોય જ. તે તાત્કાલિક દેખાતું નથી અને તે ફળ એટલે કર્મ. કર્મ ન હોય તો દાન વગેરે અને મહાત્માઓના ચારિત્ર વગેરે નિષ્ફળ જાય. આંબા ઉતાવળથી પાકતા નથી. અનાજ વાવ્યા પછી તરત ઉગતું નથી. દિવેલ પીધા પછી તરત જુલાબ થતા નથી. કાળ આવે બધું થાય છે. તેમ પુણ્ય-પાપની ક્રિયા તાત્કાલિક ફળ આપતી નથી, પણ તેથી તે નિષ્ફળ નથી. **કાળે દરેક વસ્તુ ફળ આપે છે. તેમ કર્મ પણ કાળ પરિપક્વ થાય ત્યારે ફળ આપે છે.**

૪. મોટા પાપ કરનારને શું ફળ મળે છે ? હજારો ખૂનો, યુદ્ધો વગેરે કરનારાને પણ કોર્ટ ફાંસીથી વધારે શું સજા કરવાની ? તો કુદરતનો નિયમ નકામો જાય. ના, તે પાપોના ફળ પણ ભોગવવા પડે છે અને તે કર્મના આધારે ભોગવાય છે. કર્મો ક્રમશઃ ગોઠવાઇ જાય છે અને ભવાંતરમાં ક્રમશઃ ફળ આપે છે.

આ અને આવા બીજા અનેક કારણો ઉપરથી પણ કર્મની સિદ્ધિ થાય છે.

# કર્મ અંગે શંકાઓ અને સમાધાનો

**શંકા :** કર્મ પ્રત્યક્ષ દેખાતા નથી. તો ન દેખાતી વસ્તુ શી રીતે માનવી ?

**સમાધાન :** આના પર બે પ્રશ્ન છે–

**પ્રશ્ન (૧)** જે ન દેખાય તે વસ્તુ શું જગતમાં હોતી જ નથી ?

**પ્રશ્ન (૨)** તે વસ્તુ તમને દેખાતી નથી માટે ન માનવી ? કે કોઇને ય દેખાતી નથી માટે ન માનવી ?

**જવાબ (૧)** અનેક કારણો છે કે જેને લીધે હયાત એવી વસ્તુ પણ આપણને દેખાતી નથી, છતાં તે વસ્તુ માનવી તો પડે જ છે. આપણી આંખ આપણને દેખાતી નથી, છતાં શું એ નથી એમ કહેવાય ? દર્પણમાં તો તે દેખાય જ છે, વળી માથામાં ભરાયેલો વાયુ દેખાતો નથી પણ દુખાવાથી ખબર પડે. **આજના યુગમાં તારમાં વિદ્યુત્શક્તિ, લોહચુંબકમાં ચુંબકશક્તિ, પરમાણુ વગેરે ન દેખાતી વસ્તુઓ પણ તેમના કાર્ય પરથી મનાય છે તેમ કર્મ પણ ન દેખાવા છતાં તેના કાર્ય પરથી માનવા જરૂરી છે.**

કેવા કારણે વસ્તુ હોવા છતાં પણ જણાતી નથી ?

(૧) આંખ, પોપચા, કાજળ વગેરે **અતિનજીક** હોવાને લીધે દેખાતા નથી.

(૨) રેલ્વે પરના દૂરના તારના થાંભલા **અતિદૂર** હોવાને લીધે દેખાતા નથી.

(૩) જાળિયાના કિરણમાં દેખાતી 'રજ' કિરણ વિના અને પરમાણુ વગેરે **અતિસૂક્ષ્મ** હોવાથી દેખાતા નથી. કર્મ પણ એવા છે.

(૪) દેરાસરમાંથી નીકળ્યા પછી પ્રભુને મસ્તકે મુગટ હતો કે નહીં એ ખબર નથી તેનું કારણ **અનુપયોગ** છે.

(૫) પોતાના કાન, માથુ, પીઠ વગેરે દેખાવા **અશક્ય** હોવાને લીધે દેખાતા નથી.

(૬) ચશ્માવાળાને ચશ્મા વિના દેખાતું નથી તેનું કારણ **ઇન્દ્રિયની મંદતા** છે.

(૭) મોતીનું પાણી, હીરાનું તેજ, તે-તે વ્યવસાય સિવાયના લોકોને જણાતું નથી તેનું કારણ **બુદ્ધિની મંદતા** છે.

(૮) સૂર્ય વાદળથી **ઢંકાયેલો** હોવાથી દેખાતો નથી.

(૯) સૂર્યના તેજમાં તારા વગેરેનું તેજ **ઝાંખુ પડી જવાથી** દેખાતું નથી.

(૧૦) રાઇના ઢગલામાં ફેંકેલા એના જ બે-ચાર દાણા **સમાનમાં ભળી જવાને** લીધે જણાતા નથી. તથા ઘઉંના મોટા ઢગલામાં મુટ્ઠીભર રાઇ દેખાતી નથી, કારણ રાઇથી ભિન્ન એવા ઘઉંની બહુલતા.

(૧૧) વર્ષો પૂર્વે જોયેલી વસ્તુ **વિસ્મરણને** લીધે જણાતી નથી.

(૧૨) અંધને આંખ હોવા છતાં **આંખનું તેજ ન હોવાથી** દેખાતું નથી.

(૧૩) **ગેરસમજ કે ભ્રમના** કારણે સોનાને પિત્તળ માનનારને સોનું દેખાતું નથી.

(૧૪) જીવ વગેરે તત્ત્વો હોવા છતાં **મિથ્યાત્વને લીધે** તે જણાતાં નથી.

(૧૫) ઘણી પરિચિત વસ્તુ પણ **વૃદ્ધાવસ્થા, બિમારી** વગેરેના કારણે જણાતી નથી.

(૧૬) છાશમાં માખણ હોવા છતાં વલોવ્યા વિના તે દેખાતું નથી.

(૧૭) દુધમાં રહેલું પાણી દુધમાં **ભળી જવાથી** દેખાતું નથી.

(૧૮) **શિક્ષણ ન** મળ્યું હોવાથી વસ્તુ ઓળખાતી નથી.

(૧૯) આકાશ, પિશાચ, વાયુ વગેરેનો દેખાવાનો **સ્વભાવ** ન હોવાથી તે દેખાતા નથી.

(૨૦) **દેવની માયાથી** કોલસારૂપે થયેલું સુવર્ણ સુવર્ણ રૂપે દેખાતું નથી. આમ વસ્તુ ન દેખાવા માત્રથી તે નથી એવું માની કર્મ નથી એમ ન કહેવાય.

**જવાબ (૨)** કર્મ પોતાને દેખાતા નથી માટે નથી એમ ન કહેવાય, કેમકે પોતાને ન દેખાતું પણ બીજાની દૃષ્ટિમાં હોય એવું ઘણું ય છે.

કર્મ કોઇને ય દેખાતા નથી એમ પણ ન કહેવાય, કેમકે પહેલા તો આપણને બધા જીવો જ ક્યાં દેખાય છે જેથી કોઇ જ કર્મ જોનાર નથી એની ખબર પડે. દેખાતા જીવોમાં કેવું અને કેટલું જ્ઞાન છે એ પણ આપણે ક્યાં જોઇ શકીએ છીએ ? ભવિષ્યમાં કર્મને જોનાર કોઇ નહીં થાય એમ પણ શી રીતે કહેવાય ? બાળકે અમેરિકા જોયું નથી, એટલા માત્રથી અમેરિકા નથી એમ ન કહેવાય, કેમકે અમેરિકા બીજાએ જોયું છે. તેમ આપણને કર્મ દેખાતા નથી, એટલા માત્રથી કર્મ નથી એમ ન કહેવાય, કેમકે સર્વજ્ઞને કર્મ દેખાય છે.

**શંકા :** અરૂપી એવા આત્માને રૂપી એવા કર્મ શી રીતે લાગે ? (જેનામાં વર્ણ-ગંધ-રસ-સ્પર્શ હોય તે રૂપી. જેનામાં વર્ણ-ગંધ-રસ-સ્પર્શ ન હોય તે અરૂપી.)

**સમાધાન :** બુદ્ધિ (જ્ઞાન) અરૂપી છે. દારૂ, દહીં, સોપારી વગેરેથી બુદ્ધિ ઘટે છે અને બ્રાહ્મી, બદામ વગેરેથી બુદ્ધિ વધે છે. આ બધી વસ્તુઓ તો રૂપી છે. જેમ રૂપી એવી આ વસ્તુઓની અરૂપી એવી બુદ્ધિ ઉપર અસર થાય છે તેમ રૂપી એવા કર્મો અરૂપી એવા આત્માને લાગી શકે છે.

**શંકા :** કર્મ સનિમિત્તક છે કે અનિમિત્તક છે ?

જો કર્મ અનિમિત્તક હોય તો મોક્ષે ગયેલાને પણ કર્મ લાગવા જોઇએ, અથવા કર્મ સદાય લાગ્યા જ કરે, તેથી કદી કોઇનો મોક્ષ ન થાય.

જો કર્મ સનિમિત્તક હોય તો તે નિમિત્ત ક્યું છે ?

(૧) હિંસાથી કર્મ બંધાય છે.

**જવાબ :** પ્રત્યક્ષમાં કેટલાય લોકો શસ્ત્રો વડે ક્રૂર રીતે પશુઓની હારની હાર કાપી-કપાવી નાખવા થતાં સુખી કેમ દેખાય છે ? એમને તો હિંસાથી ભયંકર પાપકર્મ બંધાવા જોઇએ, અને તેથી તેઓ મહાદુઃખી થવા જોઇએ. ઊલ્ટું જે લોકો પ્રભુભક્તિ કરે છે અને કીડીની પણ હિંસા કરતા નથી તે દારિદ્રયના ઉપદ્રવથી પીડાતા દેખાય છે. તેથી હિંસાથી કર્મ બંધાય છે એ વાત બંધબેસતી નથી.

(૨) રાગદ્વેષથી કર્મ બંધાય છે.

**જવાબ** : જો રાગદ્વેષથી કર્મ બંધાય છે, તો રાગદ્વેષ શેનાથી જન્મે છે ? રાગદ્વેષ કર્મથી જન્મે છે એમ કહો તો આ કર્મ કહી શકાય નહી. પૂર્વકર્મથી રાગદ્વેષ જન્મે છે એમ કહો તો મોક્ષ ઉડી જશે, કેમકે રાગદ્વેષથી કર્મ અને પૂર્વ કર્મથી રાગદ્વેષ એ રીતે પરંપરા ચાલ્યા જ કરશે.

(૩) કર્મથી કર્મ બંધાય છે.

**જવાબ :** જો કર્મથી કર્મ બંધાય તો એ પરંપરા જેમ અનાદિ છે તેમ ભવિષ્યમાં ય ચાલ્યા જ કરવાની, તેથી મોક્ષ ન ઘટી શકે.

**સમાધાન :** કર્મ સનિમિત્તક છે.

૧) કર્મ હિંસાથી બંધાય છે. વર્તમાનમાં જે લોકો હિંસક, નિર્દય, દુરાચારી હોવા છતાં સુખી છે, એમને **પાપાનુબંધી પુણ્યકર્મનો** ઉદય ગણાય. કર્મ હમણા જ બંધાય અને હમણા જ ઉદયમાં આવે એવું મોટા ભાગે બનતું નથી. જે જીવોએ પૂર્વભવમાં દુન્યવી આશંસાથી દાન, શીલ, તપ, પ્રભુભક્તિ વગેરે

કરીને પુણ્ય ઉપાર્જ્યું છે, તેમને આ ભવમાં લક્ષ્મી વગેરેના સુખ મળે છે ખરા, પરંતુ બીજી બાજુ હિંસાદિ પાપકાર્યોમાં એ લીન બને છે.

વર્તમાનમાં જે લોકો ધર્મ કરવા છતાં દુઃખી છે, એમને **પુણ્યાનુબંધી પાપકર્મનો** ઉદય ગણાય. જેણે પૂર્વે પાપ આચર્યા છે પણ પાછળથી પસ્તાવા અને ધર્મ કર્યા છે, એને અહીં પાપના ફળરૂપ દુઃખો ભોગવવા પડે છે ખરા, પરંતુ સાથે ધર્મ પણ આરાધવાનું મળે છે. એ ધર્મનું ફળ પછીના ભવમાં મળશે.

વ્યવહારમાં પણ દેખાય છે કે લગ્નગાળા વગેરેમાં ભારે પદાર્થ હદ ઉપરાંત ખાધા પીધા હોય તો પછી શરીર બગડે અને લાંઘણો ખેંચવી પડે.

હવે એ વખતે કોઇ કહે કે, 'આ ભાઇ તો લગભગ ખાતા નથી, છતાં માંદા કેમ પડ્યા ?' પછી 'લાંઘણ કરવાથી માંદા પડાય છે.' આવો નિયમ બાંધે તો તે ખોટો ગણાય. તેમ એક જણને શરીરમાં શક્તિ પહોંચતી હોય ત્યાં સુધી કદાચ કુપથ્ય ખાય, વધારે પડતું ખાય અને તગડો થતો દેખાય એ પરથી કોઇ નિયમ તારવે કે, 'બહુ વધારે ખાવાથી અને ભારે પદાર્થો ખાવાથી તગડા થવાય છે' તો એ નિયમ પણ ખોટો છે. **અહીં જે રોગ કે આરોગ્ય છે, તે પૂર્વના આચરણનું ફળ છે અને વર્તમાનમાં જે આચરણ છે, તેનું ભવિષ્યમાં ફળ મળશે.** એ રીતે ધર્મ-અધર્મ અને પુણ્ય-પાપમાં સમજવાનું છે. માટે હિંસાથી કર્મ બંધાય છે એમ કહેવામાં કોઇ વાંધો નથી.

(૨) રાગદ્વેષથી કર્મ બંધાય છે. એમાં પૂર્વના કર્મથી અહીં રાગદ્વેષ થાય ખરા, પરંતુ જો એ રાગદ્વેષને **સફળ ન બનાવાય** તો નવા કર્મબંધથી બચી જવાય છે. તેથી **કર્મની પરંપરા ચાલતી નથી.**

(૩) કર્મથી કર્મ બંધાય છે. આત્મા પર જ્યાં સુધી પૂર્વકર્મનો જથ્થો હોય ત્યાં સુધી જ નવા કર્મ બંધાય છે. ધર્મક્રિયા દ્વારા જૂના કર્મ સંપૂર્ણ ખપી ગયા પછી નવા કર્મ બંધાતા નથી. બળતા કપડામાં આગળ આગળના તંતુઓ પછી પછીના તંતુઓને બાળે છે અને છેલ્લો તંતુ સ્વયં બળી નાશ પામે છે, તેમ પૂર્વ પૂર્વના કર્મ પછી પછીના કર્મને ઉત્પન્ન કરે છે અને છેલ્લા કર્મો શૈલેશીમાં સ્વયં નાશ પામે છે. મરઘી અને ઇંડાની પરંપરા અનાદિ હોવા છતાં જો મરઘી ઇંડુ આપતા પહેલા જ મરી જાય તો એ પરંપરાનો અંત આવે છે. બીજ અને વૃક્ષની પરંપરા અનાદિ હોવા છતા જો બીજને બાળી નંખાય તો એ પરંપરાનો અંત

આવે છે. મા અને દીકરીની પરંપરા અનાદિ હોવા છતાં જો કોઇ દિકરી કુંવારિકાપણામાં જ મરી જાય કે દીક્ષા લઇ લે તો એ પરંપરાનો અંત આવે છે. **તેમ કર્મથી કર્મ બંધાવાની પરંપરા અનાદિ હોવા છતાં વિશિષ્ટ ધર્મક્રિયા (ક્ષપકશ્રેણિ) થી બધા કર્મો સંપૂર્ણ રીતે ખપી જતા એ પરંપરાનો અંત આવે છે અને આત્માનો મોક્ષ થાય છે.**

**શંકા :** સ્વભાવથી જ જગતમાં બધુ બને છે, માટે કર્મ માનવાનું શું કામ છે ?

**સમાધાન :** જો સ્વભાવથી જ જગતમાં બધુ બનતું હોય તો શશશૃંગ (સસલાનું સીંગડું) અને આકાશકુસુમ (આકાશમાં ઉગનારૂં ફૂલ) પણ સ્વભાવથી જ બનવા જોઇએ. પણ તે બનતા નથી. તેથી માત્ર સ્વભાવથી જ જગતમાં બધું બનતું નથી. જગતમાં બધુ બનવામાં અન્ય કો'ક કારણ અતિ મહત્ત્વનો ભાગ ભજવે છે, **તે છે કર્મ...**

**શંકા :** સ્વર્ગ, નરક, સુખ, દુઃખ વગેરેનું કારણ ઈશ્વરને જ માનીએ તો કર્મને માનવાની શી જરૂર ?

**સમાધાન :** જો સ્વર્ગ, નરક, સુખ, દુઃખ વગેરેનું કારણ ઈશ્વરને માનીએ તો ઈશ્વરનું કારણ શું ? ઈશ્વરને કોણે બનાવ્યો ? ઈશ્વરે જગત શેમાંથી બનાવ્યું ? વગેરે પ્રશ્નો ઉભા થાય જેનો કોઇ સાચો જવાબ મળવો મુશ્કેલ છે. વળી દુઃખ અને નરકના સર્જકરૂપે ઈશ્વરને ક્રૂર, પક્ષપાતી વગેરે માનવાની આપત્તિ આવે છે. ઈશ્વર તો દયાળુ હોય. તે દુઃખ અને નરકનું સર્જન શા માટે કરે ? જો જીવોએ પૂર્વે કરેલા સારા કે ખરાબ કર્મોના ફળરૂપે ઈશ્વર તેમને સ્વર્ગ કે નરકમાં મોકલે છે, એમ માનીએ તો ઈશ્વરની સ્વતંત્રતા ક્યાં રહી ? એ પણ જીવોના કર્મમુજબ કાર્ય કરનારા થયા. જો કર્મ મુજબ જ બધુ થતું હોય તો ઈશ્વરને માનવાની જરૂર શું ?



# કર્મ એટલે શું ? કર્મબંધ એટલે શું

દરેક સંસારી જીવ પોતે જે અવગાહનામાં રહે છે, ત્યાં રહેલા કાર્મણ વર્ગણાના પુદ્‌ગલોને મિથ્યાત્વ વગેરે હેતુઓ વડે ગ્રહણ કરી આત્માની સાથે દુધ-પાણીની જેમ અથવા લોઢા-અગ્નિની જેમ એકમેક કરે છે. આ ક્રિયા કર્મબંધ કહેવાય છે. આત્માની સાથે એકમેક થયેલા કાર્મણ વર્ગણાના પુદ્‌ગલો કર્મ કહેવાય છે. કોરા કપડા ઉપર ધૂળ એકદમ ચોંટતી નથી. ભીના કપડા ઉપર ધૂળ એકદમ ચોંટી જાય છે. **કપડાના સ્થાને જીવ છે. ભીનાશના સ્થાને મિથ્યાત્વ વગેરે હેતુઓ છે. ધૂળના સ્થાને કાર્મણ વર્ગણાના પુદ્‌ગલો છે.** મિથ્યાત્વ વગેરે હેતુઓ વડે ભીના બનેલા જીવ ઉપર કાર્મણ વર્ગણાના પુદ્‌ગલો એકદમ ચોંટી જાય છે. અહીં ફરક એટલો છે કે કપડું પહેલાં ચોખું હતું પછી મલિન થયું, જ્યારે **જીવ અનાદિકાળથી મેલો છે અને નવા કર્મબંધથી વધુ મેલો થાય છે.** જીવ આ જગતમાં અનાદિકાળથી છે અને જીવ-કર્મનો સંયોગ પણ અનાદિકાળથી છે. જેમ વૃક્ષ અને બીજની પરંપરાની કોઇ શરૂઆત નથી, જેમ મરઘી અને ઇંડાની પરંપરાની કોઇ શરૂઆત નથી, તેમ જીવ અને કર્મના સંયોગની કોઇ શરૂઆત નથી. જો જીવ અને કર્મના સંયોગની શરૂઆત માનીએ તો એમ માનવું પડે કે એ સંયોગ પૂર્વે જીવ શુદ્ધ હતો અને પછીથી એને કર્મ લાગ્યા. આવું માનીએ તો મોક્ષમાં ગયેલા શુદ્ધ આત્માઓને પણ કર્મ લાગવા જોઇએ. પણ એ થતું નથી. તેથી જીવ-કર્મના સંયોગની શરૂઆત મનાય નહીં. તે સંયોગ અનાદિકાળનો છે.

જે કર્મો જે જીવે બાંધ્યા હોય તે કર્મોના ફળ તે જીવે જ ભોગવવા પડે છે. બીજો કોઇ જીવ તે કર્મોના ફળને ભોગવી શકતો નથી.

**શંકા :** કાર્મણ વર્ગણાના પુદ્‌ગલો એટલે શું ?

**સમાધાન :** વર્ગણા એટલે જાતિ. (જાતિ=એક જ સરખા પદાર્થનો / વ્યક્તિનો સમુહ) આકાશમાં આઠ જાતિના પુદ્‌ગલો છે. તેમાં આઠમી જાતિના પુદ્‌ગલો તે કાર્મણ વર્ગણાના પુદ્‌ગલો છે. આઠ પ્રકારના પુદ્‌ગલો આ પ્રકારે છે–

(૧) ઔદારિક વર્ગણાના પુદ્‌ગલો (૫) ભાષા વર્ગણાના પુદ્‌ગલો

(૨) વૈક્રિય વર્ગણાના પુદ્ગલો
(૩) આહારક વર્ગણાના પુદ્ગલો
(૪) તૈજસ વર્ગણાના પુદ્ગલો
(૬) શ્વાસોચ્છ્વાસ વર્ગણાના પુદ્ગલો
(૭) મનો વર્ગણાના પુદ્ગલો
(૮) કાર્મણ વર્ગણાના પુદ્ગલો

આ આઠ પ્રકારના પુદ્ગલોનું વિશેષ સ્વરૂપ આ પ્રમાણે છે–

લોકમાં જેટલા ૧-૧ પરમાણુ છે, તે તમામ પરમાણુઓની એક વર્ગણા છે. બે-બે પ્રદેશોવાળા તમામ સ્કંધોની એક વર્ગણા છે. ત્રણ-ત્રણ પ્રદેશોવાળા સર્વ સ્કંધોની એક વર્ગણા છે. એમ સંખ્યાતા પ્રદેશોવાળા સ્કંધોની સંખ્યાતી વર્ગણાઓ છે. અસંખ્યાતા પ્રદેશોવાળા સ્કંધોની અસંખ્યાતી વર્ગણાઓ છે. અનંતા પ્રદેશોવાળા સ્કંધોની અનંતી વર્ગણાઓ છે. આ બધી વર્ગણાઓ અલ્પ પ્રદેશવાળી અને સ્થૂલ હોવાથી જીવને માટે અગ્રહણયોગ્ય છે. અનંતાનંત પ્રદેશોવાળા અનંત સ્કંધોની અનંતાનંત વર્ગણાઓમાંથી કેટલીક વર્ગણાઓ અગ્રહણયોગ્ય છે અને કેટલીક વર્ગણાઓ ગ્રહણયોગ્ય છે.

**(૧) ઔદારિકની ગ્રહણયોગ્ય વર્ગણા–** અભવ્ય કરતા અનંતગુણ અને સિદ્ધના અનંતમાં ભાગ જેટલા પ્રદેશવાળા સ્કંધોની વર્ગણા તે ઔદારિકની જઘન્ય ગ્રહણયોગ્ય વર્ગણા છે. ઔદારિકની જઘન્ય ગ્રહણયોગ્ય વર્ગણાના દરેક સ્કંધમાં રહેલા પરમાણુમાં તેનો અનંતમો ભાગ ઉમેરતા જે આવે તેટલા પરમાણુવાળા સ્કંધોની ઔદારિકની ઉત્કૃષ્ટ ગ્રહણયોગ્ય વર્ગણા છે. જઘન્ય અને ઉત્કૃષ્ટની વચ્ચે એકોત્તર વૃદ્ધિવાળા (ક્રમશઃ +૧, +૧ ઉમેરતા આવતી) પરમાણુવાળા સ્કંધોની ઔદારિકની મધ્યમ ગ્રહણયોગ્ય વર્ગણાઓ છે.

**ઔદારિક વર્ગણાના પુદ્ગલોથી મનુષ્ય અને તિર્યંચને યોગ્ય ઔદારિક શરીર બને છે.**

ઔદારિકની ઉત્કૃષ્ટ ગ્રહણયોગ્ય વર્ગણાના સ્કંધમાં રહેલ પરમાણુમાં ૧ પરમાણુ ઉમેરતા જે આવે તેટલા પરમાણુવાળા સ્કંધોની જઘન્ય ઔદારિક-વૈક્રિય અગ્રહણ યોગ્ય વર્ગણા છે. જઘન્ય અગ્રહણયોગ્ય વર્ગણાના દરેક સ્કંધમાં રહેલા પરમાણુને અભવ્ય કરતા અનંતગુણ અને સિદ્ધના અનંતમાં ભાગથી ગુણતા જે આવે તેટલા પરમાણુવાળા સ્કંધોની ઉત્કૃષ્ટ અગ્રહણયોગ્ય વર્ગણા છે. જઘન્ય અને ઉત્કૃષ્ટની વચ્ચે એકોત્તર વૃદ્ધિવાળા પરમાણુવાળા સ્કંધોની મધ્યમ અગ્રહણયોગ્ય વર્ગણાઓ છે.

(૨) **વૈક્રિયની ગ્રહણયોગ્ય વર્ગણા :-** ઉત્કૃષ્ટ અગ્રહણયોગ્ય વર્ગણાના દરેક સ્કંધમાં રહેલા પરમાણુઓમાં ૧ પરમાણુ ઉમેરતા જે આવે, તેટલા પ્રદેશોવાળા સ્કંધોની વૈક્રિયની જઘન્ય ગ્રહણયોગ્ય વર્ગણા છે. વૈક્રિયની જઘન્ય ગ્રહણયોગ્ય વર્ગણાના દરેક સ્કંધમાં રહેલ પરમાણુમાં તેનો અનંતમો ભાગ ઉમેરતા જે આવે તેટલા પરમાણુવાળા સ્કંધોની વૈક્રિયની ઉત્કૃષ્ટ ગ્રહણયોગ્ય વર્ગણા છે. જઘન્ય અને ઉત્કૃષ્ટની વચ્ચે એકોત્તર વૃદ્ધિવાળા પરમાણુવાળા સ્કંધોની વૈક્રિયની મધ્યમ ગ્રહણયોગ્ય વર્ગણાઓ છે.

**વૈક્રિયવર્ગણાના પુદ્ગલોથી વૈક્રિયશરીર બને છે.**

વૈક્રિયની ઉત્કૃષ્ટ ગ્રહણયોગ્ય વર્ગણાના સ્કંધમાં રહેલા પરમાણુમાં ૧ પરમાણુ ઉમેરતા જે આવે તેટલા પરમાણુવાળા સ્કંધોની જઘન્ય અગ્રહણયોગ્ય વર્ગણા છે. જઘન્ય અગ્રહણયોગ્ય વર્ગણાના દરેક સ્કંધમાં રહેલ પરમાણુને અભવ્ય કરતાં અનંતગુણ અને સિદ્ધના અનંતમાં ભાગથી ગુણવાથી જે આવે તેટલા પરમાણુવાળા સ્કંધોની ઉત્કૃષ્ટ અગ્રહણયોગ્ય વર્ગણા છે. જઘન્ય અને ઉત્કૃષ્ટની વચ્ચે એકોત્તર વૃદ્ધિવાળા પરમાણુવાળા સ્કંધોની મધ્યમ અગ્રહણયોગ્ય વર્ગણાઓ છે.

(૩) **આહારકની ગ્રહણયોગ્ય વર્ગણા :-** ઉત્કૃષ્ટ અગ્રહણયોગ્ય વર્ગણાના દરેક સ્કંધમાં રહેલ પરમાણુમાં ૧ પરમાણુ ઉમેરતા જે આવે તેટલા પરમાણુવાળા સ્કંધોની આહારકની જઘન્ય ગ્રહણયોગ્ય વર્ગણા છે. આહારકની જઘન્ય ગ્રહણયોગ્ય વર્ગણાના દરેક સ્કંધમાં રહેલ પરમાણુમાં તેનો અનંતમો ભાગ ઉમેરતા જે આવે તેટલા પરમાણુવાળા સ્કંધોની આહારકની ઉત્કૃષ્ટ ગ્રહણયોગ્ય વર્ગણા છે. જઘન્ય અને ઉત્કૃષ્ટની વચ્ચે એકોત્તર વૃદ્ધિવાળા પરમાણુવાળા સ્કંધોની આહારકની મધ્યમ ગ્રહણયોગ્ય વર્ગણાઓ છે.

**આહારક વર્ગણાના પુદ્ગલોથી આહારક શરીર બને છે.**

આહારકની ઉત્કૃષ્ટ ગ્રહણયોગ્ય વર્ગણાના સ્કંધમાં રહેલા પરમાણુમાં ૧ પરમાણુ ઉમેરતા જે આવે તેટલા પરમાણુવાળા સ્કંધોની જઘન્ય અગ્રહણયોગ્ય વર્ગણા છે. જઘન્ય અગ્રહણયોગ્ય વર્ગણાના દરેક સ્કંધમાં રહેલા પરમાણુને અભવ્ય કરતા અનંતગુણ અને સિદ્ધના અનંતમાં ભાગથી ગુણતા જે આવે તેટલા પરમાણુવાળા સ્કંધોની ઉત્કૃષ્ટ અગ્રહણયોગ્ય વર્ગણા છે. જઘન્ય અને

ઉત્કૃષ્ટની વચ્ચે એકોત્તર વૃદ્ધિવાળા પરમાણુવાળા સ્કંધોની મધ્યમ અગ્રહણયોગ્ય વર્ગણાઓ છે.

**(૪) તૈજસની ગ્રહણયોગ્ય વર્ગણા :-** ઉત્કૃષ્ટ અગ્રહણયોગ્ય વર્ગણાના દરેક સ્કંધમાં રહેલા પરમાણુમાં ૧ પરમાણુ ઉમેરતા જે આવે તેટલા પરમાણુવાળા સ્કંધોની તૈજસની જઘન્ય ગ્રહણયોગ્ય વર્ગણા છે. તૈજસની જઘન્ય ગ્રહણયોગ્ય વર્ગણાના દરેક સ્કંધમાં રહેલા પરમાણુમાં તેનો અનંતમો ભાગ ઉમેરતા જે આવે તેટલા પરમાણુવાળા સ્કંધોની તૈજસની ઉત્કૃષ્ટ ગ્રહણયોગ્ય વર્ગણા છે. જઘન્ય અને ઉત્કૃષ્ટની વચ્ચે એકોત્તર વૃદ્ધિવાળા પરમાણુવાળા સ્કંધોની તૈજસની મધ્યમ ગ્રહણયોગ્ય વર્ગણાઓ છે.

**તૈજસ વર્ગણાના પુદ્ગલોથી તૈજસશરીર, તેજોલેશ્યા, શીત લેશ્યા બને છે.**

તૈજસની ઉત્કૃષ્ટ ગ્રહણયોગ્ય વર્ગણાના સ્કંધમાં રહેલા પરમાણુમાં ૧ પરમાણુ ઉમેરતા જે આવે તેટલા પરમાણુવાળા સ્કંધોની જઘન્ય અગ્રહણયોગ્ય વર્ગણા છે. જઘન્ય અગ્રહણયોગ્ય વર્ગણાના દરેક સ્કંધમાં રહેલા પરમાણુને અભવ્ય કરતા અનંતગુણ અને સિદ્ધના અનંતમાં ભાગથી ગુણતા જે આવે તેટલા પરમાણુવાળા સ્કંધોની ઉત્કૃષ્ટ અગ્રહણયોગ્ય વર્ગણા છે. જઘન્ય અને ઉત્કૃષ્ટની વચ્ચે એકોત્તર વૃદ્ધિવાળા પરમાણુવાળા સ્કંધોની મધ્યમ અગ્રહણયોગ્ય વર્ગણાઓ છે.

**(૫) ભાષાની ગ્રહણયોગ્ય વર્ગણા :-** ઉત્કૃષ્ટ અગ્રહણયોગ્ય વર્ગણાના દરેક સ્કંધમાં રહેલા પરમાણુમાં ૧ પરમાણુ ઉમેરતા જે આવે તેટલા પરમાણુવાળા સ્કંધોની ભાષાની જઘન્ય ગ્રહણયોગ્ય વર્ગણા છે. ભાષાની જઘન્ય ગ્રહણયોગ્ય વર્ગણાના દરેક સ્કંધમાં રહેલા પરમાણુમાં તેનો અનંતમો ભાગ ઉમેરતા જે આવે તેટલા પરમાણુવાળા સ્કંધોની ભાષાની ઉત્કૃષ્ટ ગ્રહણયોગ્ય વર્ગણા છે. જઘન્ય અને ઉત્કૃષ્ટની વચ્ચે એકોત્તર વૃદ્ધિવાળા પરમાણુવાળા સ્કંધોની ભાષાની મધ્યમ ગ્રહણયોગ્ય વર્ગણાઓ છે.

**ભાષા વર્ગણાના પુદ્ગલોનો ઉપયોગ બોલવામાં થાય છે.**

ભાષાની ઉત્કૃષ્ટ ગ્રહણયોગ્ય વર્ગણાના સ્કંધમાં રહેલા પરમાણુમાં ૧ પરમાણુ ઉમેરતા જે આવે તેટલા પરમાણુવાળા સ્કંધોની જઘન્ય અગ્રહણયોગ્ય વર્ગણા છે. જઘન્ય અગ્રહણયોગ્ય વર્ગણાના દરેક સ્કંધમાં રહેલા પરમાણુને

અભવ્ય કરતા અનંતગુણ અને સિદ્ધના અનંતમાં ભાગથી ગુણાતા જે આવે તેટલા પરમાણુવાળા સ્કંધોની ઉત્કૃષ્ટ અગ્રહણયોગ્ય વર્ગણા છે. જઘન્ય અને ઉત્કૃષ્ટની વચ્ચે એકોત્તર વૃદ્ધિવાળા સ્કંધોની મધ્યમ અગ્રહણયોગ્ય વર્ગણાઓ છે.

**(૬) શ્વાસોચ્છ્વાસની ગ્રહણયોગ્ય વર્ગણા :-** ઉત્કૃષ્ટ અગ્રહણયોગ્ય વર્ગણાના દરેક સ્કંધમાં રહેલ પરમાણુમાં ૧ પરમાણુ ઉમેરતા જે આવે તેટલા પરમાણુવાળા સ્કંધોની શ્વાસોચ્છ્વાસની જઘન્ય ગ્રહણયોગ્ય વર્ગણા છે. શ્વાસોચ્છ્વાસની જઘન્ય ગ્રહણયોગ્ય વર્ગણાના દરેક સ્કંધમાં રહેલ પરમાણુમાં તેનો અનંતમો ભાગ ઉમેરતા જે આવે તેટલા પરમાણુવાળા સ્કંધોની શ્વાસોચ્છ્વાસની ઉત્કૃષ્ટ ગ્રહણયોગ્ય વર્ગણા છે. જઘન્ય અને ઉત્કૃષ્ટની વચ્ચે એકોત્તર વૃદ્ધિવાળા પરમાણુવાળા સ્કંધોની શ્વાસોચ્છ્વાસની મધ્યમ ગ્રહણયોગ્ય વર્ગણાઓ છે.

**શ્વાસોચ્છ્વાસવર્ગણાના પુદ્ગલોનો ઉપયોગ શ્વાસોચ્છ્વાસ લેવામાં થાય છે.**

શ્વાસોચ્છ્વાસની ઉત્કૃષ્ટ ગ્રહણયોગ્ય વર્ગણાના સ્કંધમાં રહેલા પરમાણુમાં ૧ પરમાણુ ઉમેરતા જે આવે તેટલા પરમાણુવાળા સ્કંધોની જઘન્ય અગ્રહણયોગ્ય વર્ગણા છે. જઘન્ય અગ્રહણયોગ્ય વર્ગણાના દરેક સ્કંધમાં રહેલ પરમાણુને અભવ્ય કરતા અનંતગુણ અને સિદ્ધના અનંતમાં ભાગથી ગુણાતા જે આવે તેટલા પરમાણુવાળા સ્કંધોની ઉત્કૃષ્ટ અગ્રહણયોગ્ય વર્ગણા છે. જઘન્ય અને ઉત્કૃષ્ટની વચ્ચે એકોત્તર વૃદ્ધિવાળા સ્કંધોની મધ્યમ અગ્રહણયોગ્ય વર્ગણાઓ છે.

**(૭) મનની ગ્રહણયોગ્ય વર્ગણા :-** ઉત્કૃષ્ટ અગ્રહણયોગ્ય વર્ગણાના દરેક સ્કંધમાં રહેલ પરમાણુમાં ૧ પરમાણુ ઉમેરતા જે આવે તેટલા પરમાણુવાળા સ્કંધોની મનની જઘન્ય ગ્રહણયોગ્ય વર્ગણા છે. મનની જઘન્ય ગ્રહણયોગ્ય વર્ગણાના દરેક સ્કંધમાં રહેલ પરમાણુમાં તેનો અનંતમો ભાગ ઉમેરતા જે આવે તેટલા પરમાણુવાળા સ્કંધોની મનની ઉત્કૃષ્ટ ગ્રહણયોગ્ય વર્ગણા છે. જઘન્ય અને ઉત્કૃષ્ટની વચ્ચે એકોત્તર વૃદ્ધિવાળા પરમાણુવાળા સ્કંધોની મનની મધ્યમ ગ્રહણયોગ્ય વર્ગણાઓ છે.

**મનોવર્ગણાના પુદ્ગલોનો ઉપયોગ વિચારવામાં થાય છે.**

મનની ઉત્કૃષ્ટ ગ્રહણયોગ્ય વર્ગણાના સ્કંધમાં રહેલ પરમાણુમાં ૧ પરમાણુ ઉમેરતા જે આવે તેટલા પરમાણુવાળા સ્કંધોની જઘન્ય અગ્રહણયોગ્ય વર્ગણા

છે. જઘન્ય અગ્રહણયોગ્ય વર્ગણાના દરેક સ્કંધમાં રહેલ પરમાણુને અભવ્ય કરતા અનંતગુણ અને સિદ્ધના અનંતમાં ભાગથી ગુણતા જે આવે તેટલા પરમાણુવાળા સ્કંધોની ઉત્કૃષ્ટ અગ્રહણયોગ્ય વર્ગણા છે. જઘન્ય અને ઉત્કૃષ્ટની વચ્ચે એકોત્તર વૃદ્ધિવાળા સ્કંધોની મધ્યમ અગ્રહણયોગ્ય વર્ગણાઓ છે.

**(૮) કાર્મણની ગ્રહણયોગ્ય વર્ગણા :-** ઉત્કૃષ્ટ અગ્રહણયોગ્ય વર્ગણાના દરેક સ્કંધમાં રહેલ પરમાણુમાં ૧ પરમાણુ ઉમેરતા જે આવે તેટલા પરમાણુવાળા સ્કંધોની કાર્મણની જઘન્ય ગ્રહણયોગ્ય વર્ગણા છે. કાર્મણની જઘન્ય ગ્રહણયોગ્ય વર્ગણાના દરેક સ્કંધમાં રહેલ પરમાણુમાં તેનો અનંતમો ભાગ ઉમેરતા જે આવે તેટલા પરમાણુવાળા સ્કંધોની કાર્મણની ઉત્કૃષ્ટ ગ્રહણયોગ્ય વર્ગણા છે. જઘન્ય અને ઉત્કૃષ્ટની વચ્ચે એકોત્તર વૃદ્ધિવાળા પરમાણુવાળા સ્કંધોની કાર્મણની મધ્યમ ગ્રહણયોગ્ય વર્ગણાઓ છે.

**કાર્મણવર્ગણાના પુદ્ગલોનો ઉપયોગ કર્મ બાંધવામાં થાય છે.**

આમ ઔદારિક વગેરે દરેકની ત્રણ-ત્રણ પ્રકારની વર્ગણાઓ થઇ. **અગ્રહણયોગ્ય, ગ્રહણયોગ્ય અને અગ્રહણયોગ્ય.** પહેલી અગ્રહણયોગ્ય વર્ગણાઓ અલ્પ પરમાણુવાળી અને સ્થૂલ હોવાથી અગ્રહણયોગ્ય છે. છેલ્લી-અગ્રહણયોગ્ય વર્ગણાઓ વધુ પરમાણુવાળી અને સૂક્ષ્મ હોવાથી અગ્રહણયોગ્ય છે. વચ્ચેની વર્ગણાઓ અનુરૂપ હોવાથી ગ્રહણયોગ્ય વર્ગણાઓ છે.

બધી વર્ગણાઓની અવગાહના અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલી છે.

**ગ્રહણયોગ્ય-અગ્રહણયોગ્ય આઠ પ્રકારની પુદ્ગલ વર્ગણાઓ –**

| ક્ર. | વર્ગણાના નામ | જઘન્ય વર્ગણાના દરેક સ્કંધમાં પરમાણુ | ઉત્કૃષ્ટ વર્ગણાના દરેક સ્કંધમાં પરમાણુ | અવગાહના |
|---|---|---|---|---|
| ૧. | અગ્રહણયોગ્ય | એક | અનંતાનંત | અંગુલ/અસંખ્યમો ભાગ |
| ૨. | ઔદારિકની ગ્રહણયોગ્ય | અભવ્ય કરતાં અનંતગુણ | જઘન્ય + જઘન્ય / અનંતમો ભાગ | અંગુલ/અસંખ્યમો ભાગ |
| ૩. | અગ્રહણયોગ્ય | ઉત્કૃષ્ટ ઔદારિક ગ્રહણયોગ્ય + ૧ | જઘન્ય x અભવ્ય કરતાં અનંતગુણ | અંગુલ/અસંખ્યમો ભાગ |

| | | | | |
|---|---|---|---|---|
| ૪. | વૈક્રિયની ગ્રહણયોગ્ય | ઉત્કૃષ્ટ અગ્રહણયોગ્ય + ૧ | જઘન્ય + જઘન્ય / અનંતમો ભાગ | અંગુલ/અસંખ્યમો ભાગ |
| ૫. | અગ્રહણયોગ્ય | ઉત્કૃષ્ટ વૈક્રિય ગ્રહણયોગ્ય + ૧ | જઘન્ય x અભવ્ય કરતાં અનંતગુણ | અંગુલ/અસંખ્યમો ભાગ |
| ૬. | આહારકની ગ્રહણયોગ્ય | ઉત્કૃષ્ટ અગ્રહણયોગ્ય + ૧ | જઘન્ય + જઘન્ય / અનંતમો ભાગ | અંગુલ/અસંખ્યમો ભાગ |
| ૭. | અગ્રહણયોગ્ય | ઉત્કૃષ્ટ આહારક-ગ્રહણયોગ્ય + ૧ | જઘન્ય x અભવ્ય કરતાં અનંતગુણ | અંગુલ/અસંખ્યમો ભાગ |
| ૮. | તૈજસની ગ્રહણયોગ્ય | ઉત્કૃષ્ટ અગ્રહણયોગ્ય + ૧ | જઘન્ય + જઘન્ય / અનંતમો ભાગ | અંગુલ/અસંખ્યમો ભાગ |
| ૯. | અગ્રહણયોગ્ય | ઉત્કૃષ્ટ તૈજસ-ગ્રહણયોગ્ય + ૧ | જઘન્ય x અભવ્ય કરતાં અનંતગુણ | અંગુલ/અસંખ્યમો ભાગ |
| ૧૦. | ભાષાની ગ્રહણયોગ્ય | ઉત્કૃષ્ટ અગ્રહણયોગ્ય + ૧ | જઘન્ય + જઘન્ય / અનંતમો ભાગ | અંગુલ/અસંખ્યમો ભાગ |
| ૧૧. | અગ્રહણયોગ્ય | ઉત્કૃષ્ટ ભાષા ગ્રહણયોગ્ય + ૧ | જઘન્ય x અભવ્ય કરતાં અનંતગુણ | અંગુલ/અસંખ્યમો ભાગ |
| ૧૨. | શ્વાસોચ્છ્વાસની ગ્રહણયોગ્ય | ઉત્કૃષ્ટ અગ્રહણયોગ્ય + ૧ | જઘન્ય + જઘન્ય / અનંતમો ભાગ | અંગુલ/અસંખ્યમો ભાગ |
| ૧૩. | અગ્રહણયોગ્ય | ઉત્કૃષ્ટ શ્વાસોચ્છ્વાસ ગ્રહણયોગ્ય + ૧ | જઘન્ય x અભવ્ય કરતાં અનંતગુણ | અંગુલ/અસંખ્યમો ભાગ |
| ૧૪. | મનની ગ્રહણયોગ્ય | ઉત્કૃષ્ટ અગ્રહણયોગ્ય + ૧ | જઘન્ય + જઘન્ય / અનંતમો ભાગ | અંગુલ/અસંખ્યમો ભાગ |
| ૧૫. | અગ્રહણયોગ્ય | ઉત્કૃષ્ટ મન-ગ્રહણયોગ્ય + ૧ | જઘન્ય x અભવ્ય કરતાં અનંતગુણ | અંગુલ/અસંખ્યમો ભાગ |
| ૧૬. | કર્મની ગ્રહણયોગ્ય | ઉત્કૃષ્ટ અગ્રહણયોગ્ય + ૧ | જઘન્ય + જઘન્ય / અનંતમો ભાગ | અંગુલ/અસંખ્યમો ભાગ |

# કર્મબંધના મુખ્ય પાંચ કારણો

કર્મબંધના મુખ્ય પાંચ કારણો છે. આ કારણોથી કર્મો બંધાય છે. તે પાંચ કારણો આ પ્રમાણે છે :-

(૧) **મિથ્યાત્વ :** મિથ્યાત્વ એટલે વિપરીત માન્યતા. જે પદાર્થો જે રૂપે હોય તે રૂપે તે પદાર્થોને ન માનવા. જે પદાર્થો જે રૂપે ન હોય તે રૂપે તે પદાર્થોને માનવા. સુદેવને દેવ તરીકે, સુગુરૂને ગુરૂ તરીકે અને સુધર્મને ધર્મ તરીકે ન માનવા. કુદેવને દેવ તરીકે, કુગુરૂને ગુરૂ તરીકે અને કુધર્મને ધર્મ તરીકે માનવા. આ બધું મિથ્યાત્વ છે. મિથ્યાત્વના પાંચ પ્રકાર છે. તે આ પ્રમાણે–

(i) **આભિગ્રહિક મિથ્યાત્વ :–** જૈન ધર્મ સિવાયના અન્ય ધર્મમાં રહેલા જીવો પોતાના ધર્મને જ આગ્રહપૂર્વક સાચો માને તે.

(ii) **અનાભિગ્રહિક મિથ્યાત્વ :–** બધા ધર્મોને સમાન માનવા તે. જૈનધર્મ એ સર્વશ્રેષ્ઠ ધર્મ છે. એને અન્ય ધર્મો સમાન માનવો એ રત્નને કાચની સમાન માનવા બરાબર છે.

(iii) **આભિનિવેશિક મિથ્યાત્વ :–** જૈન ધર્મને માન્ય ન હોય એવી કોઇપણ એક બાબતનો કદાગ્રહ પકડી રાખવો તે, **ગોષ્ઠામાહિલ** વગેરેની જેમ.

(iv) **સાંશયિક મિથ્યાત્વ :–** જિનેશ્વર ભગવંતના વચનમાં શંકા થાય તે. જેમકે, ભગવાને કહેલા ધર્માસ્તિકાય વગેરે હશે કે નહિ ?

(v) **અનાભોગિક મિથ્યાત્વ :–** અનાભોગ એટલે અજ્ઞાન. અજ્ઞાનને લીધે એકેન્દ્રિય વગેરે જીવોને જે મિથ્યાત્વ હોય તે.

(૨) **અવિરતિ :–** પ્રતિજ્ઞાપૂર્વક પાપનો ત્યાગ કરવો તે વિરતિ છે. વિરતિ ન હોવી તે અવિરતિ છે. અવિરતિના બાર પ્રકાર છે. તે આ પ્રમાણે–

(૧-૬) છ કાય (પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાયુકાય, વનસ્પતિકાય, ત્રસકાય)ની હિંસા કરવી તે.

(૭-૧૨) પાંચ ઇન્દ્રિયો (સ્પર્શનેન્દ્રિય, રસનેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, ચક્ષુરિન્દ્રિય, શ્રોત્રેન્દ્રિય) અને મનનું અનિયંત્રણ હોવું તે.

(૩) **કષાય :–** કષ એટલે સંસાર. આય એટલે લાભ. જેનાથી સંસારનો લાભ થાય તે કષાય. કષાય ચાર પ્રકારના છે. તે આ પ્રમાણે–

(i) **ક્રોધ :–** ક્રોધ એટલે અપ્રીતિ, અરૂચિ.

(ii) **માન :–** માન એટલે પોતાને ચઢિયાતા માનવા અને બીજાને હલકા માનવા.

(iii) **માયા :–** માયા એટલે અંદર જુદો ભાવ રાખી બહાર જુદું બતાવવું, કપટ.

(iv) **લોભ :–** તેના બે પ્રકાર છે–

(a) **તૃષ્ણા** – જે ન હોય તે મેળવવાની ઇચ્છા કરવી તે.

(b) **આસક્તિ** – જે હોય તે ન છોડવાની ઇચ્છા થાય તે.

(૪) **યોગ :** મન, વચન અને કાયાની પ્રવૃત્તિ તે યોગ છે. યોગના મુખ્ય ત્રણ ભેદ છે. તે આ પ્રમાણે (i) મનોયોગ, (ii) વચનયોગ અને (iii) કાયયોગ.

(i) **મનોયોગ :–** મનની પ્રવૃત્તિ તે મનોયોગ. તેના ચાર પ્રકાર છે. તે આ પ્રમાણે–

(a) **સત્ય મનોયોગ** – વસ્તુ જેવી હોય તેવું વિચારવું તે. જેમકે-જીવ છે, જીવ શરીરવ્યાપી છે વગેરે વિચારવું.

(b) **અસત્ય મનોયોગ** – ખોટું વિચારવું તે. જેમકે-જીવ નથી, જીવ એકાંત-નિત્ય છે વગેરે વિચારવું.

(c) **સત્યાસત્ય મનોયોગ** – જેમાં સાચું પણ છે અને ખોટું પણ છે તેવું વિચારવું તે. જેમકે-લીંબડા વગેરેના ઝાડોથી યુક્ત ઘણા આંબાના ઝાડોવાળા વન માટે આ આંબાનું વન છે એમ વિચારવું.

(d) **અસત્યઅમૃષા મનોયોગ** – જેમાં સાચું પણ નથી અને ખોટું પણ નથી તેવું વિચારવું તે. જેમકે-ઘડો લાવવો જોઇએ વગેરે વિચારવું.

(ii) **વચનયોગ :–** વચનની પ્રવૃત્તિ તે વચનયોગ. તેના ચાર પ્રકાર છે. તે આ પ્રમાણે –

(a) **સત્ય વચનયોગ** –

(b) **અસત્ય વચનયોગ** –

(c) **સત્યાસત્ય વચનયોગ** –

(d) **અસત્યઅમૃષા વચનયોગ** –

ચારે પ્રકારના વચનયોગની વ્યાખ્યા ચાર પ્રકારના મનોયોગની જેમ જાણવી. માત્ર 'વિચારવું' ના સ્થાને 'બોલવું' સમજવું.

(iii) **કાયયોગ :–** કાયાની પ્રવૃત્તિ કે કાયયોગ. તેના સાત પ્રકાર છે. તે આ પ્રમાણે –

(a) **ઔદારિક કાયયોગ** – ઔદારિક શરીરથી થતી પ્રવૃત્તિ તે.

(b) **વૈક્રિય કાયયોગ** – વૈક્રિય શરીરથી થતી પ્રવૃત્તિ તે.

(c) **આહારક કાયયોગ** – આહારક શરીરથી થતી પ્રવૃત્તિ તે.

(d) **ઔદારિક મિશ્ર કાયયોગ** – મનુષ્ય અને તિર્યંચને ઉત્પત્તિના પ્રથમ સમયથી ઔદારિક શરીર પૂર્ણ ન થાય ત્યાં સુધી ઔદારિક અને કાર્મણની ભેગી પ્રવૃત્તિ તે. કેવળી સમુદ્ઘાતમાં પણ ૨જા, ૬ઠ્ઠા અને ૭મા સમયે આ કાયયોગ હોય છે.

(e) **વૈક્રિયમિશ્ર કાયયોગ** – દેવ અને નારકીને ઉત્પત્તિના પ્રથમ સમયથી વૈક્રિય શરીર પૂર્ણ ન થાય ત્યાં સુધી વૈક્રિય અને કાર્મણની ભેગી પ્રવૃત્તિ તે. તથા વૈક્રિય લબ્ધિવાળા મનુષ્ય, પંચેન્દ્રિય તિર્યંચ અને પર્યાપ્તા બાદર વાયુકાયને વૈક્રિય શરીર કરતી વખતે તે પૂર્ણ ન થાય ત્યાં સુધી અને વૈક્રિય શરીર છોડતા ફરી ઔદારિક શરીરમાં આત્મપ્રદેશો પ્રવેશે નહીં ત્યાં સુધી વૈક્રિય અને ઔદારિકની ભેગી પ્રવૃત્તિ તે.

(f) **આહારકમિશ્ર કાયયોગ** – આહારક લબ્ધિવાળા ચૌદ પૂર્વધર મુનિને આહારક શરીર કરતી વખતે તે પૂર્ણ ન થાય ત્યાં સુધી અને આહારક શરીર છોડતા ફરી ઔદારિક શરીરમાં આત્મપ્રદેશો પ્રવેશે નહીં ત્યાં સુધી આહારક અને ઔદારિકની ભેગી પ્રવૃત્તિ તે.

(g) **કાર્મણ કાયયોગ** – તૈજસ અને કાર્મણ શરીરોથી થતી પ્રવૃત્તિ તે કાર્મણ કાયયોગ. આમ યોગના કુલ ૧૫ ભેદ થયા.

૫) **પ્રમાદ :** ધર્મમાં ઉદ્યમ ન કરવો તે તથા પાપમાં ઉદ્યમ કરવો તે પ્રમાદ. તેના પાંચ પ્રકાર છે. તે આ પ્રમાણે–

(i) **મદ્ય :–** દારૂપાન કરવું તે.

(ii) **વિષય :–** સ્પર્શનેન્દ્રિય, રસનેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, ચક્ષુરિન્દ્રિય, શ્રોત્રેન્દ્રિયના ક્રમશઃ સ્પર્શ, રસ, ગંધ, રૂપ, શબ્દ સ્વરુપી વિષયોમાં રાગ-દ્વેષ કરવા તે.

**(iii) કષાય :–** તેમનું સ્વરૂપ પૂર્વે કહ્યું છે.

**(iv) નિદ્રા :–** ઉંઘવું તે. તેના પાંચ પ્રકાર છે. તે આ પ્રમાણે–

- **(a) નિદ્રા**
- **(b) નિદ્રાનિદ્રા**
- **(c) પ્રચલા**
- **(d) પ્રચલાપ્રચલા**
- **(e) થિણદ્ધિ**

પાંચ નિદ્રાઓનું સ્વરૂપ આગળ કર્મના ભેદના પ્રકરણમાં બતાવાશે.

**(v) વિકથા :–** વિપરીત કથા તે વિકથા. તેના ચાર પ્રકાર છે. તે આ પ્રમાણે–

- **(a) સ્ત્રીકથા :–** સ્ત્રીસંબંધી વાતો કરવી તે.
- **(b) ભક્તકથા :–** ભોજનસંબંધી વાતો કરવી તે.
- **(c) દેશકથા :–** દેશસંબંધી વાતો કરવી તે.
- **(d) રાજકથા :–** રાજા સંબંધી વાતો કરવી તે.

**બીજી રીતે પ્રમાદના આઠ પ્રકાર છે. તે આ પ્રમાણે–**

- (i) **અજ્ઞાન :–** અજ્ઞાન એટલે જ્ઞાન ન હોવું તે, **મૂઢતા.**
- (ii) **સંશય :–** શું આ આમ હશે કે અન્ય રીતે હશે ? એવો **સંદેહ કરવો** તે.
- (iii) **મિથ્યાજ્ઞાન :–** મિથ્યાજ્ઞાન એટલે **વિપરીતજ્ઞાન.**
- (iv) **રાગ :–** રાગ એટલે **પ્રીતિ.**
- (v) **દ્વેષ :–** દ્વેષ એટલે **અપ્રીતિ.**
- (vi) **સ્મૃતિભ્રંશ :– ભૂલી જવું તે.**
- (vii) **ધર્મમાં અનાદર :–** જૈન ધર્મમાં **ઉદ્યમ ન કરવો** તે.
- (viii) **યોગોનું દુષ્પ્રણિધાન :–** મન-વચન-કાયાની **અશુભ પ્રવૃત્તિ** કરવી તે.



# કર્મના ભેદ-પ્રભેદ

કર્મના મુખ્ય આઠ ભેદ છે અને ૧૫૮ ઉત્તરભેદ છે. તે આ પ્રમાણે-

(૧) **જ્ઞાનાવરણ કર્મ : વસ્તુનો વિશેષ બોધ તે જ્ઞાન. જ્ઞાનને ઢાંકે તે જ્ઞાનાવરણ કર્મ.** તે આત્માના અનંતજ્ઞાન ગુણને ઢાંકે છે. તે આંખે પાટા બાંધવા જેવું છે. આંખે પાટા બાંધ્યા પછી દેખાતું નથી. તેમ જ્ઞાનાવરણ કર્મના ઉદયથી જીવને જ્ઞાન થતું નથી. તેના પાંચ ઉત્તરભેદ છે. તે આ પ્રમાણે-

(i) **મતિજ્ઞાનાવરણ કર્મ :-** યોગ્ય ક્ષેત્રમાં રહેલી વસ્તુનું પાંચ ઇન્દ્રિયો અને મનથી થતું જ્ઞાન તે મતિજ્ઞાન. મતિજ્ઞાનને ઢાંકે તે મતિજ્ઞાનાવરણ કર્મ.

(ii) **શ્રુતજ્ઞાનાવરણ કર્મ :-** શબ્દ સાંભળતા, બોલતા, જોતા અને પાંચ ઇન્દ્રિયો તથા મનથી થતું અક્ષરના આલંબનપૂર્વકનું જ્ઞાન તે શ્રુતજ્ઞાન. શ્રુતજ્ઞાનને ઢાંકે તે શ્રુતજ્ઞાનાવરણ કર્મ.

(iii) **અવધિજ્ઞાનાવરણ કર્મ :-** અમુક મર્યાદા સુધીમાં રહેલા રૂપી પદાર્થોનું ઇન્દ્રિયો વિના સાક્ષાત્ આત્મા દ્વારા થતું જ્ઞાન તે અવધિજ્ઞાન. અવધિજ્ઞાનને ઢાંકે તે અવધિજ્ઞાનાવરણ કર્મ.

(iv) **મનઃપર્યવજ્ઞાનાવરણ કર્મ :-** અઢી દ્વીપમાં રહેલા સંજ્ઞી પંચેન્દ્રિય જીવોના મનના ભાવોને જણાવનારૂં જ્ઞાન તે મનઃપર્યવજ્ઞાન. મનઃપર્યવજ્ઞાનને ઢાંકે તે મનઃપર્યવજ્ઞાનાવરણ કર્મ.

(v) **કેવળજ્ઞાનાવરણ કર્મ :-** લોકાલોકના બધા દ્રવ્યોના ત્રણે કાળના બધા પર્યાયોનું (અવસ્થાઓ-વિશેષતાઓનું) એક સમયે એક સાથે થતું જ્ઞાન તે કેવળજ્ઞાન. કેવળજ્ઞાનને ઢાંકે તે કેવળજ્ઞાનાવરણ કર્મ.

૨) **દર્શનાવરણ કર્મ : વસ્તુનો સામાન્ય બોધ તે દર્શન. દર્શનને ઢાંકે તે દર્શનાવરણ કર્મ.** તે આત્માના અનંતદર્શન ગુણને ઢાંકે છે. તે દ્વારપાળ જેવું છે. દ્વારપાળ બહારના માણસને રાજાના દર્શન કરવા દેતો નથી. તેમ દર્શનાવરણ કર્મ જીવને દર્શન (સામાન્ય બોધ) કરવા દેતું નથી. તેના નવ ઉત્તરભેદ છે. તે આ પ્રમાણે :-

(i) **ચક્ષુદર્શનાવરણ કર્મ :-** આંખથી થતો વસ્તુનો સામાન્ય બોધ તે ચક્ષુદર્શન. ચક્ષુદર્શનને ઢાંકે તે ચક્ષુદર્શનાવરણ કર્મ.

(ii) **અચક્ષુદર્શનાવરણ કર્મ :–** આંખ સિવાયની ચાર ઇન્દ્રિય અને મનથી થતો વસ્તુનો સામાન્ય બોધ તે અચક્ષુદર્શન. અચક્ષુદર્શનને ઢાંકે તે અચક્ષુદર્શનાવરણ કર્મ.

(iii) **અવધિદર્શનાવરણ કર્મ :–** અમુક મર્યાદા સુધીમાં રહેલા રૂપી પદાર્થોનો સામાન્ય બોધ તે અવધિદર્શન. અવધિદર્શનને ઢાંકે તે અવધિદર્શનાવરણ કર્મ.

(iv) **કેવળદર્શનાવરણ કર્મ :–** લોકાલોકના સર્વ દ્રવ્યોના ત્રણે કાળના બધા પર્યાયોનો એક સમયે એક સાથે થતો સામાન્ય બોધ તે કેવળદર્શન. કેવળદર્શનને ઢાંકે તે કેવળદર્શનાવરણ કર્મ.

(v) **નિદ્રા કર્મ :–** જેમાંથી ચપટી વગાડવી વગેરે દ્વારા સુખેથી જગાડી શકાય તે નિદ્રા. જે કર્મના ઉદયથી નિદ્રા આવે તે નિદ્રા કર્મ.

(vi) **નિદ્રાનિદ્રા કર્મ :–** જેમાંથી મુશ્કેલીથી જગાડી શકાય તે નિદ્રાનિદ્રા. જે કર્મના ઉદયથી નિદ્રાનિદ્રા આવે તે નિદ્રાનિદ્રા કર્મ.

(vii) **પ્રચલા કર્મ :–** જેમાં બેઠા-બેઠા કે ઊભા-ઊભા ઊંઘે તે પ્રચલા. જે કર્મના ઉદયથી પ્રચલા આવે તે પ્રચલા કર્મ.

(viii) **પ્રચલાપ્રચલા કર્મ :–** જેમાં ચાલતા ચાલતા ઉંઘે તે પ્રચલાપ્રચલા. જે કર્મના ઉદયથી પ્રચલાપ્રચલા આવે તે પ્રચલાપ્રચલા કર્મ.

(ix) **થીણદ્ધિ કર્મ :–** જેમાં દિવસે જાગ્રત અવસ્થામાં ચિંતવેલા કાર્યને રાત્રે નિદ્રામાં કરે તે થીણદ્ધિ. આ વખતે શરીરમાં ઘણું બળ એકત્રિત થાય છે. પહેલા સંઘયણવાળાને વાસુદેવથી અડધું બળ હોય છે. છેલ્લા સંઘયણવાળાને પોતાનાથી બમણું કે ત્રણગણું બળ હોય છે. જે કર્મના ઉદયથી થીણદ્ધિ આવે તે થીણદ્ધિ કર્મ. થીણદ્ધિ કર્મના ઉદયવાળો જીવ સામાન્યથી સર્વવિરતિ માટે અયોગ્ય છે.

૩) **વેદનીય કર્મ :** જે કર્મ જીવને પૌદ્ગલિક સુખ-દુઃખનો અનુભવ કરાવે તે વેદનીય કર્મ. તે **જીવના અવ્યાબાધ સુખ નામના ગુણને ઢાંકે છે.** તે મધથી લેપાયેલી તલવાર જેવું છે. મધથી લેપાયેલી તલવાર ચાટતા પહેલા મધસ્વાદનું ક્ષણિકસુખ અને પછી તરત જ જીભ કપાવાની પીડા સ્વરૂપી દુઃખ બન્નેનો અનુભવ થાય છે, તેમ વેદનીય કર્મ જીવને સુખ અને દુઃખનો અનુભવ કરાવે છે.

(i) **સાતાવેદનીય કર્મ :-** જે કર્મના ઉદયથી જીવને સુખનો અનુભવ થાય તે.

(ii) **અસાતાવેદનીય કર્મ :-** જે કર્મના ઉદયથી જીવને દુ:ખનો અનુભવ થાય તે.

૪) **મોહનીય કર્મ :** જે કર્મ જીવને સાચા-ખોટાના વિવેક કરવા ન દે અને ખોટામાં પ્રવર્તાવે તે. તે **જીવના ક્ષાયિક સમ્યક્ત્વ અને અનંત ચારિત્ર ગુણોને આવરે છે.** તે દારૂપાન જેવું છે. દારૂ પીધેલ માણસને સાચા-ખોટાનું ભાન રહેતું નથી, તેમ મોહનીય કર્મ જીવને સાચા-ખોટાનું ભાન થવા દેતું નથી. તેના મુખ્ય બે ભેદ છે. તે આ પ્રમાણે – (i) દર્શનમોહનીય કર્મ અને (ii) ચારિત્રમોહનીય કર્મ.

(i) **દર્શનમોહનીય કર્મ :-** જે કર્મ **જીવના સમ્યક્ત્વ ગુણનો ઘાત કરે તે.** તેના ત્રણ ભેદ છે. તે આ પ્રમાણે–

(a) **મિથ્યાત્વ મોહનીય કર્મ** – જે કર્મના ઉદયથી જીવને જિનેશ્વર ભગવાને કહેલા વચનો ઉપર શ્રદ્ધા ન થાય, પણ અશ્રદ્ધા થાય તે.

(b) **મિશ્રમોહનીય કર્મ** – જેમ નાલિયેરદ્વીપના મનુષ્યોને અહીંના ભોજન પ્રત્યે રૂચિ કે અરૂચિ થતાં નથી, તેમ જે કર્મના ઉદયથી જીવને જિનેશ્વર ભગવાને કહેલા વચનો ઉપર રૂચિ કે અરૂચિ ન થાય તે.

(c) **સમ્યક્ત્વ મોહનીય કર્મ** – જે કર્મના ઉદયથી જીવને જિનેશ્વર ભગવાનના વચનો ઉપર શ્રદ્ધા થાય તે. સમ્યક્ત્વ (જિનેશ્વર ભગવાનના વચનો ઉપર શ્રદ્ધા થવી) એ આત્માનો ગુણ છે. તે સમ્યક્ત્વમોહનીય કર્મના ઉદયથી થતો નથી. પરંતુ સમ્યક્ત્વમોહનીય કર્મ વિશુદ્ધ હોવાથી સમ્યક્ત્વ ગુણનો ઘાત કરી શકતું ન હોવાથી એમ કહેવાય કે સમ્યક્ત્વમોહનીય કર્મના ઉદયથી જીવને જિનેશ્વર ભગવાનના વચનો ઉપર શ્રદ્ધા થાય છે. સમ્યક્ત્વમોહનીય કર્મ ક્યારેક સમ્યક્ત્વમાં અતિચાર લગાડે છે.

(ii) **ચારિત્રમોહનીય કર્મ :-** જે કર્મ **જીવના ચારિત્ર ગુણનો ઘાત કરે તે.** તેના મુખ્ય બે ભેદ છે. તે આ પ્રમાણે– (૧) કષાયમોહનીય કર્મ અને (૨) નોકષાયમોહનીય કર્મ.

(a) **કષાયમોહનીય કર્મ** – જે કર્મના ઉદયથી જીવને કષાય થાય તે. કષાયો ૧૬ પ્રકારના છે. તે આ પ્રમાણે–

મૂળ કષાયો ચાર છે-ક્રોધ, માન, માયા, લોભ. તેમનું સ્વરૂપ પૂર્વે બતાવેલ છે. આ ચારેના દરેકના ચાર ચાર પ્રકાર છે. તે આ પ્રમાણે–

(૧) **અનંતાનુબંધી કષાય** – જેનાથી અનંત સંસારની પરંપરા ચાલે તે.

(૨) **અપ્રત્યાખ્યાનીય કષાય** – જે કષાયને લીધે જીવ અલ્પ પણ પચ્ચક્ખાણ ન કરી શકે તે.

(૩) **પ્રત્યાખ્યાનીય કષાય** – જે કષાયને લીધે જીવ સર્વવિરતિરૂપ પચ્ચક્ખાણ ન કરી શકે તે.

(૪) **સંજ્વલન કષાય** – જે કષાય ચારિત્રને કંઇક બાળે તે.

આમ કષાયોના ૧૬ પ્રકાર થયા. કષાયો ક્યા ગુણનો ઘાત કરે છે ? કઇ ગતિમાં લઇ જાય છે ? કેટલો કાળ ટકે છે ? અને કોના જેવા છે ? તે નીચેના કોઠાથી સમજાશે......

| **કષાય** | **ગુણઘાત** | **ગતિપ્રાપ્તિ** | **સ્થિતિ** | **ક્રોધ કોના જેવો ?** | **માન કોના જેવું ?** |
|---|---|---|---|---|---|
| અનંતાનુબંધી | સમ્યક્ત્વ | નરક | યાવજ્જીવ | પર્વતના વિભાગ | પથ્થરનો થાંભલો |
| અપ્રત્યાખ્યાનીય | દેશવિરતિ | તિર્યંચ | ૧ વર્ષ | પૃથ્વીની ફાડ | હાડકાનો થાંભલો |
| પ્રત્યાખ્યાનીય | સર્વવિરતિ | મનુષ્ય | ૪ માસ | રેતીમાં રેખા | લાકડાનો થાંભલો |
| સંજ્વલન | યથાખ્યાત ચારિત્ર | દેવ | ૧ પખવાડીયું (૧૫ દિવસ) | પાણીમાં રેખા | નેતરની સોટી |

| **કષાય** | **માયા કોના જેવી ?** | **લોભ કોના જેવો ?** | |
|---|---|---|---|
| અનંતાનુબંધી | કઠણ વાંસના મૂળ | કીરમજનો રંગ | |
| અપ્રત્યાખ્યાનીય | ઘેટાના શીંગડા | ગાડાની મળી | |
| પ્રત્યાખ્યાનીય | ગોમૂત્ર | કાજળ | |
| સંજ્વલન | વાંસની છાલ | હળદરનો રંગ | |

કષાયો ૧૬ પ્રકારના હોવાથી કષાયમોહનીય કર્મ પણ ૧૬ પ્રકારનું છે. તે આ પ્રમાણે–

(૧) **અનંતાનુબંધી ક્રોધ મોહનીય કર્મ :** જે કર્મના ઉદયથી જીવને અનંતાનુબંધી ક્રોધ થાય તે.

(૨) **અપ્રત્યાખ્યાનીય ક્રોધ મોહનીય કર્મ :** જે કર્મના ઉદયથી જીવને અપ્રત્યાખ્યાનીય ક્રોધ થાય તે.

(૩) **પ્રત્યાખ્યાનીય ક્રોધ મોહનીય કર્મ :** જે કર્મના ઉદયથી જીવને પ્રત્યાખ્યાનીય ક્રોધ થાય તે.

(૪) **સંજ્વલન ક્રોધ મોહનીય કર્મ :** જે કર્મના ઉદયથી જીવને સંજ્વલન ક્રોધ થાય તે.

(૫) **અનંતાનુબંધી માન મોહનીય કર્મ :** જે કર્મના ઉદયથી જીવને અનંતાનુબંધી માન થાય તે.

(૬) **અપ્રત્યાખ્યાનીય માન મોહનીય કર્મ :** જે કર્મના ઉદયથી જીવને અપ્રત્યાખ્યાનીય માન થાય તે.

(૭) **પ્રત્યાખ્યાનીય માન મોહનીય કર્મ :** જે કર્મના ઉદયથી જીવને પ્રત્યાખ્યાનીય માન થાય તે.

(૮) **સંજ્વલન માન મોહનીય કર્મ :** જે કર્મના ઉદયથી જીવને સંજ્વલન માન થાય તે.

(૯) **અનંતાનુબંધી માયા મોહનીય કર્મ :** જે કર્મના ઉદયથી જીવને અનંતાનુબંધી માયા થાય તે.

(૧૦) **અપ્રત્યાખ્યાનીય માયા મોહનીય કર્મ :** જે કર્મના ઉદયથી જીવને અપ્રત્યાખ્યાનીય માયા થાય તે.

(૧૧) **પ્રત્યાખ્યાનીય માયા મોહનીય કર્મ :** જે કર્મના ઉદયથી જીવને પ્રત્યાખ્યાનીય માયા થાય તે.

(૧૨) **સંજ્વલન માયા મોહનીય કર્મ :** જે કર્મના ઉદયથી જીવને સંજ્વલન માયા થાય તે.

(૧૩) **અનંતાનુબંધી લોભ મોહનીય કર્મ :** જે કર્મના ઉદયથી જીવને અનંતાનુબંધી લોભ થાય તે.

(૧૪) **અપ્રત્યાખ્યાનીય લોભ મોહનીય કર્મ :** જે કર્મના ઉદયથી જીવને અપ્રત્યાખ્યાનીય લોભ થાય તે.

(૧૫) **પ્રત્યાખ્યાનીય લોભ મોહનીય કર્મ :** જે કર્મના ઉદયથી જીવને પ્રત્યાખ્યાનીય લોભ થાય તે.

(૧૬) **સંજ્વલન લોભ મોહનીય કર્મ :** જે કર્મના ઉદયથી જીવને સંજ્વલન લોભ થાય તે.

(b) **નોકષાયમોહનીય કર્મ** – જે કર્મના ઉદયથી જીવને નોકષાય થાય તે. કષાયોના સહચારી અને પ્રેરક હોય તે નોકષાય. તેઓ કષાયોની સાથે ઉદયમાં આવે છે અને કષાયોની સમાન ફળ બતાવે છે. નોકષાયો નવ પ્રકારના છે. તે આ પ્રમાણે–

(૧) **હાસ્ય :** નિમિત્તથી કે નિમિત્ત વિના હસવું તે. જે કર્મના ઉદયથી આવું થાય તે હાસ્ય મોહનીય કર્મ.

(૨) **રતિ :** બાહ્ય-અભ્યંતર વસ્તુ ઉપર પ્રીતિ થાય તે.

(૩) **અરતિ :** બાહ્ય-અભ્યંતર વસ્તુ ઉપર અપ્રીતિ થાય તે.

(૪) **શોક :** ઇષ્ટ વિયોગ વગેરેમાં રડવું, નિસાસા નાંખવા, માથુ કૂટવું વગેરે કરવું તે.

(૫) **ભય :** નિમિત્તથી કે નિમિત્ત વિના ડરવું તે.

(૬) **જુગુપ્સા :** શુભ કે અશુભ વસ્તુ ઉપર દુગંછા થાય તે.

(૭) **પુરૂષવેદ :** પુરૂષને સ્ત્રીના ભોગની ઇચ્છા થાય તે. તે ઘાસના અગ્નિ જેવો છે.

(૮) **સ્ત્રીવેદ :** સ્ત્રીને પુરૂષના ભોગની ઇચ્છા થાય તે. તે છાણના અગ્નિ જેવો છે.

(૯) **નપુંસકવેદ :** સ્ત્રી-પુરૂષ ઉભયને ભોગવવાની ઇચ્છા થાય તે. તે નગરના દાહ જેવો છે. નોકષાયો નવ પ્રકારના હોવાથી નોકષાય-મોહનીય કર્મ પણ નવ પ્રકારનું છે. તે આ પ્રમાણે–

(૧) **હાસ્ય મોહનીય કર્મ :** જે કર્મના ઉદયથી જીવને હાસ્ય આવે તે.

(૨) **રતિ મોહનીય કર્મ :** જે કર્મના ઉદયથી જીવને રતિ થાય તે.

(૩) **અરતિ મોહનીય કર્મ :** જે કર્મના ઉદયથી જીવને અરતિ થાય તે.

(૪) **શોક મોહનીય કર્મ :** જે કર્મના ઉદયથી જીવને શોક થાય તે.

(૫) **ભય મોહનીય કર્મ :** જે કર્મના ઉદયથી જીવને ભય લાગે તે.

(૬) **જુગુપ્સા મોહનીય કર્મ :** જે કર્મના ઉદયથી જીવને જુગુપ્સા થાય તે.

(૭) **પુરૂષવેદ મોહનીય કર્મ :** જે કર્મના ઉદયથી પુરૂષને સ્ત્રીના ભોગની ઇચ્છા થાય તે.

(૮) **સ્ત્રીવેદ મોહનીય કર્મ :** જે કર્મના ઉદયથી સ્ત્રીને પુરૂષના ભોગની ઇચ્છા થાય તે.

(૯) **નપુંસકવેદ મોહનીય કર્મ :** જે કર્મના ઉદયથી સ્ત્રી-પુરૂષ ઉભયને ભોગવવાની ઇચ્છા થાય તે.

આમ ચારિત્ર મોહનીય કર્મના કુલ ઉત્તરભેદ = **૧૬ + ૯ = ૨૫ છે.**

આમ મોહનીય કર્મના કુલ ઉત્તરભેદ = **૩ + ૨૫ = ૨૮ છે.**

૫) **આયુષ્ય કર્મ :** જે કર્મ **જીવને ભવમાં પકડી રાખે તે.** તે જીવના અક્ષયસ્થિતિ નામના ગુણને ઢાંકે છે. તે બેડી જેવું છે. બેડી ચોરને જકડી રાખે છે, બીજે જવા દેતી નથી. તેમ આયુષ્યકર્મ જીવને ભવમાં જકડી રાખે છે, બીજે જવા દેતું નથી. તેના ચાર ભેદ છે. તે આ પ્રમાણે-

**(i) નરકાયુષ્ય કર્મ :-** જે કર્મના ઉદયથી જીવ નરકના ભવમાં રહે તે.

**(ii) તિર્યંચાયુષ્ય કર્મ :-** જે કર્મના ઉદયથી જીવ તિર્યંચના ભવમાં રહે તે.

**(iii) મનુષ્યાયુષ્ય કર્મ :-** જે કર્મના ઉદયથી જીવ મનુષ્યના ભવમાં રહે તે.

**(iv) દેવાયુષ્ય કર્મ :-** જે કર્મના ઉદયથી જીવ દેવના ભવમાં રહે તે.

૬) **નામ કર્મ :** જે કર્મ **જીવને ગતિ વગેરે પર્યાયોને અનુભવ કરાવે** તે. તે જીવના અરૂપીપણાને ઢાંકે છે. તે ચિતારા જેવું છે. ચિતારો જુદા જુદા પ્રકારના ચિત્રો વગેરે બનાવે છે. તેમ નામકર્મ જીવને જુદા જુદા પ્રકારના ગતિ, જાતિ વગેરે આપે છે. તેના મુખ્ય ત્રણ ભેદ છે. તે આ પ્રમાણે- (i) પિંડપ્રકૃતિ, (ii) પ્રત્યેકપ્રકૃતિ અને (iii) ત્રસ-સ્થાવર દશકો.

**(i) પિંડપ્રકૃતિ :** જે કર્મોના પેટાભેદો એકથી વધુ છે તે. તેના ૧૪ ભેદો છે, તે આ પ્રમાણે-

(૧) **ગતિ નામકર્મ :** જે કર્મના ઉદયથી જીવની તે તે ગતિરૂપે ઓળખ થાય તે. તેના ચાર ભેદ છે. તે આ પ્રમાણે-

(a) **દેવગતિ નામકર્મ** – જે કર્મના ઉદયથી જીવ દેવરૂપે ઓળખાય તે.

(b) **મનુષ્યગતિ નામકર્મ** – જે કર્મના ઉદયથી જીવ મનુષ્ય રૂપે ઓળખાય તે.

(c) **તિર્યંચગતિ નામકર્મ** – જે કર્મના ઉદયથી જીવ તિર્યંચ રૂપે ઓળખાય તે.

(d) **નરકગતિ નામકર્મ** – જે કર્મના ઉદયથી જીવ નરક રૂપે ઓળખાય તે.

(૨) **જાતિ નામકર્મ :** જે કર્મના ઉદયથી જીવનો તે તે જાતિરૂપે વ્યવહાર થાય તે. તેના પાંચ ભેદ છે. તે આ પ્રમાણે–

(a) **એકેન્દ્રિય જાતિ નામકર્મ** – જે કર્મના ઉદયથી જીવનો એકેન્દ્રિયરૂપે વ્યવહાર થાય તે.

(b) **બેઇન્દ્રિય જાતિ નામકર્મ** – જે કર્મના ઉદયથી જીવનો બેઇન્દ્રિયરૂપે વ્યવહાર થાય તે.

(c) **તેઇન્દ્રિય જાતિ નામકર્મ** – જે કર્મના ઉદયથી જીવનો તેઇન્દ્રિયરૂપે વ્યવહાર થાય તે.

(d) **ચઉરિન્દ્રિય જાતિ નામકર્મ** – જે કર્મના ઉદયથી જીવનો ચઉરિન્દ્રિયરૂપે વ્યવહાર થાય તે.

(e) **પંચેન્દ્રિય જાતિ નામકર્મ** – જે કર્મના ઉદયથી જીવનો પંચેન્દ્રિયરૂપે વ્યવહાર થાય તે.

જન્મથી આંધળો પણ ચઉરિન્દ્રિય નથી કહેવાતો, કેમકે તેને પંચેન્દ્રિય જાતિ નામકર્મનો ઉદય છે. બકુલ વગેરે વનસ્પતિને પાંચે ઇન્દ્રિયનું જ્ઞાન થતું દેખાવા છતાં તે પંચેન્દ્રિય નથી કહેવાતી, કેમકે તેને એકેન્દ્રિય જાતિ નામકર્મનો ઉદય છે.

૩) **શરીર નામકર્મ :** જે કર્મના ઉદયથી જીવ તે તે શરીર યોગ્ય પુદ્‌ગલોને ગ્રહણ કરે, તે તે શરીર રૂપે પરિણમાવે અને આત્માની સાથે એકમેક કરે તે. તેના પાંચ ભેદ છે. તે આ પ્રમાણે–

(a) **ઔદારિક શરીર નામકર્મ :**– જે કર્મના ઉદયથી જીવ ઔદારિક વર્ગણાના પુદ્‌ગલોને ગ્રહણ કરે, તેમને ઔદારિક શરીર રૂપે પરિણમાવે અને આત્માની સાથે એકમેક કરે તે.

(b) **વૈક્રિય શરીર નામકર્મ :-** જે કર્મના ઉદયથી જીવ વૈક્રિય વર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરે, તેમને વૈક્રિય શરીર રૂપે પરિણમાવે અને આત્માની સાથે એકમેક કરે તે.

(c) **આહારક શરીર નામકર્મ :-** જે કર્મના ઉદયથી જીવ આહારક વર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરે, તેમને આહારક શરીર રૂપે પરિણમાવે અને આત્માની સાથે એકમેક કરે તે.

(d) **તૈજસ શરીર નામકર્મ :-** જે કર્મના ઉદયથી જીવ તૈજસ વર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરે, તેમને તૈજસ શરીરરૂપે પરિણમાવે અને આત્માની સાથે એકમેક કરે તે.

(e) **કાર્મણ શરીર નામકર્મ :-** જે કર્મના ઉદયથી જીવ કાર્મણ વર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરે, તેમને કાર્મણ શરીર રૂપે પરિણમાવે અને આત્માની સાથે એકમેક કરે તે.

૪) **અંગોપાંગ નામકર્મ :** જે કર્મના ઉદયથી જીવ તે તે શરીર રૂપે પરિણમેલ પુદ્ગલોમાંથી અંગ, ઉપાંગ અને અંગોપાંગની રચના કરે તે. તેના ત્રણ ભેદ છે. તે આ પ્રમાણે–

(a) **ઔદારિક અંગોપાંગ નામકર્મ :-** જે કર્મના ઉદયથી જીવ ઔદારિક શરીરરૂપે પરિણમેલ પુદ્ગલોમાંથી અંગ, ઉપાંગ અને અંગોપાંગની રચના કરે તે.

(b) **વૈક્રિય અંગોપાંગ નામકર્મ :-** જે કર્મના ઉદયથી જીવ વૈક્રિય શરીરરૂપે પરિણમેલ પુદ્ગલોમાંથી અંગ, ઉપાંગ અને અંગોપાંગની રચના કરે તે.

(c) **આહારક અંગોપાંગ નામકર્મ :-** જે કર્મના ઉદયથી જીવ આહારક શરીર રૂપે પરિણમેલ પુદ્ગલોમાંથી અંગ, ઉપાંગ અને અંગોપાંગની રચના કરે તે. **અંગ એટલે શરીરના મુખ્ય અવયવો,** તે આઠ છે–બે સાથળ, બે બાહુ, છાતી, પીઠ, પેટ અને મસ્તક.

**ઉપાંગ એટલે અંગના અવયવ** દા.ત. આંખ, કાન, નાક, આંગળી વગેરે.

**અંગોપાંગ એટલે ઉપાંગના અવયવ,** દા.ત. કીકી, વાળ, નખ વગેરે.

તૈજસ અને કાર્મણ શરીરમાં અંગોપાંગ હોતા નથી.

૫) **બંધન નામકર્મ :** જે કર્મના ઉદયથી પૂર્વે ગ્રહણ કરાયેલા પુદ્ગલોની સાથે ગ્રહણ કરાતા પુદ્ગલોનો પરસ્પર સંબંધ થાય તે. જેમ લાખથી બે લાકડા જોડાય છે તેમ બંધન નામકર્મના ઉદયથી પૂર્વે ગ્રહણ કરાયેલા પુદ્ગલો સાથે નવા ગ્રહણ કરાતા પુદ્ગલો જોડાય છે. તેના પાંચ પ્રકાર છે. તે આ પ્રમાણે–

(a) **ઔદારિક બંધન નામકર્મ :–** જે કર્મના ઉદયથી પૂર્વગૃહીત (પૂર્વે ગ્રહણ કરાયેલા) ઔદારિક પુદ્ગલોની સાથે ગૃહ્યમાણ (વર્તમાનમાં ગ્રહણ કરાતા) ઔદારિક પુદ્ગલોનો સંબંધ થાય તે.

(b) **વૈક્રિય બંધન નામકર્મ :–** જે કર્મના ઉદયથી પૂર્વગૃહીત વૈક્રિય પુદ્ગલોની સાથે ગૃહ્યમાણ વૈક્રિય પુદ્ગલોનો સંબંધ થાય તે.

(c) **આહારક બંધન નામકર્મ :–** જે કર્મના ઉદયથી પૂર્વગૃહીત આહારક પુદ્ગલોની સાથે ગૃહ્યમાણ આહારક પુદ્ગલોનો સંબંધ થાય તે.

(d) **તૈજસ બંધન નામકર્મ :–** જે કર્મના ઉદયથી પૂર્વગૃહીત તૈજસ પુદ્ગલોની સાથે ગૃહ્યમાણ તૈજસ પુદ્ગલોનો સંબંધ થાય તે.

(e) **કાર્મણ બંધન નામકર્મ :–** જે કર્મના ઉદયથી પૂર્વગૃહીત કાર્મણ પુદ્ગલોની સાથે ગૃહ્યમાણ કાર્મણ પુદ્ગલોનો સંબંધ થાય તે.

મતાંતરે બંધન નામકર્મના પંદર ભેદ છે. તે આ પ્રમાણે –

૧) **ઔદારિક ઔદારિક બંધન નામકર્મ :** જે કર્મના ઉદયથી પૂર્વગૃહીત ઔદારિક પુદ્ગલોની સાથે ઔદારિક પુદ્ગલોનો સંબંધ થાય તે.

૨) **ઔદારિક તૈજસ બંધન નામકર્મ :** જે કર્મના ઉદયથી ગૃહીત કે ગૃહ્યમાણ ઔદારિક પુદ્ગલોની સાથે ગૃહીત કે ગૃહ્યમાણ તૈજસ પુદ્ગલોનો સંબંધ થાય તે.

૩) **ઔદારિક કાર્મણ બંધન નામકર્મ :** જે કર્મના ઉદયથી ગૃહીત કે ગૃહ્યમાણ ઔદારિક પુદ્ગલોની સાથે ગૃહીત કે ગૃહ્યમાણ કાર્મણ પુદ્ગલોનો સંબંધ થાય તે.

૪) **ઔદારિક તૈજસ કાર્મણ બંધન નામકર્મ :** જે કર્મના ઉદયથી ગૃહીત કે ગૃહ્યમાણ ઔદારિક, તૈજસ અને કાર્મણ પુદ્ગલોનો પરસ્પર સંબંધ થાય તે.

૫) **વૈક્રિય વૈક્રિય બંધન નામકર્મ :** જે કર્મના ઉદયથી પૂર્વગૃહીત વૈક્રિય પુદ્ગલોની સાથે ગૃહ્યમાણ વૈક્રિય પુદ્ગલોનો સંબંધ થાય તે.

૬) **વૈક્રિય તૈજસ બંધન નામકર્મ :** જે કર્મના ઉદયથી ગૃહીત કે ગૃહ્યમાણ વૈક્રિય પુદ્‌ગલોની સાથે ગૃહીત કે ગૃહ્યમાણ તૈજસ પુદ્‌ગલોનો સંબંધ થાય તે.

૭) **વૈક્રિય કાર્મણ બંધન નામકર્મ :** જે કર્મના ઉદયથી ગૃહીત કે ગૃહ્યમાણ વૈક્રિય પુદ્‌ગલોની સાથે ગૃહીત કે ગૃહ્યમાણ કાર્મણ પુદ્‌ગલોનો સંબંધ થાય તે.

૮) **વૈક્રિય તૈજસ કાર્મણ બંધન નામકર્મ :** જે કર્મના ઉદયથી ગૃહીત કે ગૃહ્યમાણ વૈક્રિય, તૈજસ અને કાર્મણ પુદ્‌ગલોનો પરસ્પર સંબંધ થાય તે.

૯) **આહારક આહારક બંધન નામકર્મ :** જે કર્મના ઉદયથી પૂર્વગૃહીત આહારક પુદ્‌ગલોની સાથે ગૃહ્યમાણ આહારક પુદ્‌ગલોનો સંબંધ થાય તે.

૧૦) **આહારક તૈજસ બંધન નામકર્મ :** જે કર્મના ઉદયથી ગૃહીત કે ગૃહ્યમાણ આદારક પુદ્‌ગલોની સાથે ગૃહીત કે ગૃહ્યમાણ તૈજસ પુદ્‌ગલોનો સંબંધ થાય તે.

૧૧) **આહારક કાર્મણ બંધન નામકર્મ :** જે કર્મના ઉદયથી ગૃહીત કે ગૃહ્યમાણ આહારક પુદ્‌ગલોની સાથે ગૃહીત કે ગૃહ્યમાણ કાર્મણ પુદ્‌ગલોનો સંબંધ થાય તે.

૧૨) **આહારક તૈજસ કાર્મણ બંધન નામકર્મ :** જે કર્મના ઉદયથી ગૃહીત કે ગૃહ્યમાણ આહારક, તૈજસ અને કાર્મણ પુદ્‌ગલોનો પરસ્પર સંબંધ થાય તે.

૧૩) **તૈજસ તૈજસ બંધન નામકર્મ :** જે કર્મના ઉદયથી પૂર્વગૃહીત તૈજસ પુદ્‌ગલોની સાથે ગૃહ્યમાણ તૈજસ પુદ્‌ગલોનો સંબંધ થાય તે.

૧૪) **તૈજસ કાર્મણ બંધન નામકર્મ :** જે કર્મના ઉદયથી ગૃહીત કે ગૃહ્યમાણ તૈજસ પુદ્‌ગલોની સાથે ગૃહીત કે ગૃહ્યમાણ કાર્મણ પુદ્‌ગલોનો સંબંધ થાય તે.

૧૫) **કાર્મણ કાર્મણ બંધન નામકર્મ :** જે કર્મના ઉદયથી પૂર્વગૃહીત કાર્મણ પુદ્‌ગલોની સાથે ગૃહ્યમાણ કાર્મણ પુદ્‌ગલોનો સંબંધ થાય તે.

૬) **સંઘાતન નામકર્મ :** જે કર્મના ઉદયથી જીવ તે તે શરીરયોગ્ય પુદ્‌ગલોને એકઠા કરે તે. જેમ દાતરડાથી તણખલા એકઠા કરાય છે તેમ સંઘાતન

નામકર્મના ઉદયથી શરીર યોગ્ય પુદ્ગલો એકઠા કરાય છે. તેના પાંચ પ્રકાર છે. તે આ પ્રમાણે –

(a) **ઔદારિક સંઘાતન નામકર્મ :** જે કર્મના ઉદયથી જીવ ઔદારિક પુદ્ગલોને એકઠા કરે તે.

(b) **વૈક્રિય સંઘાતન નામકર્મ :** જે કર્મના ઉદયથી જીવ વૈક્રિય પુદ્ગલોને એકઠા કરે તે.

(c) **આહારક સંઘાતન નામકર્મ :** જે કર્મના ઉદયથી જીવ આહારક પુદ્ગલોને એકઠા કરે તે.

(d) **તૈજસ સંઘાતન નામકર્મ :** જે કર્મના ઉદયથી જીવ તૈજસ પુદ્ગલોને એકઠા કરે તે.

(e) **કાર્મણ સંઘાતન નામકર્મ :** જે કર્મના ઉદયથી જીવ કાર્મણ પુદ્ગલોને એકઠા કરે તે.

૭) **સંઘયણ નામકર્મ :** જે કર્મના ઉદયથી જીવના શરીરમાં તે તે સંઘયણ એટલે હાડકાની રચના પ્રાપ્ત થાય તે સંઘયણ નામકર્મ. તે છ પ્રકારના છે. તે આ પ્રમાણે–

(a) **વજ્ર ઋષભનારાચ સંઘયણ :** જે હાડકાની રચનામાં બે હાડકા બે બાજુ મર્કટબંધથી બંધાયેલા હોય, તેમની ઉપર હાડકાનો વીંટાયેલો પાટો હોય અને ઉપર ત્રણને બાંધનાર હાડકાની ખીલી હોય તે. વજ્ર એટલે હાડકાની ખીલી. ઋષભ એટલે હાડકાનો પાટો. નારાચ એટલે મર્કટબંધ. મર્કટ એટલે વાંદરાનું બચ્ચુ. તે જેમ માતાની છાતીએ જોરથી વળગી રહે છે તે રીતે બે હાડકા પરસ્પર વળગેલા હોય તે મર્કટબંધ.

(b) **ઋષભનારાચ સંઘયણ :** જે હાડકાની રચનામાં બે હાડકા બે બાજુ મર્કટબંધથી બંધાયેલા હોય અને તેમની ઉપર હાડકાનો પાટો વીંટાયેલો હોય તે.

(c) **નારાચ સંઘયણ :** જે હાડકાની રચનામાં બે હાડકા બે બાજુ મર્કટબંધથી બંધાયેલા હોય તે.

(d) **અર્ધનારાચ સંઘયણ :** જે હાડકાની રચનામાં બે હાડકા એક બાજુ મર્કટબંધથી બંધાયેલા હોય અને બીજી બાજુ ખીલીથી જોડાયેલા હોય તે.

(e) **કીલિકા સંઘયણ :** જે હાડકાની રચનામાં બે હાડકા માત્ર ખીલીથી જોડાયેલા હોય તે.

(f) **સેવાર્ત સંઘયણ :** જે હાડકાની રચનામાં બે હાડકા માત્ર સ્પર્શેલા હોય તે. આ સંઘયણવાળાને વારંવાર સેવાની જરૂર પડે.

સંઘયણ છ પ્રકારના હોવાથી સંઘયણ નામકર્મ પણ છ પ્રકારના છે. તે આ પ્રમાણે–

(a) **વજ્રઋષભનારાચસંઘયણ નામકર્મ** – જે કર્મના ઉદયથી જીવના શરીરમાં વજ્રઋષભનારાચસંઘયણ મળે તે.

(b) **ઋષભનારાચસંઘયણ નામકર્મ** – જે કર્મના ઉદયથી જીવના શરીરમાં ઋષભનારાચસંઘયણ મળે તે.

(c) **નારાચસંઘયણ નામકર્મ** – જે કર્મના ઉદયથી જીવના શરીરમાં નારાચસંઘયણ મળે તે.

(d) **અર્ધનારાચસંઘયણ નામકર્મ** – જે કર્મના ઉદયથી જીવના શરીરમાં અર્ધનારાચસંઘયણ મળે તે.

(e) **કીલિકાસંઘયણ નામકર્મ** – જે કર્મના ઉદયથી જીવના શરીરમાં કીલિકાસંઘયણ મળે તે.

(f) **સેવાર્તસંઘયણ નામકર્મ** – જે કર્મના ઉદયથી જીવના શરીરમાં સેવાર્તસંઘયણ મળે તે.

૮) **સંસ્થાન નામકર્મ :** જે કર્મના ઉદયથી જીવના શરીરમાં તે તે સંસ્થાન મળે તે. સંસ્થાન એટલે શરીરની વિશેષ પ્રકારની આકૃતિ. તે છ પ્રકારના છે. તે આ પ્રમાણે–

(a) **સમચતુરસ્રસંસ્થાન** – જે શરીરની રચનામાં સામુદ્રિક શાસ્ત્રમાં કહેલા ઉત્તમ પુરૂષના લક્ષણ અને પ્રમાણથી યુક્ત શરીર હોય અને જેમાં

(a) જમણા ઢીંચણથી ડાબા ખભાનું અંતર.

(b) ડાબા ઢીંચણથી જમણા ખભાનું અંતર.

(c) બે ઢીંચણનું અંતર.

(d) મસ્તક અને પલાઠીનું અંતર આ ચારે અંતર સરખા હોય તે.

(b) **ન્યગ્રોધ સંસ્થાન** – ન્યગ્રોધ એટલે વડનું ઝાડ. જે શરીરરચનામાં વડના ઝાડની જેમ નાભિની ઉપરનો ભાગ પ્રમાણ-લક્ષણ યુક્ત હોય અને નીચેનો ભાગ પ્રમાણ-લક્ષણ યુક્ત ન હોય તે.

(c) **સાદિ સંસ્થાન** – જે શરીર રચનામાં નાભિની નીચેનો ભાગ પ્રમાણ-લક્ષણ યુક્ત હોય અને ઉપરનો ભાગ પ્રમાણ-લક્ષણ યુક્ત ન હોય તે.

(d) **કુબ્જ સંસ્થાન** – જે શરીર રચનામાં ડોક, હાથ, પગ વગેરે પ્રમાણ-લક્ષણ યુક્ત હોય અને પેટ, છાતી વગેરે પ્રમાણ-લક્ષણ યુક્ત ન હોય તે.

(e) **વામન સંસ્થાન** – જે શરીરરચનામાં પેટ, છાતી વગેરે પ્રમાણ-લક્ષણ યુક્ત હોય અને ડોક, હાથ, પગ વગેરે પ્રમાણ-લક્ષણ યુક્ત ન હોય તે.

(f) **હુંડક સંસ્થાન** – જે શરીરરચનામાં બધા અવયવો પ્રમાણ-લક્ષણ રહિત હોય તે. સંસ્થાન છ પ્રકારના હોવાથી સંસ્થાન નામકર્મ પણ છ પ્રકારનું છે. તે આ પ્રમાણે –

(a) **સમચતુરસ્ર સંસ્થાન નામકર્મ :** જે કર્મના ઉદયથી જીવના શરીરમાં સમચતુરસ્ર સંસ્થાન મળે તે.

(b) **ન્યગ્રોધ સંસ્થાન નામકર્મ :** જે કર્મના ઉદયથી જીવના શરીરમાં ન્યગ્રોધ સંસ્થાન મળે તે.

(c) **સાદિ સંસ્થાન નામકર્મ :** જે કર્મના ઉદયથી જીવના શરીરમાં સાદિ સંસ્થાન મળે તે.

(d) **કુબ્જ સંસ્થાન નામકર્મ :** જે કર્મના ઉદયથી જીવના શરીરમાં કુબ્જ સંસ્થાન મળે તે.

(e) **વામન સંસ્થાન નામકર્મ :** જે કર્મના ઉદયથી જીવના શરીરમાં વામન સંસ્થાન મળે તે.

(f) **હુંડક સંસ્થાન નામકર્મ :** જે કર્મના ઉદયથી જીવના શરીરમાં હુંડક સંસ્થાન મળે તે.

૯) **વર્ણ નામકર્મ :** જે કર્મના ઉદયથી જીવનું શરીર તે તે વર્ણ (રંગ)નું થાય તે. તેના પાંચ ભેદ છે. તે આ પ્રમાણે–

(a) **શ્વેતવર્ણ નામકર્મ** – જે કર્મના ઉદયથી જીવનું શરીર શંખ વગેરેની જેમ શ્વેત થાય તે.

(b) **પીતવર્ણ નામકર્મ** – જે કર્મના ઉદયથી જીવનું શરીર હળદર વગેરેની જેમ પીળું થાય તે.

(c) **રક્તવર્ણ નામકર્મ** – જે કર્મના ઉદયથી જીવનું શરીર હિંગુલ વગેરેની જેમ લાલ થાય તે.

(d) **નીલવર્ણ નામકર્મ** – જે કર્મના ઉદયથી જીવનું શરીર મરકત મણી વગેરેની જેમ લીલું થાય તે.

(e) **કૃષ્ણવર્ણ નામકર્મ** – જે કર્મના ઉદયથી જીવનું શરીર કોલસા વગેરેની જેમ કાળુ થાય તે.

૧૦) **ગંધ નામકર્મ :** જે કર્મના ઉદયથી જીવનું શરીર તેવી તેવી ગંધવાળુ થાય તે. તેના બે ભેદ છે. તે આ પ્રમાણે–

(a) **સુરભિગંધ નામકર્મ** – જે કર્મના ઉદયથી જીવનું શરીર કપૂર વગેરેની જેમ સુગંધવાળુ થાય તે.

(b) **દુરભિગંધ નામકર્મ** – જે કર્મના ઉદયથી જીવનું શરીર લસણ વગેરેની જેમ દુર્ગંધવાળુ થાય તે.

૧૧) **રસ નામકર્મ :** જે કર્મના ઉદયથી જીવનું શરીર તેવા તેવા રસવાળુ થાય તે. તેના પાંચ ભેદ છે. તે આ પ્રમાણે–

(a) **તિક્તરસ નામકર્મ** – જે કર્મના ઉદયથી જીવનું શરીર લિંબડા વગેરેની જેમ કડવું થાય તે.

(b) **કટુરસ નામકર્મ** – જે કર્મના ઉદયથી જીવનું શરીર મરી વગેરેની જેમ તીખું થાય તે.

(c) **કષાયરસ નામકર્મ** – જે કર્મના ઉદયથી જીવનું શરીર બેડા વગેરેની જેમ તુરૂ થાય તે.

(d) **અમ્લરસ નામકર્મ** – જે કર્મના ઉદયથી જીવનું શરીર આંબલી વગેરેની જેમ ખાટું થાય તે.

(e) **મધુરરસ નામકર્મ** – જે કર્મના ઉદયથી જીવનું શરીર શેરડી વગેરેની જેમ મધુર થાય તે.

૧૨) **સ્પર્શ નામકર્મ :** જે કર્મના ઉદયથી જીવનું શરીર તેવા તેવા સ્પર્શવાળુ થાય તે. તેના આઠ ભેદ છે. તે આ પ્રમાણે–

(a) **ગુરૂસ્પર્શ નામકર્મ** – જે કર્મના ઉદયથી જીવનું શરીર વજ્ર વગેરેની જેમ ભારે થાય તે.

(b) **લઘુસ્પર્શ નામકર્મ** – જે કર્મના ઉદયથી જીવનું શરીર આકડાના રૂ વગેરેની જેમ હલકુ થાય તે.

(c) **મૃદુસ્પર્શ નામકર્મ** – જે કર્મના ઉદયથી જીવનું શરીર માખણ વગેરેની જેમ કોમળ થાય તે.

(d) **કર્કશસ્પર્શ નામકર્મ** – જે કર્મના ઉદયથી જીવનું શરીર પથ્થર વગેરેની જેમ કર્કશ થાય તે.

(e) **શીતસ્પર્શ નામકર્મ** – જે કર્મના ઉદયથી જીવનું શરીર કમળની દાંડી વગેરેની જેમ ઠંડુ થાય તે.

(f) **ઉષ્ણસ્પર્શ નામકર્મ** – જે કર્મના ઉદયથી જીવનું શરીર અગ્નિ વગેરેની જેમ ગરમ થાય તે.

(g) **સ્નિગ્ધસ્પર્શ નામકર્મ** – જે કર્મના ઉદયથી જીવનું શરીર તેલ વગેરેની જેમ ચીકાશવાળુ થાય તે.

(h) **રૂક્ષસ્પર્શ નામકર્મ** – જે કર્મના ઉદયથી જીવનું શરીર રાખ વગેરેની જેમ લુખુ થાય તે.

૧૩) **આનુપૂર્વી નામકર્મ :** જે કર્મના ઉદયથી વક્રગતિથી પરભવમાં જતાં જીવની આકાશપ્રદેશોની શ્રેણિ અનુસાર ગતિ થાય તે.

મૃત્યુ પામીને પરભવમાં જનારા જીવની આકાશપ્રદેશની સમશ્રેણિ અનુસાર ગતિ થાય છે. તે બે પ્રકારે છે.

(a) **ઋજુગતિ** – જો પરભવનું ઉત્પત્તિસ્થાન સમશ્રેણિમાં સીધી લાઇનમાં જ આવી જતું હોય તો જીવ મરણ પછી એક જ સમયમાં ત્યાં પહોંચી જાય છે. આ ઋજુગતિ કહેવાય છે. ઋજુગતિમાં આનુપૂર્વી નામકર્મનો ઉદય હોતો નથી.

(b) **વક્રગતિ** – જો પરભવનું ઉત્પત્તિસ્થાન સમશ્રેણિમાં ન હોય તો જીવ કાટખૂણે (રાઇટ એંગલે) વળીને ત્યાં પહોંચે છે. આ વક્રગતિ કહેવાય છે. લોકમાં પરભવના વિવિધ ઉત્પત્તિસ્થળે પહોંચતા મુખ્યતમા વધુમાં વધુ ત્રણ વળાંક અને ચાર સમય થાય છે અથવા ક્યારેક ચાર વળાંક અને પાંચ સમય પણ થાય છે. તેમાં છેલ્લા સમયે જીવ આહારી હોય છે. તે સિવાયના સમયોમાં જીવ અણાહારી હોય છે, એટલે કે તૈજસ-કાર્મણ પુદ્ગલો સિવાયના કોઇપણ પુદ્ગલોને ગ્રહણ કરતો નથી. વક્રગતિમાં અનાહારકપણામાં આનુપૂર્વી નામકર્મનો ઉદય હોય છે. આનુપૂર્વી નામકર્મના ચાર ભેદ છે. તે આ પ્રમાણે–

(a) **નરકાનુપૂર્વી નામકર્મ :–** જે કર્મના ઉદયથી વક્રગતિથી નરકગતિમાં જતા જીવની આકાશપ્રદેશની શ્રેણિ અનુસાર ગતિ થાય તે.

(b) **તિર્યંચાનુપૂર્વી નામકર્મ :–** જે કર્મના ઉદયથી વક્રગતિથી તિર્યંચગતિમાં જતા જીવની આકાશપ્રદેશની શ્રેણિ અનુસાર ગતિ થાય તે.

(c) **મનુષ્યાનુપૂર્વી નામકર્મ :–** જે કર્મના ઉદયથી વક્રગતિથી મનુષ્યગતિમાં જતા જીવની આકાશપ્રદેશની શ્રેણિ અનુસાર ગતિ થાય તે.

(d) **દેવાનુપૂર્વી નામકર્મ :–** જે કર્મના ઉદયથી વક્રગતિથી દેવગતિમાં જતા જીવની આકાશપ્રદેશની શ્રેણિ અનુસાર ગતિ થાય તે.

૧૪) **વિહાયોગતિ નામકર્મ :** જે કર્મના ઉદયથી જીવને તેવી તેવી ચાલ મળે તે. તેના બે ભેદ છે. તે આ પ્રમાણે–

(a) **શુભ વિહાયોગતિ નામકર્મ :–** જે કર્મના ઉદયથી જીવને હાથી, બળદ, હંસ વગેરેની જેમ સુંદર ચાલ મળે તે.

(b) **અશુભ વિહાયોગતિ નામકર્મ :–** જે કર્મના ઉદયથી જીવને ઉંટ, ગધેડા વગેરેની જેમ ખરાબ ચાલ મળે તે.

આમ પિંડપ્રકૃતિના કુલ પેટા ભેદ = 4 + 5 + 5 + 3 + 15 + 5 + 6 + 6 + 5 + 2 + 5 + 8 + 4 + 2 = 75 છે.

(ii) **પ્રત્યેક પ્રકૃતિ :–** જે કર્મોના કોઇ પેટાભેદો નથી તે. તે આઠ છે. તે આ પ્રમાણે–

૧) **અગુરૂલઘુ નામકર્મ** – જે કર્મના ઉદયથી જીવનું શરીર ગુરૂ (ભારે), લઘુ (હલકુ) કે ગુરૂલઘુ ન થાય, પણ ચાલવા વગેરેની પ્રવૃત્તિ થઇ શકે તેવું અગુરૂલઘુ પરિણામવાળું થાય તે.

૨) **ઉપઘાત નામકર્મ** – જે કર્મના ઉદયથી પડજીભ, ચૌરદંત, રસોળી વગેરે પોતાના જ અવયવોથી પોતે હણાય, અથવા ગળે ફાંસો ખાઇને, ખીણમાં ભૂસકો મારીને વગેરે દ્વારા આપઘાત કરે તે.

૩) **પરાઘાત નામકર્મ** – જે કર્મના ઉદયથી જીવ પોતાની પ્રતિભાથી બીજાને ક્ષોભ પમાડે.

૪) **ઉચ્છ્વાસ નામકર્મ** – જે કર્મના ઉદયથી જીવને શ્વાસોચ્છ્વાસ લબ્ધિ મળે તે.

૫) **આતપ નામકર્મ** – જે કર્મના ઉદયથી જીવનું ઠંડુ શરીર ગરમ પ્રકાશ આપે તે. સૂર્યના વિમાનરૂપે રહેલા બાદર પૃથ્વીકાયના જીવોને આતપ નામકર્મનો ઉદય હોય છે. અગ્નિમાં રહેલ તેઉકાયના જીવોને આતપ નામકર્મનો ઉદય નથી, પણ ઉષ્ણસ્પર્શ નામકર્મ અને ઉત્કૃષ્ટ રક્તવર્ણ નામકર્મનો ઉદય છે. તેથી તાપ આપે છે અને લાલ દેખાય છે.

૬) **ઉદ્યોત નામકર્મ** – જે કર્મના ઉદયથી જીવનું ઠંડું શરીર ઠંડો પ્રકાશ આપે તે. ચંદ્ર, તારા વગેરેના વિમાનોરૂપે રહેલા બાદર પૃથ્વીકાયના જીવો, રત્નો, ઔષધિઓ, આગિયા વગેરે જીવોને ઉદ્યોત નામકર્મનો ઉદય હોય છે.

૭) **નિર્માણ નામકર્મ** – જેમ સુથાર બારી, બારણા વગેરેની રચના ચોક્કસ સ્થાને કરે છે, તેમ જે કર્મના ઉદયથી અંગ, ઉપાંગ અને અંગોપાંગની ચોક્કસ સ્થાને રચના થાય તે.

૮) **તીર્થંકર નામકર્મ** – જે કર્મના ઉદયથી જીવને ત્રણ લોકને પૂજ્ય, ઉત્તમોત્તમ ધર્મતીર્થનું પ્રવર્તક એવું તીર્થંકરપદ મળે તે.

(iii) **ત્રસ-સ્થાવર દશકો :**– દસ કર્મપ્રકૃતિઓનો સમૂહ તે દશક. આવા બે દશક છે-ત્રસ દશક અને સ્થાવર દશક.

(a) **ત્રસ દશક** – જેમાં ત્રસ નામકર્મ પ્રથમ છે એવી દશ કર્મપ્રકૃતિઓનો સમૂહ તે ત્રસદશક. તે દશ પ્રકૃતિઓ આ પ્રમાણે છે–

(૧) **ત્રસનામકર્મ** – જે કર્મના ઉદયથી જીવને ત્રસપણું મળે તે. તાપ વગેરે પીડા થવા પર પોતાની ઇચ્છા મુજબ એક સ્થાનથી બીજા સ્થાનમાં જઇ શકે તે ત્રસ.

(૨) **બાદર નામકર્મ** – જે કર્મના ઉદયથી જીવને બાદરપણું મળે તે, એક કે બે કે સંખ્યાતા કે અસંખ્યાતા જીવોના શરીર ભેગા થાય ત્યારે આંખથી જોઇ શકાય તે બાદર.

(૩) **પર્યાપ્ત નામકર્મ** – જે કર્મના ઉદયથી જીવ પોતાને યોગ્ય પર્યાપ્તિ પૂર્ણ કરવા સમર્થ બને તે.

**પર્યાપ્તિ** એટલે પુદ્ગલોને ગ્રહણ કરવાની તથા પરિણમાવવાની શક્તિ. તે છ પ્રકારની છે. તે આ પ્રમાણે–

**(a) આહાર પર્યાપ્તિ :–** જે શક્તિથી જીવ આહારના પુદ્‌ગલોને ગ્રહણ કરે અને તેને રસ અને ખલરૂપે પરિણમાવે તે.

**(b) શરીર પર્યાપ્તિ :–** જે શક્તિથી જીવ રસ રૂપે પરિણમાવેલ પુદ્‌ગલોમાંથી સાત ધાતુરૂપ શરીર બનાવે તે.

**(c) ઇન્દ્રિયપર્યાપ્તિ :–** જે શક્તિથી જીવ શરીરમાંથી ઇન્દ્રિયો બનાવે તે.

**(d) શ્વાસોચ્છ્‌વાસ પર્યાપ્તિ :–** જે શક્તિથી જીવ શ્વાસોચ્છ્‌વાસ વર્ગણાના પુદ્‌ગલોને ગ્રહણ કરે, તેને શ્વાસોચ્છ્‌વાસરૂપે પરિણમાવે અને તેમનું વિસર્જન કરે તે.

**(e) ભાષા પર્યાપ્તિ :–** જે શક્તિથી જીવ ભાષા વર્ગણાના પુદ્‌ગલોને ગ્રહણ કરે, તેને ભાષા રૂપે પરિણમાવે અને તેમનું વિસર્જન કરે તે.

**(f) મન પર્યાપ્તિ :–** જે શક્તિથી જીવ મનો વર્ગણાના પુદ્‌ગલોને ગ્રહણ કરે, તેને મન રૂપે પરિણમાવે અને તેમનું વિસર્જન કરે તે.

**એકેન્દ્રિયને ચાર પર્યાપ્તિ હોય છે. વિકલેન્દ્રિયને પાંચ પર્યાપ્તિ હોય છે. પંચેન્દ્રિયને છ પર્યાપ્તિ હોય છે.**

**(૪) પ્રત્યેક નામકર્મ** – જે કર્મના ઉદયથી જીવને પોતાનું સ્વતંત્ર જુદું ઔદારિક વગેરે શરીર મળે તે.

**(૫) સ્થિર નામકર્મ** – જે કર્મના ઉદયથી જીવને દાંત, હાડકા વગેરે સ્થિર અવયવો મળે તે.

**(૬) શુભ નામકર્મ** – જે કર્મના ઉદયથી જીવને નાભિની ઉપરના શુભ અવયવો મળે તે. નાભિની ઉપરના અવયવો શુભ ગણાય છે અને નીચેના અવયવો અશુભ ગણાય છે. તેથી જ મસ્તક વગેરેથી કોઇ સ્પર્શ કરે તો આનંદ થાય છે અને પગથી કોઇ સ્પર્શ કરે તો દુઃખ થાય છે.

**(૭) સુભગ નામકર્મ** – જે કર્મના ઉદયથી જીવ ઉપકાર ન કરતો હોવા છતાં બધાને પ્રિય લાગે તે.

**(૮) સુસ્વર નામકર્મ** – જે કર્મના ઉદયથી જીવને સાંભળનારને પ્રીતિ થાય તેવો મધુર સ્વર મળે તે.

(૯) **આદેય નામકર્મ** – જે કર્મના ઉદયથી જીવનું ગમે તેવું યુક્તિ વિનાનું વચન પણ બધા માને અને જીવના દર્શન માત્રથી તેને સન્માન વગેરે મળે તે.

(૧૦) **યશ નામકર્મ** – જે કર્મના ઉદયથી જીવને યશ અને કીર્તિ મળે તે. **દાન-પુણ્યથી ફેલાયેલી ખ્યાતિ તે કીર્તિ. પરાક્રમથી ફેલાયેલી ખ્યાતિ તે યશ.** અથવા, એક દિશામાં ફેલાયેલી ખ્યાતિ તે કીર્તિ અને બધી દિશામાં ફેલાયેલી ખ્યાતિ તે યશ.

(b) **સ્થાવર દશક** – જેમાં સ્થાવર નામકર્મ પ્રથમ છે એવી દશ કર્મ-પ્રકૃતિઓનો સમૂહ તે સ્થાવર દશક તે દશ પ્રકૃતિઓ આ પ્રમાણે છે.

(૧) **સ્થાવર નામકર્મ** – જે કર્મના ઉદયથી જીવને સ્થાવરપણું મળે તે. તાપ વગેરે પીડા આવે ત્યારે પોતાની ઇચ્છા મુજબ એક સ્થાનમાંથી બીજા સ્થાનમાં જઇ ન શકે તે સ્થાવર.

(૨) **સૂક્ષ્મ નામકર્મ** – જે કર્મના ઉદયથી જીવને સૂક્ષ્મપણું મળે તે. એક કે બે કે સંખ્યાતા કે અસંખ્યાતા શરીરો ભેગા થાય તો પણ આંખથી જોઇ ન શકાય તે સૂક્ષ્મ.

(૩) **અપર્યાપ્ત નામકર્મ** – જે કર્મના ઉદયથી જીવ પોતાને યોગ્ય પર્યાપ્તિ પૂરી કરવા સમર્થ ન બને તે.

(૪) **સાધારણ નામકર્મ** – જે કર્મના ઉદયથી જીવને અનંતા જીવો વચ્ચે એક એવું સાધારણ શરીર મળે તે.

(૫) **અસ્થિર નામકર્મ** – જે કર્મના ઉદયથી જીવને નાભિની નીચેના અશુભ અવયવો મળે તે.

(૬) **અશુભ નામકર્મ** – જે કર્મના ઉદયથી જીવને નાભિની નીચેના અશુભ અવયવો મળે તે.

(૭) **દુર્ભગ નામકર્મ** – જે કર્મના ઉદયથી જીવ ઉપકારી હોવા છતાં બધાને અપ્રિય થાય તે.

(૮) **દુઃસ્વર નામકર્મ** – જે કર્મના ઉદયથી જીવને સાંભળનારને અપ્રીતિ થાય તેવો ખરાબ સ્વર મળે તે.

(૯) **અનાદેય નામકર્મ** – જે કર્મના ઉદયથી જીવનું યુક્તિવાળુ

વચન પણ માન્ય ન થાય અને જીવ યોગ્ય હોવા છતાં તેને સત્કાર વગેરે ન મળે તે.

**(૧૦) અપયશ નામકર્મ** – જે કર્મના ઉદયથી જીવનો મધ્યસ્થ માણસથી અપયશ થાય તે. આમ ત્રસ-સ્થાવર દશકોની કુલ કર્મપ્રકૃતિઓ = ૧૦ + ૧૦ = ૨૦ છે.

આમ નામકર્મના કુલ ઉત્તર ભેદો **૭૫ + ૮ + ૨૦ = ૧૦૩ છે.**

૭) **ગોત્રકર્મ :** જે કર્મના ઉદયથી **જીવને ઊંચા-નીચા કુળમાં જન્મ મળે** તે, કુંભાર ઘીના તથા દારૂના ઘડા બનાવે છે તેમ ગોત્રકર્મ જીવને ઊંચા નીચા કુળમાં જન્મ આપે છે. તેના બે ભેદ છે. તે આ પ્રમાણે–

(a) **ઉચ્ચગોત્ર કર્મ :–** જે કર્મના ઉદયથી જીવને લોકમાં પૂજા, આદર, ગૌરવ, સત્કાર મળે તેવા ઊંચા કુળમાં જન્મ મળે તે.

(b) **નીચગોત્ર કર્મ :–** જે કર્મના ઉદયથી જીવને લોકમાં નિંદા થાય તેવા નીચા કુળમાં જન્મ મળે તે.

૮) **અંતરાય કર્મ :** જે કર્મ **જીવને દાન, લાભ, ભોગ, ઉપભોગ અને શક્તિ ફોરવવાથી અટકાવે તે.** તે જીવના અનંતશક્તિ નામના ગુણને ઢાંકે છે. તે ખજાનચી જેવું છે. ખજાનચી રાજાને પૈસા વાપરતા અટકાવે છે. તેમ અંતરાયકર્મ જીવને દાન વગેરે કરતા અટકાવે છે. તેના પાંચ ભેદ છે. તે આ પ્રમાણે–

(a) **દાનાંતરાય કર્મ :–** જે કર્મના ઉદયથી દાનની સામગ્રી હોય, ગુણવાન પાત્ર મળે, દાનનું ફળ જાણે છતાં દાન ન આપી શકે તે.

(b) **લાભાંતરાય કર્મ :–** જે કર્મના ઉદયથી દાતા ઉદાર હોય, દેય વસ્તુ પણ હોય, યાચક યાચનામાં કુશળ હોય છતાં મેળવી ન શકે તે.

(c) **ભોગાંતરાય કર્મ :–** જે કર્મના ઉદયથી આહાર વગેરે ભોગની વસ્તુઓ હોય, પોતે વિરતિ વિનાનો હોય તે પણ ભોગવી ન શકે તે. **જે એક જ વાર ભોગવાય તે ભોગ** દા.ત. આહાર વગેરે. **જે વારંવાર ભોગવાય તે ઉપભોગ.** દા.ત. વસ્ત્ર, અલંકાર વગેરે.

(d) **ઉપભોગાંતરાય કર્મ :–** જે કર્મના ઉદયથી વસ્ત્ર, ઘરેણા વગેરે ઉપભોગની સામગ્રી હોવા છતાં તેનો ઉપભોગ ન કરી શકે તે.

(e) **વીર્યાંતરાય કર્મ :–** જે કર્મના ઉદયથી યુવાન વય, નીરોગી શરીર, બળ વગેરે હોય છતાં શક્તિને ફોરવી ન શકે, તણખલું પણ ભાંગી ન શકે તે.

આમ કર્મના ઉત્તરભેદ ૫+૯+૨+૨૮+૪+૧૦૩+૨+ ૫=૧૫૮ છે. સ્થૂલદૃષ્ટિએ વિચારતા કર્મના આ ૧૫૮ ઉત્તરભેદો છે. સૂક્ષ્મ દૃષ્ટિએ વિચારતા કર્મના અનેક ઉત્તરભેદો સંભવે છે.

આઠ કર્મોના નામ, વ્યાખ્યા, કૂયા ગુણને ઢાંકે, ઉત્તરભેદ અને દૃષ્ટાંતને સૂચવતો કોઠો –

| ક્ર. | કર્મનું નામ | વ્યાખ્યા | ક્યા ગુણને ઢાંકે ? | ઉત્તર ભેદ | દૃષ્ટાંત |
|---|---|---|---|---|---|
| ૧. | જ્ઞાનાવરણ | વસ્તુના વિશેષ બોધરૂપ જ્ઞાનને ઢાંકે તે | અનંતજ્ઞાન | ૫ | આંખે પાટા બાંધવા જેવું. |
| ૨. | દર્શનાવરણ | વસ્તુના સામાન્ય બોધરૂપ દર્શનને ઢાંકે તે. | અનંતદર્શન | ૯ | દ્વારપાળ જેવું. |
| ૩. | વેદનીય | પૌદ્ગલિક સુખ-દુઃખનો અનુભવ | અવ્યાબાધ સુખ | ૨ | મધથી લેપાયેલી તલવાર જેવું. |
| ૪. | મોહનીય | સાચા-ખોટાનો વિવેક ન થવા દે, ખોટામાં પ્રવર્તાવે તે. | અનંતચારિત્ર | ૨૮ | દારૂપાન જેવું. |
| ૫. | આયુષ્ય | જીવને ભવમાં પકડી રાખે તે. | અક્ષયસ્થિતિ | ૪ | બેડી જેવું. |
| ૬. | નામ | જીવને ગતિ વગેરે પર્યાયોનો અનુભવ કરાવે તે. | અરૂપીપણું | ૧૦૩ | ચિતારા જેવું. |
| ૭. | ગોત્ર | જીવને ઊંચા-નીચા કુળનો અનુભવ કરાવે તે. | અગુરૂલઘુપણું | ૨ | કુંભાર જેવું. |
| ૮. | અંતરાય | જીવને દાન, લાભ, ભોગ, ઉપભોગ, શક્તિ ફોરવવાથી અટકાવે તે. | અનંતશક્તિ | ૫ | ખજાનચી જેવું. |

કર્મના આઠ મુખ્ય ભેદો મૂળ પ્રકૃતિ કહેવાય છે અને ૧૫૮ ઉત્તરભેદો ઉત્તર પ્રકૃતિ કહેવાય છે.

## ઘાતી-અઘાતી કર્મો

બધા કર્મોને બે વિભાગમાં વહેંચી શકાય છે (૧) ઘાતી કર્મો અને (૨) અઘાતી કર્મો.

**(૧) ઘાતી કર્મો** – જે કર્મો આત્માના જ્ઞાનાદિ ગુણોનો ઘાત કરે તે. આઠ મૂળ પ્રકૃતિઓમાં ચાર મૂળપ્રકૃતિઓ ઘાતી છે. તે આ પ્રમાણે–

**(૧) જ્ઞાનાવરણ (૨) દર્શનાવરણ (૩) મોહનીય અને (૪) અંતરાય.**

ઉત્તર પ્રકૃતિઓમાં ઘાતી-પ્રકૃતિના બે ભેદ છે. તે આ પ્રમાણે–

**(૧) સર્વઘાતી પ્રકૃતિ**– જે પ્રકૃતિઓ આત્માના જ્ઞાન વગેરે ગુણોનો સંપૂર્ણ રીતે ઘાત કરે તે. તે ૨૦ છે. તે આ પ્રમાણે–

### સર્વઘાતી ૨૦ પ્રકૃતિઓ

| મૂળપ્રકૃતિ | ભેદ | ઉત્તરપ્રકૃતિ | ક્યા ગુણનો સંપૂર્ણ રીતે ઘાત કરે ? |
|---|---|---|---|
| જ્ઞાનાવરણ | ૧ | કેવળજ્ઞાનાવરણ | કેવળજ્ઞાન |
| દર્શનાવરણ | ૬ | કેવળદર્શનાવરણ, | કેવળદર્શન |
| | | નિદ્રા ૫ | દર્શનલબ્ધિ |
| મોહનીય | ૧૩ | મિથ્યાત્વમોહનીય, અનંતાનુબંધી ૪, } | સમ્યક્ત્વ |
| | | અપ્રત્યાખ્યાનીય ૪, | દેશવિરતિ |
| | | પ્રત્યાખ્યાનીય ૪ | સર્વવિરતિ |
| **કુલ** | **૨૦** | | |

**(ii) દેશઘાતી પ્રકૃતિ :**– જે પ્રકૃતિઓ આત્માના જ્ઞાન વગેરે ગુણોનો દેશથી (આંશિક રીતે) ઘાત કરે તે. તે ૨૫ છે. તે આ પ્રમાણે –

### દેશઘાતી ૨૫ પ્રકૃતિઓ

| મૂળપ્રકૃતિ | ભેદ | ઉત્તરપ્રકૃતિ | ક્યા ગુણનો દેશથી ઘાત કરે ? |
|---|---|---|---|
| જ્ઞાનાવરણ | ૪ | મતિજ્ઞાનાવરણ, શ્રુતજ્ઞાનાવરણ, અવધિજ્ઞાનાવરણ, મનઃપર્યવજ્ઞાનાવરણ | જ્ઞાન |

| | | | |
|---|---|---|---|
| દર્શનાવરણ | ૩ | ચક્ષુદર્શનાવરણ, અચક્ષુદર્શનાવરણ અવધિદર્શનાવરણ | દર્શન |
| મોહનીય | ૧૩ | સંજ્વલન ૪, નોકષાય ૯ | ચારિત્ર |
| અંતરાય | ૫ | દાનાંતરાય, લાભાંતરાય, ભોગાંતરાય ઉપભોગાંતરાય, વીર્યાંતરાય | દાન, લાભ, ભોગ, ઉપભોગ વીર્ય |
| **કુલ** | **૨૫** | | |

આમ ઉત્તર પ્રકૃતિઓમાં કુલ ઘાતી પ્રકૃતિઓ ૨૦ + ૨૫ = ૪૫ છે.

મિથ્યાત્વમોહનીય કર્મ બંધાય છે. મિશ્રમોહનીય કર્મ અને સમ્યક્ત્વ મોહનીય કર્મ બંધાતા નથી. વિશેષ પ્રકારના અધ્યવસાયોથી મિથ્યાત્વ મોહનીય કર્મમાં રસ ઓછો થતાં તે જ મિશ્રમોહનીય અને સમ્યક્ત્વમોહનીય રૂપે બને છે. તેથી ૪૫ ઘાતી પ્રકૃતિઓમાં માત્ર મિથ્યાત્વમોહનીયની જ ગણતરી કરી છે, મિશ્રમોહનીય સમ્યક્ત્વમોહનીયની ગણતરી કરી નથી. એમ આગળ પણ જાણવું.

**(૨) અઘાતી કર્મો** – જે પ્રકૃતિઓ આત્માના જ્ઞાન વગેરે ગુણોનો સીધો ઘાત કરતી નથી તે. આઠ મૂળપ્રકૃતિઓમાં ચાર અઘાતી મૂળપ્રકૃતિઓ છે. તે આ પ્રમાણે–

**(૧) વેદનીય, (૨) આયુષ્ય, (૩) નામ અને (૪) ગોત્ર**

ઉત્તર પ્રકૃતિઓમાં ૭૫ અઘાતી ઉત્તર પ્રકૃતિઓ છે. તે આ પ્રમાણે–

| **મૂળ પ્રકૃતિ** | **ભેદ** | **ઉત્તરપ્રકૃતિ** |
|---|---|---|
| વેદનીય | ૨ | સાતાવેદનીય, અસાતાવેદનીય |
| આયુષ્ય | ૪ | નરકાયુષ્ય, તિર્યંચાયુષ્ય, મનુષ્યાયુષ્ય, દેવાયુષ્ય |
| નામ | ૬૭ | ગતિ ૪, જાતિ ૫, શરીર ૫, અંગોપાંગ ૩, સંઘયણ ૬, સંસ્થાન ૬, વર્ણાદિ ૪, આનુપૂર્વી ૪, ખગતિ ૨, પ્રત્યેક ૮, ત્રસ ૧૦, સ્થાવર ૧૦ |
| ગોત્ર | ૨ | ઉચ્ચગોત્ર, નીચગોત્ર |
| **કુલ** | **૭૫** | |

નામકર્મમાં બંધન નામકર્મ અને સંઘાતન નામકર્મનો શરીર નામકર્મમાં સમાવેશ કર્યો છે તથા વર્ણ, ગંધ, રસ, સ્પર્શ નામકર્મના પેટાભેદ ગણ્યા નથી,

મુખ્ય ચાર ભેદ જ ગણ્યા છે. તેથી અઘાતી પ્રકૃતિઓમાં નામકર્મની ૧૦૩ - (૧૫ + ૫ + ૧૬) ૬૭ ઉત્તરપ્રકૃતિઓ ગણી છે. એમ આગળ પણ જાણવું.

## પુણ્યકર્મ-પાપકર્મ

બધા કર્મોને બે વિભાગમાં વહેંચી શકાય છે- (૧) પુણ્યકર્મ અને (૨) પાપકર્મ **(૧) પુણ્યકર્મ :** જે કર્મના ઉદયથી જીવને સુખનો-અનુકુળતાનો અનુભવ થાય તે. તેને શુભકર્મ પણ કહે છે. તેના ૪૨ પ્રકાર છે. તે આ પ્રમાણે-

| **મૂળ પ્રકૃતિ** | **ભેદ** | **ઉત્તરપ્રકૃતિ** |
|---|---|---|
| વેદનીય | ૧ | સાતાવેદનીય |
| આયુષ્ય | ૩ | દેવાયુષ્ય, મનુષ્યાયુષ્ય, તિર્યંચાયુષ્ય |
| નામ | ૩૭ | દેવગતિ, મનુષ્યગતિ, પંચેન્દ્રિયજાતિ, શરીર ૫, અંગોપાંગ ૩, વજ્રઋષભનારાચસંઘયણ, સમચતુરસ્રસંસ્થાન, શુભ વર્ણાદિ ૪, દેવાનુપૂર્વી, મનુષ્યાનુપૂર્વી, શુભ વિહાયોગતિ, પરાઘાત, ઉચ્છ્વાસ, આતપ, ઉદ્યોત, અગુરૂલઘુ, નિર્માણ, તીર્થંકર, ત્રસ ૧૦ |
| ગોત્ર | ૧ | ઉચ્ચગોત્ર |
| **કુલ** | **૪૨** | |

**(૨) પાપકર્મ :** જે કર્મના ઉદયથી જીવને દુઃખ થાય તે. તેને અશુભ કર્મ પણ કહેવાય છે. તેના ૮૨ પ્રકાર છે. તે આ પ્રમાણે-

| **મૂળ પ્રકૃતિ** | **ભેદ** | **ઉત્તરપ્રકૃતિ** |
|---|---|---|
| જ્ઞાનાવરણ | ૫ | મતિજ્ઞાનાવરણ, શ્રુતજ્ઞાનાવરણ, અવધિજ્ઞાનાવરણ, મનઃ પર્યવજ્ઞાનાવરણ, કેવળજ્ઞાનાવરણ |
| દર્શનાવરણ | ૯ | ચક્ષુદર્શનાવરણ, અચક્ષુદર્શનાવરણ, અવધિદર્શનાવરણ, કેવળદર્શનાવરણ, નિદ્રા ૫ |
| વેદનીય | ૧ | અસાતાવેદનીય |
| મોહનીય | ૨૬ | મિથ્યાત્વમોહનીય, ૧૬ કષાય, ૯ નોકષાય |
| આયુષ્ય | ૧ | નરકાયુષ્ય |
| નામ | ૩૪ | તિર્યંચગતિ, નરકગતિ, જાતિ ૪, સંઘયણ ૫, સંસ્થાન ૫, અશુભ |

| | | |
|---|---|---|
| | | વર્ણાદિ ૪, તિર્યંચાનુપૂર્વી, નરકાનુપૂર્વી, અશુભવિહાયોગતિ, ઉપઘાત, સ્થાવર ૧૦ |
| ગોત્ર | ૧ | નીચગોત્ર |
| અંતરાય | ૫ | દાનાંતરાય, લાભાંતરાય, ભોગાંતરાય, ઉપભોગાંતરાય, વીર્યાંતરાય |
| **કુલ** | **૮૨** | |

શુભ વર્ણાદિ ૪ માં રક્તવર્ણ, પીતવર્ણ, શ્વેતવર્ણ, સુરભિગંધ, કષાયરસ, આમ્લરસ, મધુરરસ, મૃદુસ્પર્શ, સ્નિગ્ધસ્પર્શ, લઘુસ્પર્શ અને ઉષ્ણસ્પર્શ નામ કર્મ એમ ૧૧ પ્રકૃતિઓનો સમાવેશ થાય છે.

અશુભ વર્ણાદિ ૪ માં કૃષ્ણવર્ણ, નીલવર્ણ, દુરભિગંધ, તિક્તરસ, કટુરસ, કર્કશસ્પર્શ, રૂક્ષસ્પર્શ, ગુરૂસ્પર્શ અને શીતસ્પર્શ નામકર્મ એમ ૯ પ્રકૃતિઓનો સમાવેશ થાય છે.

નામકર્મની પુણ્યપ્રકૃતિ-પાપપ્રકૃતિ ભેગી મળીને ૩૭ + ૩૪ = ૭૧ થાય છે, ૬૭ નહીં, તેનું કારણ એ છે કે પુણ્યપ્રકૃતિમાં શુભ વર્ણાદિ ૪ ગણ્યા છે અને પાપપ્રકૃતિમાં અશુભ વર્ણાદિ ૪ ગણ્યા છે.

### પુણ્યકર્મ બાંધવાના કારણો –

(૧) પાત્રને અન્ન આપવું.
(૨) પાત્રને પાણી આપવું.
(૩) પાત્રને રહેવાનું સ્થાન આપવું.
(૪) પાત્રને સુવા માટે શય્યા આપવી.
(૫) પાત્રને વસ્ત્ર આપવા.
(૬) મનની શુભ પ્રવૃત્તિ.
(૭) વચનની શુભ પ્રવૃત્તિ.
(૮) કાયાની શુભ પ્રવૃત્તિ.
(૯) દેવ-ગુરૂને નમસ્કાર કરવા.

### પાપકર્મ બાંધવાના કારણો–

(૧) હિંસા કરવી. (૨) જૂઠ બોલવું. (૩) ચોરી કરવી. (૪) મૈથુન સેવવું.
(૫) પરિગ્રહ (ધન-ધાન્યાદિનો સંગ્રહ અને મૂર્ચ્છા) કરવો. (૬) ક્રોધ કરવો.
(૭) માન કરવુ. (૮) માયા કરવી. (૯) લોભ કરવો.
(૧૦) રાગ કરવો. (૧૧) દ્વેષ કરવો. (૧૨) કલહ (ઝઘડો) કરવો.
(૧૩) આળ મૂકવું. (૧૪) ચાડી ખાવી. (૧૫) હર્ષ-શોક કરવા.
(૧૬) બીજાની નિંદા કરવી.
(૧૭) માયાપૂર્વક જૂઠ બોલવું. (૧૮) મિથ્યાત્વ.

# પુણ્ય-પાપની ચતુર્ભંગી

**અનુબંધ એટલે પરંપરા.** તેના આધારે પુણ્યના અને પાપના દરેકના બે-બે ભેદ થાય છે. આમ પુણ્ય-પાપની ચતુર્ભંગી થાય છે, એટલે કે ચાર ભાંગા થાય છે. તે આ પ્રમાણે–

(૧) **પુણ્યાનુબંધી પુણ્ય** – ધર્મ કરવાથી પુણ્ય બંધાય છે. **રસપૂર્વક અને ભાવપૂર્વક ધર્મ કરવાથી પુણ્યાનુબંધી પુણ્ય બંધાય છે.** જે પુણ્યના ઉદય વખતે નવું પુણ્ય બંધાય છે, એ પુણ્યાનુબંધી પુણ્ય કહેવાય છે. **ભાવપૂર્વક ધર્મ કરવાથી બંધાયેલા પુણ્યના ઉદય વખતે સદ્‌બુદ્ધિ મળે છે. એ સદ્‌બુદ્ધિ એ પુણ્યોદયના કાળમાં નવો ધર્મ કરવા પ્રેરે છે.** તેથી નવું પુણ્ય બંધાય છે. સામાન્ય ભાવથી કરેલા ધર્મથી બંધાયેલું પુણ્ય એકવાર ફળ આપીને રવાના થઇ જાય છે. એની પરંપરા ચાલતી નથી. ભાવપૂર્વક કરેલા ધર્મથી બંધાયેલું પુણ્યાનુબંધી પુણ્ય નવું પુણ્ય બંધાવે છે. તેથી તેની પરંપરા ચાલે છે.

(૨) **પાપાનુબંધી પુણ્ય – દુભાતા હૈયે ધર્મ કરવાથી, ધર્મ કર્યા પછી પસ્તાવો કરવાથી, નિદાનાદિ (નિયાણું) કરવાથી પાપાનુબંધી પુણ્ય બંધાય છે.** જે પુણ્યના ઉદય વખતે નવું પાપ બંધાય છે એ પાપાનુબંધી પુણ્ય કહેવાય છે. **પસ્તાવાપૂર્વક કરેલા ધર્મથી બંધાયેલા પુણ્યના ઉદય વખતે દુર્બુદ્ધિ જાગે છે. એ દુર્બુદ્ધિ એ પુણ્યોદયના કાળમાં પાપ કરવા પ્રેરે છે.** તેથી નવું પાપ બંધાય છે. પાપાનુબંધી પુણ્યના ઉદયથી એકવાર અનુકૂળતા મળી જાય, પણ એ અનુકુળતામાં આસક્ત થઇને નવા પાપો થવાથી નવા પાપકર્મ બંધાય છે. તેથી પરંપરા પાપની ચાલે છે.

(૩) **પાપાનુબંધી પાપ** – અશુભ પ્રવૃત્તિ કરવાથી પાપ બંધાય છે. **ભાવપૂર્વક અશુભ પ્રવૃત્તિ કરવાથી પાપાનુબંધી પાપ બંધાય છે.** જે પાપના ઉદય વખતે નવું પાપ બંધાય છે, એ પાપાનુબંધી પાપ કહેવાય છે. **ભાવપૂર્વક કરેલી અશુભ પ્રવૃત્તિથી બંધાયેલ પાપના ઉદય વખતે દુર્બુદ્ધિ જાગે છે. એ દુર્બુદ્ધિ એ પાપોદયના કાળમાં નવા પાપ કરવા પ્રેરે છે.** તેથી નવું પાપ બંધાય છે. સામાન્ય ભાવથી કરેલું પાપ એકવાર ફળ આપીને રવાના

# કર્મનો ચાર પ્રકારનો બંધ



# પુણ્ય-પાપની ચતુર્ભંગી



# અષ્ટ કર્મનો બંધ અને ક્ષયોપશમ



# અષ્ટ કર્મનો બંધ અને ક્ષયોપશમ



# અષ્ટ કર્મનો બંધ અને ક્ષયોપશમ



# અષ્ટ કર્મનો બંધ અને ક્ષયોપશમ









થઇ જાય છે. એની પરંપરા ચાલતી નથી. **પાપાનુબંધી પાપ નવું પાપ બંધાવે છે. તેથી પાપની પરંપરા ચાલે છે.**

(૪) **પુણ્યાનુબંધી પાપ – દુભાતા હૈયે પાપ કરવાથી, પાપ કર્યા પછી પસ્તાવો કરવાથી પુણ્યાનુબંધી પાપ બંધાય છે.** જે પાપના ઉદય વખતે નવું પુણ્ય બંધાય છે એ પુણ્યાનુબંધી પાપ કહેવાય છે. **પસ્તાવાપૂર્વક કરેલા પાપથી બંધાયેલા પાપકર્મના ઉદય વખતે સદ્‌બુદ્ધિ જાગે છે. એ સદ્‌બુદ્ધિ પાપોદયના કાળમાં ધર્મ કરવા પ્રેરે છે.** તેથી નવું પુણ્ય બંધાય છે. પુણ્યાનુબંધી પાપના ઉદયથી એકવાર પ્રતિકૂળતાઓ આવે છે, પણ એ પ્રતિકૂળતાઓમાં અડગ રહીને ધર્મ કરવાથી નવું પુણ્ય બંધાય છે. તેથી પુણ્યની પરંપરા ચાલે છે.

મોટા ભાગના જીવોના જીવનમાં પાપાનુબંધી પુણ્ય કે પાપાનુબંધી પાપનો ઉદય દેખાય છે. પુણ્યના ઉદયમાં ધર્મ કરવાની બદલે તેઓ પાપ કરે છે. પાપના ઉદય વખતે બોધપાઠ લઇને નવો ધર્મ કરવાના બદલે તેઓ પાપજન્ય દુ:ખને દૂર કરવા માટે નવા પાપો કરે છે.

ઉદય પુણ્યનો હોય કે પાપનો એ બહુ મહત્ત્વની વાત નથી. પુણ્યના કે પાપના ઉદયમાં ધર્મ કરીને આપણે નવું પુણ્ય બાંધવું જોઇએ, જે આપણને સદ્‌ગતિ અને સિદ્ધિગતિ સુધી પહોંચવામાં સહાયક બને.



# કર્મબંધના ચાર પ્રકાર

કાર્મણ વર્ગણાના પુદ્ગલો એક સરખા છે. એમાં કોઇ ભેદભાવ નથી. જીવ જ્યારે પોતાના શુભાશુભ અધ્યવસાયો વડે એ પુદ્ગલોને ગ્રહણ કરીને આત્માની સાથે એકમેક કરે છે ત્યારે તેમાં ચાર વસ્તુઓ નક્કી થાય છે. આ ચાર વસ્તુઓનું નક્કી થવું એટલે ચાર પ્રકારનો કર્મબંધ થવો. તે ચાર પ્રકાર આ પ્રમાણે છે– (૧) પ્રકૃતિબંધ (૨) સ્થિતિબંધ, (૩) રસબંધ અને (૪) પ્રદેશબંધ.

લોટ એકસરખો હોવા છતાં તેમાંથી જુદા જુદા પ્રકારના લાડુ બને છે. કોઇ લાડુનો વાયુ દૂર કરવાનો સ્વભાવ હોય છે, કોઇ લાડુનો પિત્ત દૂર કરવાનો સ્વભાવ હોય છે, એમ જુદા જુદા પ્રકારના લાડુના **જુદા જુદા સ્વભાવો એટલે કે પ્રકૃતિ** હોય છે. કોઇ લાડુ દસ દિવસ ટકે, કોઇ લાડુ પંદર દિવસ ટકે, એમ જુદા જુદા પ્રકારના લાડુના **જુદા જુદા કાળ એટલે કે સ્થિતિ** હોય છે. કોઇ લાડુ અત્યંત ગળ્યો હોય, કોઇ લાડુ ઓછો ગળ્યો હોય, એમ જુદા જુદા પ્રકારના લાડુના **જુદા જુદા સ્વાદ એટલે કે રસ** હોય છે. કોઇ લાડુ મોટો હોય, કોઇ લાડુ નાનો હોય, એમ જુદા જુદા પ્રકારના લાડુના **જુદા જુદા પ્રમાણ એટલે કે પ્રદેશ હોય છે.**

કાર્મણ વર્ગણાના પુદ્ગલો એકસરખા હોવા છતાં તેઓ જ્યારે આત્મા સાથે બંધાય છે, ત્યારે તેમનામાં જ્ઞાન ગુણને ઢાંકવાનો, સુખ આપવાનો, ઊંચા કુળમાં જન્મ આપવાનો વગેરે સ્વભાવ નક્કી થાય છે. કર્મમાં આવો સ્વભાવ નક્કી થાય તે **પ્રકૃતિબંધ.** કાર્મણ વર્ગણાના પુદ્ગલો જ્યારે આત્મા સાથે બંધાય ત્યારે તેમનામાં આત્માની સાથે બંધાયેલા રહેવાનો કાળ નક્કી થાય છે. કર્મમાં આવો કાળ નક્કી થાય તે **સ્થિતિબંધ.** કાર્મણ વર્ગણાના પુદ્ગલો જ્યારે આત્મા સાથે બંધાય ત્યારે તેમનામાં આત્માને તીવ્ર કે મંદ ફળ આપવાની શક્તિ નક્કી થાય છે. કર્મમાં આવી શક્તિ નક્કી થાય તે **રસબંધ.** કાર્મણ વર્ગણાના પુદ્ગલો જ્યારે આત્મા સાથે બંધાય ત્યારે ઓછા કે વધારે એવા નિશ્ચિત પ્રમાણમાં બંધાય છે. કર્મોના આ નિશ્ચિત પ્રમાણમાં બંધાવું તે **પ્રદેશબંધ.**

કાર્મણ વર્ગણાના પુદ્ગલોમાં સ્વભાવ, કાળ, શક્તિ અને પ્રદેશ નક્કી હોતા નથી. જ્યારે તેઓ આત્મા સાથે બંધાય છે ત્યારે આ ચારે એક સાથે નક્કી થાય છે. એટલે કે કર્મ બાંધતી વખતે પ્રકૃતિબંધ, સ્થિતિબંધ, રસબંધ અને

પ્રદેશબંધ-આ ચારે એક સાથે થાય છે.

(૧) **પ્રકૃતિબંધ** – કર્મના જુદા જુદા સ્વભાવો પ્રમાણે તેમના મૂળભેદ ૮ છે અને ઉત્તરભેદ ૧૫૮ છે. તેમનું સ્વરૂપ પૂર્વે વિસ્તારથી બતાવ્યું છે.

(૨) **સ્થિતિબંધ** – સ્થિતિબંધ બે પ્રકારે છે - (૧) મૂળપ્રકૃતિનો સ્થિતિબંધ અને (૨) ઉત્તર પ્રકૃતિનો સ્થિતિબંધ. આ બન્નેના પણ બે-બે પ્રકાર છે- (૧) મૂળપ્રકૃતિનો જઘન્ય સ્થિતિબંધ. (૨) મૂળપ્રકૃતિનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ (૩) ઉત્તરપ્રકૃતિનો જઘન્ય સ્થિતિબંધ. (૪) ઉત્તરપ્રકૃતિનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ. જઘન્ય એટલે ઓછામાં ઓછો. ઉત્કૃષ્ટ એટલે વધુમાં વધુ.

સ્થિતિબંધ સમજવા કાળના કેટલાક માપ સમજવા જરૂરી છે. તે આ પ્રમાણે–

(૧) **પલ્યોપમ :** ૮ જવ = ૧ અંગુલ, ૧૨ અંગુલ = ૧ વેંત, ૨ વેંત = ૧ હાથ, ૪ હાથ = ૧ ધનુષ્ય, ૨૦૦૦ ધનુષ્ય = ૧ ગાઉ, ૪ ગાઉ = ૧ યોજન.

આવા એક યોજન ઊંડા, એક યોજન લાંબા અને એક યોજન પહોળા વર્તુળાકાર કુવાને યુગલિક મનુષ્યના એક વાળના અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલા અસંખ્ય ટુકડા કરીને ઠાંસી ઠાંસીને ભરવો. તેમાંથી દર સો વર્ષે એક-એક ટુકડો બહાર કાઢતા આખો કૂવો ખાલી થતાં જે સમય લાગે તે **૧ પલ્યોપમ છે.**

(૨) **સાગરોપમ** – ૧૦ x ૧ કરોડ x ૧ કરોડ x ૧ પલ્યોપમ = **૧ સાગરોપમ.** અથવા ૧૦ કરોડ પલ્યોપમ x ૧ કરોડ પલ્યોપમ = **૧ સાગરોપમ.**

(૩) **કોડાકોડી સાગરોપમ** – ૧ કરોડ x ૧ કરોડ x ૧ સાગરોપમ = ૧ **કોડાકોડી સાગરોપમ.**

(૪) **પૂર્વ** – ૭૦,૫૬૦ અબજ વર્ષ = **૧ પૂર્વ.** એટલે કે ૭,૦૫,૬૦,૦૦,૦૦,૦૦,૦૦૦ વર્ષ અથવા ૮૪ લાખ વર્ષ x ૮૪ લાખ વર્ષ = **૧ પૂર્વ.**

(૫) **મુહૂર્ત** – અસંખ્ય સમય = **૧ આવલિકા,**

૨૫૬ આવલિકા = **૧ ક્ષુલ્લકભવ,** ૬૫,૫૩૬ ક્ષુલ્લકભવ = **૧ મુહૂર્ત,**

૪૮ મીનિટ = **૧ મુહૂર્ત,** ૨ ઘડી = **૧ મુહૂર્ત.**

(૬) **અંતર્મુહૂર્ત** – અંતર્મુહૂર્ત એટલે નવ સમયથી ઉપર અને એક મુહૂર્તની અંદરનો સમય.

## મૂળપ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ અને જઘન્ય સ્થિતિબંધ

| ક્ર. | મૂળપ્રકૃતિ | ઉત્કૃષ્ટ સ્થિતિબંધ | ઉત્કૃષ્ટ અબાધા | જઘન્ય સ્થિતિબંધ | જઘન્ય અબાધા |
|---|---|---|---|---|---|
| ૧. | જ્ઞાનાવરણ | ૩૦ કોડા કોડી સાગરોપમ | ૩,૦૦૦ વર્ષ | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત |
| ૨. | દર્શનાવરણ | ૩૦ કોડા કોડી સાગરોપમ | ૩,૦૦૦ વર્ષ | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત |
| ૩. | વેદનીય | ૩૦ કોડા કોડી સાગરોપમ | ૩,૦૦૦ વર્ષ | ૧૨ મુહૂર્ત | અંતર્મુહૂર્ત |
| ૪. | મોહનીય | ૭૦ કોડા કોડી સાગરોપમ | ૭,૦૦૦ વર્ષ | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત |
| ૫. | આયુષ્ય | ૩૩ સાગરોપમ | ૧/૩ ક્રોડ પૂર્વ | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત |
| ૬. | નામ | ૨૦ કોડા કોડી સાગરોપમ | ૨,૦૦૦ વર્ષ | ૮ મુહૂર્ત | અંતર્મુહૂર્ત |
| ૭. | ગોત્ર | ૨૦ કોડા કોડી સાગરોપમ | ૨,૦૦૦ વર્ષ | ૮ મુહૂર્ત | અંતર્મુહૂર્ત |
| ૮. | અંતરાય | ૩૦ કોડા કોડી સાગરોપમ | ૩,૦૦૦ વર્ષ | અંતમુહૂર્ત | અંતર્મુહૂર્ત |

## ઉત્તરપ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ અને જઘન્ય સ્થિતિબંધ

**નોંધ : સાગરોપમ**=S, **પલ્યોપમ**=P, **અસંખ્ય**=a, **ભાગાકાર**=/)

| ક્ર. | ઉત્તરપ્રકૃતિ | ઉત્કૃષ્ટ સ્થિતિબંધ | ઉત્કૃષ્ટ અબાધા | જઘન્ય સ્થિતિબંધ પંચસંગ્રહમતે | જઘન્ય સ્થિતિબંધ કર્મપ્રકૃતિમતે | જઘન્ય અબાધા |
|---|---|---|---|---|---|---|
| ૧-૫ | જ્ઞાનાવરણ ૫ | ૩૦ કોડાકોડી સાગરોપમ | ૩,૦૦૦ વર્ષ | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત |
| ૬-૯ | દર્શનાવરણ ૪ | ૩૦ કોડાકોડી સાગરોપમ | ૩,૦૦૦ વર્ષ | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત |
| ૧૦-૧૪ | નિદ્રા ૫ | ૩૦ કોડાકોડી સાગરોપમ | ૩,૦૦૦ વર્ષ | ૩/૭ સાગરોપમ | $\frac{૩}{૭}S-\frac{P}{a}$ | અંતર્મુહૂર્ત |
| ૧૫ | અસાતાવેદનીય | ૩૦ કોડાકોડી સાગરોપમ | ૩,૦૦૦ વર્ષ | ૩/૭ સાગરોપમ | $\frac{૩}{૭}S-\frac{P}{a}$ | અંતર્મુહૂર્ત |
| ૧૬ | સાતાવેદનીય | ૧૫ કોડાકોડી સાગરોપમ | ૧,૫૦૦ વર્ષ | ૧૨ મુહૂર્ત | ૧૨ મુહૂર્ત | અંતર્મુહૂર્ત |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૧૭ | મિથ્યાત્વ-મોહનીય | ૭૦ કોડાકોડી સાગરોપમ | ૭,૦૦૦ વર્ષ | ૧ સાગરોપમ | $૧S - \frac{P}{a}$ | અંતર્મુહૂર્ત |
| ૧૮-૨૯ | કષાય ૧૨ | ૪૦ કોડાકોડી સાગરોપમ | ૪,૦૦૦ વર્ષ | ૪/૭ સાગરોપમ | $\frac{૪}{૭}S - \frac{P}{a}$ | અંતર્મુહૂર્ત |
| ૩૦ | સંજ્વલન ક્રોધ | ૪૦ કોડાકોડી સાગરોપમ | ૪,૦૦૦ વર્ષ | ૨ માસ | ૨ માસ | અંતર્મુહૂર્ત |
| ૩૧ | સંજ્વલન માન | ૪૦ કોડાકોડી સાગરોપમ | ૪,૦૦૦ વર્ષ | ૧ માસ | ૧ માસ | અંતર્મુહૂર્ત |
| ૩૨ | સંજ્વલન માયા | ૪૦ કોડાકોડી સાગરોપમ | ૪,૦૦૦ વર્ષ | ૧૫ દિવસ | ૧૫ દિવસ | અંતર્મુહૂર્ત |
| ૩૩ | સંજ્વલન લોભ | ૪૦ કોડાકોડી સાગરોપમ | ૪,૦૦૦ વર્ષ | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત |
| ૩૪-૩૫ | હાસ્ય, રતિ | ૧૦ કોડાકોડી સાગરોપમ | ૧,૦૦૦ વર્ષ | ૧/૭ સાગરોપમ | $\frac{૨}{૭}S - \frac{P}{a}$ | અંતર્મુહૂર્ત |
| ૩૬-૩૯ | શોક, અરતિ, ભય, જુગુપ્સા | ૨૦ કોડાકોડી સાગરોપમ | ૨,૦૦૦ વર્ષ | ૨/૭ સાગરોપમ | $\frac{૨}{૭}S - \frac{P}{a}$ | અંતર્મુહૂર્ત |
| ૪૦ | પુરૂષવેદ | ૧૦ કોડાકોડી સાગરોપમ | ૧,૦૦૦ વર્ષ | ૮ વર્ષ | ૮ વર્ષ | અંતર્મુહૂર્ત |
| ૪૧ | સ્ત્રીવેદ | ૧૫ કોડાકોડી સાગરોપમ | ૧,૫૦૦ વર્ષ | ૩/૧૪ સાગરોપમ | $\frac{૨}{૭}S - \frac{P}{a}$ | અંતર્મુહૂર્ત |
| ૪૨ | નપુંસકવેદ | ૨૦ કોડાકોડી સાગરોપમ | ૨,૦૦૦ વર્ષ | ૨/૭ સાગરોપમ | $\frac{૨}{૭}S - \frac{P}{a}$ | અંતર્મુહૂર્ત |
| ૪૩-૪૪ | દેવાયુષ્ય, નરકાયુષ્ય | ૩૩ સાગરોપમ | ૧/૩ ક્રોડ પૂર્વ | ૧૦,૦૦૦ વર્ષ | ૧૦,૦૦૦ વર્ષ | અંતર્મુહૂર્ત |
| ૪૫-૪૬ | મનુષ્યાયુષ્ય, તિર્યંચાયુષ્ય | ૩ પલ્યોપમ | ૧/૩ ક્રોડપૂર્વ | ક્ષુલ્લકભવ | ક્ષુલ્લકભવ | અંતર્મુહૂર્ત |
| ૪૭-૪૮ | નરકગતિ અને નરકાનુપૂર્વી | ૨૦ કોડાકોડી સાગરોપમ | ૨,૦૦૦ વર્ષ | $\frac{૨૦૦૦}{૭}S - \frac{P}{a}$ | $\frac{૨૦૦૦}{૭}S - \frac{P}{a}$ | અંતર્મુહૂર્ત |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૪૯-૫૦ | તિર્યંચગતિ, તિર્યંચાનુપૂર્વી | ૨૦ કોડાકોડી સાગરોપમ | ૨,૦૦૦ વર્ષ | ૨/૭ સાગરોપમ | $\frac{૨}{૭}S - \frac{P}{a}$ | અંતર્મુહૂર્ત |
| ૫૧-૫૨ | મનુષ્યગતિ અને મનુષ્યાનુપૂર્વી | ૧૫ કોડાકોડી સાગરોપમ | ૧,૫૦૦ વર્ષ | ૩/૧૪ સાગરોપમ | $\frac{૨}{૭}S - \frac{P}{a}$ | અંતર્મુહૂર્ત |
| ૫૩-૫૪ | દેવગતિ અને દેવાનુપૂર્વી | ૧૦ કોડાકોડી સાગરોપમ | ૧,૦૦૦ વર્ષ | ♦ $\frac{૨૦૦૦}{૭}S - \frac{P}{a}$ | $\frac{૨૦૦૦}{૭}S - \frac{P}{a}$ | અંતર્મુહૂર્ત |
| ૫૫-૫૬ | એકેન્દ્રિયજાતિ, પંચેન્દ્રિયજાતિ | ૨૦ કોડાકોડી સાગરોપમ | ૨,૦૦૦ વર્ષ | ૨/૭ સાગરોપમ | $\frac{૨}{૭}S - \frac{P}{a}$ | અંતર્મુહૂર્ત |
| ૫૭-૫૯ | બેઇન્દ્રિયજાતિ, તેઇન્દ્રિયજાતિ ચઉરિન્દ્રિયજાતિ | ૧૮ કોડાકોડી સાગરોપમ | ૧,૮૦૦ વર્ષ | ૯/૩૫ સાગરોપમ | $\frac{૨}{૭}S - \frac{P}{a}$ | અંતર્મુહૂર્ત |
| ૬૦-૬૩ | ઔદારિક શરીર, ઔદારિક અંગોપાંગ તૈજસ શરીર, કાર્મણ શરીર | ૨૦ કોડાકોડી સાગરોપમ | ૨,૦૦૦ વર્ષ | ૨/૭ સાગરોપમ | $\frac{૨}{૭}S - \frac{P}{a}$ | અંતર્મુહૂર્ત |
| ૬૪-૬૫ | વૈક્રિય શરીર, વૈક્રિય અંગોપાંગ | ૨૦ કોડાકોડી સાગરોપમ | ૨,૦૦૦ વર્ષ | $\frac{૨૦૦૦}{૭}S - \frac{P}{a}$ | $\frac{૨૦૦૦}{૭}S - \frac{P}{a}$ | અંતર્મુહૂર્ત |
| ૬૬-૬૭ | આહારક શરીર, આહારક અંગોપાંગ | અંતઃકોડાકોડી સાગરોપમ | અંતર્મુહૂર્ત | અંતઃ કોડાકોડી સાગરોપમ | અંતઃ કોડાકોડી સાગરોપમ | અંતર્મુહૂર્ત |
| ૬૮-૬૯ | પહેલું સંઘયણ, પહેલું સંસ્થાન | ૧૦ કોડાકોડી સાગરોપમ | ૧,૦૦૦ વર્ષ | ૧/૭ સાગરોપમ | $\frac{૨}{૭}S - \frac{P}{a}$ | અંતર્મુહૂર્ત |

♦ જો કે દેવગતિ, દેવાનુપૂર્વીની ઉત્કૃષ્ટ સ્થિતિ ૧૦ કોડાકોડી સાગરોપમ છે, છતાં તેની જઘન્ય સ્થિતિ લાવવા તેની ઉત્કૃષ્ટ સ્થિતિ ૨૦ કોડાકોડી સાગરોપમ, પ્રમાણ વિવક્ષા કરાય છે. તેથી તેમની જઘન્ય સ્થિતિ ૨૦૦૦/૭ સાગરોપમ-પલ્યોપમ / અસંખ્ય જેટલી છે.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૭૦-૭૧ | બીજું સંઘયણ, બીજું સંસ્થાન | ૧૨ કોડાકોડી સાગરોપમ | ૧,૨૦૦ વર્ષ | ૬/૩૫ સાગરોપમ | ૨/૭ S - P/a | અંતર્મુહૂર્ત |
| ૭૨-૭૩ | ત્રીજું સંઘયણ ત્રીજું સંસ્થાન | ૧૪ કોડાકોડી સાગરોપમ | ૧,૪૦૦ વર્ષ | ૧/૫ સાગરોપમ | ૨/૭ S - P/a | અંતર્મુહૂર્ત |
| ૭૪-૭૫ | ચોથું સંઘયણ ચોથું સંસ્થાન | ૧૬ કોડાકોડી સાગરોપમ | ૧,૬૦૦ વર્ષ | ૮/૩૫ સાગરોપમ | ૨/૭ S - P/a | અંતર્મુહૂર્ત |
| ૭૬-૭૭ | પાંચમું સંઘયણ પાંચમું સંસ્થાન | ૧૮ કોડાકોડી સાગરોપમ | ૧,૮૦૦ વર્ષ | ૯/૩૫ સાગરોપમ | ૨/૭ S - P/a | અંતર્મુહૂર્ત |
| ૭૮-૭૯ | છઠ્ઠું સંઘયણ છઠ્ઠું સંસ્થાન | ૨૦ કોડાકોડી સાગરોપમ | ૨,૦૦૦ વર્ષ | ૨/૭ સાગરોપમ | ૨/૭ S - P/a | અંતર્મુહૂર્ત |
| ૮૦-૮૧ | શ્વેતવર્ણ, મધુરરસ | ૧૦ કોડાકોડી સાગરોપમ | ૧,૦૦૦ વર્ષ | ૧/૭ સાગરોપમ | ૨/૭ S - P/a | અંતર્મુહૂર્ત |
| ૮૨-૮૩ | પીતવર્ણ, અમ્લરસ | ૧૨.૫ કોડાકોડી સાગરોપમ | ૧,૨૫૦ વર્ષ | ૫/૨૮ સાગરોપમ | ૨/૭ S - P/a | અંતર્મુહૂર્ત |
| ૮૪-૮૫ | રક્તવર્ણ કષાયરસ | ૧૫ કોડાકોડી સાગરોપમ | ૧,૫૦૦ વર્ષ | ૩/૧૪ સાગરોપમ | ૨/૭ S - P/a | અંતર્મુહૂર્ત |
| ૮૬-૮૭ | નીલવર્ણ, કટુરસ | ૧૭.૫ કોડાકોડી સાગરોપમ | ૧,૭૫૦ વર્ષ | ૧/૪ સાગરોપમ | ૨/૭ S - P/a | અંતર્મુહૂર્ત |
| ૮૮-૮૯ | કૃષ્ણવર્ણ તિક્તરસ | ૨૦ કોડાકોડી સાગરોપમ | ૨,૦૦૦ વર્ષ | ૨/૭ સાગરોપમ | ૨/૭ S - P/a | અંતર્મુહૂર્ત |
| ૯૦ | સુરભિગંધ | ૧૦ કોડાકોડી સાગરોપમ | ૧,૦૦૦ વર્ષ | ૧/૭ સાગરોપમ | ૨/૭ S - P/a | અંતર્મુહૂર્ત |
| ૯૧ | દુરભિગંધ | ૨૦ કોડાકોડી સાગરોપમ | ૨,૦૦૦ વર્ષ | ૨/૭ સાગરોપમ | ૨/૭ S - P/a | અંતર્મુહૂર્ત |
| ૯૨-૯૫ | મૃદુ, લઘુ, સ્નિગ્ધ, ઉષ્ણ | ૧૦ કોડાકોડી સાગરોપમ | ૧,૦૦૦ વર્ષ | ૧/૭ સાગરોપમ | ૨/૭ S - P/a | અંતર્મુહૂર્ત |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૯૬-૯૯ | ગુરૂ, કર્કશ, રૂક્ષ, શીત | ૨૦ કોડાકોડી સાગરોપમ | ૨,૦૦૦ વર્ષ | ૨/૭ સાગરોપમ | $\frac{૨}{૭}S - \frac{P}{a}$ | અંતર્મુહૂર્ત |
| ૧૦૦ | શુભવિહા-યોગતિ | ૧૦ કોડાકોડી સાગરોપમ | ૧,૦૦૦ વર્ષ | ૧/૭ સાગરોપમ | $\frac{૨}{૭}S - \frac{P}{a}$ | અંતર્મુહૂર્ત |
| ૧૦૧ | અશુભવિહા-યોગતિ | ૨૦ કોડાકોડી સાગરોપમ | ૨,૦૦૦ વર્ષ | ૨/૭ સાગરોપમ | $\frac{૨}{૭}S - \frac{P}{a}$ | અંતર્મુહૂર્ત |
| ૧૦૨ | તીર્થંકર | અંતઃ કોડાકોડી સાગરોપમ | અંતર્મુહૂર્ત | અંતઃ કોડાકોડી સાગરોપમ | અંતઃ કોડાકોડી સાગરોપમ | અંતર્મુહૂર્ત |
| ૧૦૩-૧૦૯ | પ્રત્યેક ૭ | ૨૦ કોડાકોડી સાગરોપમ | ૨,૦૦૦ વર્ષ | ૨/૭ સાગરોપમ | $\frac{૨}{૭}S - \frac{P}{a}$ | અંતર્મુહૂર્ત |
| ૧૧૦-૧૧૪ | ત્રસ ૪, સ્થાવર | ૨૦ કોડાકોડી સાગરોપમ | ૨,૦૦૦ વર્ષ | ૨/૭ સાગરોપમ | $\frac{૨}{૭}S - \frac{P}{a}$ | અંતર્મુહૂર્ત |
| ૧૧૫-૧૧૯ | સ્થિર ૫ | ૧૦ કોડાકોડી સાગરોપમ | ૧,૦૦૦ વર્ષ | ૧/૭ સાગરોપમ | $\frac{૨}{૭}S - \frac{P}{a}$ | અંતર્મુહૂર્ત |
| ૧૨૦ | યશ | ૧૦ કોડાકોડી સાગરોપમ | ૧,૦૦૦ વર્ષ | ૮ મુહૂર્ત | ૮ મુહૂર્ત | અંતર્મુહૂર્ત |
| ૧૨૧-૧૨૩ | સૂક્ષ્મ ૩ | ૧૮ કોડાકોડી સાગરોપમ | ૧,૮૦૦ વર્ષ | ૯/૩૫ સાગરોપમ | $\frac{૨}{૭}S - \frac{P}{a}$ | અંતર્મુહૂર્ત |
| ૧૨૪-૧૨૯ | અસ્થિર ૬ | ૨૦ કોડાકોડી સાગરોપમ | ૨,૦૦૦ વર્ષ | ૨/૭ સાગરોપમ | $\frac{૨}{૭}S - \frac{P}{a}$ | અંતર્મુહૂર્ત |
| ૧૩૦ | ઉચ્ચગોત્ર | ૧૦ કોડાકોડી સાગરોપમ | ૧,૦૦૦ વર્ષ | ૮ મુહૂર્ત | ૮ મુહૂર્ત | અંતર્મુહૂર્ત |
| ૧૩૧ | નીચગોત્ર | ૨૦ કોડાકોડી સાગરોપમ | ૨,૦૦૦ વર્ષ | ૨/૭ સાગરોપમ | $\frac{૨}{૭}S - \frac{P}{a}$ | અંતર્મુહૂર્ત |
| ૧૩૨-૧૩૬ | અંતરાય ૫ | ૩૦ કોડાકોડી સાગરોપમ | ૩,૦૦૦ વર્ષ | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત |

- કુલ ૧૫૮ ઉત્તર પ્રકૃત્તિ છે. સમ્યક્ત્વમોહનીય-મિશ્રમોહનીય બંધાતી નથી. બંધન ૧૫ અને સંઘાતન ૫ નો શરીર ૫ માં સમાવેશ થઇ જાય છે. તેથી અહીં ૧૫૮-૨૨ = ૧૩૬ પ્રકૃતિ થઇ.
- તીર્થંકર નામકર્મ અને આહારક બેનો જઘન્ય સ્થિતિબંધ ઉત્કૃષ્ટ સ્થિતિબંધ કરતા સંખ્યાતગુણન્યૂન છે. મતાંતરે, તીર્થંકર નામકર્મનો જઘન્ય સ્થિતિબંધ = ૧૦,૦૦૦ વર્ષ અને આહારક-૨ નો જઘન્ય સ્થિતિબંધ = અંતર્મુહૂર્ત
- જ્ઞાનાવરણ ૫, દર્શનાવરણ ૪, સાતાવેદનીય, સંજ્વલન ૪, પુરૂષવેદ, આયુષ્ય ૪, આહારક ૨, દેવ ૨, નરક ૨, વૈક્રિય ૨, તીર્થંકર, યશ, ઉચ્ચગોત્ર, અંતરાય ૫ = ૩૫ ઉત્તર પ્રકૃતિઓનો જઘન્ય સ્થિતિબંધ પંચસંગ્રહમતે અને કર્મપ્રકૃતિમતે સમાન છે અને તે ઉપર કહ્યા મુજબ છે.

**પંચસંગ્રહમતે બાકીની ૧૦૧ ઉત્તરપ્રકૃતિનો જઘન્ય સ્થિતિબંધ**

$$= \frac{\text{પોતાનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ}}{\text{મિથ્યાત્વમોહનીયનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ.}} \div \frac{\text{પલ્યોપમ}}{\text{અસંખ્ય}}$$

**કર્મપ્રકૃતિમતે બાકીની ૧૦૧ ઉત્તરપ્રકૃતિનો જઘન્ય સ્થિતિબંધ**

$$= \frac{\text{પોતાના વર્ગનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ}}{\text{મિથ્યાત્વમોહનીયનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ}} \div \frac{\text{પલ્યોપમ}}{\text{અસંખ્ય}}$$

વર્ગ નવ છે. તે આ પ્રમાણે–જ્ઞાનાવરણવર્ગ, દર્શનાવરણવર્ગ, વેદનીયવર્ગ, દર્શનમોહનીયવર્ગ, કષાયમોહનીય વર્ગ, નોકષાય મોહનીય વર્ગ, નામવર્ગ ગોત્ર વર્ગ, અંતરાય વર્ગ.

- દેવાયુષ્ય, મનુષ્યાયુષ્ય અને તિર્યંચાયુષ્યનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ વિશુદ્ધિથી થાય છે અને જઘન્ય સ્થિતિબંધ સંક્લેશથી થાય છે. શેષ ૧૧૭ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ સંક્લેશથી થાય છે અને જઘન્ય સ્થિતિબંધ વિશુદ્ધિથી થાય છે.
- **અબાધાકાળ** - કર્મો બંધાયા પછી તાત્કાલિક ઉદયમાં આવતા નથી. બંધાયા પછી કર્મો અમુક સમય સુધી આત્મા ઉપર એમને એમ પડ્યા રહે છે. પણ, આત્માને પોતાના ઉદયથી બાધા કરતા નથી. **બંધાયેલા કર્મ જેટલો કાળ જીવને બાધા ન કરે તે અબાધાકાળ.** અબાધાકાળ પૂર્ણ થયા પછી કર્મો ઉદયમાં આવીને જીવને ફળ આપે છે. જો કોઇપણ કરણથી કર્મમાં કંઇપણ ફેરફાર ન થાય તો અબાધાકાળ પૂર્ણ થયા પછી જ કર્મનો ઉદય થાય છે. પણ

આવું બનતું નથી. **બંધાવલિકા વિત્યા પછી તરત જ ઉદીરણાકરણ વગેરે કરણો પ્રવર્તે છે. તેનાથી આબાધાકાળ પૂર્ણ થતા પૂર્વે જ કર્મ ઉદયમાં આવે છે.**

ટાઇમ બોબમાં સેટ કરેલ ટાઇમ સુધી એ ફાટતો નથી. એ ટાઇમ પૂરો થતા એ ફાટે છે. તેમ અબાધાકાળમાં કર્મો ઉદયમાં આવીને ફળ આપતા નથી. અબાધાકાળ પૂરો થતા કર્મો ઉદયમાં આવે છે અને જીવને ફળ આપે છે.

ઉત્કૃષ્ટ સ્થિતિબંધ થાય ત્યારે ઉત્કૃષ્ટ અબાધા હોય. જઘન્ય સ્થિતિબંધ થાય ત્યારે જઘન્ય અબાધા હોય. આયુષ્યના ઉત્કૃષ્ટ સ્થિતિબંધમાં ઉત્કૃષ્ટ અબાધા હોઇ શકે અથવા જઘન્ય અબાધા પણ હોઇ શકે. આયુષ્યના જઘન્ય સ્થિતિબંધમાં જઘન્ય અબાધા હોઇ શકે અથવા ઉત્કૃષ્ટ અબાધા પણ હોઇ શકે.

**જે પ્રકૃતિનો જેટલા કોડાકોડી સાગરોપમ ઉત્કૃષ્ટ સ્થિતિબંધ હોય તે પ્રકૃતિની તેટલા સો વર્ષની ઉત્કૃષ્ટ અબાધા હોય.** દા.ત. જ્ઞાનાવરણ-૫નો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ ૩૦ કોડાકોડી સાગરોપમ પ્રમાણ છે. તેથી જ્ઞાનાવરણ ૫ની ઉત્કૃષ્ટ **૩૦ x ૧૦૦ = ૩,૦૦૦ વર્ષ પ્રમાણ** છે. તીર્થંકર નામકર્મ અને આહારક ૨ ની ઉત્કૃષ્ટ અબાધા અંતર્મુહૂર્ત પ્રમાણ છે. આયુષ્ય ૪ ની ઉત્કૃષ્ટ અબાધા ૧/૩ ક્રોડ પૂર્વ પ્રમાણ છે. દેવ, નારકી અને અસંખ્ય વર્ષના આયુષ્યવાળા મનુષ્ય-તિર્યંચને આયુષ્યની ઉત્કૃષ્ટ અબાધા ૬ માસ હોય છે. શેષ જીવોને આયુષ્યની બધી પ્રકૃતિઓની જઘન્ય અબાધા અંતમુહૂર્ત પ્રમાણ છે. ઉત્કૃષ્ટ અબાધા સ્વભવનો ત્રીજો ભાગ હોય છે.

બધી પ્રકૃતિઓની જઘન્ય અબાધા અંતર્મુહૂર્ત પ્રમાણ છે.

**નિષેકરચના**-અબાધાકાળ સિવાયની કર્મસ્થિતિમાં કર્મની નિષેકરચના થાય છે. પહેલા સમયે ઘણા કર્મદલિકો ગોઠવાય છે, બીજા સમયે વિશેષહીન કર્મદલિકો ગોઠવાય છે, ત્રીજા સમયે વિશેષહીન કર્મદલિકો ગોઠવાય છે. એમ ચરમસમય સુધી ઉત્તરોત્તર સમયે વિશેષહીન કર્મદલિકો ગોઠવાય છે. કર્મદલિકોની આવી રચના નિષેકરચના કહેવાય છે. સ્થાપના (|||||) હકીકતમાં આત્મ પ્રદેશો ઉપર કર્મદલિકોની આવી કોઇ ગોઠવણી નથી, પણ પહેલા સમયે ઉદયમાં આવનારા કર્મદલિકો તે પહેલા સમયનો નિષેક (કર્મદલિકોનો સમૂહ) છે, બીજા સમયે ઉદયમાં આવનારા કર્મદલિક તે બીજા સમયનો નિષેક છે. આમ **ક્રમશઃ જે જે સમયે જે જે કર્મદલિકો ઉદયમાં આવવાના હોય તે તે દલિકો તે તે સમયના નિષેક**

*કહેવાય છે. અબાધાકાળ સિવાયની કર્મસ્થિતિમાં કર્મદલિકોની આવી રચના તે નિષેકરચના છે.*

(૩) **રસબંધ**-લિંબડાનો અને શેરડીનો રસ ચાર પ્રકારનો હોય છે. તે આ પ્રમાણે-

૧) જેવો નીકળ્યો હોય તેવો.

૨) બે ભાગ કરીને એક ભાગ ઉકાળે અને એક ભાગ રહે તે અથવા ઉકાળતા **અડધો રસ (૫૦%)** રહે. **અડધો રસ (૫૦%)** બળી જાય.

૩) ત્રણ ભાગ કરીને બે ભાગ ઉકાળે અને એક ભાગ રહે તે અથવા ઉકાળતા **૨ ભાગ (૬૬%)** બળી જાય, **૧ ભાગ (૩૩%)** રહે.

૪) ચાર ભાગ કરીને ત્રણ ભાગ ઉકાળે અને એક ભાગ રહે તે. ઉકાળતા **૩ ભાગ (૭૫%)** બળી જાય અને **૧ ભાગ (૨૫%)** રહે.

**જેમ-જેમ બળી જતો ભાગ વધુ તેમ-તેમ તે રસના સ્વાદની તીવ્રતા વધતી જાય...**

## શુભ-અશુભ પ્રકૃતિઓનો ૧ ઠાણીયો, ૨ ઠાણીયો, ૩ ઠાણીયો અને ૪ ઠાણીયો રસ.

| ક્ર. | લિંબડાનો રસ / શેરડીનો રસ | અશુભપ્રકૃતિનો રસ | શુભપ્રકૃતિનો રસ |
|---|---|---|---|
| ૧. | સહજ | ૧ ઠાણીયો | ૧ ઠાણીયો |
| ૨. | બે ભાગ કરી એક ભાગ ઉકાળે અને એક ભાગ રહે તે | ૨ ઠાણીયો | ૨ ઠાણીયો |
| ૩. | ત્રણ ભાગ કરી બે ભાગ ઉકાળે અને એક ભાગ રહે તે. | ૩ ઠાણીયો | ૩ ઠાણીયો |
| ૪. | ચાર ભાગ કરી ત્રણ ભાગ ઉકાળે અને એક ભાગ રહે તે | ૪ ઠાણીયો | ૪ ઠાણીયો |

**શુભ પ્રકૃતિઓનો એકલો એક ઠાણીયો રસ બંધાતો નથી. ઓછામાં ઓછા ૨ ઠાણીયો તો રસ બંધાય જ છે.**

મતિજ્ઞાનાવરણ, શ્રુતજ્ઞાનાવરણ, અવધિજ્ઞાનાવરણ, મનઃ પર્યવજ્ઞાનાવરણ, ચક્ષુદર્શનાવરણ, અચક્ષુદર્શનાવરણ, અવધિદર્શનાવરણ,

સંજ્વલન ૪, પુરૂષવેદ, અંતરાય ૫ = ૧૭ પ્રકૃતિઓનો ૧ ઠાણીયો, ૨ ઠાણીયો, ૩ ઠાણીયો અને ૪ ઠાણીયો રસ બંધાય છે. શેષ ૧૦૩ પ્રકૃતિઓનો ૨ ઠાણીયો, ૩ ઠાણીયો અને ૪ ઠાણીયો રસ બંધાય છે. (તે વખતે ભેગો ૧ ઠાણિયો રસ બંધાય છે.)

**૮૨ અશુભ પ્રકૃતિઓનો તીવ્ર રસબંધ સંક્લેશથી થાય છે અને મંદ રસબંધ વિશુદ્ધિથી થાય છે. ૪૨ શુભ પ્રકૃતિઓનો તીવ્ર રસબંધ વિશુદ્ધિથી થાય છે અને મંદ રસબંધ સંક્લેશથી થાય છે.**

સંક્લેશ = કષાયોનો તીવ્ર ઉદય.

વિશુદ્ધિ = કષાયોની મંદતા.

**(૪) પ્રદેશબંધ** – પ્રદેશ એટલે જીવ વડે ગ્રહણ કરાતા કાર્મણ વર્ગણાના સ્કંધો. તેમનું સ્વરૂપ પૂર્વે જણાવ્યું છે.



# કર્મબંધના વિશિષ્ટ હેતુઓ

પૂર્વે સામાન્યથી કર્મબંધના મુખ્ય પાંચ કારણો-મિથ્યાત્વ, અવિરતિ, કષાય, યોગ અને પ્રમાદ બતાવ્યા હતા. અહીં દરેક કર્મના બંધમાં કારણભૂત વિશિષ્ટ હેતુઓ બતાવાય છે.

**૧) જ્ઞાનાવરણ –**

૧) જ્ઞાન (મતિજ્ઞાન વગેરે), જ્ઞાની (સાધુ વગેરે) અને જ્ઞાનના સાધનો (પુસ્તક વગેરે) પ્રત્યે

  ૧) દુશ્મન જેવું વર્તન કરવું, અનિષ્ટ આચરણ કરવું.

  ૨) અપલાપ કરવો - જેમની પાસેથી ભણ્યા હોઇએ તે ગુરૂ કે પુસ્તક વગેરેના નામ છુપાવવા, પ્રગટ ન કરવા.

  ૩) મૂળથી નાશ કરવો.

  ૪) માનસિક અપ્રીતિ કરવી.

  ૫) આહાર, પાણી, ઉપાશ્રય, વસ્ત્ર વગેરે મળવામાં અંતરાય કરવો.

  ૬) જાતિ વગેરે પ્રગટ કરી નિંદા કરવી.

૨) જ્ઞાનની નિંદા કરવી.

૩) આચાર્ય, ઉપાધ્યાય વગેરેનો અવિનય કરવો.

૪) અકાળે સ્વાધ્યાય કરવો.

૫) કાળે સ્વાધ્યાય ન કરવો.

૬) હિંસા, જૂઠ, ચોરી, મૈથુન, પરિગ્રહ, રાત્રિભોજનની વિરતિ ન કરવી.

૭) એંઠા મોઢે બોલવું.

૮) અક્ષરવાળા વસ્ત્રો, ઘરેણા, ચશ્મા, બૂટ-ચંપલ વગેરે પહેરવા.

૯) ઘડીયાલ, લખેલા કાગળ વગેરે ખીસામાં રાખી ઝાડો-પેશાબ કરવો.

૧૦) તોતડા-બોબડા વગેરેની મશ્કરી કરવી.

૧૧) લખેલા કે કોરા કાગળ વગેરે બાળવા, ફાડવા વગેરે.

૧૨) અક્ષરવાળી થાળી વગેરેમાં જમવું વગેરે.

૧૩) અક્ષરવાળી વસ્તુ ખાવી.

૧૪) લખેલા કે કોરા કાગળ ઉપર બેસવું, સુવું, ચાલવું વગેરે.

૧૫) પુસ્તક વગેરેને પગ લગાડવો, થુંક લગાડવું, બગલમાં-પહેરેલા કપડામાં રાખવા.

૧૬) થુંકથી અક્ષર ભૂસવા.

૧૭) અવિધિથી યોગ, ઉપધાન કરવા-કરાવવા.

૧૮) પુસ્તક વગેરે ભૂમિ ઉપર મૂકવા.

૧૯) લખેલા કે કોરા કાગળ વગેરેથી વિષ્ટા વગેરે સાફ કરવા.

૨૦) અપશબ્દ બોલવા.

આ અને આવા અન્ય હેતુઓથી જ્ઞાનાવરણ કર્મ બંધાય છે.

**૨) દર્શનાવરણ –**

૧) દર્શન (ચક્ષુદર્શન વગેરે), દર્શની (સાધુ વગેરે) અને દર્શનના સાધનો (આંખ, કાન, નાક વગેરે) પ્રત્યે.

૧) દુશ્મન જેવું વર્તન કરવું, અનિષ્ટ આચરણ કરવું.

૨) અપલાપ કરવો.

૩) મૂળથી નાશ કરવો.

૪) માનસિક અપ્રીતિ કરવી.

૫) આહાર, પાણી, ઉપાશ્રય, વસ્ત્ર વગેરે મળવામાં અંતરાય કરવો.

૬) જાતિ વગેરે પ્રગટ કરી નિંદા કરવી.

૨) આંખ, કાન, જીભ વગેરે કાપવા.

૩) હિંસા, જૂઠ, ચોરી, મૈથુન, પરિગ્રહ, રાત્રિભોજનની વિરતિ ન કરવી.

આ અને આવા અન્ય હેતુઓથી દર્શનાવરણ કર્મ બંધાય છે.

**૩) વેદનીય –**

**૧) સાતાવેદનીય –**

૧) ગુરૂભક્તિ (માતા, પિતા, ધર્માચાર્ય વગેરેની ભક્તિ)

૨) ક્ષમા

૩) કરૂણા

૪) દેશવિરતિ કે સર્વવિરતિ (દેશવિરતિ = **પાપોના આંશિક ત્યાગની પ્રતિજ્ઞા**, સર્વવિરતિ = **પાપોના સર્વ ત્યાગની પ્રતિજ્ઞા**)

૫) સરાગસંયમ (રાગથી સંયમ પાળવું)

૬) દશ પ્રકારની સામાચારી પાળવી.

૭) ક્રોધ વગેરે કષાયો ઉપર વિજય મેળવવો.
૮) દાનમાં રૂચિ રાખવી.
૯) ધર્મમાં દૃઢતા.
૧૦) જિનેશ્વર ભગવાન અને ચૈત્યની પૂજામાં તત્પરતા.
૧૧) સુપાત્રદાન
૧૨) અકામનિર્જરા (ઇચ્છા વિના સહન કરવાથી જે કર્મ ખપે તે અકામનિર્જરા.)
૧૩) શૌચ (મન, વચન, કાયાની પવિત્રતા)
૧૪) બાળતપ (અજ્ઞાની જીવોનો તપ)
૧૫) અહિંસા
૧૬) બીજાને સાતા આપવી.
૧૭) બીજાની પીડા દૂર કરવી.

આ અને આવા અન્ય હેતુઓથી સાતા વેદનીય કર્મ બંધાય છે.

**૨) અસાતાવેદનીય –**

૧) સાતાવેદનીયના બંધના હેતુઓથી વિપરીત કરવું.
૨) ગુરૂની અવજ્ઞા કરવી.
૩) ગુસ્સો કરવો.
૪) નિર્દયતા.
૫) વ્રતો ન લેવા.
૬) ઉત્કૃષ્ટ કષાયો કરવા.
૭) કંજૂસાઇ કરવી.
૮) હાથી-બળદ-ઘોડા વગેરેને મારવા, પીડા કરવી, તેમની પાસે ભાર ઉચકાવવો, અંગોપાંગ છેદવા વગેરે.
૯) પોતાને કે બીજાને દુઃખ આપવું.
૧૦) પોતે શોક કરવો કે બીજાને શોક કરાવવો.
૧૧) પોતાનો કે બીજાનો વધ કરવો.
૧૨) પોતે રડવું કે બીજાને રડાવવા.
૧૩) બીજાને અસાતા આપવી.

આ અને આવા અન્ય હેતુઓથી અસાતા વેદનીય કર્મ બંધાય છે.

**૪) મોહનીય –**

**(૧) દર્શનમોહનીય–**

૧) ઉન્માર્ગ દેશના (સંસારના કારણોને મોક્ષના કારણો તરીકે ઉપદેશવા).

૨) મોક્ષમાર્ગનો નાશ કરવો (દર્શન-જ્ઞાન-ચારિત્ર રૂપ મોક્ષમાર્ગનો લોપ કરવો)

૩) દેવદ્રવ્યનું હરણ, ભક્ષણ અને ઉપેક્ષા કરવી.

૪) જિનેશ્વર ભગવાન, મુનિ, જિનપ્રતિમા, ચૈત્ય, સંઘ, સિદ્ધ, ગુરૂ, શ્રુતજ્ઞાન વગેરેની નિંદા અને આશાતના કરવી.

૫) જૈનધર્મના કોઇ પણ અંગની જુગુપ્સા કરવી.

૬) બીજાને જૈનધર્મ અને તેના કોઇપણ અંગ પ્રત્યે તિરસ્કાર થાય તેવી પ્રવૃત્તિ કરવી.

૭) ગુરૂને અપ્રસન્ન કરવા.

૮) જિનવચનમાં શંકા કરવી.

૯) કુદેવ, કુગુરૂ, કુધર્મને માનવા.

૧૦) મિથ્યા પર્વો ઉજવવા.

આ અને આવા અન્ય હેતુઓથી દર્શનમોહનીય કર્મ બંધાય છે.

**(૨) ચારિત્રમોહનીય–**

૧) કષાયો કરવાથી કષાયમોહનીય કર્મ બંધાય છે.

૨) સામાન્યથી હાસ્ય વગેરે છ નું સેવન કરવાથી હાસ્ય મોહનીય વગેરે છ પ્રકારનું નોકષાય મોહનીય કર્મ બંધાય છે.

૩) સામાન્યથી વિષયોનું સેવન કરવાથી વેદમોહનીય કર્મ બંધાય છે.

૪) વિશેષથી **હાસ્ય મોહનીય–**

i) મશ્કરી

ii) કામોત્તેજક હાસ્ય

iii) હાસ્યનો સ્વભાવ

iv) વાચાળતા

v) દીનતા

આ અને આવા અન્ય હેતુઓથી હાસ્યમોહનીય કર્મ બંધાય છે.

**૫) રતિમોહનીય –**

(i) દેશ વગેરે જોવાની ઉત્સુકતા.

(ii) વિચિત્ર પ્રકારની કામક્રીડા.

(iii) બીજાના ચિત્તનું આકર્ષણ કરવું.

આ અને આવા અન્ય હેતુઓથી રતિમોહનીય કર્મ બંધાય છે.

**૬) અરતિમોહનીય–**

(i) ઇર્ષ્યા.

(ii) પાપ કરવાનો સ્વભાવ.

(iii) બીજાની રતિનો નાશ કરવો.

(iv) ખરાબ કાર્યોમાં પ્રોત્સાહન કરવું.

આ અને આવા અન્ય હેતુઓથી અરતિમોહનીય કર્મ બંધાય છે.

**૭) ભયમોહનીય –**

(i) સ્વયં ભય પામવો.

(ii) બીજાને બીવડાવવા.

(iii) બીજાને ત્રાસ આપવો.

(iv) નિર્દયતા.

આ અને આવા અન્ય હેતુઓથી ભયમોહનીય કર્મ બંધાય છે.

**૮) શોકમોહનીય –**

(i) સ્વયં શોક કરવો.

(ii) બીજાને શોક કરાવવો.

(iii) રડવું, માથુ કુટવું, છાતી કુટવી.

આ અને આવા અન્ય હેતુઓથી શોકમોહનીય કર્મ બંધાય છે.

**૯) જુગુપ્સામોહનીય –**

(i) ચતુર્વિધ સંઘની નિંદા કરવી.

(ii) ચતુર્વિધ સંઘની જુગુપ્સા કરવી.

(iii) સદાચારની જુગુપ્સા કરવી.

આ અને આવા અન્ય હેતુઓથી જુગુપ્સામોહનીય કર્મ બંધાય છે.

**૧૦) સ્ત્રીવેદ મોહનીય**

(i) ઇર્ષ્યા

(ii) ખેદ

(iii) માયા

(iv) વિષયોની આસક્તિ

(v) જૂઠ બોલવું.

(vi) અતિવક્રતા

(vii) પરસ્ત્રીસેવનમાં આસક્તિ

આ અને આવા અન્ય હેતુઓથી સ્ત્રીવેદ મોહનીય કર્મ બંધાય છે.

**૧૧) પુરૂષવેદ મોહનીય –**

(i) સ્વસ્ત્રીસંતોષ

(ii) ઇર્ષ્યારહિતપણું

(iii) મંદકષાયપણું

(iv) સરળતા

આ અને આવા અન્ય હેતુઓથી પુરૂષવેદ મોહનીય કર્મ બંધાય છે.

**૧૨) નપુંસકવેદ મોહનીય –**

(i) સ્ત્રી-પુરૂષ સાથે કામક્રીડા

(ii) ઉગ્રકષાયો

(iii) તીવ્ર કામાભિલાષા

(iv) વ્રતધારી સ્ત્રીના વ્રતનો ભંગ

આ અને આવા અન્ય હેતુઓથી નપુંસકવેદ મોહનીય કર્મ બંધાય છે.

સામાન્યથી **ચારિત્ર મોહનીય કર્મ બાંધવાના હેતુઓ**–

(૧) કષાયો, વિષયો અને હાસ્ય વગેરેમાં પરવશતા.

(૨) સાધુની નિંદા કરવી.

(૩) ધર્મસન્મુખ બનેલાઓને અંતરાય કરવો.

(૪) દારૂ, માંસ વગેરેની વિરતિવાળા આગળ અવિરતિની પ્રશંસા કરવી.

(૫) દેશવિરતિ, સર્વવિરતિમાં બીજાને અંતરાય કરવો.

(૬) અસંયમીના ગુણાનુવાદ કરવા.

(૭) સંયમીના દૂષણ બોલવા.

(૮) કષાય-નોકષાયની ઉદીરણા કરવી વગેરે.

**૫) આયુષ્ય –**

**૧) નરકાયુષ્ય–**

૧) મહારંભ　２) મહાપરિગ્રહ　૩) રૌદ્રપરિણામ

૪) પંચેન્દ્રિયની હિંસા　૫) માંસાહાર　૬) દૃઢ વૈર

૭) મહામિથ્યાત્વ　૮) અનંતાનુબંધી કષાય

૯) કૃષ્ણલેશ્યા, નીલલેશ્યા, કાપોતલેશ્યા　૧૦) જૂઠ બોલવું

૧૧) ચોરી　૧૨) વારંવાર મૈથુન સેવન

૧૩) ઇન્દ્રિયોની પરવશતા　૧૪) રાત્રિભોજન

આ અને આવા અન્ય હેતુઓથી નરકાયુષ્ય કર્મ બંધાય છે.

**૨) તિર્યંચાયુષ્ય –**

૧) હૃદય ગૂઢ હોવું.　૨) શઠતા

૩) સશલ્યપણું (વ્રતોના અતિચાર કે પાપશલ્યોના આલોચના-પ્રાયશ્ચિત્ત ન કરવા)　૪) ઉન્માર્ગદેશના.

૫) માર્ગનો નાશ કરવો.　૬) માયા

૭) આરંભ, પરિગ્રહ　૮) શીલવ્રતમાં અતિચાર લગાડવા.

૯) નીલલેશ્યા, કાપોતલેશ્યા.　૧૦) અપ્રત્યાખ્યાનીય કષાય

આ અને આવા અન્ય હેતુઓથી તિર્યંચાયુષ્ય બંધાય છે.

**૩) મનુષ્યાયુષ્ય–**

૧) અલ્પ આરંભ　૨) અલ્પ પરિગ્રહ

૩) કષાયોની મંદતા　૪) દાનરૂચિ

૫) મધ્યમ ગુણો　૬) કાપોતલેશ્યા, તેજોલેશ્યા

૭) ધર્મધ્યાનનો રાગ　૮) પ્રત્યાખ્યાનીય કષાય

૯) દેવ-ગુરૂની પૂજા　૧૦) અતિથિસંવિભાગ (સાધુ, સાધર્મિક વગેરેની અન્ન વગેરેથી ભક્તિ કરવી)

૧૧) મધુર બોલવું　૧૨) સામેથી બોલાવવું.

૧૩) સુખેથી સમજાવી શકાય તેવો સ્વભાવ

૧૪) લોકવ્યવહારમાં મધ્યસ્થપણું.

આ અને આવા અન્ય હેતુઓથી મનુષ્યાયુષ્ય બંધાય છે.

**૪) દેવાયુષ્ય–**

| | |
|---|---|
| ૧) સમ્યક્ત્વ | ૨) દેશવિરતિ |
| ૩) સર્વવિરતિ | ૪) સરાગસંયમ |
| ૫) બાળતપ | ૬) અકામનિર્જરા |
| ૭) કલ્યાણમિત્રનો સંગ | ૮) ધર્મ સાંભળવાનો સ્વભાવ |
| ૯) સુપાત્રદાન | ૧૦) તપ |
| ૧૧) પદ્મલેશ્યા, શુક્લલેશ્યા | ૧૨) દર્શન-જ્ઞાન-ચારિત્રની આરાધના |

૧૩) અગ્નિ, પાણી વડે મરવું કે ફાંસો ખાઇને મરવું (એ વખતે શુભ પરિણામ હોય તો)

૧૪) અવ્યક્ત સામાયિક (સમજણ વિનાનું સામાયિક)

આ અને આવા અન્ય હેતુઓથી દેવાયુષ્ય બંધાય છે.

**૬) નામકર્મ –**

**(૧) શુભ નામકર્મ–**

| | |
|---|---|
| ૧) સરળતા | ૨) ગારવરહિતપણું |
| ૩) સંસારભીરુતા | ૪) ક્ષાંતિ |
| ૫) લઘુતા | ૬) નમ્રતા વગેરે ગુણો |
| ૭) ધર્મી પુરૂષોના દર્શનથી આનંદ થવો અને તેમનું સ્વાગત કરવું. | ૮) પરોપકારમાં પરાયણ |

આ અને આવા અન્ય હેતુઓથી શુભ નામકર્મ બંધાય છે.

**(૨) અશુભ નામકર્મ–**

| | |
|---|---|
| ૧) માયા | ૨) ગૌરવ |
| ૩) મન-વચન કાયાનું વક્રપણું | ૪) બીજાને ઠગવા |
| ૫) મિથ્યાત્વ | ૬) ચાડી ખાવી |
| ૭) ચિત્તની ચંચળતા | ૮) સોના વગેરેમાં નકલ, ભેળસેળ કરવી |
| ૯) ખોટી સાક્ષી આપવી | ૧૦) વર્ણ, ગંધ, રસ, સ્પર્શ અન્ય રીતના કરવા |

૧૧) અંગોપાંગ છેદવા
૧૨) યંત્રકર્મ (યંત્રો ચલાવવા)
૧૩) પક્ષીઓને પાંજરામાં પૂરવા
૧૪) ખોટા તોલ-માપ કરવા
૧૫) ખોટા ત્રાજવા બનાવવા
૧૬) પરનિંદા
૧૭) સ્વપ્રશંસા
૧૮) હિંસા, જૂઠ, ચોરી, મૈથુન, પરિગ્રહ
૧૯) કઠોર વચન તથા અસભ્ય વચન બોલવા
૨૦) સારા વેષનો અહંકાર કરવો
૨૧) વાચાળતા
૨૨) આક્રોશ
૨૩) અન્યના સૌભાગ્યનો નાશ કરવો
૨૪) કામણ-દૂમણની ક્રિયા કરવી.
૨૫)બીજાને કૂતૂહલ ઉપજાવવું
૨૬) બીજાને હેરાન કરવા.
૨૭) બીજાની મશ્કરી કે વિડંબણા કરવી
૨૮) વેશ્યા વગેરેને અલંકાર આપવા.
૨૯) દાવાનળ સળગાવવો
૩૦) દેવ વગેરેના બહાનાથી ગંધ વગેરે દ્રવ્યોની ચોરી કરવી.
૩૧)તીવ્ર કષાયો કરવા
૩૨) પ્રતિમા, મંદિર, ઉપાશ્રય, બગીચાનો વિનાશ કરવો.
૩૩) અંગારકર્મ વગેરે પંદર કર્માદાનના ધંધા કરવા.

આ અને આવા અન્ય હેતુઓથી અશુભ નામકર્મ બંધાય છે. પૂર્વે શુભ નામકર્મના સામાન્યથી હેતુઓ બતાવ્યા હતા. અહીં તીર્થંકર નામકર્મના વિશિષ્ટ હેતુઓ બતાવાય છે.

**(૩) તીર્થંકર નામકર્મ–**

૧) સમ્યગ્દર્શનની નિર્મળતા
૨) વિનયથી યુક્તપણું
૩) શીલવ્રતોમાં અતિચારોનો અભાવ
૪) પ્રતિક્ષણ જ્ઞાનનો ઉપયોગ
૫) સંવેગ
૬) શક્તિ મુજબ ત્યાગ-તપ
૭) સંઘ અને સાધુને સમાધિ આપવી
૮) સંઘ અને સાધુની વૈયાવચ્ચ કરવી

૯) અરિહંત, આચાર્ય, બહુશ્રુત અને પ્રવચનની ભક્તિ

૧૦)આવશ્યક ક્રિયાની અખંડ સાધના

૧૧) શાસન પ્રભાવના

૧૨) સંઘવાત્સલ્ય

૧૩)અરિહંત, સિદ્ધ, પ્રવચન વગેરે વીસ સ્થાનકની આરાધના

૧૪)અભયદાન

૧૫) સાધર્મિક ભક્તિ

આ અને આવા અન્ય હેતુઓથી તીર્થંકર નામકર્મ બંધાય છે.

**૭) ગોત્રકર્મ –**

**(૧) ઉચ્ચગોત્ર–**

૧) બીજાના ગુણ જોવા

૨) બીજાના દોષો પ્રત્યે ઉદાસીનતા

૩) મદ ન કરવો

૪) અધ્યયન-અધ્યાપનની રૂચિ (સ્વયં ભણવું, બીજાને ભણાવવા)

૫) અર્થનું ચિંતન કરવું

૬) બીજાને અર્થનું વ્યાખ્યાન કરવું.

૭) ભણવા-ભણાવવાની શક્તિ ન હોય તો બીજાને ભણતા-ભણાવતા જોઇ તીવ્ર બહુમાનપૂર્વક અનુમોદના કરવી.

૮) જિન, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ, ચૈત્ય વગેરેની પ્રત્યે ભક્તિ-બહુમાન રાખવા.

૯) બીજા ગુણીજનો પ્રત્યે બહુમાન રાખવું.

૧૦) સુકૃતની અનુમોદના કરવી.

૧૧) ગુણીજનોની અનુમોદના કરવી.

આ અને આવા અન્ય હેતુઓથી નીચગોત્ર કર્મ બંધાય છે.

**(૨) નીચગોત્ર–**

૧) ઉચ્ચગોત્ર કર્મ બંધ હેતુઓથી વિપરીત આચરવું.

૨) બીજાની નિંદા કરવી.

૩) બીજાની અવજ્ઞા, મશ્કરી.

૪) બીજાના ગુણ ઢાંકવા.

૫) બીજાના સાચા કે ખોટા દોષો કહેવા.

૬) પોતાના સાચા કે ખોટા ગુણોની પ્રશંસા કરવી.

૭) પોતાના દોષ ઢાંકવા

૮) પોતાના જાતિ, કુળ વગેરેનું અભિમાન કરવું.

આ અને આવા અન્ય હેતુઓથી નીચગોત્ર કર્મ બંધાય છે.

**૮) અંતરાયકર્મ –**

૧) જિનપૂજામાં વિઘ્ન કરવું. ('જિનપૂજામાં હિંસા થાય છે, માટે ગૃહસ્થે પણ ન કરવી' વગેરે દેશના વગેરેથી જિનપૂજાનો નિષેધ કરવો)

૨) હિંસા, જૂઠ, ચોરી, મૈથુન, પરિગ્રહ, રાત્રિભોજન વગેરેમાં પરાયણ.

૩) મોક્ષમાર્ગમાં વિઘ્ન કરવા.

૪) સાધુઓને આહાર, પાણી, ઉપાશ્રય, ઉપકરણ, ઔષધ વગેરે આપનારને અટકાવવા.

૫) બીજાને દાન, લાભ, ભોગ, ઉપભોગમાં અંતરાય કરે.

૬) મંત્ર વગેરેના પ્રયોગથી બીજાની શક્તિને હણે.

૭) વધ, બંધન, નિરોધ વગેરેથી બીજાને ચેષ્ટા રહિત કરે.

૮) છેદન-ભેદનથી બીજાની શક્તિને હણે.

૯) પશુ-પક્ષિઓને ભોજનમાં અંતરાય કરવો.

૧૦) ધર્મમાં શક્તિ ગોપવવી.

૧૧) સંસારમાં શક્તિનો ઉપયોગ કરવો.

આ અને આવા અન્ય હેતુઓથી અંતરાયકર્મ બંધાય છે.

પૂર્વે કહ્યા તે કર્મબંધના મુખ્ય કારણો, અહીં કહ્યા તે કર્મબંધના વિશિષ્ટ હેતુઓ અને આગળ કહેવાશે તે આસ્રવોને જાણીને આત્મા કર્મોથી ભારે ન બને એ માટે પ્રયત્નશીલ બનવું.

## આત્મામાં કર્મોને આવવાના INLETS (આસ્રવો)

ગટરો દ્વારા ગંદકી સમુદ્રમાં આવે છે. તેમ ૪૨ પ્રકારના આસ્રવો દ્વારા કર્મો આત્મામાં આવે છે. પૂર્વે કર્મબંધના મુખ્ય પાંચ કારણો બતાવ્યા હતા. પછી દરેક કર્મના વિશિષ્ટ હેતુઓ બતાવ્યાં. હવે અહીં સામાન્યથી બધા કર્મોને આત્મામાં આવવાના સામાન્ય કારણો બતાવાય છે. **આત્મામાં કર્મોને આવવાના કારણો આસ્રવો કહેવાય છે.** તે ૪૨ પ્રકારના છે. તે આ પ્રમાણે–

(૧-૫) ઇન્દ્રિય-૫-પાંચ ઇન્દ્રિયોને પરવશપણું. ઇન્દ્રિયોના અનુકૂળ વિષયોમાં રાગ કરવો અને પ્રતિકૂળ વિષયોમાં દ્વેષ કરવો.

(૬-૯) કષાય-૪-ક્રોધ, માન, માયા, લોભ

(૧૦-૧૪) અવ્રત-૫-હિંસા, જૂઠ, ચોરી, મૈથુન, પરિગ્રહ

(૧૫-૧૭) યોગ-૩-મન-વચન-કાયાની પ્રવૃત્તિ

(૧૮-૪૨) **૨૫ પ્રકારની ક્રિયાઓ.** તે આ પ્રમાણે છે–

(૧) **કાયિકી** - કાયાને જયણા વિના પ્રવર્તાવવી. દા.ત. જોયા વિના ચાલવું-દોડવું-કુદવું, જોયા-પૂંજ્યા વિના પડખું ફેરવવું, ઊઠવું, બેસવું, બારી-બારણા ખોલ-બંધ કરવા, વસ્તુ લેવી મૂકવી.

(૨) **અધિકરણિકી**-નવા શસ્ત્રો બનાવવા, અથવા જૂના શસ્ત્રોને પરસ્પર જોડવા.

(૩) **પ્રાદ્વેષિકી** - જીવ કે અજીવ ઉપર દ્વેષ કરવો.

(૪) **પારિતાપનિકી** - પોતાને કે બીજાને પીડા ઉપજાવવી.

(૫) **પ્રાણાતિપાતિકી** - પોતાને કે બીજાને મારી નાંખવા.

(૬) **આરંભિકી** - જીવ કે અજીવનો આરંભ (હિંસા) થાય તેવી પ્રવૃત્તિ કરવી.

(૭) **પારિગ્રહિકી** - ધન-ધાન્ય વગેરેનો સંગ્રહ કરવો અને તેમની ઉપર મમત્વ કરવું.

(૮) **માયાપ્રત્યયિકી** - અંદરનો ભાવ છુપાવી બહાર બીજુ બતાવવું, જૂઠા સાક્ષી-લેખ કરવા.

(૯) **મિથ્યાદર્શનપ્રત્યયિકી** - મિથ્યાત્વના કારણે થતી ક્રિયા.

(૧૦) **અપ્રત્યાખ્યાનિકી** - પચ્ચક્ખાણના અભાવે થતી ક્રિયા.

(૧૧) **દૃષ્ટિકી** - જીવ કે અજીવને રાગથી જોવા.

(૧૨) **સ્પૃષ્ટિકી** - જીવ કે અજીવને રાગથી સ્પર્શ કરવો.

(૧૩) **પ્રાતિત્યકી** - બીજાના હાથી, ઘોડા, આભૂષણ, ઘરેણા વગેરે જોઇ રાગ-દ્વેષ કરવા.

(૧૪) **સામંતોપનિપાતિકી** - પોતાના હાથી, ઘોડા, રથ, આભૂષણો વગેરે જોઇને બીજા પ્રશંસા કરે કે નિંદા કરે તો રાગ-દ્વેષ કરવા, નાટક-સિનેમા-તમાશા-ખેલ વગેરે દેખાડવા, ઘી-તેલ વગેરેના વાસણો ઉઘાડા મુકવા.

(૧૫) **નૈસૃષ્ટિકી** - બીજા પાસે શસ્ત્ર વગેરે ઘડાવવા, યંત્ર વગેરેથી કુવા-સરોવર વગેરે ખાલી કરાવવા, યોગ્ય શિષ્યને કાઢી મુકવો, શુદ્ધ આહાર-પાણી વિના કારણે પરઠવવા.

(૧૬) **સ્વહસ્તિકી** - પોતાના હાથે જીવ કે અજીવને મારી નાંખવા.

(૧૭) **આજ્ઞાપનિકી** - કોઇની પાસે આજ્ઞા દ્વારા સાવદ્ય (પાપ લાગે તેવું) કામ કરાવવું.

(૧૮) **વૈદારણિકી** - જીવ કે અજીવને ફાડી નાંખવા, ઠગાઇ કરવી.

(૧૯) **અનાભોગિકી** - જોયા-પૂંજ્યા વિના કંઇપણ લેવું-મુકવું.

(૨૦) **અનવકાંક્ષાપ્રત્યયિકી** - પોતાના કે બીજાના હિતને અવગણીને આલોક કે પરલોક વિરૂદ્ધ આચરણ, ચોરી, પરસ્ત્રીગમન વગેરે કરવું.

(૨૧) **પ્રાયોગિકી** - મન-વચન-કાયાની શુભ-અશુભ પ્રવૃત્તિ કરવી.

(૨૨) **સામુદાયિકી** - કર્મનો સંગ્રહ થાય તેવી પ્રવૃત્તિ કરવી, લોક સમુદાય ભેગા થઇને ક્રિયા કરવી.

(૨૩) **પ્રેમિકી** - પોતે પ્રેમ કરવો, બીજાને પ્રેમ ઉપજાવે તેવી ક્રિયા કરવી.

(૨૪) **દ્વેષિકી** - પોતે દ્વેષ કરવો, બીજાને દ્વેષ ઉપજાવે તેવી ક્રિયા કરવી.

(૨૫) **ઇર્યાપથિકી** - માત્ર યોગને લીધે થનારી ક્રિયા. (મિથ્યાત્વ, અવિરતિ, કષાય વિનાની) આ ક્રિયા ૧૧મા, ૧૨મા, ૧૩મા ગુણઠાણે હોય છે. (ગુણઠાણાનું સ્વરૂપ આગળ બતાવાશે.)

૪૨ આસ્રવોથી આત્મામાં કર્મો આવે છે અને તેનાથી આત્મા મલિન થાય છે.

આત્માને કર્મોથી ગંદો થતો અટકાવવો હોય તો આ ૪૨ આસ્રવોનો ત્યાગ કરવો જરૂરી છે. માટે ૪૨ આસ્રવોના ત્યાગ માટે પ્રયત્નશીલ બનવું.

# આત્મામાં કર્મોને આવતા અટકાવવાના બારણાં (સંવર)

ઘરની જાળી ખુલ્લી હોય તો ચોર, ભિખારી, અજાણ્યો માણસ, કૂતરો વગેરે ઘરમાં પેસી જાય છે. જાળી બંધ કર્યા પછી કોઇ અંદર આવી શકતું નથી. આસ્રવો એટલે જાળી ખોલવી. આસ્રવોથી કર્મો આત્મામાં પેસી જાય છે. સંવર એટલે જાળી બંધ કરવી. આત્મામાં કર્મોને પેસતા અટકાવવા હોય તો ૫૭ પ્રકારના સંવરનું આચરણ કરવું જોઇએ. જેનાથી આત્મામાં કર્મો આવતા અટકે તે સંવર. તેના ૫૭ પ્રકાર છે. તે આ પ્રમાણે-

૧) **૫ સમિતિ** – સમિતિ એટલે સારી પ્રવૃત્તિ. તેના પાંચ પ્રકાર છે. તે આ પ્રમાણે–

૧) **ઇર્યાસમિતિ** – લોકો વડે ખુંદાયેલા પ્રકાશવાળા રસ્તે જીવરક્ષા માટે સાડા ત્રણ હાથ ભૂમિને જોતા જોતા ઉપયોગપૂર્વક ચાલવું તે.

૨) **ભાષાસમિતિ** – મુહપતિના ઉપયોગપૂર્વક નિરવદ્ય (જેનાથી પાપ ન લાગે તેવા) વચનો બોલવા તે. **જેનાથી પાપ લાગે તેવા વચન તે સાવદ્ય વચન.** જેમકે, આદેશના વચનો, આરંભની અનુમોદનાના વચનો, અસત્ય વચનો, ચોક્કસ જકારપૂર્વકના વચનો. આનાથી વિપરીત વચનો તે નિરવદ્ય વચનો.

૩) **એષણાસમિતિ** – શાસ્ત્રમાં કહેલી વિધિ મુજબ ૪૨ દોષોથી રહિત આહાર વગેરે ગ્રહણ કરવો તે.

૪) **આદાનભાંડમાત્રનિક્ષેપણાસમિતિ** – વસ્ત્ર, પાત્રા વગેરે કંઇ પણ લેતા મૂકતા, આસન સંથારો વગેરે કંઇ પણ પાથરતા જોવું તથા પ્રમાર્જવું તે.

૫) **પારિષ્ઠાપનિકાસમિતિ** – મળ, મૂત્ર, કફ, બળખો, થુંક, અશુદ્ધ આહાર, નિરૂપયોગી વસ્ત્ર વગેરેને વિધિપૂર્વક જીવરહિત જગ્યાએ પરઠવવું તે.

૨) **૩ ગુપ્તિ** – ગુપ્તિ એટલે મન-વચન-કાયાની પ્રવૃત્તિ પર નિયંત્રણ. તેના ત્રણ પ્રકાર છે. તે આ પ્રમાણે–

(૧) **મનગુપ્તિ** – મનને અશુભ વિચારથી અટકાવવું અને શુભ વિચારમાં પ્રવર્તાવવું તે.

(૨) **વચનગુપ્તિ** – સાવદ્ય વચનથી અટકવું અને નિરવદ્ય વચનમાં મુહપત્તિના ઉપયોગપૂર્વક પ્રવૃત્તિ કરવી તે.

(૩) **કાયગુપ્તિ** – કાયાને સાવદ્યથી રોકવી અને નિરવદ્યમાં પ્રવર્તાવવી તે.

૩) **૨૨ પરીષહ** – કર્મની નિર્જરા (આત્મા પરથી દૂર કરવા) માટે સંયમમાર્ગનો ત્યાગ કર્યા વિના સમતાપૂર્વક સહન કરવા યોગ્ય તે પરીષહ. તે ૨૨ પ્રકારના છે. તે આ પ્રમાણે–

(૧) **ક્ષુધા** – ભૂખને સહન કરવી, પણ દોષિત આહાર કે અભક્ષ્ય આહારને ગ્રહણ કરવો કે ખાવો નહીં, તથા મનમાં આર્તધ્યાન ન કરવું.

(૨) **તૃષા** – તરસને સહન કરવી, પણ સચિત્ત પાણી કે મિશ્ર પાણીનો ઉપયોગ ન કરવો.

(૩) **શીત** – ઠંડી સહન કરવી, પણ અકલ્પ્ય વસ્ત્ર વગેરે કે અગ્નિ વગેરેની ઇચ્છા કરવી નહીં.

(૪) **ઉષ્ણ** – ગરમી, તાપ વગેરે સહન કરવા, પણ છત્રી, સ્નાન, વિલેપન, પંખા કે શરીર ઉપર પાણીના ટીપા નાંખવાની ઇચ્છા ન કરવી.

(૫) **દંશ** – મચ્છર, જૂ, માંકડ, ડાંસ વગેરે ડંખ મારે તો પણ ત્યાંથી ખસી અન્ય સ્થાને જવાની ઇચ્છા ન કરવી, તેમને મારવા **નહી,** તેમની ઉપર દ્વેષ ન કરવો.

(૬) **અચેલ** – વસ્ત્ર ન મલે કે જીર્ણ મળે તો પણ દીનતા ન કરવી, બહુ મૂલ્યવાન વસ્ત્રોની ઇચ્છા ન કરવી, જીર્ણ વસ્ત્ર પહેરવા.

(૭) **અરતિ** – સંયમમાં પ્રતિકૂળતા વગેરે આવે ત્યારે કંટાળો ન લાવવો, શુભભાવના ભાવવી, સંયમ છોડવાની ઇચ્છા ન કરવી.

(૮) **સ્ત્રી** – સ્ત્રીને રાગપૂર્વક જોવી નહી, તેના અંગોપાંગ જોવા નહી, તેનું ધ્યાન કરવું નહીં, તેને આધીન થવું નહીં.

(૯) **ચર્યા**–એક સ્થાનમાં હંમેશા ન રહેતા વિહાર કરવો, વિહારમાં કંટાળવું નહીં.

(૧૦) **નૈષેધિકી સ્થાન** – શૂન્યગૃહ, શ્મશાન વગેરે સ્થાનોમાં રહેવું, સ્ત્રી-પશુ-નપુંસક વગેરેથી રહિત સ્થાનમાં રહેવું, પ્રતિકૂળ સ્થાન હોવા છતાં ઉદ્વેગ ન કરવો.

(૧૧) **શય્યા** – પ્રતિકૂળ શય્યા મળે તો ઉદ્વેગ ન કરવો, અનુકૂળ શય્યા મળે તો હર્ષ ન કરવો.

(૧૨) **આક્રોશ** – કોઇ તિરસ્કાર કરે તો તેની ઉપર દ્વેષ ન કરવો, ખરાબ વિચાર ન કરવા.

(૧૩) **વધ** – કોઇ મારી નાંખે તો પણ મારનાર ઉપર દ્વેષ ન કરવો, ખરાબ વિચાર ન કરવા.

(૧૪) **યાચના** – આહાર, પાણી, વસ્ત્ર વગેરેની યાચનામાં લજ્જા ન રાખવી.

(૧૫) **અલાભ** – યાચના કરવા છતાં વસ્તુ ન મળે તો ઉદ્વેગ ન કરવો, પણ લાભાંતરાય કર્મના ઉદયને વિચારવો.

(૧૬) **રોગ** – રોગને સહન કરવો, નિર્દોષ ઉપચાર કરવા અને રોગ દૂર ન થાય તો પોતાના કર્મના ઉદયને વિચારવો.

(૧૭) **તૃણ** – ઘાસના સંથારાની અણીઓ શરીરમાં વાગે કે વસ્ત્રનો સંથારો ખૂંચે તો પણ ઉદ્વેગ ન કરતાં સહન કરવું.

(૧૮) **મલ** – શરીર, કપડા વગેરે મેલા થાય તો પણ દુર્ગંચ્છા ન કરવી, તેને દૂર કરવાનો પ્રયત્ન ન કરવો.

(૧૯) **સત્કાર** – લોકમાં માન, સત્કાર મળે તો આનંદ ન પામવો અને ન મળે તો ઉદ્વેગ ન કરવો.

(૨૦) **પ્રજ્ઞા** – બહુ બુદ્ધિશાળી કે જ્ઞાની હોવાથી લોકો પ્રશંસા કરે તો અભિમાન ન કરવું પણ પૂર્વેના અનેકગુણા બુદ્ધિશાળી અને જ્ઞાની પુરૂષોને વિચારી નમ્ર બનવું.

(૨૧) **અજ્ઞાન** – બુદ્ધિ મંદ હોવાને લીધે જ્ઞાન ચડતું ન હોય તો ઉદ્વેગ ન કરવો, કંટાળો ન લાવવો, પણ જ્ઞાનાવરણીય કર્મનો ઉદય વિચારવો.

(૨૨) **સમ્યક્ત્વ** – કષ્ટ કે ઉપસર્ગ આવે કે શાસ્ત્રના સૂક્ષ્મ અર્થ સમજાય નહીં કે બીજા ધર્મમાં ચમત્કાર દેખાય તો પણ જિનધર્મથી ચલિત ન થવું.

૪) **૧૦ યતિધર્મ** – યતિ એટલે સાધુ. તેનો ધર્મ તે યતિધર્મ. તે ૧૦ પ્રકારનો છે. તે આ પ્રમાણે.

(૧) **ક્ષમા** – ક્રોધનો અભાવ.

(૨) **નમ્રતા** – અભિમાનનો અભાવ.

(૩) **સરળતા** – માયાનો અભાવ.

(૪) **સંતોષ** – લોભનો અભાવ.

(૫) **તપ** – ઇચ્છાનો નિરોધ કરવો તે.

(૬) **સંયમ** – તે ૧૭ પ્રકારનું છે-૫ મહાવ્રત, ૫ ઇન્દ્રિયોને કાબુમાં રાખવી, ૪ કષાયોને જીતવા, ૩ દંડ (મન-વચન-કાયાની અશુભ પ્રવૃત્તિ)ની નિવૃત્તિ.

(૭) **સત્ય** – પ્રિય, પથ્ય (હિતકારી) અને તથ્ય (સત્ય) વચન બોલવું.

(૮) **શૌચ** – મન-વચન-કાયાની પવિત્રતા.

(૯) **અકિંચનતા** – કોઇ પણ વસ્તુ ઉપર મમત્વ ન રાખવું.

(૧૦) **બ્રહ્મચર્ય** – મન-વચન-કાયાથી મૈથુનનો ત્યાગ કરવો.

૫) **૧૨ ભાવના** – જેનાથી આત્મા ભાવિત થાય તે ભાવના. પાણીમાં પલાળેલું કપડું જેમ પાણીથી ભાવિત થાય છે તેમ આત્મા ભાવનાઓથી ભાવિત થાય છે. ભાવના ૧૨ પ્રકારની છે. તે આ પ્રમાણે–

(૧) **અનિત્ય ભાવના** – ધન, કુટુંબ, શરીર, મકાન વગેરે જગતના બધા પદાર્થો અનિત્ય છે, નાશ પામનાર છે, એમ વિચારવું તે.

(૨) **અશરણ ભાવના** – રોગ, મરણ વગેરે પીડાઓ વખતે જીવને સંસારમાં કોઇનું શરણ નથી, એમ વિચારવું તે.

(૩) **સંસાર ભાવના** – ૮૪ લાખ યોનિમાં જીવની રખડપટ્ટી ચાલુ છે અને સંસારમાં બધા જીવો સાથે વિવિધ સંબંધો થયા છે અને થાય છે, એમ વિચારવું તે.

(૪) **એકત્વ ભાવના** – જીવ એકલો જન્મે છે, એકલો મરે છે અને એકલો કર્મને ભોગવે છે એમ વિચારવું તે.

(૫) **અન્યત્વ ભાવના** – કુટુંબ, ધન, મકાન, શરીર વગેરે બધુ મારૂં નથી, પારકું છે, એમ વિચારવું તે.

(૬) **અશુચિ ભાવના** – આ શરીર રસી, લોહી, માંસ, હાડકા વગેરે ખરાબ પદાર્થોથી બનેલું છે, મળ-મૂત્ર વગેરે ગંદકીથી ભરેલુ છે, એમ વિચારવું તે.

(૭) **આસ્રવ ભાવના** – ૪૨ પ્રકારના આસ્રવોથી આત્મામાં પ્રતિસમય કર્મો આવે છે અને આત્મા કર્મોથી ભારે થાય છે. એમ વિચારવું તે.

(૮) **સંવર ભાવના** – સંવરના ૫૭ ભેદોનું વારંવાર ચિંતન કરવું તે.

(૯) **નિર્જરા ભાવના** – નિર્જરાના ૧૨ ભેદોનું ચિંતન કરવું તે.

(૧૦) **લોકસ્વભાવ ભાવના** – ચૌદ રાજલોક, તેમાં રહેલા છ દ્રવ્યો, દેવ-નારકી વગેરેના સ્થાનો, અસંખ્ય દ્વીપ-સમુદ્રો વગેરેનો વિચાર કરવો તે.

(૧૧) **બોધિદુર્લભ ભાવના** – અનાદિકાળથી સંસારમાં ભટકતા જીવને ચક્રવર્તીપણું, દેવતાપણું, રાજા-મહારાજાપણું વગેરે મળવું સુલભ છે, પરંતુ સમ્યક્ત્વરૂપી રત્ન મળવું દુર્લભ છે, એમ વિચારવું તે.

(૧૨) **ધર્મ ભાવના** – ધર્મથી જ સંસારમાં સુખ મળે છે, ધર્મના પ્રભાવથી જ સૂર્ય-ચન્દ્ર વગેરે પ્રકાશે છે, ધર્મના પ્રભાવથી જ અનંત અલોકમાં પણ ચૌદ રાજલોક અદ્ધર ટકી રહ્યો છે, એમ વિચારવું તે.

૬) **પાંચ ચારિત્ર** – ચારિત્ર એટલે સર્વસાવદ્ય યોગોનો ત્યાગ. તેના પાંચ પ્રકાર છે. તે આ પ્રમાણે–

(૧) **સામાયિક ચારિત્ર** – સમ = જ્ઞાન, દર્શન, ચારિત્ર. આય = લાભ. જેનાથી જ્ઞાન, દર્શન, ચારિત્રનો લાભ થાય તે સામાયિક. સામાયિકમાં સર્વ સાવદ્ય યોગોનો ત્યાગ હોય છે. તેના બે પ્રકાર છે. તે આ પ્રમાણે–

૧) **ઇત્વરકથિક સામાયિક ચારિત્ર** – અલ્પકાળ માટેનું સામાયિક તે. દા.ત. શ્રાવકનું બે ઘડીનું સામાયિક, પૌષધ તથા પહેલા અને છેલ્લા ભગવાનના સાધુઓનું નાની દીક્ષાથી વડીદીક્ષા સુધીનું ચારિત્ર.

૨) **યાવત્કથિક સામાયિક ચારિત્ર** – જીવનના અંત સુધીનું સામાયિક તે. બાવીશ ભગવાનના સાધુઓને અને મહાવિદેહક્ષેત્રના સાધુઓને આ ચારિત્ર હોય છે.

(૨) **છેદોપસ્થાપનીય ચારિત્ર** – પૂર્વચારિત્ર પર્યાયનો છેદ કરી ફરીથી મહાવ્રતોનું આરોપણ જેમાં કરાય છે તે. તે ત્રણ રીતે હોય–

૧) પહેલા અને છેલ્લા ભગવાનના સાધુઓને વડીદીક્ષાથી આ ચારિત્ર હોય છે.

૨) પાર્શ્વનાથ ભગવાનના સાધુઓ ચાર મહાવ્રતવાળુ શાસન છોડી મહાવીરપ્રભુના પાંચ મહાવ્રતવાળા શાસનને સ્વીકારે ત્યારે તેમને આ ચારિત્ર હોય છે.

૩) મુનિને મૂળગુણનો નાશ થતા પ્રાયશ્ચિત્તરૂપે પૂર્વપર્યાયનો છેદ કરી ફરી વ્રતોનું આરોપણ કરાય ત્યારે તેમને આ ચારિત્ર હોય છે.

(૩) **પરિહારવિશુદ્ધિ ચારિત્ર** – પરિહાર એટલે વિશેષ પ્રકારનો તપ. તેનાથી વિશુદ્ધિ જે ચારિત્રમાં હોય તે પરિહારવિશુદ્ધિ ચારિત્ર. તેમાં એકસાથે નવનો સમુદાય હોય. ૪ નિર્વિશમાનક-તપ કરનારા સાધુ, ૪ અનુચારક-સેવા કરનારા સાધુ અને ૧ વાચનાચાર્ય-વાચના આપનાર સાધુ. તેમનો તપ આ મુજબ હોય છે–

| **ઋતુ** | **જઘન્ય તપ** | **મધ્યમ તપ** | **ઉત્કૃષ્ટ તપ** |
|---|---|---|---|
| ઉનાળો | ચોથ (૧ ઉપવાસ) | છટ્ઠ | અટ્ઠમ |
| શિયાળો | છટ્ઠ | અટ્ઠમ | દશમ (૪ ઉપવાસ) |
| ચોમાસુ | અટ્ઠમ | દશમ | દ્વાદશ (૫ ઉપવાસ) |

પારણે અભિગ્રહપૂર્વક આયંબિલ કરવાનું. અનુચારક રોજ આયંબિલ કરે.

આ રીતે છ મહિના કરવાનું. પછી સેવા કરનારા તપ કરે, તપ કરનારા સેવા કરે અને વાચનાચાર્ય વાચના આપે. આમ ફરી છ મહિના કરવાનું. પછી વાચનાચાર્ય તપ કરે, એક સાધુ વાચનાચાર્ય થાય, બાકીના સેવા કરે, આમ અઢાર મહિને આ ચારિત્ર પૂર્ણ થાય છે. ત્યાર પછી ફરીથી પરિહારવિશુદ્ધિ ચારિત્ર સ્વીકારે અથવા જિનકલ્પી થાય અથવા ગચ્છમાં પ્રવેશ કરે. ભરતક્ષેત્ર અને ઐરવતક્ષેત્રમાં આ ચારિત્ર હોય છે. મહાવિદેહક્ષેત્રમાં આ ચારિત્ર ન હોય. પહેલા સંઘયણવાળા અને પૂર્વધર લબ્ધિવાળાને આ ચારિત્ર હોય છે. સ્ત્રીને આ ચારિત્ર ન હોય.

(૪) **સૂક્ષ્મસંપરાય ચારિત્ર** – અત્યંત સૂક્ષ્મ લોભ કષાયનો જ ઉદય જે ચારિત્રમાં હોય તે સૂક્ષ્મસંપરાય ચારિત્ર. અહીં ક્રોધ, માન, માયાનો ઉદય હોતો નથી.

(૫) **યથાખ્યાત ચારિત્ર** – એક પણ અતિચાર વિનાનું શુદ્ધ ચારિત્ર. અહીં મોહનીય કર્મનો સર્વથા અનુદય હોવાથી સંપૂર્ણ વીતરાગભાવ હોય છે.

૫૭ પ્રકારના સંવરોથી આત્મામાં કર્મો આવતા અટકે છે. આનાથી વિપરીત આચરણ કરવાથી આત્મામાં કર્મો આવે છે. માટે આત્મામાં કર્મોને આવતા અટકાવવા પ્રયત્નશીલ બનવું.

# આત્મામાંથી કર્મોને બહાર કાઢવાના OUTLETS (નિર્જરા)

આસ્રવથી આત્મામાં કર્મ આવે છે. પછી તે બંધાઇ જાય છે. સંવરથી આત્મામાં નવા કર્મો આવતા અટકે છે. નિર્જરાથી આત્મા ઉપર બંધાયેલા કર્મો છુટા પડે છે. યાંત્રિક પ્રક્રિયાથી ગંદા પાણીમાંથી કચરો દૂર થાય છે અને પાણી શુદ્ધ થાય છે, તેમ નિર્જરાથી આત્મા ઉપરથી કર્મો દૂર થાય છે અને આત્મા શુદ્ધ થાય છે.

આત્મા ઉપરથી કર્મોને દૂર કરવાના મુખ્ય બે પ્રકાર છે. તે આ પ્રમાણે–

(૧) બાહ્ય તપ અને (૨) અભ્યંતર તપ. બન્ને છ-છ પ્રકારના છે. સૌ પ્રથમ બાહ્યતપ જોઇએ.

(૧) **અનશન** – શાસ્ત્રોમાં કહેલી વિધિપૂર્વક આહારનો ત્યાગ કરવો તે અનશન. તેના બે પ્રકાર છે–

૧) **ઇત્વરકથિક અનશન** – અલ્પકાળ માટે આહારનો ત્યાગ કરવો તે. દા.ત. નવકારશી, પોરસી, એકાસણું, ઉપવાસ વગેરે.

૨) **યાવત્કથિક અનશન** – જીવનના અંત સુધી ચારે પ્રકારના આહારનો ત્યાગ કરવો તે.

(૨) **ઊણોદરી** – ભૂખ કરતા ઓછો આહાર કરવો, ઉપકરણ ઓછા રાખવા તે.

(૩) **વૃત્તિસંક્ષેપ** – દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી ગોચરી, ભોજન વગેરેના અભિગ્રહ ધારણ કરવા તે.

**દ્રવ્યથી અભિગ્રહ** – અમુક દ્રવ્યથી વધારે ન વાપરવા તે.

**ક્ષેત્રથી અભિગ્રહ** – અમુક ઘરોથી વધારે ઘરોમાં ન જવું, અમુક ગામમાં કે સ્થાનમાં જ ભોજન કરવું તે.

**કાળથી અભિગ્રહ** – અમુક કાળે જે મળે તે વહોરવું અને વાપરવું, અમુક સમયે કે અમુક સમયમાં જ વાપરવું તે.

**ભાવથી અભિગ્રહ** – રડતું બાળક, ગુસ્સે થયેલો માણસ, દીક્ષાર્થી વગેરે વહોરાવે કે પીરસે તો જ વહોરવું, વાપરવું તે.

(૪) **રસત્યાગ** – મધ, માંસ, માખણ, દારૂ - આ ચાર મહાવિગઇઓનો સંપૂર્ણ ત્યાગ કરવો. દૂધ, દહીં, ઘી, તેલ, ગોળ, કડાવિગઇ (તળેલું) આ છ વિગઇઓનો શક્ય એટલો ત્યાગ કરવો.

(૫) **કાયક્લેશ** – શરીરને વિવેકપૂર્વક કષ્ટ આપવું-લોચ કરવો, વિહાર કરવો, આતાપના લેવી વગેરે.

(૬) **સંલીનતા** – ઇન્દ્રિયોને અશુભ માર્ગોથી રોકવી, કષાયો તથા મન-વચન-કાયાના અશુભ યોગોને રોકવા, ખરાબ સ્થાનનો ત્યાગ કરી સારા સ્થાનમાં રહેવું. સ્થિરાસન આદિના નિયમો લઇ બાહ્ય કૃતૂહલ આદિનો ત્યાગ કરી શરીરને એકદમ સ્થિર રાખવું...

**અભ્યંતર તપ** – જે તપને લોકો જાણી ન શકે, જે તપ મુખ્યતયા મનને અસર કરે અને જે તપને જૈનેતર લોકો તપરૂપે ન માને તે અભ્યંતરતપ. તેના છ પ્રકાર છે. તે આ પ્રમાણે–

૧) **પ્રાયશ્ચિત્ત** – જે અતિચાર કે દોષો લાગી ગયા હોય તે ગુરૂ પાસે પ્રગટ કરી તેનો દંડ લેવો અને તે કરી આપવો તે.

૨) **વિનય** – જ્ઞાન-જ્ઞાની, દર્શન-દર્શની, આચાર્ય, ઉપાધ્યાય, સ્થવિર, ગણિ, રત્નાધિક વગેરેના ભક્તિ, બહુમાન, સત્કાર, સન્માન કરવા તથા આશાતના ટાળવી તે.

૩) **વૈયાવચ્ચ** – આચાર્ય, ઉપાધ્યાય, સ્થવિર, ગણિ, તપસ્વી, સાધર્મિક, કુલ (એક વાચનામાં બેસનારા સાધુઓ), ગણ (કુલોનો સમુદાય), સંઘ, શૈક્ષક, (નવદીક્ષિત) ની આહાર, વસ્ત્ર, પાત્ર, વસતિ, ઔષધ વગેરેથી ભક્તિ કરવી તે.

૪) **સ્વાધ્યાય** – આત્મા સંબંધી જ્ઞાન મેળવવું તે સ્વાધ્યાય. તેના પાંચ પ્રકાર છે. તે આ પ્રમાણે –

(૧) વાચના - ભણવું - ભણાવવું.

(૨) પૃચ્છના - શંકા પડે તો પૂછવું.

(૩) પરાવર્તના - પુનરાવર્તન કરવું.

(૪) અનુપ્રેક્ષા - અર્થનું ચિંતન કરવું.

(૫) ધર્મકથા - ધર્મનો ઉપદેશ આપવો.

૫) **ધ્યાન** – મન-વચન-કાયાના યોગોની એકાગ્રતા અને તેમનો નિરોધ તે ધ્યાન. તેના ચાર પ્રકાર છે. તે આ પ્રમાણે–

a) **આર્તધ્યાન** – પીડામાં થતી યોગોની એકાગ્રતા તે આર્તધ્યાન. તેના ચાર પ્રકાર છે–

૧) ગમતી વસ્તુ મળે તેની અથવા મળી ગઇ હોય તો જાય નહી તેની ચિંતા.

૨) અણગમતી વસ્તુ ન મળે તેની અથવા મળી ગઇ હોય તો જાય તેની ચિંતા.

૩) રોગની ચિંતા.

૪) ધર્મારાધનાના બદલામાં સાંસારિક તુચ્છ લાભો માંગવા.

b) **રૌદ્રધ્યાન** – અશુભ બાબતોનું ભયંકર ચિંતન તે રૌદ્રધ્યાન. તેના ચાર પ્રકાર છે–

૧) જીવોની હિંસાનું તીવ્ર ચિંતન-**હિંસાનુબંધી**

૨) ગાઢ અસત્યની વિચારણા-**મૃષાનુબંધી**

૩) ચોરીનું તીવ્ર ચિંતન-**સ્તેયાનુબંધી**

૪) પરિગ્રહના રક્ષણની તીવ્ર ચિંતા-**સંરક્ષણાનુબંધી**

આર્તધ્યાન અને રૌદ્રધ્યાન કર્મનો બંધ કરાવનારા છે, કર્મની નિર્જરા કરાવનારા નથી. માત્ર તેમનું સ્વરૂપ બતાવવા અહીં જણાવ્યા છે.

c) **ધર્મધ્યાન** – ધર્મમાં યોગોની એકાગ્રતા તે ધર્મધ્યાન. તેના ચાર પ્રકાર છે–

**૧) આજ્ઞાવિચય** – ભગવાનની આજ્ઞાની વિચારણા.

**૨) વિપાકવિચય** – કર્મના ફળની વિચારણા.

**૩) અપાયવિચય** – વિષયો, કષાયો વગેરેના નુકસાનની વિચારણા.

**૪) સંસ્થાનવિચય** – ચૌદ રાજલોકના સ્વરૂપની વિચારણા.

d) **શુક્લધ્યાન** – ઉજ્જવળ એવું ધ્યાન તે શુક્લધ્યાન. તેના ચાર પ્રકાર છે–

**૧) પૃથક્ત્વવિતર્કસવિચાર** – પૃથક્ત્વ = જુદા જુદા દ્રવ્ય-પર્યાયો. વિતર્ક = શ્રુત. વિચાર = શબ્દ, અર્થ અને યોગની પરાવૃત્તિ.

પૂર્વધર મહાત્માને પૂર્વશ્રુતના આધારે જુદા જુદા દ્રવ્ય-પર્યાયોનું શબ્દ, અર્થ અને યોગની પરાવૃત્તિવાળુ ધ્યાન તે.

૨) **એકત્વવિતર્ક અવિચાર** – એકત્વ = દ્રવ્યનો એક પર્યાય. પૂર્વધર મહાત્માને પૂર્વશ્રુતના આધારે દ્રવ્યના એક પર્યાયનું શબ્દ, અર્થ અને યોગની પરાવૃત્તિ વિનાનું ધ્યાન તે.

૩) **સૂક્ષ્મક્રિયાઅપ્રતિપાતી** – કેવળજ્ઞાનીને મનોયોગ, વચનયોગ અને શ્વાસોચ્છ્વાસનો નિરોધ થયા પછી સૂક્ષ્મ કાયયોગના આલંબનથી બાદર કાયયોગનો નિરોધ કરતા આ ધ્યાન હોય છે.

૪) **વ્યુપરતક્રિયા અનિવૃત્તિ** – ત્રણે યોગોથી રહિત કેવળજ્ઞાનીને શૈલેશી અવસ્થામાં આ ધ્યાન હોય છે.

૬) **કાયોત્સર્ગ :** મન-વચન-કાયાની અન્ય પ્રવૃત્તિઓનો ત્યાગ કરીને અમુક નિશ્ચિત પ્રમાણવાળા ધ્યાનમાં રહેવું તે.



# ચૌદ ગુણસ્થાનકનું સંક્ષિપ્ત સ્વરૂપ

આગળ બંધ, ઉદય, ઉદીરણા અને સત્તાની વિચારણા કરવાની છે. તેમાં ચૌદ ગુણસ્થાનકની વાત આવે છે. તેથી અહીં સંક્ષેપમાં ચૌદ ગુણસ્થાનકનું સ્વરૂપ બતાવાય છે.

**ગુણસ્થાનક** – ગુણો એટલે જીવના જ્ઞાન-દર્શન-ચારિત્ર વગેરે રૂપી સ્વભાવો. ગુણોનું સ્થાન તે ગુણસ્થાનક. **શુદ્ધિ વધવાથી અને અશુદ્ધિ ઘટવાથી થતો ગુણોના સ્વરૂપનો ભેદ તે ગુણસ્થાનક.** તે ગુણઠાણુ પણ કહેવાય છે. ગુણસ્થાનક ચૌદ છે. નીચેના ગુણસ્થાનકોમાં અશુદ્ધિ વધુ હોય છે. જેમ જેમ ઉપરના ગુણસ્થાનકોમાં જઇએ તેમ તેમ ગુણોની અશુદ્ધિ ઘટે છે અને શુદ્ધિ વધે છે.

ચૌદ ગુણસ્થાનકોનું સ્વરૂપ આ પ્રમાણે છે–

(૧) **મિથ્યાદષ્ટિ ગુણસ્થાનક** – જિનેશ્વર ભગવાનના વચનો પર જેને શ્રદ્ધા ન હોય તે મિથ્યાદષ્ટિ. તેનું ગુણસ્થાનક તે મિથ્યાદષ્ટિ ગુણસ્થાનક. આ ગુણસ્થાનકનો કાળ અભવ્યને અનાદિ અનંત, ભવ્યને અનાદિ સાંત, સમ્યક્ત્વથી પડેલાને સાદિ સાંત, **જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટથી દેશોન અર્ધ પુદ્ગલ પરાવર્ત.**

(અભવ્ય = મોક્ષે જવા માટે અયોગ્ય જીવ.
ભવ્ય = મોક્ષે જવા માટે યોગ્ય જીવ.
૧૦ કોડા કોડી સાગરોપમ = ૧ ઉત્સર્પિણી
૧૦ કોડાકોડી સાગરોપમ = ૧ અવસર્પિણી
૧ ઉત્સર્પિણી + ૧ અવસર્પિણી = ૧ કાળચક્ર
અનંત કાળચક્ર = ૧ પુદ્ગલપરાવર્ત)

(૨) **સાસ્વાદન સમ્યગ્દષ્ટિ ગુણસ્થાનક** – ઉપશમ સમ્યક્ત્વથી પડી મિથ્યાત્વે જતા સમ્યક્ત્વના કંઇક સ્વાદને અનુભવે તે સાસ્વાદન સમ્યગ્દષ્ટિ જીવ. તેનું ગુણસ્થાનક તે સાસ્વાદન સમ્યગ્દષ્ટિ ગુણસ્થાનક. અહીંથી પડીને અવશ્ય મિથ્યાત્વે જાય. આ ગુણસ્થાનકે મિથ્યાત્વમોહનીય કર્મનો ઉપશમ હોય છે અને અનંતાનુબંધી કષાયનો ઉદય હોય છે. આ ગુણસ્થાનકનો કાળ **જઘન્યથી ૧ સમય અને ઉત્કૃષ્ટથી ૬ આવલિકા છે.**

(૩) **સમ્યગ્મિથ્યાદષ્ટિ ગુણસ્થાનક** – આ ગુણસ્થાનકે રહેલા જીવને જિનવચન

ઉપર રૂચિ કે અરૂચિ હોતી નથી. અહીં મિશ્રમોહનીય કર્મનો ઉદય હોય છે. આ ગુણસ્થાનકનો **કાળ અંતર્મુહૂર્ત છે.** આ મિશ્ર ગુણઠાણું પણ કહેવાય. અહીંથી જીવ પહેલા કે ચોથા ગુણસ્થાનકે જાય છે.

(૪) **અવિરતિ સમ્યગ્દષ્ટિ ગુણસ્થાનક** – આ ગુણસ્થાનકે રહેલા જીવને જિનવચન ઉપર શ્રદ્ધા હોય છે, પણ તે અલ્પ પણ વિરતિને સ્વીકારી શકતો નથી. અહીં અપ્રત્યાખ્યાનીય કષાયનો ઉદય હોય છે. આ ગુણસ્થાનકનો કાળ **જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી સાધિક ૬૬ સાગરોપમ છે.** આ ગુણસ્થાનકે ત્રણમાંથી કોઇપણ એક સમ્યક્ત્વ હોય છે.

(૧) **ઓપશમિક સમ્યક્ત્વ**-મિથ્યાત્વમોહનીય કે દર્શન ૩ + અનંતાનુબંધી ૪ના ઉપશમથી થનારૂં સમ્યક્ત્વ તે ઓપશમિક સમ્યક્ત્વ.

(૨) **ક્ષાયોપશમિક સમ્યક્ત્વ**–દર્શન ૩ અને અનંતાનુબંધી ૪ના ક્ષયોપશમથી થનારૂં સમ્યક્ત્વ તે ક્ષાયોપશમિક સમ્યક્ત્વ. અહીં સમ્યક્ત્વ મોહનીયનો વિપાકોદય હોય છે અને મિશ્રમોહનીય, મિથ્યાત્વમોહનીય, અનંતાનુબંધી ૪ આ ૬ નો પ્રદેશોદય હોય છે. વિપાકોદય-પ્રદેશોદયની વ્યાખ્યા આગળ કરાશે.

(૩) **ક્ષાયિક સમ્યક્ત્વ**-દર્શન ૩ અને અનંતાનુબંધી ૪ ના ક્ષયથી થનારૂં સમ્યક્ત્વ તે ક્ષાયિક સમ્યક્ત્વ.

૫) **દેશવિરતિ ગુણસ્થાનક** – આ ગુણસ્થાનકે રહેલો જીવ સર્વવિરતિને સ્વીકારી શકતો નથી, શક્તિ મુજબ દેશથી વિરતિને સ્વીકારે છે. અહીં પ્રત્યાખ્યાનીય કષાયનો ઉદય હોય છે. આ ગુણસ્થાનકનો કાળ **જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી દેશોન ક્રોડ પૂર્વ છે.**

૬) **પ્રમત્ત સંયત ગુણસ્થાનક** – આ ગુણસ્થાનકે સર્વવિરતિ હોય છે, પણ સાથે આંશિક પ્રમાદ પણ હોય છે. અહીં સંજ્વલન કષાયનો ઉદય હોય છે. આ ગુણસ્થાનકનો કાળ **જઘન્યથી ૧ સમય અને ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત છે.**

૭) **અપ્રમતસંયત ગુણસ્થાનક** – આ ગુણસ્થાનકે સર્વવિરતિ હોય છે, અને પ્રમાદ હોતો નથી. આ ગુણસ્થાનકનો કાળ **જઘન્યથી ૧ સમય અને ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત છે.**

**નોંધ : ૬ ઠ્ઠા અને ૭માં ગુણસ્થાનકનો ભેગો કાળ દેશોન પૂર્વકોટી હોય છે.**

૮) **અપૂર્વકરણ ગુણસ્થાનક :** સ્થિતિઘાત, રસઘાત, ગુણશ્રેણિ, ગુણસંક્રમ અને અપૂર્વ સ્થિતિબંધ આ પાંચ અપૂર્વ વસ્તુઓ જ્યાં થાય છે, તે અપૂર્વકરણ ગુણસ્થાનક. આ ગુણસ્થાનકનો કાળ **જઘન્યથી ૧ સમય અને ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત છે.** પાંચ અપૂર્વ વસ્તુઓ આ પ્રમાણે છે–

(૧) **સ્થિતિઘાત** – સત્તામાં રહેલા જ્ઞાનાવરણ વગેરે કર્મોની લાંબી સ્થિતિઓને ઘટાડીને અલ્પ કરવી તે.

(૨) **રસઘાત** – સત્તામાં રહેલા જ્ઞાનાવરણ વગેરે કર્મોના તીવ્ર રસને ઘટાડીને અલ્પ કરવો તે.

(૩) **ગુણશ્રેણિ** – ઉપરની સ્થિતિમાંથી ઉતારેલા દલિકોને ઉદયસમયથી અંતર્મુહૂર્ત સુધીના સમયોમાં અસંખ્યગુણાના ક્રમે ગોઠવવા તે.

(૪) **અપૂર્વ સ્થિતિબંધ** – વિશુદ્ધિના કારણે પૂર્વ પૂર્વ સ્થિતિબંધથી ઉત્તરોત્તર પલ્યોપમના સંખ્યાતમાં ભાગ ન્યુન પ્રમાણ સ્થિતિબંધ કરવો તે. ૮મા ગુણસ્થાનકથી ઉપશમશ્રેણિ કે ક્ષપકશ્રેણિની શરૂઆત થાય છે. અહીંથી માંડીને આગળના ગુણસ્થાનકો ઉપશમશ્રેણિ કે ક્ષપકશ્રેણિમાં જ હોય છે.

૯) **અનિવૃત્તિ બાદર સંપરાય ગુણસ્થાનક** – ત્રણે કાળમાં આ ગુણસ્થાનકના વિવક્ષિત સમયે રહેલા જીવોની વિશુદ્ધિ સરખી હોય છે. આ ગુણસ્થાનકે રહેલા જીવને બાદર કષાયનો ઉદય હોય છે. આ ગુણસ્થાનકનો કાળ જઘન્યથી **૧ સમય અને ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત છે.**

૧૦) **સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનક** – આ ગુણસ્થાનકે રહેલા જીવને માત્ર સૂક્ષ્મ લોભનો ઉદય હોય છે, તે સિવાયની મોહનીયની બધી પ્રકૃતિઓનો ક્ષય કે ઉપશમ થયો હોય છે. આ ગુણસ્થાનકનો કાળ **જઘન્યથી ૧ સમય અને ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત છે.**

૧૧) **ઉપશાંત કષાય વીતરાગ છદ્મસ્થ ગુણસ્થાનક** – આ ગુણસ્થાનકે રહેલા જીવને મોહનીય કર્મ સર્વથા ઉપશાંત થયું હોવાથી વીતરાગપણું હોય છે, પણ જ્ઞાનાવરણ વગેરે કર્મના ઉદયથી છદ્મસ્થપણું પણ હોય છે. આ ગુણસ્થાનકેથી જીવ અવશ્ય પડે છે. આ ગુણસ્થાનકનો કાળ **જઘન્યથી ૧ સમય અને ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત છે.**

૧૨)**ક્ષીણ કષાય વીતરાગ છદ્મસ્થ ગુણસ્થાનક** – આ ગુણસ્થાનકે રહેલ જીવને મોહનીય કર્મ સર્વથા ક્ષય થઇ ગયું હોવાથી વીતરાગપણું હોય છે, પણ જ્ઞાનાવરણ વગેરે કર્મના ઉદયથી છદ્મસ્થપણું પણ હોય છે. આ ગુણસ્થાનકનો કાળ **અંતર્મુહૂર્ત છે.**

૧૩) **સયોગી કેવલી ગુણસ્થાનક** – આ ગુણસ્થાનકે રહેલ જીવને ઘાતી કર્મોનો ક્ષય થઇ ગયો હોવાથી કેવળજ્ઞાન અને કેવળદર્શન હોય છે. આ ગુણસ્થાનકે મનોયોગ, વચનયોગ અને કાયયોગ આ ત્રણે યોગ હોય છે. આ ગુણસ્થાનકનો કાળ **જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી દેશોન ક્રોડ પૂર્વ છે.**

૧૪)**અયોગી કેવલી ગુણસ્થાનક** – ત્રણે યોગ વિનાના કેવળજ્ઞાની ભગવંતનું ગુણસ્થાનક તે અયોગી કેવલી ગુણસ્થાનક. આ ગુણસ્થાનકનો કાળ **પાંચ હ્રસ્વાક્ષરના ઉચ્ચારણના કાળ જેટલો છે.** આ ગુણસ્થાનકને અંતે બધા કર્મોનો ક્ષય થતા જીવ પછીના સમયે મોક્ષમાં જાય છે.



# ચૌદ ગુણસ્થાનકે કર્મોનો બંધ

બંધની વ્યાખ્યા પૂર્વે કરી છે. ક્યા ગુણસ્થાનકે રહેલો જીવ કેટલી કર્મપ્રકૃતિઓ બાંધે ? તે અહીં બતાવાશે. તે માટે કેટલીક સંજ્ઞાઓ સમજવી જરૂરી છે. તે આ પ્રમાણે–

૧) **બંધવિચ્છેદ** – જે ગુણસ્થાનકે જેટલી પ્રકૃતિઓનો બંધવિચ્છેદ થાય તે ગુણસ્થાનક સુધી તેટલી પ્રકૃતિઓ બંધાય, પછી ન બંધાય. જે ગુણસ્થાનકે જેટલી પ્રકૃતિઓનો બંધવિચ્છેદ થાય તેટલી સંખ્યા તે ગુણસ્થાનકે બંધાતી પ્રકૃતિઓમાંથી બાદ કરી પછીના ગુણસ્થાનકે બંધાતી પ્રકૃતિ સમજવી. ઉદયવિચ્છેદ વગેરેની વ્યાખ્યા પણ આ જ રીતે સમજવી.

૨) **અબંધ** – જે ગુણસ્થાનકે જેટલી પ્રકૃતિઓનો અબંધ હોય તે ગુણસ્થાનકથી અમુક ગુણસ્થાનક સુધી તેટલી પ્રકૃતિઓ ન બંધાય, પછી બંધાય. જ્યાંથી બંધાય ત્યાં બંધ વધે એમ જણાવેલ છે. જે ગુણસ્થાનકે જેટલી પ્રકૃતિઓનો **અબંધ** હોય તેટલી સંખ્યા તેની પૂર્વેના ગુણસ્થાનકે બંધાતી પ્રકૃતિઓમાંથી **બાદ કરી** તે ગુણસ્થાનકે બંધાતી પ્રકૃતિ સમજવી જે ગુણસ્થાનકે જેટલી પ્રકૃતિઓનો **બંધ વધે** તેટલી સંખ્યા તેની પૂર્વેના ગુણસ્થાનકે બંધાતી પ્રકૃતિઓમાં **ઉમેરી તે** ગુણસ્થાનકે બંધાતી પ્રકૃતિ સમજવી. અનુદય, ઉદય વગેરેની વ્યાખ્યા પણ આ જ રીતે સમજવી.

૩) **ઔદારિક ૨** – ઔદારિક શરીર, ઔદારિક અંગોપાંગ. એ જ રીતે વૈક્રિય ૨, આહારક ૨ માટે સમજવું. અહીં ઔદારિક શરીર એટલે **ઔદારિક શરીર નામકર્મ** સમજવું. એ જ રીતે આગળ અને પાછળ બધે દરેક નામની પાછળ કર્મ શબ્દ લખ્યો નથી, પણ સમજી લેવો.

૪) **જાતિ ૪** – એકેન્દ્રિયજાતિ, બેઇન્દ્રિયજાતિ, તેઇન્દ્રિયજાતિ, ચઉરિન્દ્રિયજાતિ.

૫) **થિણદ્ધિ ૩** – નિદ્રાનિદ્રા, પ્રચલાપ્રચલા, થિણદ્ધિ.

૬) **અનંતાનુબંધી ૪** – અનંતાનુબંધી ક્રોધ, અનંતાનુબંધી માન, અનંતાનુબંધી માયા, અનંતાનુબંધી લોભ. એ જ રીતે અપ્રત્યાખ્યાનીય ૪, પ્રત્યાખ્યાનીય ૪, સંજ્વલન ૪ માટે સમજવું.

૭) **નિદ્રા ૨** – નિદ્રા, પ્રચલા

૮) **વૈક્રિય ૮** – દેવ ૩, નરક ૩, વૈક્રિય ૨.

૯) **દેવ ૩** – દેવગતિ, દેવાનુપૂર્વી, દેવાયુષ્ય.એ જ રીતે નરક ૩, તિર્યંચ ૩ અને મનુષ્ય ૩ માટે સમજવું.

૧૦) **દેવ ૨** – દેવગતિ, દેવાનુપૂર્વી. એ જ રીતે નરક ૨, તિર્યંચ ૨ અને મનુષ્ય ૨ માટે સમજવું.

૧૧) **સ્થાવર ૪** – સ્થાવર, સૂક્ષ્મ, અપર્યાપ્ત, સાધારણ.

૧૨) **સૂક્ષ્મ ૩** – સૂક્ષ્મ, અપર્યાપ્ત, સાધારણ.

૧૩) **દુર્ભગ ૩** – દુર્ભગ, દુઃસ્વર, અનાદેય.

૧૪) **અસ્થિર ૨** – અસ્થિર, અશુભ.

૧૫) **વર્ણાદિ ૪** – વર્ણ, ગંધ, રસ, સ્પર્શ.

૧૬) **હાસ્ય ૪** – હાસ્ય, રતિ, ભય, જુગુપ્સા.

૧૭) **હાસ્ય ૬** – હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક, જુગુપ્સા.

૧૮) **અગુરૂલઘુ ૪** – અગુરૂલઘુ, ઉપઘાત, પરાઘાત, ઉચ્છ્વાસ

૧૯) **ત્રસ ૩** – ત્રસ, બાદર, પર્યાપ્તા.

૨૦) **સ્થાવર ૨** – સ્થાવર, સૂક્ષ્મ

૨૧) **આતપ ૨** – આતપ, ઉદ્યોત.

૨૨) **પ્રત્યેક ૩** – પ્રત્યેક, સ્થિર, શુભ.

૨૩) **ખગતિ ૨** – શુભવિહાયોગતિ, અશુભવિહાયોગતિ.

૨૪) **અસ્થિર ૬** – અસ્થિર, અશુભ, દુર્ભગ, દુઃસ્વર, અનાદેય, અપયશ. આવી રીતે અન્ય સંજ્ઞાઓ પણ સમજી લેવી.

૨૫) કુલ ૧૫૮ પ્રકૃતિ છે. સમ્યક્ત્વમોહનીય-મિશ્રમોહનીય બંધાતી નથી. બંધન ૧૫ અને સંઘાતન ૫નો પાંચ શરીરમાં સમાવેશ થાય છે. વર્ણાદિ ૪ ના મૂળ ચાર ભેદ ગણ્યા છે, અવાંતર ભેદ ગણ્યા નથી. તેથી ૧૫૮–(૨ + ૧૫ + ૫ + ૧૬) = ૧૨૦ પ્રકૃતિ થાય છે. ચૌદ ગુણસ્થાનકોમાં આ ૧૨૦ પ્રકૃતિઓના આધારે બંધ કહેવાશે.

# ચૌદ ગુણસ્થાનકે ઉત્તરપ્રકૃતિનો બંધ

| ગુણસ્થાનક | બંધાતી પ્રકૃતિઓ | બંધવિચ્છેદ-અબંધ વગેરે વિગત | હેતુ |
|---|---|---|---|
| સામાન્યથી | ૧૨૦ | — | — |
| ૧લું | ૧૧૭ | જિનનામકર્મ, આહારક ૨નો **અબંધ**-નરક ૩, જાતિ ૪, સ્થાવર ૪, નપુંસકવેદ, મિથ્યાત્વમોહનીય, હુંડક, સેવાર્ત, આતપ-આ **૧૬નો બંધવિચ્છેદ.** | ૧) જિનનામકર્મનો બંધ ૪થા ગુણસ્થાનકથી હોય, તે પૂર્વે ન હોય. ૨) આહારક ૨ નો બંધ ૭મા ગુણસ્થાનકથી હોય, તે પૂર્વે ન હોય. ૩) નરક, એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, અસંજ્ઞી તથા અપર્યાપ્તને યોગ્ય પ્રકૃતિ યોગ્ય પ્રકૃતિ ૧લા ગુણસ્થાનક સુધી જ બંધાય છે. |
| ૨જું | ૧૦૧ | તિર્યંચ ૩, થિણદ્ધિ ૩, દુર્ભગ ૩, અનંતાનુબંધી ૪, મધ્યમ સંઘયણ ૪, મધ્યમ સંસ્થાન ૪, અશુભ વિહાયોગતિ, સ્ત્રીવેદ, નીચગોત્ર, ઉદ્યોત આ **૨૫નો બંધવિચ્છેદ.** | તિર્યંચને યોગ્ય પ્રકૃતિઓ ૨જા ગુણસ્થાનક સુધી જ બંધાય છે. |
| ૩જું | ૭૪ | દેવાયુષ્ય, મનુષ્યાયુષ્યનો **અબંધ** | ૩ જા ગુણસ્થાનકે આયુષ્ય ન બંધાય, તેમજ **મૃત્યુ** પણ ન થાય. |
| ૪થું | ૭૭ | જિનનામકર્મ, દેવાયુષ્ય અને મનુષ્યાયુષ્યનો **બંધ વધે.** ૧લું સંઘયણ, ઔદારિક ૨, મનુષ્ય ૩, અપ્રત્યાખ્યાનીય ૪-આ **૧૦નો બંધવિચ્છેદ.** | મનુષ્યને યોગ્ય પ્રકૃતિઓ ૪થા ગુણસ્થાનક સુધી જ બંધાય. |
| ૫મું | ૬૭ | પ્રત્યાખ્યાનીય ૪નો બંધવિચ્છેદ | — |
| ૬ઠ્ઠું | ૬૩ | શોક, અરતિ, અસ્થિર ૨, અપયશ, અશાતા આ ૬નો **બંધવિચ્છેદ** | — |

| | | | |
|---|---|---|---|
| ૭મું | ૫૯(૫૮) | આહારક ૨નો બંધ વધે. દેવાયુષ્યનો બંધવિચ્છેદ. | ૭મા ગુણસ્થાનકે આયુષ્યબંધની શરૂઆત થતી નથી. પણ ૬ઠ્ઠા ગુણસ્થાનકે દેવાયુષ્યબંધનો પ્રારંભ થયા પછી કોઇ જીવ ૭મા ગુણસ્થાનકે ૫૯નો બંધ કહ્યો છે. પણ જે જીવે ૬ઠ્ઠા ગુણસ્થાનકે દેવાયુષ્યના બંધની શરૂઆત ન કરી હોય અને ૭મા ગુણસ્થાનકે આવે અથવા ૬ઠ્ઠા ગુણસ્થાનકે દેવાયુષ્યનો બંધ પૂર્ણ કરીને જે જીવ ૭માં ગુણસ્થાનકે આવે તેને ૭માં ગુણસ્થાનકે ૫૮નો બંધ હોય છે. |
| ૮/૧ | ૫૮ | નિદ્રા ૨ નો બંધવિચ્છેદ | ૮મા ગુણસ્થાનકના ૭ ભાગ છે. તેથી ૮/૧, ૮/૨ વગેરે કહ્યું છે. |
| ૮/૨ | ૫૬ | — | — |
| ૮/૩ | ૫૬ | — | — |
| ૮/૪ | ૫૬ | — | — |
| ૮/૫ | ૫૬ | — | — |
| ૮/૬ | ૫૬ | દેવ ૨, પંચેન્દ્રિયજાતિ, ઔદારિક ૨ સિવાયના શરીર અંગોપાંગ ૬, વર્ણાદિ ૪, શુભવિહાયોગતિ, ૧લું સંસ્થાન, ત્રસ ૯ (યશ વિના), પ્રત્યેકની ૬ (આતપ-ઉદ્યોત વિના) આ ૩૦ નો બંધવિચ્છેદ. | દેવને યોગ્ય પ્રકૃતિઓ ૮મા ગુણસ્થાનકના છઠ્ઠા ભાગ સુધી જ બંધાય છે. |
| ૮/૭ | ૨૬ | હાસ્ય ૪ નો બંધવિચ્છેદ | — |
| ૯/૧ | ૨૨ | પુરૂષવેદનો બંધવિચ્છેદ | ૯મા ગુણસ્થાનકના ૫ ભાગ છે. તેથી ૯/૧, ૯/૨ વગેરે કહ્યું છે. |

| | | | |
|---|---|---|---|
| ૯/૨ | ૨૧ | સંજ્વલનક્રોધનો બંધવિચ્છેદ. | — |
| ૯/૩ | ૨૦ | સંજ્વલનમાનનો બંધવિચ્છેદ. | — |
| ૯/૪ | ૧૯ | સંજ્વલનમાયાનો બંધવિચ્છેદ. | — |
| ૯/૫ | ૧૮ | સંજ્વલનમાયાનો બંધવિચ્છેદ. | — |
| ૧૦મું | ૧૭ | જ્ઞાનાવરણ ૫, દર્શનાવરણ ૪, અંતરાય ૫, યશ, ઉચ્ચગોત્ર- આ ૧૬નો બંધવિચ્છેદ. | — |
| ૧૧મું | ૧ | સાતાવેદનીય બંધાય. | — |
| ૧૨મું | ૧ | સાતાવેદનીય બંધાય. | — |
| ૧૩મું | ૧ | સાતાવેદનીય બંધાય. અંતે તેનો બંધવિચ્છેદ. | — |
| ૧૪મું | ૦ | અનંત અબંધ, એટલે કે ફરી ક્યારેય બંધ ન થાય તે રીતે બંધનો અંત આવે. | — |
| સિદ્ધાવસ્થા | ૦ | | — |

## ચૌદ ગુણસ્થાનકે મૂળપ્રકૃતિનો બંધ

| ગુણ-સ્થાનક | બંધમાં મૂળપ્રકૃતિ | વિગત | ગુણ-સ્થાનક | બંધમાં મૂળપ્રકૃતિ | વિગત |
|---|---|---|---|---|---|
| ૧લું | ૭/૮ | આયુષ્ય બંધાય ત્યારે ૮ | ૮મું | ૭ | ૮—આયુષ્ય |
| ૨જું | ૭/૮ | મૂળપ્રકૃતિઓ બંધાય | ૯મું | ૭ | ૮—આયુષ્ય |
| | | આયુષ્ય ન બંધાય ત્યારે | ૧૦મું | ૬ | ૭—મોહનીય |
| | | ૭ મૂળપ્રકૃતિઓ બંધાય | ૧૧મું | ૧ | વેદનીય |
| ૩જું | ૭ | ૩જા ગુણસ્થાનકે | ૧૨મું | ૧ | વેદનીય |
| | | આયુષ્ય બંધાતું નથી | ૧૩મું | ૧ | વેદનીય |
| ૪થું | ૭/૮ | આયુષ્ય બંધાય ત્યારે | | | |
| ૫મું | ૭/૮ | ૮ મૂળપ્રકૃતિઓ | | | |
| ૬ઠ્ઠું | ૭/૮ | બંધાય, આયુષ્ય ન | | | |
| ૭મું | ૭/૮ | બંધાય ત્યારે ૭ | ૧૪મું | ૦ | ૧૪મા ગુણસ્થાનકે |
| | | મૂળપ્રકૃતિઓ બંધાય | | | કોઇ પ્રકૃતિ ન બંધાય. |

# ચૌદ ગુણસ્થાનકે કર્મોનો ઉદય

| ગુણ-સ્થાનક | ઉદયમાં પ્રકૃતિ | ઉદયવિચ્છેદ, અનુદય વગેરેની વિગત | હેતુ |
|---|---|---|---|
| સામાન્યથી | ૧૨૨ | — | સમ્યક્ત્વમોહનીય-મિશ્રમોહનીય બંધાતી નથી, પણ તેમનો ઉદય હોય છે. તેથી બંધમાં સામાન્યથી ૧૨૦ પ્રકૃતિઓ છે અને ઉદયમાં સામાન્યથી ૧૨૨ પ્રકૃતિઓ. |
| ૧લુ | ૧૧૭ | સમ્યક્ત્વમોહનીય, મિશ્રમોહનીય, આહારક ૨, જિનનામકર્મ- આ **૫નો અનુદય.** સૂક્ષ્મ ૩, મિથ્યાત્વ મોહનીય, આતપ આ **૫નો ઉદયવિચ્છેદ.** | ૧) સમ્યક્ત્વમોહનીયનો ઉદય ૪થા થી ૭મા ગુણસ્થાનક સુધી જ હોય છે. તે પૂર્વે તેનો અનુદય છે. ૨) મિશ્રમોહનીયનો ઉદય ૩જા ગુણસ્થાનકે જ હોય છે. તેથી પૂર્વે તેનો અનુદય છે. ૩) આહારક શરીર ચૌદપૂર્વધર મુનિ જ બનાવે છે. તેથી આહારક ૨નો ઉદય ૬ઠ્ઠા ગુણસ્થાનકે જ હોય છે. તે પૂર્વે તેનો અનુદય છે. ૪) જિનનામકર્મનો ઉદય ૧૩મા ગુણસ્થાનકથી થાય છે. તે પૂર્વે તેનો અનુદય છે. ૫) સૂક્ષ્મ જીવો, અપર્યાપ્ત જીવો અને સાધારણ જીવોને ૧લું ગુણસ્થાનક જ હોય છે. |
| ૨જું | ૧૧૧ | નરકાનુપૂર્વીનો **અનુદય.** અનંતાનુ-બંધી ૪, જાતિ ૪, સ્થાવર-આ **૯નો ઉદયવિચ્છેદ** | ૧) ૨જા ગુણસ્થાનકે મરીને જીવ નરકમાં જતો નથી. તેથી ૨જા ગુણસ્થાનકે નરકાનુપૂર્વીનો ઉદય નથી. પણ પૂર્વે નરકાયુષ્ય બાંધેલ ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ ૪થા ગુણસ્થાનકે |

| | | | |
|---|---|---|---|
| | | | મરીને સમ્યક્ત્વ સાથે નરકમાં જાય. તેથી ૪થા ગુણસ્થાનકે નરકાનુપૂર્વીનો ઉદય હોય. તેથી ૨જા ગુણસ્થાનકે નરકાનુપૂર્વીનો ઉદયવિચ્છેદ ન બતાવતા માત્ર અનુદય બતાવી ૪થા ગુણસ્થાનકે ફરી તેનો ઉદય બતાવ્યો છે, અને ૪થા ગુણસ્થાનકે તેનો ઉદયવિચ્છેદ કહ્યો છે. ૨) ૨જા ગુણસ્થાનકે મરીને એકેન્દ્રિય અને વિકલેન્દ્રિયમાં જવાય છે. પણ એકેન્દ્રિયમાં બાદર પર્યાપ્તા પૃથ્વીકાય, અપ્કાય, પ્રત્યેક વનસ્પતિકાયમાં જ જવાય છે, સૂક્ષ્મમાં, અપર્યાપ્તમાં કે સાધારણમાં જવાતું નથી. **તેથી સ્થાવરનો ઉદય ૨જા ગુણસ્થાનક સુધી અને સૂક્ષ્મ ૩નો ઉદય ૧લા ગુણસ્થાનક સુધી જ કહ્યો છે.** ૩) એકેન્દ્રિય અને વિકલેન્દ્રિયને ૧લુ અને ૨જુ ગુણસ્થાનક જ હોય છે, ૩જું વગેરે ગુણસ્થાનક હોતુ નથી. તેથી ૨જા ગુણસ્થાનકે જાતિ ૪નો ઉદયવિચ્છેદ કહ્યો છે.<br>૪) અનંતાનુબંધી ૪નો ઉદય ૧લા-૨જા ગુણસ્થાનકે જ હોય છે તેથી ૨જા ગુણસ્થાનકે તેમનો ઉદય વિચ્છેદ કહ્યો છે. |
| ૩જુ | ૧૦૦ | ૩ આનુપૂર્વીનો **અનુદય**<br>મિશ્રમોહનીયનો ઉદય વધે. | ૩જા ગુણસ્થાનકે મૃત્યુ થતું નથી. તેથી આનુપૂર્વીનો ઉદય ન હોય. માટે ૩જા |

| | | | |
|---|---|---|---|
| | | મિશ્રમોહનીયનો **ઉદય વિચ્છેદ.** | ગુણસ્થાનકે આનુપૂર્વીનો અનુદય કહ્યો છે. |
| ૪થું | ૧૦૪ | સમ્યક્ત્વમોહનીય અને ૪ આનુપૂર્વીનો **ઉદય વધે.** વૈક્રિય ૮, મનુષ્યાનુપૂર્વી, તિર્યંચાનુપૂર્વી, અપ્રત્યાખ્યાનીય ૪, દુર્ભગ, અનાદેય, અપયશ-**આ ૧૭નો ઉદયવિચ્છેદ.** | ૧) ૫મા વગેરે ગુણસ્થાનકો પર્યાપ્તા જીવોને જ હોય છે, વક્રગતિમાં હોતા નથી. આનુપૂર્વીનો ઉદય વક્રગતિમાં જ હોય છે. તેથી ૫મા વગેરે ગુણસ્થાનકોમાં આનુપૂર્વીનો ઉદય હોતો નથી. તેથી ૪ થા ગુણસ્થાનકે ચારે આનુપૂર્વીનો ઉદયવિચ્છેદ કહ્યો છે. ૨) ૫મુ ગુણસ્થાનક મનુષ્ય અને તિર્યંચને જ હોય છે. તેથી ૪થા ગુણસ્થાનકને અંતે દેવ-નારકી યોગ્ય બધી પ્રકૃતિઓનો ઉદયવિચ્છેદ થાય છે. વૈક્રિય લબ્ધિવાળા મનુષ્ય-તિર્યંચને ૫મા વગેરે ગુણસ્થાનકે **ઉત્તર વૈક્રિય શરીર કરતા વૈક્રિય ૨નો ઉદય હોઇ શકે, પણ તેની વિવક્ષા અહીં કરી નથી.** ૩) ૫મા વગેરે ગુણસ્થાનકે ગુણના કારણે દુર્ભગ, અનાદેય, અપયશનો ઉદય હોતો નથી. તેથી ૪થા ગુણસ્થાનકના અંતે તેમનો ઉદયવિચ્છેદ થાય છે. ૪) ૫મા ગુણસ્થાનકે દેશવિરતિ હોય છે. અપ્રત્યાખ્યાનીય ૪ના ઉદયથી દેશવિરતિ મળતી નથી. તેથી ૪થા ગુણસ્થાનકને અંતે અપ્રત્યાખ્યાનીય ૪નો ઉદયવિચ્છેદ થાય છે. |

| | | | |
|---|---|---|---|
| ૫મું | ૮૭ | પ્રત્યાખ્યાનીય ૪, તિર્યંચગતિ, તિર્યંચાયુષ્ય, નીચગોત્ર, ઉદ્યોત **આ ૮નો ઉદય વિચ્છેદ.** | ૧) ૬ઠ્ઠાં વગેરે ગુણસ્થાનકો મનુષ્યને જ હોય છે. તેથી ૫મા ગુણસ્થાનકને અંતે તિર્યંચયોગ્ય પ્રકૃતિઓનો ઉદયવિચ્છેદ કહ્યો છે. ૨) ૫મા વગેરે ગુણસ્થાનકે રહેલ મનુષ્યને ગુણના કારણે નીચગોત્રનો ઉદય હો તો નથી. તિર્યંચને **નીચ ગોત્રનો ધ્રુવોદય** હોય છે. તેથી છઠ્ઠા વગેરે ગુણસ્થાનકે નીચગોત્રનો ઉદય હોતો નથી. તેથી ૫મા ગુણસ્થાનકે નીચગોત્રનો ઉદયવિચ્છેદ કહ્યો છે. ૩) ઉદ્યોતનો ઉદય સ્વાભાવિક રીતે તિર્યંચને જ હોય છે. તેથી ૫મા ગુણસ્થાનકે તેનો ઉદયવિચ્છેદ કહ્યો છે. **સાધુને ઉત્તરવૈક્રિય અને આહારક શરીરમાં ઉદ્યોતનો ઉદય સંભવે છે,** પણ તેની વિવક્ષા કરી નથી. ૪) ૬ઠ્ઠા ગુણસ્થાનકે સર્વવિરતિ હોય છે. પ્રત્યાખ્યાનીય ૪ના ઉદયથી સર્વવિરતિ મળતી નથી. તેથી ૫મા ગુણસ્થાનકને અંતે પ્રત્યાખ્યાનીય ૪નો ઉદયવિચ્છેદ થાય છે. |
| ૬ઠ્ઠું | ૮૧ | આહારક ૨નો **ઉદય વધે.** થિણદ્ધિ ૩, આહારક ૨ આ **૫નો ઉદયવિચ્છેદ** | ૧) આહારક શરીર ચૌદપૂર્વધર મુનિ જ બનાવે છે. તેથી ૬ઠ્ઠા ગુણસ્થાનકે આહારક ૨નો ઉદય વધે છે. ૨) **લબ્ધિ ફોરવવાની ઇચ્છા એ પણ પ્રમાદ છે.** તેથી ૭મા વગેરે ગુણસ્થાનકે આહારક શરીર |

| | | | |
|---|---|---|---|
| | | | બનાવવાની શરૂઆત ન કરે. તેથી ૬ઠ્ઠા ગુણસ્થાનકને અંતે આહારક ૨નો ઉદયવિચ્છેદ કહ્યો છે. |
| ૭મું | ૭૬ | સમ્યકત્વમોહનીય છેલ્લા ૩ સંઘયણ-**આ ૪ નો ઉદય વિચ્છેદ...** | ૧) ક્ષાયોપશમિક સમ્યક્ત્વ ૭મા ગુણસ્થાનક સુધી જ હોય છે. ૮મા વગેરે ગુણસ્થાનકોમાં ઉપશમ સમ્યક્ત્વ કે ક્ષાયિક સમ્યક્ત્વ હોય છે. તેથી ૭મા ગુણસ્થાનકને અંતે સમ્યક્ત્વ મોહનીયનો ઉદયવિચ્છેદ કહ્યો છે. ૨) ૮મા વગેરે ગુણસ્થાનકો ઉપશમશ્રેણિમાં અને ક્ષપકશ્રેણિમાં જ હોય છે. ઉપશમશ્રેણિ પહેલા ૩ સંઘયણવાળો જ માંડે છે. ક્ષપકશ્રેણિ ૧લા સંઘયણવાળો જ માંડે છે. તેથી ૭મા ગુણસ્થાનકને અંતે છેલ્લા ૩ સંઘયણનો ઉદયવિચ્છેદ કહ્યો છે. |
| ૮મું | ૭૨ | હાસ્ય **૬નો ઉદયવિચ્છેદ** | હાસ્ય ૬ નો ઉદય ૮મા ગુણસ્થાનક સુધી જ હોય છે. તેથી ૮મા ગુણસ્થાનક ને અંતે તેમનો ઉદયવિચ્છેદ કહ્યો છે. |
| ૯મું | ૬૬ | વેદ-૩, સંજ્વલન ૩-આ **૬નો ઉદયવિચ્છેદ** | વેદ-૩, સંજ્વલન ૩ નો ઉદય ૯મા ગુણસ્થાનક સુધી જ હોય છે. તેથી ૯મા ગુણસ્થાનકે તેમનો ઉદયવિચ્છેદ કહ્યો છે. |
| ૧૦મું | ૬૦ | સંજ્વલન લોભનો **ઉદયવિચ્છેદ** | ૧૧મા ગુણસ્થાનકથી યથાખ્યાત ચારિત્ર હોય છે. સંજ્વલન ૪ના |

| | | | |
|---|---|---|---|
| | | | ઉદયથી યથાખ્યાત ચારિત્ર મળતું નથી. તેથી સંજ્વલન ૪નો ઉદય ૧૦મા ગુણસ્થાનક સુધી જ હોય. સંજ્વલન ૩નો ઉદયવિચ્છેદ ૯મા ગુણસ્થાનકે થઇ ગયો છે. તેથી સંજ્વલન લોભનો ઉદયવિચ્છેદ ૧૦મા ગુણસ્થાનકે થાય છે. |
| ૧૧મું | ૫૯ | ૨જા-૩જા સંઘયણનો **ઉદયવિચ્છેદ** | ૧૨મું ગુણસ્થાનક ક્ષપકશ્રેણિમાં જ હોય છે. ક્ષપકશ્રેણિમાં પહેલું સંઘયણ જ હોય. તેથી ૧૧મા ગુણસ્થાનકે ૨જા-૩જા સંઘયણનો ઉદયવિચ્છેદ બતાવ્યો છે. |
| ૧૨માં ગુણ-સ્થાનકનો ઉપાંત્ય સમય | ૫૭ | નિદ્રા ૨નો ઉદયવિચ્છેદ | |
| ૧૨માં ગુણ-સ્થાનકનો અંત્ય સમય | ૫૫ | જ્ઞાનાવરણ ૫, દર્શનાવરણ ૪, અંતરાય ૫-**આ ૧૪નો ઉદયવિચ્છેદ** | ૧૩મા ગુણસ્થાનકે કેવળજ્ઞાન થાય છે. તેથી કેવળજ્ઞાનમાં વિઘાતક જ્ઞાનાવરણાદિ ૧૪ પ્રવૃત્તિઓનો ઉદયવિચ્છેદ ૧૨મા ગુણસ્થાનકને અંતે થાય છે. |
| ૧૩મું | ૪૨ | જિનનામકર્મનો ઉદય વધે, ઔદારિક-૨, તૈજસશરીર, કાર્મણશરીર, ૧લું સંઘયણ, છ સંસ્થાન, વર્ણાદિ ૪, ખગતિ ૨,અગુરૂલઘુ ૪,નિર્માણ, પ્રત્યેક, સ્થિર, અસ્થિર, શુભ, | જિનનામકર્મનો ઉદય ૧૩મા ગુણ સ્થાનકે થાય છે. ઔદારિક ૨ વગેરે શરીરવિપાકી પ્રકૃતિઓ છે. **૧૪મા ગુણસ્થાનકે યોગ નથી.** તેથી આ પ્રકૃતિઓનો ઉદય નથી. તેથી ૧૩ મા ગુણસ્થાનકને |

| | | | |
|---|---|---|---|
| | | અશુભ, સુસ્વર, દુઃસ્વર, સાતા/અસાતા **આ ૩૦નો ઉદયવિચ્છેદ.** | અંતે આ પ્રકૃતિઓનો ઉદયવિચ્છેદ થાય છે. |
| ૧૪મું | ૧૨ | ત્રસ ૩, જિનનામકર્મ, ઉચ્ચગોત્ર સાતા કે અસાતા, (બે માંથી એક) સુભગ-આદેય-યશ, મનુષ્યગતિ, મનુષ્યાયુષ્ય, પંચેન્દ્રિયજાતિ **આ ૧૨નો ઉદયવિચ્છેદ.** | — |
| સિદ્ધાવસ્થા | ૦ | હંમેશ માટે ઉદયનો અભાવ | |

## ચૌદ ગુણસ્થાનકે મૂળપ્રકૃતિઓનો ઉદય

| ગુણ-સ્થાનક | ઉદયમાં મૂળપ્રકૃતિ | વિગત | ગુણ-સ્થાનક | ઉદયમાં મૂળપ્રકૃતિ | વિગત |
|---|---|---|---|---|---|
| ૧લું | ૮ | બધી મૂળપ્રકૃતિઓ | ૮મું | ૮ | બધી મૂળપ્રકૃતિઓ |
| ૨જું | ૮ | બધી મૂળપ્રકૃતિઓ | ૯મું | ૮ | બધી મૂળપ્રકૃતિઓ |
| ૩જું | ૮ | બધી મૂળપ્રકૃતિઓ | ૧૦મું | ૮ | બધી મૂળપ્રકૃતિઓ |
| ૪થું | ૮ | બધી મૂળપ્રકૃતિઓ | ૧૧મું | ૭ | ૮–૧(મોહનીય) |
| ૫મું | ૮ | બધી મૂળપ્રકૃતિઓ | ૧૨મું | ૭ | ૮–૧(મોહનીય) |
| ૬ઠ્ઠું | ૮ | બધી મૂળપ્રકૃતિઓ | ૧૩મું | ૪ | ૭–૩ (જ્ઞાનાવરણ, દર્શનાવરણ, અંતરાય) |
| ૭મું | ૮ | બધી મૂળપ્રકૃતિઓ | ૧૪મું | ૪ | |



# ચૌદ ગુણસ્થાનકે કર્મોની ઉદીરણા

ઉદયાવલિકા ઉપરની સ્થિતિમાં રહેલા અર્થાત્ **ઉદયમાં નહીં આવેલા** કર્મપુદ્ગલોને જીવના વિશેષ પ્રકારના સામર્થ્યથી ઉદયાવલિકામાં પ્રવેશ કરાવી ભોગવવા તે ઉદીરણા. ક્યા ગુણસ્થાનકે કેટલી પ્રકૃત્તિની ઉદીરણા હોય ? તે અહીં બતાવાશે.

ચૌદ ગુણસ્થાનકે ઉદીરણા ચૌદ ગુણસ્થાનકે ઉદયની જેમ જ છે, માત્ર થોડો ફેરફાર છે. તે આ પ્રમાણે–

૧) મનુષ્યાયુષ્ય, સાતાવેદનીય અને અસાતાવેદનીયનો ઉદય ૧૪મા ગુણસ્થાનક સુધી છે, પણ ઉદીરણા ૬ઠ્ઠા ગુણસ્થાનક સુધી જ છે, કેમકે **અપ્રમત્તાવસ્થામાં આ ત્રણ પ્રકૃતિઓની ઉદીરણા થતી નથી.**

૨) ૧૪મા ગુણસ્થાનકે કોઇપણ કર્મની ઉદીરણા થતી નથી, કેમકે **ઉદીરણા યોગસહિતના અધ્યવસાયથી થાય છે** અને ૧૪મા ગુણસ્થાનકે અયોગીપણું છે.

તેથી ૧લા ગુણસ્થાનકથી ૬ઠ્ઠા ગુણસ્થાનક સુધી ઉદયમાં જેટલી પ્રકૃતિઓ છે તેટલી જ પ્રકૃતિઓ ઉદીરણામાં છે. ૬ઠ્ઠા ગુણસ્થાનકને અંતે મનુષ્યાયુષ્ય, સાતા, અસાતાનો ઉદીરણાવિચ્છેદ થાય. ૭માં ગુણસ્થાનકથી ૧૩મા ગુણસ્થાનક સુધી ઉદયમાં જેટલી પ્રકૃતિ છે તેના કરતા ઉદીરણામાં ૩-૩ પ્રકૃતિઓ ઓછી છે. ૧૩મા ગુણસ્થાનકને અંતે ૩૯ પ્રકૃતિઓનો ઉદીરણાવિચ્છેદ થાય. ૧૪મા ગુણસ્થાનકે કોઇપણ પ્રકૃતિની ઉદીરણા ન થાય.

## ચૌદ ગુણસ્થાનકે ઉત્તર પ્રકૃતિઓની ઉદીરણા

| ગુણ-સ્થાનક | ઉદીરણામાં પ્રકૃતિ | ઉદીરણાવિચ્છેદ, અનુદીરણા વગેરેની વિગત | હેતુ |
|---|---|---|---|
| સામાન્યથી | ૧૨૨ | — | ઉદયની જેમ |
| ૧લુ | ૧૧૭ | સમ્યકત્વમોહનીય, મિશ્રમોહનીય, આહારક ૨, જિનનામકર્મ-**આ ૫ની અનુદીરણા**, સૂક્ષ્મ ૩, મિથ્યાત્વ | ઉદયની જેમ |

| | | | |
|---|---|---|---|
| | | મોહનીય, આતપ આ **૫નો ઉદીરણાવિચ્છેદ.** | |
| ૨જુ | ૧૧૧ | નરકાનુપૂર્વીની **અનુદીરણા,** અનંતાનુબંધી ૪, જાતિ ૪, સ્થાવર-આ **૯નો ઉદીરણાવિચ્છેદ.** | ઉદયની જેમ |
| ૩જુ | ૧૦૦ | ૩ આનુપૂર્વીની **અનુદીરણા,** મિશ્રમોહનીયની **ઉદીરણા વધે.** મિશ્રમોહનીયનો **ઉદીરણાવિચ્છેદ.** | ઉદયની જેમ |
| ૪થુ | ૧૦૪ | સમ્યક્ત્વમોહનીય,૪ આનુપૂર્વીની **ઉદીરણા વધે,** વૈક્રિય ૮, મનુષ્યાનુપૂર્વી, અપ્રત્યાખ્યાનીય ૪, દુર્ભગ, અનાદેય, અપયશ આ **૧૭નો ઉદીરણાવિચ્છેદ.** | ઉદયની જેમ |
| ૫મુ | ૮૭ | પ્રત્યાખ્યાનીય ૪, તિર્યંચગતિ, તિર્યંચાયુષ્ય, નીચગોત્ર, ઉદ્યોત **આ ૮નો ઉદીરણાવિચ્છેદ** | ઉદયની જેમ |
| ૬ઠ્ઠુ | ૮૧ | આહારક ૨ની **ઉદીરણા વધે** થિણદ્ધિ ૩, આહારક ૨, મનુષ્યાયુષ્ય, સાતા—અસાતા આ **૮નો ઉદીરણા વિચ્છેદ** | ઉદયની જેમ મનુષ્યાયુષ્ય, સાતા, અસાતાની અપ્રમત્તાવસ્થામાં ઉદીરણા થતી નથી. તેથી ૬ઠ્ઠા ગુણસ્થાનકને અંતે તેમનો ઉદીરણાવિચ્છેદ થાય છે. |
| ૭મું | ૭૩ | સમ્યક્ત્વમોહનીય, છેલ્લા ૩ સંઘયણ-આ **૪નો ઉદીરણાવિચ્છેદ** | ઉદયની જેમ |
| ૮મું | ૬૯ | હાસ્ય ૬નો ઉદીરણાવિચ્છેદ | ઉદયની જેમ |
| ૯મું | ૬૩ | વેદ-૩, સંજ્વલન ૩નો **ઉદીરણા વિચ્છેદ** | ઉદયની જેમ |
| ૧૦મું | ૫૭ | સંજ્વલન લોભનો **ઉદીરણાવિચ્છેદ** | ઉદયની જેમ |

| | | | |
|---|---|---|---|
| ૧૧મું | ૫૬ | ૨જા-૩જા સંઘયણનો **ઉદીરણા વિચ્છેદ** | ઉદયની જેમ |
| ૧૨મું | ૫૪ | જ્ઞાનાવરણ ૫, દર્શનાવરણ ૪, ૨, અંતરાય ૫-**આ ૧૬નો ઉદીરણાવિચ્છેદ** | નિદ્રા ૨ નો ઉદયવિચ્છેદ ૧૨મા ગુણસ્થાનકના ઉપાંત્યસમયે થાય છે. જ્ઞાનાવરણાદિ ૧૪નો ઉદયવિચ્છેદ ૧૨માં ગુણસ્થાનકના ચરમ સમયે થાય છે. આ ૧૬ પ્રકૃત્તિઓની ઉદીરણા ૧૨મા ગુણસ્થાનકની ચરમાવલિકામાં થતી નતી, કેમકે **ચરમાવલિકામાં રહેલ જીવને ઉદયાવલિકા ઉપર તેમનું દલિક જ નથી.** તેથી ૧૨માં ગુણસ્થાનકની **દ્વિચરમાવલિકાના ચરમ સમયે આ ૧૬ પ્રકૃતિઓનો ઉદીરણાવિચ્છેદ થાય છે.** |
| ૧૨મું ચરમાવલિકા | ૩૮ | — | — |
| ૧૩મું | ૩૯ | જિનનામકર્મની ઉદીરણા વધે. ઔદારિક ૨, તેજસ શરીર, કાર્મણશરીર, ૧લું સંઘયણ, છ સંસ્થાન, વર્ણાદિ ૪, ખગતિ ૨, અગુરૂલઘુ ૪, નિર્માણ, પ્રત્યેક, સ્થિર, અસ્થિર, શુભ, અશુભ, સુસ્વર, દુઃસ્વર, ત્રસ ૩, જિન, ઉચ્ચગોત્ર, સુભગ, આદેય, યશ મનુષ્યગતિ, પંચેન્દ્રિયજાતિ આ **૩૯નો ઉદીરણાવિચ્છેદ.** | ઉદીરણા યોગસહિત અધ્યવસાયથી થાય છે. **૧૪મા ગુણસ્થાનકે અયોગી પણું છે.** તેથી ત્યાં કોઇ પણ પ્રકૃતિની ઉદીરણા ન થાય. માટે ૧૩મા ગુણ-સ્થાનકને અંતે બાકી રહેલ બધી પ્રકૃતિઓનો ઉદીરણાવિચ્છેદ થાય. મનુષ્યાયુષ્ય, સાતા, અસાતાનો ઉદી-રણાવિચ્છેદ પૂર્વે ૬ઠ્ઠા ગુણસ્થાનકે થઇ ગયો છે. |
| ૧૪મું | ૦ | હંમેશ માટે ઉદીરણાનો અભાવ | ૧૪મા ગુણસ્થાનકે યોગ ન હોવાથી ઉદીરણા ન થાય. |
| સિદ્ધાવસ્થા | ૦ | — | — |

## ચૌદ ગુણસ્થાનકે મૂળપ્રકૃતિઓની ઉદીરણા

| ગુણ-સ્થાનક | ઉદીરણામાં મૂળપ્રકૃતિ | વિગત |
|---|---|---|
| ૧લું<br>૨જું<br>૩જું<br>૪થું<br>૫મું<br>૬ઠ્ઠું | ૮/૭<br>૮/૭<br>૮<br>૮/૭<br>૮/૭<br>૮/૭ | આયુષ્યની છેલ્લી આવલિકા સિવાયના કાળમાં ૮ મૂળપ્રકૃતિઓની ઉદીરણા થાય. આયુષ્યની છેલ્લી આવલિકામાં આયુષ્યની ઉદીરણા થતી ન હોવાથી આયુષ્યની છેલ્લી આવલિકામાં ૭ મૂળ પ્રકૃતિઓની ઉદીરણા થાય. ત્રીજા ગુણસ્થાનકે મરણ થતું ન હોવાથી ત્યાં આયુષ્યની છેલ્લી આવલિકા ન આવે. તેથી ત્યાં ૮મૂળ પ્રકૃતિઓની જ ઉદીરણા થાય.<br>— |
| ૭મું<br>૮મું<br>૯મું<br>૧૦મું | ૬<br>૬<br>૬<br>૬/૫ | ૭મા ગુણસ્થાનકથી ૧૦ મા ગુણસ્થાનકની ચરમાવલિકા બાકી હોય ત્યાં સુધી **વેદનીય અને આયુષ્ય સિવાયની** ૬ મૂળપ્રકૃતિઓની ઉદીરણા થાય. ૧૦ મા ગુણસ્થાનકે ચરમાવલિકા પૂર્વે ૬ મૂળ પ્રકૃતિઓની ઉદીરણા થાય અને ચરમાવલિકામાં ૬-મોહનીય=૫ મૂળ પ્રકૃતિઓની ઉદીરણા થાય.<br>— |
| ૧૧મું | ૫ | ૧૦ મા ગુણસ્થાનકની ચરમાવલિકાથી ૧૨મા ગુણસ્થાનકની ચરમાવલિકા બાકી રહે ત્યાં સુધી **વેદનીય, આયુષ્ય અને મોહનીય સિવાયની** મૂળપ્રકૃતિઓની ઉદીરણા થાય. |
| ૧૨મું | ૫/૨ | ૧૨ મા ગુણસ્થાનકે ચરમાવલિકા પૂર્વે ૫ મૂળપ્રકૃતિઓની ઉદીરણા થાય અને ચરમાવલિકામાં **૫—જ્ઞાનાવરણ, દર્શનાવરણ, અંતરાય=૨** મૂળપ્રકૃતિઓની ઉદીરણા થાય. |
| ૧૩મું | ૨ | ૧૨મા ગુણસ્થાનકની ચરમાવલિકાથી ૧૩મા ગુણસ્થાનક સુધી **નામ અને ગોત્રની જ ઉદીરણા થાય.** |
| ૧૪મું | ૦ | ૧૪મા ગુણસ્થાનકે યોગ ન હોવાથી કોઇ પણ પ્રકૃતિની ઉદીરણા થતી નથી. |

# ચૌદ ગુણસ્થાનકે કર્મોની સત્તા

બંધ કે સંક્રમથી આવેલા કર્મદલિકોનો ક્ષય કે સંક્રમ ન થાય ત્યાં સુધી તેમનું પોતાના સ્વરૂપે રહેવું તે સત્તા. ક્યા ગુણસ્થાનકે કેટલી પ્રકૃત્તિઓની સત્તા હોય ? તે અહીં બતાવશે. ચૌદ ગુણસ્થાનકે કર્મોની સત્તા જાણવા પહેલા ઉપશમશ્રેણિ અને ક્ષપકશ્રેણિનું સ્વરૂપ જાણવું જરૂરી છે. તેની માટે નીચેના પારિભાષિક શબ્દો સમજવા જરૂરી છે–

૧. **ઉપશમ** – બંધાયેલા કર્મોને ઉદય, ઉદીરણા, નિધત્તિ અને નિકાચનાને અયોગ્ય બનાવવા તે ઉપશમ. એટલે જે કર્મોનો ઉપશમ થાય તેમના ઉદય, ઉદીરણા, નિધત્તિ, નિકાચના ન થાય. ટૂંકમાં, **ઉપશમ એટલે કર્મોને દબાવી દેવા,** જેથી તેઓ પોતાનું ફળ ન બતાવી શકે. નિધત્તિ અને નિકાચનાની વ્યાખ્યા આગળ કરાશે. **ઉપશમ માત્ર મોહનીય કર્મનો જ થાય છે.**

૨. **ક્ષય – ફરીથી બંધાય નહી એ રીતે** આત્મા ઉપરથી કર્મોનું છુટા પડવું તે ક્ષય. ક્ષય બધા કર્મોનો થાય છે.

૩. **વિસંયોજના – ફરીથી બંધાઇ શકે એ રીતે** આત્મા ઉપરથી કર્મોનું છુટા પડવું તે વિસંયોજના. વિસંયોજના માત્ર અનંતાનુબંધી ૪ ની જ થાય છે.

## ઉપશમશ્રેણિ

કર્મોને ક્રમશઃ ઉપશમાવવા તે ઉપશમશ્રેણિ. પહેલા ત્રણ સંઘયણવાળા અપ્રમત્ત મુનિ ઉપશમશ્રેણિ માંડે. મતાંતરે ૪થા થી ૭મા ગુણસ્થાનકવાળો કોઇપણ જીવ ઉપશમશ્રેણિ માંડે.

| | |
|---|---|
| ૧. પહેલા અનંતાનુબંધી ૪ એકસાથે ઉપશમાવે (મતાંતરે વિસંયોજના કરે)<br>૨. પછી દર્શન ૩ એકસાથે ઉપશમાવે | ૪ થા થી ૭ મા ગુણસ્થાનક સુધી |
| ૩. પછી ઉપશમશ્રેણિ માંડનાર પુરૂષ હોય તો નપુંસકવેદ ઉપશમાવે.<br>૪. પછી સ્ત્રીવેદ ઉપશમાવે<br>૫. પછી હાસ્ય ૬ ઉપશમાવે | ૯ માં ગુણસ્થાનકે |

| | |
|---|---|
| ૬. પછી પુરૂષવેદ ઉપશમાવે     અથવા,<br>૭. ઉપશ્રેણિ માંડનાર સ્ત્રી હોય તો પહેલા નપુંસકવેદ પછી પુરૂષવેદ, પછી હાસ્ય ૬, પછી સ્ત્રીવેદ આ ક્રમે ઉપશમાવે.     અથવા,<br>૮. ઉપશમશ્રેણિ માંડનાર, નપુંસક હોય તો પહેલા સ્ત્રીવેદ, પછી પુરૂષવેદ, પછી હાસ્ય ૬, પછી નપુંસકવેદ આ ક્રમે ઉપશમાવે.<br>૯. આમ નવે નોકષાયોને ઉપશમાવ્યા પછી અપ્રત્યાખ્યાનીય ક્રોધ-પ્રત્યાખ્યાનીય ક્રોધને એક સાથે ઉપશમાવે.<br>૧૦. પછી સંજ્વલન ક્રોધને ઉપશમાવે.<br>૧૧. પછી અપ્રત્યાખ્યાનીય માન-પ્રત્યાખ્યાનીય માન એક સાથે ઉપશમાવે.<br>૧૨. પછી સંજ્વલન માન ઉપશમાવે.<br>૧૩. પછી અપ્રત્યાખ્યાનીય માયા-પ્રત્યાખ્યાનીય માયાં એક સાથે ઉપશમાવે.<br>૧૪. પછી સંજ્વલન માયા ઉપશમાવે.<br>૧૫. પછી અપ્રત્યાખ્યાનીય લોભ-પ્રત્યાખ્યાનીય લોભ એક સાથે ઉપશમાવે. | ૯ મા ગુણસ્થાનકે<br>૯મા ગુણસ્થાનકે |
| ૧૬. પછી સંજ્વલન લોભ ઉપશમાવે. | ૯મા-૧૦મા ગુણસ્થાનકે |
| ૧૭. પછી જીવ ૧૧ મા ગુણસ્થાનકે જાય. ત્યાં મોહનીય કર્મ સંપૂર્ણ રીતે ઉપશાંત થઇ ગયું છે. તેનો કાળ જઘન્યથી ૧ સમય અને ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત છે. ત્યાંથી બે રીતે પડે.<br>**૧. કાળક્ષયથી** – ૧૧મા ગુણસ્થાનકનો કાળ પૂરો થતા જે ક્રમે ચઢ્યો હોય તે ક્રમે પડે.<br>**૨. ભવક્ષયથી** – ૧૧મા ગુણસ્થાનકનો કાળ પૂરો થતાં પૂર્વે જો મરણ પામે તો વૈમાનિક દેવલોકમાં જાય. ત્યાં **૪થું ગુણસ્થાનક મળે.** | ૧૧ મા ગુણસ્થાનકે |

# ક્ષપકશ્રેણિ

કર્મોનો ક્રમશઃ ક્ષય કરવો તે ક્ષપકશ્રેણિ. અતિવિશુદ્ધ પરિણામવાળો, ૧લા સંઘયણવાળો, ૪થા થી ૭મા ગુણસ્થાનક સુધીમાં રહેલો, ધર્મધ્યાનવાળો, ૮ વર્ષની ઉપરનો મનુષ્ય ક્ષપકશ્રેણિ માંડે. ૧૪ પૂર્વધર અપ્રમત્ત સાધુ શુક્લધ્યાનમાં પણ ક્ષપકશ્રેણિ માંડે.

| | | |
|---|---|---|
| ૧. | પહેલા અનંતાનુબંધી ૪ એકસાથે ખપાવે. | ૪ થા થી ૭મા ગુણસ્થાનક સુધી |
| ૨. | તેનો અનંતાનુબંધી-૪ નો અનંતમો ભાગ મિથ્યાત્વમોહનીયમાં નાંખી બન્નેને એક સાથે ખપાવે. | |
| ૩. | મિથ્યાત્વમોહનીયનો અનંતમો ભાગ મિશ્રમોહનીયમાં નાંખી બન્નેને એક સાથે ખપાવે. | |
| ૪. | મિશ્રમોહનીયનો અનંતમો ભાગ સમ્યક્ત્વમોહનીયમાં નાંખી બન્નેને એક સાથે ખપાવે. | |
| ૫. | ત્યારપછી તે **કૃતકરણ** કહેવાય. ક્ષપકશ્રેણિ માંડતાં પૂર્વે જેણે આયુષ્ય બાંધ્યું હોય તે કૃતકરણ અવસ્થામાં અવસ્થામાં મૃત્યુ પામે તો બાંધેલા આયુષ્ય પ્રમાણે ચારમાંથી એક ગતિમાં જાય. જો તે કૃતકરણ અવસ્થામાં મૃત્યુ ન પામે, તો પણ **દર્શન ૩ + અનંતાનુબંધી ૪ = દર્શન ૭ના** ક્ષય પછી સ્થિર રહે, ચારિત્રમોહનીયને ખપાવે નહીં. **ક્ષપકશ્રેણિ માંડતાં પૂર્વે જેણે આયુષ્ય ન બાંધ્યું** હોય **તે દર્શન ૭ના ક્ષય પછી અવશ્ય ચારિત્ર મોહનીયને ખપાવે**, તે આ પ્રમાણે– | |
| ૬. | પહેલા અપ્રત્યાખ્યાનીય ૪, પ્રત્યાખ્યાનીય ૪ - આ ૮ને ખપાવવાનું શરૂ કરે. તેમને અડધા ખપાવી વચ્ચે થિણદ્ધિ ૩, વિકલેન્દ્રિય ૩, તિર્યંચ ૨, નરક ૨, સ્થાવર ૨, આતપ ૨, એકેન્દ્રિય, સાધારણ-આ ૧૬ને ખપાવે. પછી ૮ કષાયોનો બાકીનો ભાગ ખપાવે. | ૯ માં ગુણસ્થાનકે |

| | | |
|---|---|---|
| | મતાંતરે પહેલા ૧૬ પ્રકૃતિ ખપાવવાનું શરૂ કરે, વચ્ચે ૮ કષાયો ખપાવે, પછી ૧૬ પ્રકૃતિઓનો બાકીનો ભાગ ખપાવે. | ૯ મા ગુણસ્થાનક |
| ૭. | પછી ક્ષપકશ્રેણિ માંડનાર પુરૂષ હોય તો નપુંસકવેદ ખપાવે. | |
| ૮. | પછી સ્ત્રીવેદ ખપાવે. | |
| ૯. | પછી હાસ્ય ૬ ખપાવે. | |
| ૧૦. | પછી પુરૂષવેદ ખપાવે. અથવા | |
| ૧૧. | ક્ષપકશ્રેણિ માંડનાર સ્ત્રી હોય તો પહેલા નપુંસકવેદ ખપાવે, પછી સ્ત્રીવેદ ખપાવે, પછી હાસ્ય ૬ અને પુરૂષ વેદ એકસાથે ખપાવે. | |
| ૧૨. | ક્ષપકશ્રેણિ માંડનાર નપુંસક હોય તો પહેલા સ્ત્રીવેદ અને નપુંસક વેદ એક સાથે ખપાવે, પછી હાસ્ય ૬ અને પુરૂષ વેદ એક સાથે ખપાવે. | |
| ૧૩. | આમ નવે નોકષાયોનો ક્ષય થયા પછી સંજ્વલન ક્રોધને ખપાવે. | |
| ૧૪. | પછી સંજ્વલન માનને ખપાવે. | |
| ૧૫. | પછી સંજ્વલન માયાને ખપાવે. | |
| ૧૬. | પછી સંજ્વલન લોભને ખપાવે. | ૯મા-૧૦મા ગુણસ્થાનકે |
| ૧૭. | પછી નિદ્રા ૨ ને ખપાવે. | ૧૨મા ગુણસ્થાનકના દ્વિચરમ સમયે |
| ૧૮. | પછી જ્ઞાનાવરણ ૫, દર્શનાવરણ ૪, અંતરાય ૫, આ ૧૪ને એક સાથે ખપાવે. | ૧૨મા ગુણસ્થાનકના ચરમ સમયે |
| ૧૯. | પછી કેવળી થાય. | ૧૩મા ગુણસ્થાનકે |
| ૨૦. | પછી નિર્માણ, નીચગોત્ર, સાતા/અસાતા અપર્યાપ્ત, સુસ્વર, દેવ ૨, | |

| | | |
|---|---|---|
| | ખગતિ ૨, ગંધ ૨, પ્રત્યેક ૩, અગુરૂલઘુ ૪, વર્ણ ૫, રસ ૫, શરીર ૫, બંધન ૫, સંઘાતન ૫, સંઘયણ ૬, સંસ્થાન ૬, અસ્થિર ૬, સ્પર્શ ૮ - આ ૭૨ પ્રકૃતિ ખપાવે | ૧૪મા ગુણસ્થાનકના દ્વિચરમ સમયે |
| ૨૧. | પછી ત્રસ ૩, સુભગ, આદેય, યશ, જિન, ઉચ્ચગોત્ર, સાતા / અસાતા, મનુષ્ય ૩, પંચેન્દ્રિયજાતિ-આ ૧૩ પ્રકૃતિ ખપાવે | ૧૪મા ગુણસ્થાનક ના ચરમ સમયે |
| ૨૨. | પછી મોક્ષે જાય. | |

કુલ ૧૫૮ પ્રકૃતિઓ છે. ૧૫ બંધનની બદલે ૫ બંધન ગણીએ તો ૧૪૮ પ્રકૃતિઓ થાય. આ ૧૪૮ પ્રકૃતિઓના આધારે સત્તા કહેવાશે.

## ૧લા થી ૭મા ગુણસ્થાનક સુધી સામાન્યથી ઉત્તર પ્રકૃતિઓની સત્તા

| **ગુણસ્થાનક** | **સત્તામાં પ્રકૃતિ** | **સત્તા-અસત્તા વગેરેની વિગત** | **હેતુ** |
|---|---|---|---|
| સામાન્યથી | ૧૪૮ | સર્વ પ્રકૃતિઓ | ૧૫ બંધનને બદલે ૫ બંધન ગણ્યા હોવાથી. |
| ૧લું | ૧૪૮ | સર્વ પ્રકૃતિઓ | પૂર્વે નરકાયુષ્ય બાંધ્યું હોય તેવો **ક્ષાયોપશમિક સમ્યગ્દષ્ટિ** જીવ પછીથી જિનનામકર્મ બાંધે તે નરકમાં જતી વખતે **છેલ્લા અંતર્મુહૂર્તમાં ૧લા ગુણસ્થાનકે આવે છે અને નરકમાં ગયા પછી પહેલા અંતર્મુહૂર્તમાં ૧લા ગુણસ્થાનકે રહે છે. આ બન્ને અંતર્મુહૂર્તમાં જિનનામકર્મની સત્તા હોય છે.** તે અપેક્ષાએ ૧લા ગુણસ્થાનકે જિનનામકર્મની સત્તા કહી છે. |
| ૨જુ | ૧૪૭ | જિનનામકર્મ વિના | જિનનામકર્મની સત્તાવાળો જીવ |

| | | | |
|---|---|---|---|
| ૩જુ | ૧૪૭ | જિનનામકર્મ વિના | ૨જા-૩જા ગુણસ્થાનકે જતો નથી તેથી ૨જા-૩જા ગુણસ્તાનકે જિનનામકર્મની સત્તા હોતી નથી |
| ૪થુ<br>૫મુ<br>૬ઠ્ઠુ<br>૭મું | ૧૪૮<br>૧૪૮<br>૧૪૮<br>૧૪૮ | સર્વપ્રકૃતિઓ<br>સર્વપ્રકૃતિઓ<br>સર્વપ્રકૃતિઓ<br>સર્વપ્રકૃતિઓ | **અચરમશરીરી ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ** જીવને દર્શન ૭નો ક્ષય થયા પછી ૪થા થી ૭ મા ગુણસ્થાનક સુધી **૧૪૧ની સત્તા હોય. ઉપશમશ્રેણિ ક્ષપકશ્રેણિ નહી માંડનારા** શેષ જીવોને ૪થા થી ૭મા ગુણસ્થાનક સુધી **૧૪૮ની સત્તા હોય.** |

## ઉપશમશ્રેણિને આશ્રયીને ૧લા થી ૧૧મા ગુણસ્થાનક સુધી ઉત્તરપ્રકૃતિઓની સત્તા

| ગુણસ્થાનક | સત્તામાં પ્રકૃતિ | સત્તાવિચ્છેદ, અસત્તા વગેરેની વિગત | હેતુ |
|---|---|---|---|
| સામાન્યથી | ૧૪૮ | સર્વ પ્રકૃતિઓ | સામાન્ય સત્તા મુજબ |
| ૪થુ<br>૫મુ<br>૬ઠ્ઠુ<br>૭મું | ૧૪૬<br>૧૪૨<br>૧૩૯ | તિર્યંચાયુષ્ય, નરકાયુષ્ય વિના<br>અનંતાનુબંધી ૪ની વિસંયોજના પછી...<br>દર્શન ૩નો ક્ષય થયા પછી | ૧) કોઇપણ આયુષ્ય ન બાંધ્યું હોય અથવા વૈમાનિક દેવનું આયુષ્ય બાંધ્યું હોય તે જ ઉપશમશ્રેણિ માંડી શકે. તેથી ઉપશમશ્રેણિ માંડનારને તિર્યંચાયુષ્ય, નરકાયુષ્યની સત્તા ન હોય. ૨) ૪થી થી ૭મા ગુણસ્થાનક સુધીમાં અનંતાનુબંધી ૪ની વિસંયોજના થયા પછી ૧૪૨ની સત્તા હોય. ૩) ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિને દર્શન ૭નો ક્ષય થયા પછી ૧૩૯ની સત્તા હોય. |

| | | | |
|---|---|---|---|
| ૮મું<br>૯મું<br>૧૦મું<br>૧૧મું | ૧૪૬<br>૧૪૨<br><br>૧૩૯ | તિર્યંચાયુષ્ય, નરકાયુષ્યવિના<br>અનંતાનુબંધી ૪ની વિસંયોજના પછી<br>દર્શન ૩ના ક્ષય પછી | ૧) દર્શન ૭ની ઉપશમના કરનારને ૧૪૬ની સત્તા હોય. ૨) ૪થા થી ૭મા ગુણસ્થાનક સુધી અનંતાનુબંધી ૪ની વિસંયોજના થયા પછી ૮મા ગુણસ્થાનકે ૧૪૨ની સત્તા હોય. ૩) ૪થા થી ૭મા ગુણસ્થાનક દર્શન ૭નો ક્ષય થયા પછી ક્ષાયિક સમ્યગ્દષ્ટિને ૮મા ગુણસ્થાનકે ૧૩૯ની સત્તા હોય. |

## ક્ષપકશ્રેણિને આશ્રયીને ચૌદ ગુણસ્થાનકે ઉત્તરપ્રકૃતિઓની સત્તા

| ગુણસ્થાનક | સત્તામાં પ્રકૃતિ | સત્તાવિચ્છેદ, અસત્તા વગેરેની વિગત | હેતુ |
|---|---|---|---|
| સામાન્યથી | ૧૪૮ | સર્વ પ્રકૃતિઓ | સામાન્ય સત્તાની જેમ |
| ૪થુ<br>૫મુ<br>૬ઠ્ઠુ<br>૭મું | ૧૪૫ | દેવાયુષ્ય, તિર્યંચાયુષ્ય, નરકાયુષ્ય વિના. | ૧) કોઇપણ આયુષ્ય ન બાંધ્યું હોય તે જ ક્ષપકશ્રેણિ માંડી શકે. તેથી ક્ષપકશ્રેણિ માંડનારને મનુષ્યાયુષ્ય સિવાયના ત્રણ આયુષ્યની સત્તા ન હોય. |
| | ૧૪૧ | અનંતાનુબંધી ૪ની વિસંયોજના પછી | ૨) ૪થા થી ૭મા ગુણસ્થાનક સુધીમાં અનંતાનુબંધી ૪ની વિસંયોજના થયા પછી ૧૪૧ની સત્તા હોય. |
| | ૧૩૮ | દર્શન ૩ ના ક્ષય પછી | ૩) ૪થા થી ૭મા ગુણસ્થાનક સુધીમાં દર્શન ૭નો ક્ષય થયા પછી ૧૩૮ની સત્તા હોય. |
| ૮મુ | ૧૩૮ | — | — |

| | | | |
|---|---|---|---|
| ૯/૧ | ૧૩૮ | સ્થાવર ૨, તિર્યંચ ૨, નરક ૨, આતપ ૨, થિણદ્ધિ ૩, જાતિ ૪, સાધારણ-**આ ૧૬નો ક્ષય** | ૯મા ગુણસ્થાનકના ૯ ભાગ છે. તેથી ૯/૧, ૯/૨ વગેરે કહ્યું છે. |
| ૯/૨ | ૧૨૨ | અપ્રત્યાખ્યાનીય ૪, પ્રત્યાખ્યાનીય ૪-**આ ૮નો ક્ષય** | — |
| ૯/૩ | ૧૧૪ | નપુંસકવેદનો ક્ષય | — |
| ૯/૪ | ૧૧૩ | સ્ત્રીવેદનો ક્ષય | — |
| ૯/૫ | ૧૧૨ | હાસ્ય ૬નો ક્ષય | — |
| ૯/૬ | ૧૦૬ | પુરૂષવેદનો ક્ષય | — |
| ૯/૭ | ૧૦૫ | સંજ્વલન ક્રોધનો ક્ષય | — |
| ૯/૮ | ૧૦૪ | સંજ્વલન માનનો ક્ષય | — |
| ૯/૯ | ૧૦૩ | સંજ્વલન માયાનો ક્ષય | — |
| ૧૦ | ૧૦૨ | સંજ્વલન લોભનો ક્ષય | — |
| ૧૨મુ(ઉપાંત્ય સમય સુધી) | ૧૦૧ | નિદ્રા ૨ નો ક્ષય | — |
| ૧૨ મુ (ચરમ સમય) | ૯૯ | જ્ઞાનાવરણ ૫, દર્શનાવરણ ૪, અંતરાય ૫નો ક્ષય | — |
| ૧૩મુ | ૮૫ | — | — |
| ૧૪મુ (ઉપાંત્ય સમય સુધી) | ૮૫ | નિર્માણ, નીચગોત્ર, સાતા/ અસાતા, અપર્યાપ્ત, સુસ્વર, દેવ ૨, ખગતિ ૨, ગંધ ૨, પ્રત્યેક ૩, અંગોપાંગ ૩, અગુરૂલઘુ ૪, વર્ણ ૫, રસ ૫, શરીર ૫, બંધન ૫, સંઘાતન ૫, સંઘયણ ૬, સંસ્થાન ૬, અસ્થિર ૬, સ્પર્શ ૮-**આ ૭૨નો ક્ષય**, મતાંતરે મનુષ્યાનુપૂર્વી સાથે **૭૩ નો ક્ષય.** | — |

| | | | |
|---|---|---|---|
| ૧૪મુ (ચરમ સમય) | ૧૩ મતાંતરે ૧૨ | ત્રસ ૩, સુભગ, આદેય, યશ, જિનનામકર્મ, ઉચ્ચગોત્ર, સાતા/ અસાતા, મનુષ્ય ૩, પંચેન્દ્રિયજાતિ **આ ૧૩નો** ક્ષય, મતાંતરે મનુષ્યાનુપૂર્વી વિના **૧૨નો ક્ષય** | |
| સિદ્ધાવસ્થા | ૦ | હંમેશ માટે સત્તાનો અભાવ | — |

## ચૌદ ગુણસ્થાનકે મૂળપ્રકૃતિઓની સત્તા

| ગુણસ્થાનક | સત્તામાં મૂળપ્રકૃતિ | વિગત | ગુણસ્થાનક | સત્તામાં મૂળપ્રકૃતિ | વિગત |
|---|---|---|---|---|---|
| ૧લું | ૮ | બધી મૂળપ્રકૃતિઓ | ૮મું | ૮ | બધી મૂળપ્રકૃત્તિઓ |
| ૨જું | ૮ | બધી મૂળપ્રકૃતિઓ | ૯મું | ૮ | બધી મૂળપ્રકૃત્તિઓ |
| ૩જું | ૮ | બધી મૂળપ્રકૃતિઓ | ૧૦મું | ૮ | બધી મૂળપ્રકૃત્તિઓ |
| ૪થું | ૮ | બધી મૂળપ્રકૃતિઓ | ૧૧મું | ૮ | બધી મૂળપ્રકૃત્તિઓ |
| ૫મું | ૮ | બધી મૂળપ્રકૃતિઓ | ૧૨મું | ૭ | ૮– મોહનીય |
| ૬ઠ્ઠું | ૮ | બધી મૂળપ્રકૃતિઓ | ૧૩મું | ૪ | ૭– જ્ઞાનાવરણ, દર્શનાવરણ, અંતરાય |
| ૭મું | ૮ | બધી મૂળપ્રકૃતિઓ | ૧૪મું | ૪ | ૭– જ્ઞાનાવરણ, દર્શનાવરણ, અંતરાય |



# આઠ કરણો

કર્મો બંધાયા પછી ઉદયમાં આવે ત્યાં સુધીમાં એમાં અનેક પ્રકારના ફેરફારો થાય છે. આત્મા ઉપર કર્મો બંધાવા, તેમાં આ વિવિધ ફેરફારો થવા વગેરેમાં કારણભૂત **આત્માની વિશેષ પ્રકારની શક્તિ તે કરણ.** આવા આઠ કરણો છે. તે આ પ્રમાણે–

૧. **બંધનકરણ :-** જે શક્તિથી કર્મપુદ્ગલોનો જીવપ્રદેશોની સાથે લોઢા-અગ્નિની જેમ એકમેક સંબંધ થાય તે બંધનકરણ. બંધનકરણથી આત્મા સાથે બંધાયેલા **કર્મપુદ્ગલોમાં પ્રકૃતિ (સ્વભાવ), સ્થિતિ (કાળ), રસ (શક્તિ) અને પ્રદેશ (જથ્થો) નક્કી થાય છે.**

૨. **સંક્રમકરણ :-** જે શક્તિથી સત્તામાં રહેલા કર્મો તે સમયે બંધાતા કર્મોરૂપે પરિવર્તન પામે (ટ્રાન્સફર થાય) તે સંક્રમકરણ. **સંક્રમકરણથી શુભકર્મો અશુભકર્મોરૂપે ટ્રાન્સફર થાય છે અને અશુભકર્મો શુભકર્મોરૂપે ટ્રાન્સફર થાય છે.** શુભભાવમાં રહેલો જીવ નવા શુભકર્મો બાંધવાની સાથે જુના અશુભકર્મોને બંધાતા નવા શુભકર્મો રૂપે ટ્રાન્સ્ફર કરે છે. અશુભભાવમાં રહેલો જીવ નવા અશુભકર્મો બાંધવાની સાથે જુના શુભ કર્મોને બંધાતા નવા અશુભકર્મોરૂપે ટ્રાન્સ્ફર કરે છે.

૩. **ઉદ્વર્તનાકરણ :–** જે શક્તિથી બંધાતા કર્મોના સત્તામાં રહેલ સ્થિતિ અને રસ વધે તે ઉદ્વર્તનાકરણ. ઉદ્વર્તનાકરણ વડે ૧૦ કોડાકોડી સાગરોપમની સ્થિતિવાળું કર્મ ૧૫ કોડાકોડી સાગરોપમની સ્થિતિવાળું થઇ શકે છે. **ઉદ્વર્તનાકરણ વડે મંદ ફળ આપવાની શક્તિવાળું કર્મ તીવ્ર ફળ આપવાની શક્તિવાળું થઇ શકે છે.**

૪. **અપવર્તનાકરણ :–** જે શક્તિથી સત્તામાં રહેલા કર્મોના સ્થિતિ અને રસ ઘટે તે અપવર્તનાકરણ. અપવર્તનાકરણ વડે ૨૦ કોડાકોડી સાગરોપમની સ્થિતિવાળું કર્મ ૧૫ કોડાકોડી સાગરોપમની સ્થિતિવાળું થઇ શકે છે. **અપવર્તનાકરણ વડે તીવ્ર ફળ આપવાની શક્તિવાળુ કર્મ મંદ ફળ આપવાની શક્તિવાળુ થઇ શકે છે.**

૫. ઉદીરણાકરણ :– **જે શક્તિથી** મોડા ઉદયમાં **આવનારા કર્મો** વહેલા

**ઉદયમાં આવે તે ઉદીરણા કરણ.** જે કર્મ ૨૫ વર્ષ પછી ઉદયમાં આવવાનું હતું તે કર્મ ઉદીરણાકરણ વડે હમણા ઉદયમાં આવી શકે છે.

૬. **ઉપશમનાકરણ :–** જે શક્તિથી કર્મો ઉદય, ઉદીરણાકરણ, નિધત્તિકરણ અને નિકાચનાકરણ માટે અયોગ્ય બને તે ઉપશમનાકરણ. ઉપશમનાકરણથી કર્મોના ઉદય, ઉદીરણા, નિધત્તિ અને નિકાચના થઇ શકતા નથી. રસ્તા પરની ધૂળ પવનથી ઉડતી હોય છે. તેની ઉપર પાણી છાંટી રોલર ફેરવી દેવાથી તે ધૂળ દબાઇ જાય છે. હવે તે ઉડી શકતી નથી. તેમ ઉપશમના-કરણથી કર્મો દબાઇ જતા હોવાથી તેમના ઉદય, ઉદીરણા, નિધત્તિ અને નિકાચના થતા નથી. કચરાવાળુ પાણી ગ્લાસમાં આવ્યું હોય તો થોડી વાર તેને એમને એમ રહેવા દેવાથી કચરો નીચે બેસી જાય છે અને ઉપરનું પાણી ચોક્ખુ થઇ જાય છે. જેમ સ્પ્રીંગ ઉપર વજન મુકવાથી તે દબાઇ જાય છે. તેમ ઉપશમનાકરણથી કર્મો બેસી જવાથી આત્મા થોડા સમય માટે તેમના (કર્મોના) ઉદય, ઉદીરણા, નિધત્તિ અને નિકાચના વિનાનો થઇ જાય છે. થોડા દિવસ પછી પાણી સુકાઇ જવાથી અને લોકોની અવરજવર થવાથી ધૂળ ફરીથી ઉડવા લાગે છે. પાણીના ગ્લાસને હલાવવાથી ફરી પાણી ડહોળુ થઇ જાય છે. વજન હટાવી લેવાથી સ્પ્રીંગ ફરી પોતાના મૂળસ્વરૂપમાં આવી જાય છે. તેમ ઉપશમનાકરણ પૂરું થઇ જતા કર્મોના ઉદય, ઉદીરણા, નિધત્તિ અને નિકાચના ફરી શરૂ થઇ જાય છે.

૭. **નિધત્તિકરણ** – જે શક્તિથી કર્મો ઉદ્વર્તનાકરણ અને અપવર્તનાકરણ સિવાયના અન્ય કરણોને અયોગ્ય બને તે નિધત્તિકરણ. જે કર્મોને નિધત્તિકરણ લાગ્યું હોય તેમના સ્થિતિ અને રસમાં વધ-ઘટ થઇ શકે, પણ તે કર્મોમાં કોઇ ફેરફારો ન થઇ શકે.

૮. **નિકાચનાકરણ** – જે શક્તિથી કર્મો બધા કરણોને અયોગ્ય બને તે નિકાચનાકરણ. જે કર્મોને નિકાચનાકરણ લાગ્યું હોય તેમને બીજા કોઇ કરણો લાગી ન શકે, એટલે કે તે કર્મોમાં હવે કોઇ ફેરફાર ન થઇ શકે, તે અવશ્ય ભોગવવા જ પડે. તપથી નિકાચિત કર્મોનો પણ ક્ષય થાય છે.

# આઠ કરણોને સમજાવતું દૃષ્ટાંત

એક નગરમાં હેમેન્દ્ર, જિતેન્દ્ર, ધર્મેન્દ્ર, નરેન્દ્ર, મહેન્દ્ર, સુરેન્દ્ર અને રાજેન્દ્ર નામના સાત મિત્રો રહેતા હતા. કોઇક ગુના હેઠળ તેમની ધરપકડ કરવામાં આવી. કોર્ટમાં કેસ ચાલ્યો. કોર્ટે હેમેન્દ્રને બે વર્ષ જેલમાં રહીને પથ્થર તોડવાની સજા ફરમાવી. જિતેન્દ્ર, ધર્મેન્દ્ર, મહેન્દ્ર, સુરેન્દ્ર અને રાજેન્દ્રને બે વર્ષની જેલની સજા ફરમાવી. નરેન્દ્રને બે વર્ષ પછી બે વર્ષની જેલની સજા ફરમાવી.

સાતે મિત્રો ઉપલી કોર્ટમાં ગયા. ઉપલી કોર્ટે સાતેની સજામાં નીચે પ્રમાણે ફેરફાર કર્યા.

૧. હેમેન્દ્રને જેલમાં રહીને બે વર્ષ પથ્થર તોડવાની સજાની બદલે જેલમાં રહીને બે વર્ષ ખોદકામ કરવાની સજા ફરમાવી.

૨. જિતેન્દ્રને બે વર્ષની જેલની બદલે ત્રણ વર્ષની જેલની સજા ફરમાવી.

૩. ધર્મેન્દ્રને બે વર્ષની જેલની બદલે એક વર્ષની જેલની સજા ફરમાવી.

૪. નરેન્દ્રને બે વર્ષ પછી બે વર્ષની જેટલી સજાની બદલે તાત્કાલિક બે વર્ષની જેલની સજા ફરમાવી.

૫. મહેન્દ્રની બે વર્ષની જેલની સજા ચાલુ રાખી, પણ વચ્ચે છ મહિના પેરોલ પર જવાની છૂટ આપી. તેથી જેલમાં માત્ર દોઢ વર્ષ રહેવા છતા તેની બે વર્ષની સજા ગણાઇ જશે.

૬. સુરેન્દ્રને કહ્યું કે તારી બે વર્ષની જેલની સજાની મુદતમાં વધ-ઘટ થઇ શકશે, બીજા કોઇ ફેરફાર નહીં થાય.

૭. રાજેન્દ્રને કહ્યું કે તારી બે વર્ષની જેલની સજામાં કોઇ ફેરફાર નહી થાય.

હવે આ દૃષ્ટાંતના આધારે આઠ કરણોને સમજીએ-

૧. નીચલી કોર્ટે ફરમાવેલી સજા તે બંધનકરણ. નીચલી કોર્ટે સજા નક્કી કરી તેમ બંધનકરણ થી કર્મના પ્રકૃતિ, સ્થિતિ, રસ અને પ્રદેશ નક્કી થાય છે.

૨. હેમેન્દ્રને પથ્થર તોડવાની બદલે ખોદકામ કરવાની સજા થઇ. સજાની ટ્રાન્સફર થઇ. તેમ સંક્રમરણાથી નીચગોત્રકર્મ ઉચ્ચગોત્રકર્મમાં ટ્રાન્સ્ફર થાય છે.

૩. જિતેન્દ્રની બે વર્ષની સજા ત્રણ વર્ષની થઇ. તેમ ઉદ્વર્તનાકરણથી કર્મોના સ્થિતિ અને રસ વધે છે.

૪. ધર્મેન્દ્રની બે વર્ષની સજા એક વર્ષની થઇ. તેમ અપવર્તનાકરણથી કર્મોના સ્થિતિ અને રસ ઘટે છે.

૫. નરેન્દ્રને મોડી થનારી સજા વહેલી થઇ. તેમ ઉદીરણાકરણથી મોડા ઉદયમાં આવનારા કર્મો વહેલા ઉદયમાં આવે છે.

૬. મહેન્દ્રને બે વર્ષની જેલની સજામાં છ મહિના પેરોલ પર જવાની છૂટ આપી. તે છ મહિના તેણે સજા ન ભોગવી હોવા છતા તે છ મહિના સજામાં ગણાઇ ગયા. તેમ ઉપશમનાકરણથી કર્મનું ફળ ભોગવ્યા વિના તેનો અમુક કાળ પસાર થઇ જાય છે.

૭. સુરેન્દ્રની સજામાં મુદતની વધ-ઘટ સિવાય કોઇ ફેરફારને અવકાશ ન રહ્યો, તેમ નિધત્તિકરણના કારણે કર્મોના સ્થિતિ અને રસમાં વધ-ઘટ સિવાય કોઇ ફેરફાર ન થાય.

૮. રાજેન્દ્રની સજામાં કોઇ ફેરફાર ન થયો. તેમ નિકાચનાકરણના કારણે કર્મોમાં કોઇ ફેરફાર થતા નથી.

આ આઠે કરણો આપણને જુદા જુદા સંદેશા આપે છે. તે આ પ્રમાણે-

૧. બંધનકરણ આપણને સંકેત આપે છે કે **કર્મ બાંધતા પહેલા ખૂબ વિચાર કરવો.** અજ્ઞાનદશામાં બંધાયેલા કર્મોનો જ્યારે ઉદય થાય છે, ત્યારે તે જીવનમાં મોટી મોટી હોનારતો સર્જી દે છે.

૨. સંક્રમકરણ આપણને શિખામણ આપે છે કે **સતત શુભ ભાવમાં રમો.** કેમકે આપણા શુભ-અશુભ ભાવને આધારે શુભ-અશુભ કર્મનો બંધ થાય છે, એટલું જ નહીં પણ સત્તાગત અશુભ-શુભ કર્મોનો સંક્રમ પણ બંધાતા કર્મમાં થાય છે. જો આપણે અશુભ ભાવમાં રમતા હોઇએ તો નવા અશુભ કર્મ બંધાય, એટલું જ નહી પણ સત્તાગત શુભકર્મ પણ અશુભકર્મરૂપે સંક્રમી જાય. જો આપણે શુભભાવમાં રમતા હોઇએ તો નવા શુભકર્મ બંધાય અને સત્તાગત અશુભકર્મ પણ શુભકર્મરૂપે સંક્રમી જાય. આમ શુભભાવમાં રહેવામાં ડબલ લાભ છે અને અશુભભાવમાં રમવામાં બમણું નુકસાન છે. માટે સતત શુભભાવમાં રહેવું.

૩. ઉદ્વર્તનાકરણ આપણને સલાહ આપે છે કે કર્મ બંધાયા પછી એના સ્થિતિ અને રસ વધી શકે છે. તીવ્ર ભાવોથી અને અનુમોદનાથી સ્થિતિ અને રસ વધે છે. અશુભકર્મ બાંધ્યા પછી તેના સ્થિતિ અને રસ વધી ન જાય એની કાળજી રાખવી. તે માટે તીવ્ર અશુભ ભાવોથી અને **પાપની**

**અનુમોદનાથી દૂર રહેવું.** શુભકર્મ બાંધ્યા પછી તેના સ્થિતિ અને રસ વધે એ માટે પ્રયત્ન કરવા. તે માટે તીવ્ર શુભ ભાવો કરવા અને **શુભકાર્યની અનુમોદના કરવી.**

૪. અપવર્તનાકરણ આપણને સૂચન કરે છે કે કર્મ બંધાયા પછી એના સ્થિતિ અને રસ ઘટી શકે છે. ભાવો મંદ થવાથી કે પશ્ચાત્તાપથી સ્થિતિ અને રસ ઘટે છે. અશુભકર્મ બાંધ્યા પછી તેના સ્થિતિ અને રસ ઘટાડવા પ્રયત્ન કરવા. તે માટે પાપો પ્રત્યેનો ભાવ ઓછો કરવો અને **પાપનો પશ્ચાત્તાપ કરવો.** શુભકર્મ બાંધ્યા પછી તેના સ્થિતિ અને રસ ઘટી ન જાય એની કાળજી રાખવી. તે માટે શુભકાર્ય પ્રત્યેનો ભાવ ઘટી ન જાય અને શુભ **કાર્યનો પશ્ચાત્તાપ ન થાય તેનું** ધ્યાન રાખવું.

૫. ઉદીરણાકરણ આપણને આશ્વાસન આપે છે કે ભલે તમે કર્મની મોટી મોટી સ્થિતિઓ બાંધી હોય પણ તે જલ્દીથી ભોગવવા હું તમને સહાય કરીશ. ઉદીરણાકરણથી મોડા ઉદયમાં આવનારા દલિકો વહેલા ઉદયમાં આવી ભોગવાઇ જાય છે. તેથી આપણી મુક્તિ નિકટ થાય છે.

૬. ઉપશમનાકરણ આપણને હિતશિક્ષા આપે છે કે હું તમને **ક્ષણભર વીતરાગતાનું સુખ આપવા સમર્થ છું. પણ શાશ્વત સુખ આપવા અસમર્થ છું. તેથી મારી ઉપર બહુ વિશ્વાસ કરતા નહી.** મારાથી ઢંકાયેલા કર્મો રાખથી ઢંકાયેલા અગ્નિ જેવા છે. રાખ દૂર થતા જેમ અગ્નિ ભડકે બળે છે, તેમ મારો અંતર્મુહૂર્ત કાળ પૂર્ણ થતા ફરી કર્મોનો અગ્નિ ભડકે બળે છે. માટે કર્મોનો ઉપશમ કરવા કરતા કર્મોનો ક્ષય કરવામાં વધુ યત્ન કરજો.

૭. નિધત્તિકરણ આપણને સંદેશો આપે છે કે તમે મારો ઉપયોગ કરશો તો તમારા કર્મોના સ્થિતિ અને રસની વધ-ઘટ સિવાયના બીજા કોઇ ફેરફારો નહી કરી શકો. તે કર્મો તમારે ભોગવવા જ પડશે. માટે તમે મારો ઉપયોગ કરતા નહી.

૮. નિકાચનાકરણ આપણને ચેતવણી આપે છે કે તમે મારો ઉપયોગ કરશો તો તમારા કર્મોમાં કોઇ ફેરફાર નહી થાય. તમારે કર્મો ભોગવવા જ પડશે. માટે તમે મારો ઉપયોગ ક્યારેય કરતા નહી.

આઠે કર્મોના આ સંદેશાઓને બરાબર સમજીને એમની ઉપર ઉંડું ચિંતન કરીને એમને જીવનમાં ઉતારવાના છે. આમ કરવાથી ટુંક સમયમાં કાયમ માટે કર્મોના બંધનોમાંથી આપણો છુટકારો થશે.

# આત્મા ઉપર કર્મોને ચોંટવાના ચાર પ્રકારો

આત્મા ઉપર ચોંટનારા કર્મો બધા એકસરખી રીતે ચોંટતા નથી. આત્મા ઉપર કર્મોને ચોંટવાના ચાર પ્રકાર છે. તે સમજવા માટે નીચે બતાવેલું સોયનું દૃષ્ટાંત ઉપયોગી છે.

એક રૂમમાં ઘણી સોયો છૂટી છૂટી પડી છે. આ સોયોને ભેગી કરવાની છે. તે ચાર રીતે થઇ શકે છે.

૧. બધી સોયોને વીણીને એક સ્થાનમાં ભેગી કરી શકાય. આ રીતે ભેગી કરેલી સોયો સહેલાઇ છૂટી પડી શકે છે.

૨. તે સોયોને દોરાથી બાંધીને ભેગી રાખી શકાય. આ રીતે ભેગી કરેલી સોયોને છૂટી પાડવા દોરો છોડવાની થોડી મહેનત કરવી પડે છે. થોડી મહેનતથી તે સોયો છૂટી પડી શકે છે.

૩. દોરાથી બંધાયેલી સોયો ઘણા સમય સુધી એમ જ પડી રહે, તેને કોઇ અડે નહી, તેમાં પાણી પડે, તેથી કાટ લાગે, કાટથી તે સોયો બંધાઇ જાય. આ રીતે પણ સોયો ભેગી થઇ શકે છે. આ રીતે ભેગી થયેલી સોયો ઘણી મહેનતથી છૂટી પડી શકે છે.

૪. બધી સોયોને અગ્નિમાં તપાવી ઓગાળીને એકરસ કરવાથી પણ સોયો ભેગી થઇ શકે છે. આ રીતે ભેગી થયેલી સોયો કોઇ રીતે છૂટી પડી શકતી નથી.

**૧. સ્પૃષ્ટ :** કેટલાક કર્મો આત્માને **માત્ર સ્પર્શીને** રહેલા હોય છે. તેમને સ્પૃષ્ટ કર્મો કહે છે. સ્પૃષ્ટ કર્મો આત્મા ઉપરથી સહેલાઇથી છૂટા પડી શકે છે.

**૨. બદ્ધ :** કેટલાક કર્મો આત્મા ઉપર **મજબૂત રીતે ચોંટે છે.** તે બદ્ધ કર્મો કહેવાય છે. બદ્ધ કર્મોને આત્મા ઉપરથી છૂટા પાડવા થોડી મહેનત કરવી પડે છે.

**૩. નિધત્ત :** કેટલાક કર્મો આત્મા ઉપર **ગાઢ રીતે ચોંટે છે.** તે નિધત્ત કર્મો કહેવાય છે. નિધત્ત કર્મોને આત્મા ઉપરથી છૂટા પાડવા ઘણી મહેનત કરવી પડે છે.

**૪. નિકાચિત :** કેટલાક કર્મો આત્મા ઉપર **અત્યંત ગાઢ રીતે ચોંટીને** આત્માની સાથે એકમેક થઇ જાય છે. તે નિકાચિત કર્મો કહેવાય છે. નિકાચિત કર્મો આત્મા ઉપરથી ઉખડી શકતા નથી. તેમનું ફળ આપીને જ તેઓ આત્મા ઉપરથી છૂટા પડે છે. તપથી નિકાચિત કર્મોનો પણ ક્ષય થાય છે.

કર્મો જ્યારે આત્મા ઉપર ચોંટે છે ત્યારે જીવના જેવા ભાવ હોય છે તે પ્રમાણે ચારમાંથી કોઇ પણ એક રીતે તે કર્મો આત્મા ઉપર ચોંટે છે. જે રીતે કર્મો આત્મા ઉપર ચોંટ્યા હોય તેને અનુસારે જીવે તેમને દૂર કરવા મહેનત કરવી પડે છે. ભાવો તીવ્ર હોય તો કર્મો ગાઢ રીતે ચોંટે છે. ભાવો મંદ હોય તો કર્મો મંદ રીતે ચોંટે છે. આ બાબત શુભ અને અશુભ બન્ને પ્રકારના કર્મો માટે સમાન રીતે સમજવી.

# આયુષ્યકર્મ ક્યારે બંધાય ?

આયુષ્યકર્મ એકભવમાં એક જ વાર બંધાય છે. આયુષ્યકર્મ સિવાયના સાતે કર્મો સમયે સમયે બંધાય છે. તે તે કર્મોને બાંધવાના વિશિષ્ટ કારણોથી તે તે કર્મો વિશેષ રસવાળા, લાંબી સ્થિતિવાળા કે નિકાચિત બંધાય છે. બાકી સામાન્યથી દરેક સમયે આયુષ્યકર્મ સિવાયના સાતે કર્મો બંધાય છે.

બધા જીવોનો આયુષ્ય બાંધવાનો સમય એકસરખો હોતો નથી. જુદા જુદા જીવોનો આયુષ્ય બાંધવાનો સમય જુદો જુદો હોય છે. તે આ પ્રમાણે-

૧. દેવો, નારકીઓ અને અસંખ્ય વર્ષના આયુષ્યવાળા મનુષ્યો-પંચેન્દ્રિય તિર્યંચો પોતાના આયુષ્યના છ માસ બાકી હોય ત્યારે પરભવનું આયુષ્ય બાંધે છે. મતાંતરે અસંખ્ય વર્ષના આયુષ્યવાળા મનુષ્યો-પંચેન્દ્રિય તિર્યંચો પોતાના આયુષ્યનો પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ બાકી હોય ત્યારે પરભવનું આયુષ્ય બાંધે છે. આ મત **પંચસંગ્રહની ગા-૨૪૮**માં બતાવ્યો છે.

૨. એકેન્દ્રિય, વિકલેન્દ્રિય અને નિરૂપક્રમ આયુષ્યવાળા મનુષ્યો-પંચેન્દ્રિય તિર્યંચો પોતાના આયુષ્યનો ત્રીજો ભાગ બાકી હોય ત્યારે પરભવનું આયુષ્ય બાંધે છે.

૩. સોપક્રમ આયુષ્યવાળા મનુષ્યો-પંચેન્દ્રિય તિર્યંચો પોતાના આયુષ્યનો ત્રીજો ભાગ બાકી હોય ત્યારે પરભવનું આયુષ્ય બાંધે છે. જો ત્યારે આયુષ્ય ન બાંધે તો એ બાકી રહેલા ત્રીજા ભાગનો ત્રીજો ભાગ બાકી હોય ત્યારે, એટલે કે પોતાના આયુષ્યનો નવમો ભાગ બાકી હોય ત્યારે પરભવનું આયુષ્ય બાંધે છે. જો ત્યારે પણ આયુષ્ય ન બાંધે તો એ નવમા ભાગનો ત્રીજો ભાગ બાકી હોય ત્યારે, એટલે કે પોતાના આયુષ્યનો સત્ત્યાવીસમો ભાગ બાકી હોય ત્યારે પરભવનું આયુષ્ય બાંધે છે. જો ત્યારે પણ આયુષ્ય ન બાંધે તો એ સત્ત્યાવીસમા ભાગનો ત્રીજો ભાગ બાકી હોય ત્યારે, એટલે કે પોતાના આયુષ્યનો એક્યાસીમો ભાગ બાકી હોય ત્યારે પરભવનું આયુષ્ય બાંધે છે. એમ બાકી રહેલા ત્રીજા ભાગનો ત્રીજો ભાગ બાકી હોય ત્યારે, તેનો પણ ત્રીજો ભાગ બાકી હોય ત્યારે, તેનો પણ ત્રીજો ભાગ બાકી હોય ત્યારે પરભવનું આયુષ્ય બાંધે છે.

એમ કરતાં કરતાં છેવટે છેલ્લા અંતર્મુહૂર્તમાં તો અવશ્ય આયુષ્ય બાંધે છે, કેમકે **નવા ભવનું આયુષ્ય બાંધ્યા વિના કોઇ જીવનું મરણ થતું નથી.**

આયુષ્યના બે પ્રકાર છે. તે આ પ્રમાણે–

૧. અનપવર્તનીય આયુષ્ય અને ૨. અપવર્તનીય આયુષ્ય.

**૧. અનપવર્તનીય આયુષ્ય :** જે આયુષ્યની સ્થિતિ પૂર્વભવમાં જેટલી બાંધી હોય તેટલી જ રહે, ઓછી ન થાય તે અનપવર્તનીય આયુષ્ય. તેના બે પ્રકાર છે–

**૧. સોપક્રમ આયુષ્ય** – જેમનું આયુષ્ય નિમ્નોક્ત સાતમાંથી કો'ક એક નિમિત્ત પામીને પૂરું થાય, તે સોપક્રમ આયુષ્યવાળા કહેવાય અનપવર્તનીય આયુષ્યવાળા પણ પ્રતિવાસુદેવ, કેટલાક વાસુદેવ વગેરે આ રીતે મરતા હોય છે જેમકે **કૃષ્ણ વાસુદેવ.**

ઉપક્રમ ૭ પ્રકારના છે. તે આ પ્રમાણે–

**૧. અધ્યવસાય** – તે ત્રણ પ્રકારના છે ૧) રાગ ૨) સ્નેહ ૩) ભય.

**૨. નિમિત્ત** – લાકડી, ચાબુક, શસ્ત્ર, દોરડું વગેરે.

**૩. આહાર** – અતિસ્નિગ્ધ કે ઘણું ખાવું.

**૪. વેદના** – શૂળરોગની પીડા વગેરે.

**૫. પરાઘાત** – ખાડામાં પડવું, ગલે ફાંસો ખાવો, ઝેરી દવા પીવી વગેરેથી આપઘાત કરવો તે.

**૬. સ્પર્શ** – અગ્નિ, સર્પનો ડંખ વગેરે.

**૭. શ્વાસોચ્છ્વાસ** – શ્વાસોચ્છ્વાસ વધી જવા કે સંધાવા.

૨. **નિરૂપક્રમ આયુષ્ય** – જે આયુષ્યને ઉપક્રમો ન લાગે તે નિરૂપક્રમ આયુષ્ય. દેવો, નારકીઓ, અસંખ્ય વર્ષના આયુષ્યવાળા મનુષ્યો-પંચેન્દ્રિય તિર્યંચો, ચરમશરીરી જીવો અને ઉત્તમ પુરૂષો અનપવર્તનીય આયુષ્યવાળા જ હોય છે. ચરમશરીરી જીવો એટલે જેઓ તે જ ભવમાં મોક્ષે જાય છે તે જીવો. ઉત્તમ પુરૂષો એટલે તીર્થંકરો, ચક્રવર્તીઓ, વાસુદેવો, બળદેવો વગેરે. અસંખ્ય વર્ષના આયુષ્યવાળા મનુષ્યો-પંચેન્દ્રિય તિર્યંચો એટલે અકર્મભૂમિના, અંતરદ્વીપના, દેવકુરૂ-ઉત્તરકુરૂના, કર્મભૂમિમાં અવસર્પિણીના પહેલા-બીજા-ત્રીજા આરાના અને ઉત્સર્પિણીના ચોથા-પાંચમા-છઠ્ઠા આરાના મનુષ્યો-પંચેન્દ્રિય તિર્યંચો, દેવો, નારકીઓ અને અસંખ્ય વર્ષના

આયુષ્યવાળા મનુષ્યો-પંચેન્દ્રિય તિર્યંચો નિરૂપક્રમ આયુષ્યવાળા છે. ચરમશરીરી જીવો અને ઉત્તમ પુરૂષો **સોપક્રમ આયુષ્યવાળા અને નિરૂપક્રમ આયુષ્યવાળા હોય છે.** તેઓ અનપર્વતનીય આયુષ્યવાળા હોવાથી જેટલું આયુષ્ય બાંધ્યું હોય તેટલું પુરૂ ભોગવે **પણ સોપક્રમ આયુષ્યવાળા હોવાથી આયુષ્ય પુરૂં થતાં સહજ મરણ થવાના બદલે કો'ક નિમિત્ત દ્વારા મરે, જેમકે પાલક પાપીની ઘાણીમાં પીલાયેલા અંતકૃત્ કેવળીઓ...**

૨. **અપવર્તનીય આયુષ્ય :** જે આયુષ્યની પૂર્વભવમાં બાંધેલી સ્થિતિ ઉપક્રમોથી ઓછી થાય તે અપવર્તનીય આયુષ્ય. અહીં 'સ્થિતિ ઓછી થાય'નો અર્થ એમ સમજવો કે અલ્પકાળમાં આયુષ્યકર્મના દલિકો શીઘ્ર ભોગવાઇ જાય, જેમ સૂકુ ઘાસ છુટ્ટુ છુટ્ટુ હોય તો બળતાં વાર લાગે, પણ ભેગું કરાયેલું તે જ ઘાસ જલ્દીથી બળી જાય છે. તેમ અપવર્તનીય આયુષ્ય સોપક્રમ જ હોય છે.

દેવો, નારકીઓ, અસંખ્ય વર્ષના આયુષ્યવાળા મનુષ્યો-પંચેન્દ્રિય તિર્યંચો, ચરમશરીરી જીવો અને ઉત્તમ પુરૂષો સિવાયના શેષ મનુષ્યો તિર્યંચો અનપવર્તનીય આયુષ્યવાળા અને અપવર્તનીય આયુષ્યવાળા (એમ બન્ને પ્રકારે) હોવા સંભવે છે. અનપવર્તનીય આયુષ્યવાળા તેઓ નિરૂપક્રમ આયુષ્યવાળા જ હોય છે. અપવર્તનીય આયુષ્યવાળા તેઓ સોપક્રમ આયુષ્યવાળા જ હોય છે.



# અનુબંધ

સામાન્ય ભાવથી બંધાયેલું કર્મ એકવાર ફળ આપીને રવાના થઇ જાય છે. કર્મ બાંધતી વખતે જો વિશેષ ભાવ હોય તો અનુબંધવાળુ કર્મ બંધાય છે. વિશેષ ભાવથી કર્મ બાંધતી વખતે અનુબંધ પડે છે. **અનુબંધવાળું કર્મ ઉદયમાં આવે ત્યારે ફરી તેવું કર્મ બંધાવે છે.** તેથી એ કર્મની પરંપરા ચાલે છે. સામાન્ય ભાવથી બંધાયેલું કર્મ અનુબંધ વિનાનું બંધાય છે. તેથી તેની પરંપરા ચાલતી નથી.

૧૦૦માં ૯૯ વાર ૧૦૦ ઉમેરવાથી ૧૦,૦૦૦ થાય છે. ૧૦૦ને એકવાર ૧૦૦ થી ગુણવાથી ૧૦,૦૦૦ થાય છે. તેથી સિદ્ધ થાય છે કે **સરવાળા કરતા ગુણાકાર ચઢે છે.**

૧૦,૦૦૦ માંથી ૯૯ વાર ૧૦૦ ઓછા કરવાથી ૧૦૦ આવે છે. ૧૦,૦૦૦ ને એકવાર ૧૦૦ થી ભાગવાથી ૧૦૦ આવે છે. તેથી સિદ્ધ થાય છે કે **બાદબાકી કરતા ભાગાકાર ચઢે છે.**

**અનુમોદના ગુણાકાર જેવી છે.** શુભ-અશુભ કર્મો બાંધ્યા પછી અનુમોદના કરવાથી કર્મોના ગુણાકાર થાય છે એટલે કે કર્મોના અનુબંધ બંધાય છે, અને તેમના રસ વધે છે, તેથી કર્મોની પરંપરા ચાલે છે.

**પશ્ચાત્તાપ-ગર્હા ભાગાકાર જેવા છે.** શુભ-અશુભ કર્મો બાંધ્યા પછી પશ્ચાત્તાપ-ગર્હા કરવાથી કર્મોના ભાગાકાર થાય છે, એટલે કે કર્મોના અનુંબંધ તૂટે છે અને તેમનો રસ ઘટે છે, તેથી કર્મોની પરંપરા ચાલતી નથી.

અનુમોદના બે પ્રકારે છે- ૧) શુભ કાર્યોની અનુમોદના અને ૨) અશુભ કાર્યોની અનુમોદના.

**૧) શુભ કાર્યોની અનુમોદના** – શુભ કાર્યોની અનુમોદના ત્રણ રીતે થાય છે–

**૧. મનથી** – શુભ કાર્ય કરતી વખતે અને કર્યા પછી આનંદ થવો તે મનથી થયેલી શુભ કાર્યોની અનુમોદના છે.

**૨. વચનથી** – શુભ કાર્ય કરતી વખતે અને કર્યા પછી સારા વચનો બોલવાથી, પ્રશંસા કરવાથી શુભ કાર્યની વચનથી અનુમોદના થાય છે.

**૩. કાયાથી** – શુભ કાર્ય કરતી વખતે અને કર્યા પછી તાલી

પાડવાથી, પીઠ થાબડવાથી, હાથ-મુખના સારા હાવ-ભાવ કરવાથી શુભ કાર્યની કાયાથી અનુમોદના થાય છે.

૨) **અશુભ કાર્યોની અનુમોદના** – અશુભ કાર્યોની અનુમોદના પણ આ જ ત્રણ રીતે થાય છે–

**૧. મનથી** – અશુભ કાર્ય કરતી વખતે અને કર્યા પછી આનંદ થાય તે મનથી અશુભ કાર્યની અનુમોદના થઇ.

**૨. વચનથી** – અશુભ કાર્ય કરતી વખતે અને કર્યા પછી વચનથી પ્રશંસા કરવી, ગાવું, ચિચિયારીઓ પાડવી તે વચનથી અશુભ કાર્યની અનુમોદના થઇ.

**૩. કાયાથી** –અશુભ કાર્ય કરતી વખતે કે કર્યા પછી હસવું, તાળી પાડવી, પીઠ થાબડવી, નાચવું, કૂદવું તે કાયાથી અશુભ કાર્યની અનુમોદના છે.

પશ્ચાત્તાપ-ગર્હા પણ બે પ્રકારના છે ૧) શુભ કાર્યોના પશ્ચાત્તાપ-ગર્હા અને ૨) અશુભ કાર્યોના પશ્ચાત્તાપ-ગર્હા.

૧) **શુભ કાર્યોના પશ્ચાત્તાપ-ગર્હા** – તે ત્રણ રીતે થાય છે–

**૧. મનથી** – શુભ કાર્ય કરતી વખતે કે કર્યા પછી નારાજ થવું, મનમાં દુર્ધ્યાન થાય તે મનથી શુભ કાર્યના પશ્ચાત્તાપ-ગર્હા થયા.

**૨. વચનથી** – શુભ કાર્ય કરતી વખતે કે કર્યા પછી 'આમ ન કર્યું હોત તો સારૂં થાત' વગેરે ખરાબ વચનો બોલવા તે વચનથી થતા શુભ કાર્યના પશ્ચાત્તાપ-ગર્હા છે.

**૩. કાયાથી** - શુભ કાર્ય કરતી વખતે કે કર્યા પછી મોઢું બગાડવું, લમણે હાથ મૂકી બેસવું, માથું કૂટવું, ખરાબ હાવ-ભાવ કરવા, રડવું, નીસાસા નાખવા તે કાયાથી થતા શુભ કાર્યના પશ્ચાત્તાપ- ગર્હા છે.

૨) **અશુભ કાર્યોના પશ્ચાત્તાપ-ગર્હા** – તે ત્રણ રીતે થાય છે–

**૧. મનથી** – અશુભ કાર્ય કરતી વખતે કે કર્યા પછી ખેદ કરવો, ઉદાસ થવું, મનમાં પસ્તાવું તે મનથી થતા અશુભ કાર્યોના પશ્ચાત્તાપ-ગર્હા છે.

**૨. વચનથી** – અશુભ કાર્ય કરતી વખતે કે કર્યા પછી વચનથી તેનો અફસોસ વ્યક્ત કરવો, વિલાપ કરવો, અન્ય સમક્ષ તેને પ્રગટ કરવા તે વચનથી થતા અશુભ કાર્યોના પશ્ચાત્તાપ-ગર્હા છે.

**૩. કાયાથી** – અશુભ કાર્ય કરતી વખતે કે કર્યા પછી રડવું, માથું કૂટવું, નીસાસા નાંખવા, લમણે હાથ દઇ બેસવું તે કાયાથી થતા અશુભ કાર્યના પશ્ચાત્તાપ-ગર્હા છે.

**શુભ કાર્યની અનુમોદનાથી પુણ્યકર્મ અનુબંધવાળું બંધાય છે અને પુણ્યકર્મનો રસ વધે છે.** શાલીભદ્રના જીવે પૂર્વે સંગમ ભરવાડપુત્રના ભવમાં મુનિને માસખમણને પારણે ખીર વહોરાવી. પછી તેણે તેની ખૂબ અનુમોદના કરી. પરિણામે શાલીભદ્રના ભવમાં તે અઢળક રિદ્ધિ પામ્યો, ૩૨ કન્યાઓ સાથે લગ્ન થયા. મરીને દેવલોકમાં ગયેલા તેના પિતા રોજ ૩૩ પેટી ભોજનની, ૩૩ પેટી વસ્ત્રોની અને ૩૩ પેટી અલંકારોની આમ ૯૯ પેટી મોકલાવતા હતા. ભરયુવાનવયમાં આ બધુ છોડી તેણે ચારિત્ર લઇ ઉગ્ર સાધના કરી.

**અશુભ કાર્યની અનુમોદનાથી પાપકર્મ અનુબંધવાળું બંધાય છે અને પાપકર્મનો રસ વધે છે.** ખંધક મુનિના જીવે પૂર્વભવમાં કોઠાના ફળની છાલ એવી રીતે ઉતારી કે માત્ર છાલ રાખી હોય તો જોનારને ખબર ન પડે કે અંદર ફળ નથી. આ રીતે છાલ ઉતારીને તેણે તેની અનુમોદના કરી. પરિણામે ખંધક મુનિના ભવમાં રાજાના આદેશથી રાજાના માણસોએ જીવતા તેમની ચામડી ઉતારી.

શુભ કાર્યના પશ્ચાત્તાપ-ગર્હા કરવાથી પુણ્યકર્મના અનુબંધ તૂટી જાય છે અને પુણ્યકર્મનો રસ અલ્પ થાય છે. મમ્મણ શેઠના જીવે પૂર્વભવમાં મહાત્માને સિંહકેસરિયો લાડવો વહોરાવીને પછી તેનો પશ્ચાત્તાપ કર્યો અને લાડવો પાછો માંગ્યો. મહાત્માએ લાડવો ધૂળમાં રગદોળી નાંખ્યો. તેથી તેણે પોતાના દાનની ગર્હા કરી. તેથી મમ્મણશેઠના ભવમાં દાનના પ્રભાવે અઢળક સંપતિ મળી, પણ તેને તે ભોગવી ન શક્યો. ઊલ્ટુ તેની ઉપર મૂર્ચ્છા કરીને તે સાતમી નરકમાં ગયો.

અશુભ કાર્યના પશ્ચાત્તાપ-ગર્હા કરવાથી પાપ કર્મના અનુબંધ તૂટી જાય છે અને પાપકર્મનો રસ અલ્પ થાય છે. દઢપ્રહારીએ પોતાના જીવનમાં ચાર મહાહત્યાઓ કરી હતી. સ્ત્રીહત્યા, ગોહત્યા, બ્રાહ્મણહત્યા અને ગર્ભહત્યા.

છતાં ચારિત્ર લઇ તેણે તે અપકૃત્યોના ખૂબ પશ્ચાત્તાપ અને ગર્હા કર્યા. પરિણામે તે જ ભવમાં તેના બધા કર્મોનો ક્ષય થયો અને તે મોક્ષમાં ગયો.

**કર્મોનું ફળ રસના આધારે મળે છે.** વધુ રસવાળા કર્મો તીવ્ર ફળ આપે છે. અલ્પ રસવાળા કર્મો મંદ ફળ આપે છે. શુભકાર્યની અનુમોદનાથી પુણ્યકર્મનો રસ વધવાથી ભાવીમાં તેનું તીવ્ર ફળ મળે છે. અશુભકાર્યની અનુમોદનાથી પાપકર્મનો રસ વધવાથી ભાવીમાં તેનું તીવ્ર ફળ મળે છે.

અનુમોદનાથી અનુબંધ બંધાય છે. શુભકાર્યની અનુમોદનાથી શુભ અનુબંધ બંધાય છે. તેથી **પુણ્યકર્મના ઉદય વખતે સદ્‌બુદ્ધિ મળે છે જે નવા ધર્મ કરવામાં પ્રેરે છે.** આમ શુભકાર્ય અને પુણ્યકર્મની પરંપરા ચાલે છે. અશુભકાર્યની અનુમોદનાથી અશુભ અનુબંધ બંધાય છે. તેથી **પાપકર્મના ઉદય વખતે દુર્બુદ્ધિ મળે છે જે નવા પાપ કરવામાં પ્રેરે છે.** આમ અશુભકાર્યની અને પાપકર્મની પરંપરા ચાલે છે.

ટુંકમાં સાર આટલો છે-શુભકાર્યની અનુમોદના કરવી અને અશુભ કાર્યના પશ્ચાત્તાપ-ગર્હા કરવા. તેથી પુણ્યકર્મ અનુબંધવાળું બંધાય અને પાપકર્મના અનુબંધ તૂટી જાય.



# ઉદયના બે પ્રકાર

ઉદયની વ્યાખ્યા પૂર્વે કરી છે. તે ઉદય બે પ્રકારનો છે. તે આ પ્રમાણે–

૧) વિપાકોદય અને ૨) પ્રદેશોદય.

**૧) વિપાકોદય :-** અબાધાકાળ પૂર્ણ થયા પછી કર્મો પોતાનું ફળ બતાવે છે. તેને જીવ ભોગવે છે. તે ભોગવતી વખતે જીવને તે ફળનો અનુભવ થાય તો તે વિપાકોદય કહેવાય છે. જે **કર્મોદય જીવને અવશ્ય ફળ આપે તે વિપાકોદય કહેવાય.** વિપાકોદય આઠે કર્મોનો થાય છે.

**૨) પ્રદેશોદય :-** અબાધાકાળ પૂર્ણ થવા છતાં જે પ્રકૃતિઓનો વિપાકોદય થતો નથી તેમનો પ્રદેશોદય થાય છે. કર્મોને ભોગવતી વખતે **જીવને તેના ફળનો અનુભવ ન થાય અને કર્મ ભોગવાઇ જાય** તો તે પ્રદેશોદય કહેવાય છે. જે કર્મોદયથી જીવને **ફળ આપ્યા વિના વિપાકોદયવાળી અન્ય સજાતીય પ્રકૃતિમાં ભળી જઇને કર્મ ભોગવાઇ જાય તે પ્રદેશોદય.** પ્રદેશોદયથી કર્મો **સ્તિબુક સંક્રમ** વડે ભોગવાય છે. તે આ પ્રમાણે-જે પ્રકૃતિનો વિપાકોદય ન હોય તેના દલિકો જે પ્રકૃતિનો વિપાકોદય હોય તેની તે તે સમયની સ્થિતિમાં સંક્રમીને વિપાકોદયવાળી પ્રકૃતિના દલિકોની સાથે ભોગવાય છે. તે વખતે વિપાકોદયવાળી પ્રકૃતિ અને પ્રદેશોદયવાળી પ્રકૃતિ બન્નેના દલિકો ભોગવાય છે, પણ વિપાકોદયવાળી પ્રકૃતિના દલિકોના ફળનો જીવને અનુભવ થાય છે અને પ્રદેશોદયવાળી પ્રકૃતિના દલિકોના ફળનો જીવને અનુભવ થતો નથી. દા.ત. મનુષ્યગતિમાં રહેલા જીવને મનુષ્યગતિ નામકર્મનો વિપાકોદય હોય છે. તે વખતે બાકીના ત્રણ ગતિનામકર્મોના જે દલિકોનો અબાધાકાળ પૂર્ણ થઇ ગયો છે, તે સ્તિબુકસંક્રમથી મનુષ્યગતિ નામકર્મમાં સંક્રમીને ભોગવાય છે, એટલે કે તેમનો ત્યારે પ્રદેશોદય હોય છે. આમ તે વખતે ચારે ગતિનામકર્મો ભોગવાય છે પણ જીવને અનુભવ માત્ર મનુષ્યગતિ નામકર્મનો જ થાય છે, બાકીના ત્રણ ગતિનામકર્મોનો નહી. પ્રદેશોદય આયુષ્ય સિવાયના ૭ કર્મોનો થાય છે. **આયુષ્યકર્મનો પ્રદેશોદય થતો નથી.**

રમેશ માંદો પડ્યો. તે ડોકટર પાસે ગયો. ડોકટર તેને સુગરકોટિંગવાળી કડવી દવા આપી. રમેશે ઘરે જઇને તે દવા લીધી. દવા લેતી વખતે તેને માત્ર મીઠાશનો અનુભવ થયો, કડવાશનો નહી. તેના પેટમાં તો મિઠાશ પણ ગઇ અને તેની સાથે કડવાશ પણ ગઇ. મીઠાશ પોતાનો અનુભવ કરાવીને પેટમાં ગઇ. કડવાશ પોતાનો અનુભવ કરાવ્યા વિના પેટમાં ગઇ. થોડા દિવસમાં રમેશ સાજો થઇ ગયો.

જેમ મિઠાશ અને કડવાશ બન્ને પેટમાં ગઇ તેમ વિપાકોદય અને પ્રદેશોદય બન્ને વડે કર્મો ભોગવાય છે. જેમ પેટમાં ગયેલી મિઠાશનો રમેશને અનુભવ થયો તેમ વિપાકોદયથી ભોગવાતા કર્મોનો જીવને અનુભવ થાય છે. જેમ પેટમાં ગયેલી કડવાશનો રમેશને અનુભવ ન થયો તેમ પ્રદેશોદયથી ભોગવાતા કર્મોનો જીવને અનુભવ થતો નથી. જેમ કડવાશ મિઠાશની અંદર રહીને ભોગવાઇ ગઇ તેમ પ્રદેશોદયવાળી પ્રકૃતિના દલિકો વિપાકોદયવાળી પ્રકૃતિના દલિકોમાં સ્તિબુકસંક્રમથી સંક્રમીને ભોગવાઇ જાય છે.



# બધા કર્મોથી હંમેશ માટે જીવનો છુટકારો તે મોક્ષ

નિર્મલનું ગામડામાં એક મકાન હતું. ઘણા સમયથી તે બંધ પડ્યું હતું. એકવાર કંઇ કામ પડતા નિર્મલ ગામડે ગયો. તેણે ઘર ખોલ્યું. ઘરની બારીઓ ખુલ્લી હતી. તેથી ઘરમાં ઘણી ધૂળ ભરાઇ ગઇ હતી. ઘરમાં અંધારૂં હતું. તેથી નિર્મલને ધૂળની ખબર ન પડી. પગમાં ધૂળ આવી એટલે તરત ધૂળ જોવા તેણે લાઇટ કરી. લાઇટના પ્રકાશમાં તેણે ઘરની હાલત જોઇ. ચારે બાજુ જાળા લાગી ગયેલા, ધૂળના થર જામી ગયેલા. નિર્મલે ઘરને સાફ કરવા વિચાર્યું. પહેલા તેણે બારી-બારણા બંધ કરી દીધા, કેમકે બહાર ઘણો પવન હતો. તે પવનને લીધે ઘરમાં ઘણી ધૂળ આવતી હતી. બારી-બારણા બંધ કરવાથી હવે તે બહારની ધૂળ અંદર આવતી બંધ થઇ ગઇ. પછી નિર્મલે ઝાડુ હાથમાં લઇ ઘર સાફ કરવા માંડ્યું. ત્રણ-ચાર વાર તેણે ઝાડુ લગાવ્યું. ઝાડુથી જાળા કાઢ્યા. પછી પાણીના પોતા કર્યા. પછી ઘર એકદમ ચોક્ખું થઇ ગયું. તેમાં જરાય ધૂળ ન રહી. હવે તે ઘર રહેવા માટે યોગ્ય બન્યું. આમ **ઘરને ચોક્ખું કરવા નિર્મલે ત્રણ પ્રક્રિયા કરી-પહેલા લાઇટ કરી. પછી બારી બારણા બંધ કર્યા. પછી ઝાડુ પોતા કર્યા. આમ ઘર ચોક્ખું થયું.**

આત્મારૂપી ઘરમાં કર્મોની ધૂળ અને કર્મોના જાળા અનાદિકાળથી ભરાઇ ગયા છે. આત્માને ચોક્ખો કરવા ત્રણ પ્રક્રિયાઓમાંથી પસાર થવું પડે. પહેલા અજ્ઞાનના અંધકારને લીધે આત્માને પોતાની મલિનતાનું ભાન થતું નથી. જ્ઞાનથી આત્માને પોતાના સાચા સ્વરૂપનું ભાન થાય છે. કર્મોને લીધે પોતે મલિન થયો છે એવો એને ખ્યાલ આવે છે. શું કરવાથી પોતાની મલિનતા દૂર થશે એની એને સમજણ પડે છે. જ્ઞાનનો પ્રકાશ થયા પછી સંવર દ્વારા બારી-બારણા બંધ કરવા, એટલે કે આત્મામાં કર્મોને આવવાના જે જે રસ્તાઓ છે, તેમને બંધ કરવા. આમ કરવાથી નવા કર્મો આત્મામાં આવતા અટકે છે. આ સંવર સાથે સાથે નિર્જરાના ઝાડુ-ફટ્ટા પણ કરવા, એટલે કે બાર પ્રકારના તપથી આત્મા પરના કર્મોને દૂર કરવા. આમ કરવાથી આત્મામાં રહેલા જૂના કર્મોનો નિકાલ થાય છે. નિર્મલે ત્રણ-ચાર ઝાડુ મારીને પછી ફટ્ટો કર્યો.

ક્યારેક જરૂર પડે તો ઘર પાણીથી ધોવું ય પડે. તેમ વારંવાર તપના ઝાડુ-ફટ્ટા કરવાથી કર્મોની ધૂળ દૂર થાય છે. ક્યારેક કર્મોને દૂર કરવા ઉગ્ર સાધના પણ કરવી પડે છે. આમ આત્માને શુદ્ધ કરવા પણ ત્રણ પ્રક્રિયાઓમાંથી પસાર થવું પડે છે-**જ્ઞાન, સંવર અને નિર્જરા. જ્ઞાનથી મલિનતા દેખાય, સંવરથી નવા કર્મો આવતા અટકે, નિર્જરાથી જૂના કર્મો રવાના થાય.** આમ આ ત્રણના સંયોગથી આત્મા સંપૂર્ણ શુદ્ધ થાય છે.

ટાંકીને ખાલી કરવી હોય તો ઉપરથી નવું પાણી ઉમેરવાનું બંધ કરી નીચેનો નળ ખોલી નાખવો જોઇએ. તેમ આત્મામાંથી કર્મોને ખાલી કરવા હોય તો નવા કર્મોને આવતા સંવરથી અટકાવવા જોઇએ અને જૂના કર્મોનો નિર્જરાથી નિકાલ કરવો જોઇએ. બધા કર્મોથી હંમેશ માટે સંપૂર્ણ રીતે મુક્ત થયેલ આત્મા પોતાના શુદ્ધ સ્વરૂપને પામે છે. આત્માનું આ શુદ્ધ સ્વરૂપ એ જ મોક્ષ છે. પોતાના શુદ્ધ સ્વરૂપને પામેલ આ આત્મા સિદ્ધશિલાની ઉપર લોકના છેડે બિરાજમાન થાય છે. આ આત્મા માટે લોકમાં 'મોક્ષે ગયા' એવો વ્યવહાર થાય છે. ત્યાંથી હવે આ આત્માને પાછુ સંસારમાં આવવાનું નથી. તેમણે ક્યારેય સંસારમાં જન્મ લેવો પડતો નથી, કેમકે જન્મનું કારણ કર્મ હતું અને તેનો આ આત્માએ સંપૂર્ણપણે નાશ કર્યો છે, એટલે કે તેણે કર્મોને આત્મા પરથી સંપૂર્ણપણે ઉખેડી નાંખ્યા છે. આત્મા પરથી છૂટા પડેલા આ કર્મો ફરી આકાશમાં રહેલ કાર્મણ વર્ગણામાં ભળી જાય છે. મોક્ષમાં ગયેલો આત્મા પ્રતિસમય જગતના બધા પદાર્થોના ત્રણે કાળના પર્યાયોને જુવે છે, જાણે છે અને અનંત સુખમાં મહાલે છે. સંસારના જન્મ, ઘડપણ, મરણ, ભૂખ, તરસ, રોગ, ચિંતા, દરિદ્રતા, શોક, ક્લેશ વગેરે કોઇપણ દુઃખો હવે એ આત્માએ ક્યારે પણ ભોગવવાના નથી. **ત્રણ લોકના બધા જીવોનું ત્રણે કાળનું બધુ સુખ ભેગું કરીએ તો તેના કરતા પણ મોક્ષમાં ગયેલા એક આત્માનું સુખ અનંતગણું છે.**

કર્મોનો આત્માની સાથેનો સંયોગ અનાદિકાળનો છે, છતાં તે સંયોગનો અંત આવે છે, આત્મા પરથી કર્મો છુટા પડે છે અને આત્માનો મોક્ષ થાય છે. અનાદિકાળથી ચાલ્યો આવતો સંયોગ અનંત જ હોય એવું નથી. અનાદિકાળથી ચાલ્યા આવતા સંયોગનો પણ અંત આવે છે. જેમ સુવર્ણ અને માટીનો સંયોગ અનાદિકાળનો હોવા છતાં વિશિષ્ટ પ્રક્રિયાથી એ સંયોગનો અંત આવતા માટી

છુટી પડે છે અને સુવર્ણ શુદ્ધ બને છે, તેમ આત્મા અને કર્મનો સંયોગ અનાદિકાળનો હોવા છતાં વિશિષ્ટ સાધનાથી સંયોગનો અંત આવતા કર્મો છૂટા પડે છે અને આત્મા શુદ્ધ બનીને મુક્ત બને છે. સંસારમાં રહેલા બધા જીવો કર્મોને લીધે ૮૪ લાખ યોનિઓમાં ભટકે છે. ફૂટબોલના ખેલાડીઓ ફૂટબોલને સતત કીક માર્યા કરે છે, તેથી તે ફૂટબોલ સતત મેદાનમાં ફરતો રહે છે. તેમ કર્મો સંસારી જીવોને સંસારના ચારગતિના મેદાનમાં સતત કીક માર્યા કરે છે. તેથી સંસારી જીવો સંસારમાં સતત ભમ્યા કરે છે. મેદાનથી બહાર નીકળી ગયેલા ફૂટબોલને કોઇ કીક મારતું નથી, તેમ સંસારથી મુક્ત થયેલા મોક્ષે ગયેલા મુક્તાત્માઓને કર્મો હેરાન કરતા નથી.

માણસ રોજ દાંત સાફ કરે છે. તે રોજ શરીરને પણ સ્નાનથી શુદ્ધ કરે છે. તે રોજ વસ્ત્રોને પણ ધુવે છે. તે રોજ ઘરને પણ ઝાપટઝુપટ અને ઝાડુ-પોતા કરીને ચોક્ખુ રાખે છે. તે રોજ ગાડીને પણ ધોવડાવે છે. તે રોજ ચશ્માને પણ સાફ કરે છે. તે રોજ બૂટને પાલીશ કરાવે છે. તે રોજ પોતાના વાસણ પણ ધોવડાવે. તે રોજ પોતાનું ફળીયુ પણ સાફ કરે છે. આ બધું રોજ ચોક્ખુ કરનારો માણસ પોતાના આત્માને ક્યારેય ચોક્ખો નથી કરતો એ કેવી કરૂણતા છે ! બહારની મલિનતા એને ગમતી નથી. પણ અંદરની મલિનતા એને ગમે છે. ઘણાને તો પોતાનો આત્મા કર્મોથી મલિન છે એની પણ ખબર નથી. આજ સુધી આપણે બહારની મલિનતા તો ઘણી દૂર કરી. હવેથી આપણે આત્મા પર લાગેલી કર્મોની મલિનતાને દૂર કરવા પ્રયત્નશીલ બનીએ. ચાલો આપણા આત્માને ચોક્ખો કરીએ.

આત્મા પરથી કર્મોની મલિનતા દૂર થતા એ આત્મા સ્વયં પરમાત્મા બની જાય છે. આવો, આપણા આત્મા પર લાગેલા કર્મોને દૂર કરી અને કર્મોની પાછળ છુપાયેલા પરમાત્માને પ્રગટ કરીએ.

**સંસારી આત્મા = આત્મા + કર્મ**

**સંસારી આત્મા – કર્મ = પરમાત્મા.**

# કર્મરોગ

શરીરમાં રોગ આવે છે એ માણસને ગમતું નથી. એ તરત એને દૂર કરવા પ્રયત્ન કરે છે. જ્યાં સુધી રોગ ન જાય ત્યાં સુધી તેને ચેન પડતું નથી. રોગને દૂર કરવા તે ડોકટર પાસે જાય છે. ડોકટરની સૂચના મુજબ તે દવા લે છે. સાથે તે અપથ્યનો ત્યાગ પણ કરે છે. આમ કરવાથી તે સાજો થઇ જાય છે. શરીરમાં પ્રગટતા અમુક લક્ષણો (Symptoms) ઉપરથી નક્કી થાય છે કે શરીરમાં રોગ થયો છે.

ડોકટર પાસે જવાની બદલે જો માણસ જાતે જ દવા લઇ લે તો રોગ વધવાની કે રીએક્શન આવવાની સંભાવના રહે છે. ડૉકટરની સૂચના મુજબ તે દવા લે પણ અપથ્યનો ત્યાગ ન કરે તો એ સાજો ન થાય. અપથ્યનો ત્યાગ કરે પણ તે દવા ન લે તો ય એ સાજો ન થાય. **દવાનું ગ્રહણ અને અપથ્યનો ત્યાગ આ બે ય સાથે થાય તો જ રોગ દૂર થાય.**

આપણને પણ કર્મરોગ વળગેલો છે. સિદ્ધ ભગવંતો સંપૂર્ણ નીરોગી છે. શરીરનો રોગ તો થોડા દિવસનો હોય છે, જ્યારે આ કર્મરોગ તો આપણને અનાદિકાળથી વળગેલો છે. ગુરૂભગવંતો ડૉકટર સમાન છે. ધર્મ એ દવા છે. પાપ એ અપથ્ય છે. રોગીને રોગનો જેવો અણગમો છે તેવો અણગમો કર્મરોગ પ્રત્યે આપણને નથી. શરીર આપણને વળગ્યું છે, ભૂખ લાગે છે, વિકારો જાગે છે વગેરે લક્ષણો સૂચવે છે કે આપણને કર્મરોગ લાગ્યો છે. આરોગ્ય એટલે કર્મરહિત અવસ્થા. જો આપણે નીરોગી બનવું હોય તો ગુરૂ ભગવંતનો સંપર્ક કરવો પડે. એમની સૂચના મુજબ ધર્મની આરાધના કરવાથી અને પાપનો ત્યાગ કરવાથી સ્વાસ્થ્યની પ્રાપ્તિ થાય છે. ગુરૂભગવંતની સૂચના વિના જાતે જ આરાધના કરવાથી ક્યારેક રોગ વધી જવાની સંભાવના રહે છે. ધર્મારાધના કરાય પણ પાપત્યાગ ન હોય તો ય કર્મરોગ દૂર ન થાય. પાપત્યાગ હોય અને ધર્મારાધના ન હોય તો ય કર્મરોગથી મુક્તિ ન થાય. **ધર્મારાધના અને પાપત્યાગ બન્ને હોય તો જ કર્મરોગથી મુક્તિ થાય.**

રોગનો ઇલાજ ન કરાવે, બેદરકાર રહે એનો રોગ વધી જાય. એ રોગ અસાધ્ય બની જાય અને એક દિવસ એ રોગીનું મરણ પણ થઇ જાય.

કર્મરોગનો ઇલાજ ન કરાવે, બેદરકાર રહે તો કર્મરોગ વધી જાય, જીવ ભારેકર્મી બને, અનંતસંસારી બને અને અનંત જન્મ-મરણનો આભાગી બને.

શરીરના રોગો અનેક પ્રકારના છે-ડાયાબિટીસ, બ્લડપ્રેશર, હાર્ટએટેક, કિડનીફેલ, શ્વાસ, તાવ, સરદી, ખાંસી વગેરે

કર્મરોગ પણ અનેક પ્રકારે છે-મંદબુદ્ધિપણું, યાદ ન રહેવું, ભૂલી જવું, ઓછું દેખાવું, ઓછું સંભળાવું, ઉંઘ આવવી, પીડા થવી, ગુસ્સો આવવો, અભિમાન કરવું, માયા કરવી, લોભ કરવો, જિનવચનથી વિપરીત માનવું, સારૂ કે ખરાબ શરીર મળવું, સારો કે ખરાબ ભવ મળવો, ઊંચુ-નીચું કુળ મળવું, વિઘ્નો આવવા વગેરે.

શરીરના રોગ પ્રમાણે તેની દવા હોય છે. યોગ્ય દવા લેવાય તો રોગ દૂર થાય છે. ગમે તે દવા લેવાથી રોગ દૂર થતો નથી. ઊંધી દવા લેવાથી રોગ વધી જાય છે.

જેવો કર્મરોગ હોય તે પ્રમાણે ધર્મની દવા લેવી પડે. યોગ્ય ધર્મથી તે તે કર્મ દૂર થાય છે. ગમે તે ધર્મથી કર્મરોગ દૂર ન થાય. વિપરીત ધર્મારાધનાથી તે કર્મરોગ ઘટવાની બદલે બધી જાય છે.

પહેલા આપણે જાતને રોગી તરીકે સ્વીકારીએ, આપણને કર્મરોગ વળગેલો છે એવું અનુભવીએ અને માનીએ. પછી સ્વસ્થ થવાના પ્રયત્નો કરીએ. એક દિવસ કર્મમુક્તિરૂપી સ્વસ્થતા આપણને અવશ્ય મળશે.



# ક્ષય, ઉપશમ અને ક્ષયોપશમ

**ક્ષય :** ફરીથી બંધાય નહી એ રીતે કર્મોનું આત્મા ઉપરથી કાયમ માટે છૂટું પડવું તે કર્મોનો ક્ષય. આત્મા ઉપરથી કર્મો છૂટા પડીને આકાશમાં રહેલા કાર્મણવર્ગણાના પુદ્‌ગલોમાં ભળી જાય છે. આ પ્રક્રિયા કર્મોનો ક્ષય કહેવાય છે. કર્મોનું અસ્તિત્વ સર્વથા નષ્ટ થઇ શકતું નથી. કર્મો આત્મા ઉપરથી છુટા પડી શકે છે. કર્મોનો ક્ષય થવાથી કર્મોના બંધનમાંથી આત્માનો હંમેશ માટે છુટકારો થાય છે. ક્ષય એ permanent relief. **આઠે કર્મોનો ક્ષય થાય છે.**

**ઉપશમ :** કર્મોને દબાવી દેવા તે ઉપશમ. ઉપશમ થયેલા કર્મો ઉદય, ઉદીરણાકરણ, નિધત્તિકરણ અને નિકાચનાકરણને અયોગ્ય બને છે. ઉપશમનો કાળ પૂર્ણ થતા કર્મોના ઉદય વગેરે ફરીથી શરૂ થાય છે. કર્મોનો ઉપશમ થતા તેમના ઉદય વગેરે અટકી જવાથી થોડા સમય માટે જીવને રાહત રહે છે. ઉપશમ એટલે temporary relief. **ઉપશમ મોહનીયકર્મનો જ થાય છે. ઉપશમ થયેલા કર્મોનો પ્રદેશોદય અને વિપાકોદય બન્ને ન હોય.**

**ક્ષયોપશમ :** કર્મોના અમુક દલિકોનો ઉદય વડે ક્ષય કરવો અને બાકીના દલિકોનો ઉપશમ કરવો તે ક્ષયોપશમ. **ક્ષયોપશમ ઘાતી કર્મોનો જ થાય છે.** ક્ષયોપશમથી આત્માના ગુણો આંશિક રીતે ખુલ્લા થાય છે. ક્ષયોપશમની વધ-ઘટથી ગુણોની પણ વધ-ઘટ થાય છે. ક્ષયોપશમ થયેલા કર્મોનો પ્રદેશોદય હોય પણ વિપાકોદય ન હોય.

જ્ઞાનાવરણ, દર્શનાવરણ, મોહનીય અને અંતરાય આ ચાર ઘાતી કર્મો અનુક્રમે જ્ઞાન, દર્શન, સમ્યક્ત્વ-ચારિત્ર અને દાન-લાભ વગેરે લબ્ધિ સ્વરૂપ આત્મગુણોને ઢાંકે છે. આ ગુણો આંશિક રીતે પ્રગટ થઇ શકે છે અને એ ગુણોની માત્રામાં વધ-ઘટ થઇ શકે છે. માટે ઘાતી કર્મોનો જ ક્ષયોપશમ થાય છે.

વેદનીય, આયુષ્ય નામ અને ગોત્ર આ ચાર અઘાતી કર્મો અનુક્રમે અવ્યાબાધસુખ, અક્ષયસ્થિતિ, અરૂપીપણું અને અગુરૂલઘુપણું સ્વરૂપ આત્મગુણોને

આવરે છે. આ ગુણો ક્યારેય પણ આંશિક રીતે પ્રગટ થતા નથી અને એ ગુણોની માત્રામાં ક્યારેય વધ-ઘટ થતી નથી. તેથી **અઘાતીકર્મોનો ક્ષયોપશમ થતો નથી.**

૪૭ ઘાતી પ્રકૃતિઓમાં

૧. કેવળજ્ઞાનાવરણ, કેવળદર્શનાવરણ અને નિદ્રા ૫ - આ ૭ પ્રકૃતિઓનો ક્ષયોપશમ થતો નથી.

૨. મતિજ્ઞાનાવરણ, શ્રુતજ્ઞાનાવરણ, અચક્ષુદર્શનાવરણ અને અંતરાય ૫- આ ૮ પ્રકૃતિઓનો ક્ષયોપશમ હંમેશા હોય છે.

૩. અવધિજ્ઞાનાવરણ, મનઃપર્યવજ્ઞાનાવરણ, ચક્ષુદર્શનાવરણ, અવધિ દર્શનાવરણ અને મોહનીય ૨૮-આ ૩૨ પ્રકૃતિઓનો ક્ષયોપશમ ક્યારેક થાય છે.

આમ ૮ + ૩૨ = ૪૦ ઉત્તર પ્રકૃતિઓનો ક્ષયોપશમ થાય છે.



# કર્મવાદ-અન્ય ધર્મોની દૃષ્ટિએ

વર્લ્ડ કપની ફાઇનલ મેચમાં એક દેશની ટીમ જીતે છે અને બીજા દેશની ટીમ હારે છે. જીતનારી ટીમ માટે લોકો કહે છે કે એનું Good Luck હતું. હારનારી ટીમ માટે લોકો કહે છે કે એનું Bad Luck હતું.

અકસ્માતમાં એક વ્યક્તિને ઉઝરડો પણ પડતો નથી અને બીજી વ્યક્તિ મરી જાય છે. બચી ગયેલી વ્યક્તિ કહે છે, 'સદ્નસીબે હું બચી ગયો.' મરી ગયેલી વ્યક્તિ માટે લોકો કહે છે, 'કમનસીબે મરી ગયો.'

Good Luck, Bad Luck, સદ્નસીબ, કમનસીબ-આ બધા શબ્દોમાં Luck, નસીબ એટલે કર્મ. Good Luck, સદ્નસીબ એટલે પુણ્યકર્મ. Bad Luck, કમનસીબે એટલે પાપકર્મ. આવા શબ્દોનો પ્રયોગ સામાન્ય માણસ પણ કરે છે. એટલે બીજા શબ્દોમાં એ પણ કર્મને માને જ છે. હા, કર્મનું વિશેષ સ્વરૂપ અને સાચું સ્વરૂપ એ જાણતો નથી, પણ **સામાન્યથી Luck, નસીબ શબ્દોથી એ કર્મને સ્વીકારે છે.**

ન્યાયદર્શન અને વૈશેષિકદર્શનમાં ચોવીસ ગુણો બતાવ્યા છે. તેમાં ધર્મ અને અધર્મ નામના બે ગુણ બતાવ્યા છે. તે બન્ને માટેનો એક સામાન્ય શબ્દ છે અદૃષ્ટ. ન્યાયદર્શન અને વૈશેષિક દર્શન માને છે કે અદૃષ્ટથી જીવની પ્રવૃત્તિ થાય છે, ધર્મથી સુખ મળે છે, અધર્મથી દુઃખ મળે છે. જૈનદૃષ્ટિએ વિચારીએ તો **અદૃષ્ટ એટલે કર્મ,** ધર્મ એટલે પુણ્યકર્મ, અધર્મ એટલે પાપકર્મ. આમ ન્યાયદર્શન અને વૈશેષિકદર્શન પણ અન્ય શબ્દોથી કર્મને માને જ છે. ફરક એટલો છે કે જૈનદર્શન કર્મને પૌદ્ગલિક માને છે અને ન્યાયદર્શન-વૈશેષિકદર્શન અદૃષ્ટને ગુણ માને છે.

સાંખ્યદર્શન માને છે કે પ્રકૃતિ પુરૂષને વળગેલી છે. તેથી પુરૂષ સંસારમાં ભટકે છે. પુરૂષથી પ્રકૃતિ છુટી પડી જાય એટલે પુરૂષનો મોક્ષ થઇ જાય. જૈનદૃષ્ટિએ વિચારીએ તો **પ્રકૃતિ એટલે કર્મ અને પુરૂષ એટલે આત્મા.** સાંખ્યદર્શને માનેલું પ્રકૃતિનું સ્વરૂપ જૈનદર્શને માનેલા કર્મના સ્વરૂપથી ભિન્ન છે છતાં આંશિક સામ્ય જણાય છે.

બૌદ્ધદર્શન માને છે કે ક્લેશના સમુદાયનો ઉચ્છેદ થવા પર આત્માનો

મોક્ષ થાય છે. આ **ક્લેશ એટલે જૈનદૃષ્ટિએ કર્મ.**

મીમાંસકદર્શન માને છે કે અવિદ્યાના કારણે જીવ સંસારમાં ભટકે છે. આ **અવિદ્યા એટલે જૈનદૃષ્ટિએ કર્મ.**

આમ અન્ય દર્શનો પણ જુદી જુદી રીતે જુદા જુદા નામથી કર્મને માને જ છે.

હિંદુ, મુસલમાન, ઇસાઇ, શીખ વગેરે ધર્મો પણ પોતપોતાની રીતે કર્મને માને છે.

આમ કર્મ પોતપોતાની રીતે સર્વદર્શનોને અને સર્વધર્મોને માન્ય છે. કોઇક કર્મને દ્રવ્ય માને છે, કોઇક કર્મને ગુણ માને છે તો કોઇક કર્મને ક્રિયારૂપ માને છે. જૈનદર્શનમાં કર્મનું સાચુ અને સચોટ સ્વરૂપ બતાવાયું છે. તે સમજીને અને સ્વીકારીને આત્માને કર્મોથી મુક્ત કરવાના પ્રયત્નો કરવા.



# ગોલ્ડન પીરિયડ

કોઇક જગ્યાએ ટાઇમબોંબ મૂક્યો છે એવી ખબર પડે એટલે અધિકારી વ્યક્તિઓ ત્યાં આવી તે ટાઇમબોંબમાં મૂકેલો ટાઇમ થાય તે પહેલા તેને defuse કરી નાંખે છે, તેથી તે ટાઇમબોંબ ફાટતો નથી.

મહિનાના વેકેશન પછી પરીક્ષા છે એવી વિદ્યાર્થીને ખબર પડે એટલે વેકેશનમાં રમવાને બદલે તે ભણવા બેસી જાય છે. તેથી પરીક્ષામાં તે સારા માર્કે પાસ થઇ જાય છે.

કોઇ વ્યક્તિ કોઇ કામ કરવા ખૂબ ઉત્સાહિત અને ખૂબ તૈયારીઓ કરતો હોય તો તે કામ કરે તે પહેલા તેનો ઉત્સાહ તોડી નાખવાથી તે વ્યક્તિ તે કામ કરી શકતો નથી.

કલાક પછી પાણી ખૂટી જશે એવો ખ્યાલ આવતા માણસ એ કલાકમાં પાણી ભરવા બેસી જાય છે જેથી પાણી ખૂટે નહી.

આ બધા પ્રસંગો એ સૂચવે છે કે ભવિષ્યમાં આવનારી આફત પૂર્વે આપણી પાસે સમય હોય તો એ સમયમાં એ આફતને દૂર કરવાના પ્રયત્ન કરવા જોઇએ. એ સમયમાં ગાફેલ રહેનારને એ આફતોના કડવા પરિણામો ભોગવવા પડે છે.

કર્મો બંધાયા પછી અમુક સમય સુધી ઉદયમાં આવતા નથી. આ સમયને અબાધાકાળ કહેવાય છે. અબાધાકાળ પૂરો થાય એટલે કર્મો ઉદયમાં આવે છે અને પોતાના ફળ જીવને ચખાડે છે. આ અબાધાકાળ એ આપણા માટે ગોલ્ડન પીરિયડ છે. આપણા આત્મા ઉપર અનંતાનંત કર્મો લાગેલા છે. તેમાં આપણને ભવિષ્યમાં નરકમાં મોકલે તેવા કર્મો પણ હોઇ શકે, આપણું અકસ્માતમાં મૃત્યુ થાય તેવા કર્મો પણ હોઇ શકે, આપણને ભયંકર રોગ થાય એવા કર્મો પણ હોઇ શકે, આપણને હલકા કુળમાં જન્મ અપાવે તેવા કર્મો પણ હોઇ શકે, આપણને આંધળા, બહેરા, તોતડા, બોબડા, મૂંગા, અપંગ બનાવે તેવા કર્મો પણ હોઇ શકે, આપણને જાનવરની ગતિમાં મોકલે તેવા કર્મો પણ હોઇ શકે, આપણે ભાર ઉંચકવો પડે, માર સહન કરવો પડે, બીજાના કામ કરવા પડે એવા કર્મો પણ હોઇ શકે. આવા અનેક પ્રકારના કર્મો જે ભવિષ્યમાં આપણને દુઃખી

દુ:ખી કરી દે તે અત્યારે આપણા આત્મા ઉપર લાગેલા હોઇ શકે, પણ અત્યારે તેમનો અબાધાકાળ ચાલતો હોવાથી તેઓ આપણને તેમનો પરચો બતાવતા નથી. અબાધાકાળ પૂરો થતા આ કર્મો પોતાનો પરચો બતાવીને આપણને બેહાલ કરી નાંખશે. વર્તમાનકાળે આપણને પુણ્યકર્મનો ઉદય હોવાથી બધી અનુકૂળતાઓ મળી છે. આ કાળમાં સાધના કરીને જેમનો અબાધાકાળ ચાલી રહ્યો છે એવા કર્મોને આપણે defuse કરીને આત્મા ઉપરથી રવાના કરવાના છે. વર્તમાનમાં બધી અનુકૂળતા હોવાથી આપણા આત્મા ઉપર ભયંકર કર્મો નથી એવું માનવાની મૂર્ખામી કરવી નહીં. પણ 'એવા ભયંકર કર્મો આત્મા ઉપર લાગેલા હોવા છતાં અત્યારે એમનો અબાધાકાળ ચાલતો હોવાથી આપણને હેરાન કરતા નથી, માટે અબાધાકાળ પૂરો થાય એ પહેલા જોરદાર આરાધના કરીને એ કર્મોને આત્મા ઉપરથી ઉખેડી નાંખવાના છે' એમ વિચારી પ્રમાદ છોડી આરાધનામાં લાગી જવું.

અબાધાકાળ એ આપણા માટે ગોલ્ડન પીરિયડ છે. જો કર્મો બંધાયા પછી તરત જ ઉદયમાં આવતા હોત તો આપણી પાસે એમને દૂર કરવાનો બીજો કોઇ ઉપાય જ ન હોત, સિવાય કે એમના ફળને ભોગવી લેવા. અબાધાકાળ ન હોત તો આપણે ખૂબ દુ:ખી થઇ જાત. સાધના કરીને કર્મોનું સુરસુરિયું કરવાનો આપણને અવકાશ જ ન મળત. કર્મો બંધાયા પછી અબાધાકાળ પછી ઉદયમાં આવે છે એ કુદરતનું આપણને મળેલું બહુ મોટુ વરદાન છે. આ વરદાનનો આપણે સદુપયોગ કરવાનો છે. **વર્તમાનની અનુકૂળતાઓ જોવાની નથી, પણ ભાવીની આપત્તિઓ જોઇને અપ્રમત્તભાવે ધર્મારાધનામાં ઉદ્યમશીલ બનવાનું છે** અને પાપકાર્યોનો ત્યાગ કરવાનો છે. મજબૂત રીતે કરાયેલી ધર્મારાધનામાં એ તાકાત છે કે એ કર્મોનો ઉદય થાય એ પહેલા જ આત્મા પરથી તેમની હકાલપટ્ટી કરી શકે છે.

આત્મા ઉપરથી કર્મોને દૂર કરવાના બે જ ઉપાયો છે– ૧) કર્મોનો ઉદય થાય ત્યારે તેમના ફળને ભોગવી લેવા. ફળ આપીને તે કર્મો રવાના થઇ જાય છે. ૨) કર્મોનો ઉદય થાય તે પહેલા અબાધાકાળમાં તપ વગેરેની સાધનાથી તે કર્મોને ઉખેડીને ફેંકી દેવા. આત્મા ઉપરથી કર્મોને દૂર કર્યા સિવાય આત્માનો મોક્ષ થવાનો નથી. નિર્ણય આપણે કરવાનો છે કે આપણે આત્મા ઉપરથી કર્મોને કઇ રીતે દૂર કરવા છે. જો અબાધાકાળમાં બેપરવાહ રહ્યા તો કર્મોનો

ઉદય ભોગવવો પડશે અને પછી કર્મો રવાના થશે. જો અબાધાકાળમાં જોરદાર સાધના કરીને કર્મોને ખંખેરી નાંખ્યા તો કર્મોનો ઉદય ભોગવવો નહી પડે.પહેલા ઉપાયમાં આત્માએ ઘણું સહન કરવાનું છે, જ્યારે બીજા ઉપાયમાં આત્માએ ઓછું સહન કરવાનું છે. પહેલો ઉપાય મોંઘો છે. જયારે બીજા ઉપાયથી સસ્તામાં કર્મોનો નિકાલ થઇ જાય છે. **પહેલા ઉપાયમાં આપણે પરાધીનપણે સહન કરવાનું છે. બીજા ઉપાયમાં આપણે સ્વેચ્છાએ સહન કરવાનું છે. પહેલા ઉપાયમાં આપણે અણસમજમાં સહન કરવાનું છે. બીજા ઉપાયમાં આપણે સમજણપૂર્વક સહન કરવાનું છે.**

પાણી આવતા પહેલા આપણે પાળ નહીં બાંધીએ તો પૂરમાં તણાઇ જઇશું. કર્મોનો ઉદય થતાં પહેલા સાવધ બની આપણે આરાધના નહીં કરીએ તો કર્મોના ભયંકર ફળ આપણે ભોગવવા પડશે.

હમણા નિરાંતે બેસશું તો પછી હેરાનગતિનો પાર નહી રહે. હમણા થોડુ સહન કરીશું તો કાયમ માટે નિરાંત થઇ જશે. અંગ્રેજીમાં કહેવત છે-A stich in time saves nine.

અબાધાકાળમાં આપણે દાન, શીલ, તપ, ભાવ, સમ્યક્ત્વ, જ્ઞાન, ચારિત્ર, જાપ, ત્યાગ, ધ્યાન, ભક્તિ વગેરે ધર્મસાધનાઓમાં જોડાઇ જવાનું છે. આ સાધનાઓ શરૂઆતમાં કદાચ થોડી કષ્ટદાયક લાગશે પણ એનાથી થનારા અનેક લાભો, અને સાધના ન કરવાથી ભાવીમાં આવનારા અનેકગુણા કષ્ટો-આ બન્ને વિચારીશું તો સાધનાના કષ્ટો એ કષ્ટો નહીં લાગે અને ઉલ્લાસપૂર્વક આરાધના થશે. દવા કડવી હોવા છતાં રોગને દૂર કરી આરોગ્ય આપતી હોવાથી રોગી દવાને લે છે. તેમ સાધના કષ્ટદાયક હોવા છતાં કર્મરોગને દૂર કરી આત્માને એના શુદ્ધ સ્વરૂપ રૂપી આરોગ્ય આપતી હોવાથી આપણે કરવી જ જોઇએ. દવા નહી લેનારને રોગની પીડા સહન કરવી પડે છે. તેમ અબાધાકાળમાં સાધના નહીં કરનારને ભાવિમાં કર્મના ઉદયજન્ય પીડાઓ સહન કરવી પડે છે.

અબાધાકાળમાં જેમ સાધનાથી જૂના અશુભ કર્મોનો નિકાલ થાય છે તેમ નવા શુભ કર્મોનો બંધ પણ થાય છે જે ભવિષ્યમાં આપણને વધુ આરાધના માટેની બધી અનુકૂળ સામગ્રી આપે છે. આમ **અબાધાકાળમાં સાધના કરવાથી બમણો લાભ થાય છે-પાપકર્મોની નિર્જરા થાય છે અને મજબૂત પુણ્ય ઊભું**

**થાય છે. અબાધાકાળમાં પ્રમાદ કરવાથી બે રીતે નુકસાન થાય છે–પાપકર્મો અકબંધ પડ્યા રહે છે અને નવુ પુણ્ય ઉભુ થતું નથી.**

આમ અબાધાકાળમાં પુરૂષાર્થ કરીને સાધના કરવામાં આત્માને લાભ જ લાભ છે, અને અબાધાકાળમાં પ્રમાદ કરવામાં આત્માને નુકસાન જ નુકસાન છે.

કુશળ વેપારી થોડું નુકસાન વેઠીને પણ વધુ કમાણી થતી હોય તો તેવો ધંધો કરે, તેમ સાધક પણ અબાધાકાળમાં સાધનાના થોડા કષ્ટો વેઠીને પણ ઘણી કર્મનિર્જરાની કમાણી થતી હોય તો પૂરા ઉત્સાહથી સાધનામાં મચી પડે, પાછુ વાળીને ન જુવે.

ટુંકમાં, અબાધાકાળ એ આપણને મળેલો સોનેરી અવસર છે. એમાં આપણે કર્મોની હવા કાઢી નાંખવાની છે, જેથી એ આપણને નડી ન શકે.

ચાલો, અબાધાકાળના ગોલ્ડન પીરિયડનો સદુપયોગ કરવા આજથી જ સાધનામાં લાગી જઇએ. **'મારે મારા આત્મા પરથી કર્મોને દેશવટો આપવો જ છે'** આવો મજબૂત નિશ્ચય કરી આપણે આગળ વધીશું તો આપણને અવશ્ય સફળતા મળશે.



# કર્મનો Accurate ન્યાય

દુનિયામાં કદાચ એવું બને કે કોઇ માણસે સારૂ કામ કર્યું હોય અને તેની કોઇએ નોંધ લીધી ન હોય, કોઇ તેના માટે બે-ચાર સારા શબ્દો ન બોલ્યું હોય, કોઇએ તેનું સન્માન ન કર્યું હોય.

દુનિયામાં કદાચ એવું ય બને કે કોઇ માણસ કોઇ અપરાધ કરીને આબાદ છટકી જાય, કોઇને ખબર પણ ન પડે, કોઇ તેને પકડી પણ ન શકે.

પણ **કર્મના કોમ્પ્યુટરમાં નાનામાં નાના શુભ કાર્યની પણ નોંધ થઇ જાય છે અને નાનામાં નાના અશુભ કાર્યની પણ નોંધ થઇ જાય છે.** શુભકાર્યની નોંધ પુણ્યકર્મરૂપે થાય છે અને અશુભ કાર્યની નોંધ પાપકર્મરૂપે થાય છે. નોંધાયેલા તે પુણ્યકર્મ અને પાપકર્મનું અવશ્ય ફળ મળે છે, તેમાંથી કોઇ છટકી શકતું નથી. હા, એ ફળ ક્યારેક વહેલું મળે અને ક્યારેક મોડું મળે, ક્યારેક આ ભવમાં મળે અને ક્યારેક પરભવમાં મળે. દુનિયાના ન્યાયમાં કદાચ અંધેર હોઇ શકે પણ કર્મનો ન્યાય તો એકદમ accurate છે અને એકદમ perfect છે.

સારૂ કાર્ય કરનારની કદાચ દુનિયામાં નોંધ ન લેવાય અને સન્માન-પ્રશંસા ન થાય પણ એ સારા કાર્યના પ્રભાવે એને પુણ્ય તો બંધાઇ જ જાય છે અને એ પુણ્ય ભવિષ્યમાં અવશ્ય એ જીવને એનું ફળ આપે છે.

ખરાબ કાર્ય કરનાર કદાચ દુનિયામાં છટકી જાય અને કોઇની નજરમાં ન આવે પણ એ ખરાબ કાર્યથી એને પાપ તો બંધાઇ જ જાય છે અને એ પાપ ભવિષ્યમાં અવશ્ય એ જીવને એનું ફળ આપે છે.

દુનિયામાં કદાચ સારા કે ખરાબ કાર્યનું ઓછુ-વત્તુ ફળ મળે એવું બને પણ કર્મના ન્યાયમાં એ સારૂ કે ખરાબ કાર્ય જે સંયોગોમાં જે ભાવથી થયું હોય તેને અનુરૂપ પુણ્યકર્મ અને પાપકર્મ તે વ્યક્તિને અવશ્ય બંધાઇ જાય છે અને તેને યોગ્ય સમયે યોગ્ય ફળ મળે જ છે.

પ્રભુ વીરનો જીવ સમ્યક્ત્વ પામ્યા પછીના ત્રીજા ભવમાં ભરત ચક્રવર્તીનો મરીચી નામનો પુત્ર હતો. એકવાર ભરત ચક્રીએ ઋષભદેવપ્રભુને પૂછ્યું, 'આ સભામાં ભાવીમાં તીર્થંકર થનારો કોઇ જીવ છે ?' પ્રભુએ જવાબ આપ્યો, 'મરીચી નામનો તારો પુત્ર આ ચોવીશીમાં ચોવીશમો તીર્થંકર થશે. તે આ

અવસર્પિણીમાં પહેલો વાસુદેવ અને મહાવિદેહ ક્ષેત્રમાં ચક્રવર્તી પણ થશે.' એ વખતે મરીચીએ ત્રિદંડિકનો વેષ સ્વીકાર્યો હતો. ભરતચક્રીએ જઇને મરીચીને વંદન કર્યા અને પ્રભુની વાત જણાવી. એ સાંભળી મરીચીને અભિમાન આવ્યું. તેણે કુળનો મદ કર્યો. તેનાથી તેણે નીચગોત્રકર્મ બાંધ્યું. ૨૭મા પ્રભુ વીરના ભવ સુધીમાં તે જીવ તે નીચગોત્ર કર્મના પ્રભાવે ઘણીવાર બ્રાહ્મણ કુળમાં ઉત્પન્ન થયો. છેલ્લા ભવમાં એ કર્મ ૮૨ દિવસ જેટલું બાકી રહ્યું.

એક ગામમાં એક પરિવાર રહેતો હતો. એકવાર જેઠાણીએ દેરાણીની રત્નની ડબ્બી લઇને સંતાડી દીધી. દેરાણીએ ઘણી શોધખોળ કરી. અંતે જેઠાણી પાસેથી ડબ્બી મળી. ત્યારે દેરાણીએ જેઠાણીને શાપ આપ્યો, 'તારૂ સંતાન મારૂં થજો'. જેઠાણીએ રત્નની ડબ્બી ચોરીને અશુભ કર્મ બાંધ્યું. બીજા ભવમાં જેઠાણી દેવાનંદા બ્રાહ્મણી થઇ અને દેરાણી ત્રિશલા રાણી થઇ. વીરપ્રભુનો જીવ બાકી રહેલા નીચગોત્ર કર્મના પ્રભાવે દેવાનંદા બ્રાહ્મણીની કુક્ષિમાં ઉત્પન્ન થયો. ૮૨ દિવસ પૂરા થતા નીચગોત્રકર્મ પુરૂં થયું. પ્રભુ વીરનો જીવ બ્રાહ્મણકુળમાં ઉત્પન્ન થયો છે એવું અવધિજ્ઞાનથી જોઇને ઇન્દ્રમહારાજાએ હરિણૈગમેષી દેવ પાસે પ્રભુના જીવનું દેવાનંદા બ્રાહ્મણીની કુક્ષિમાંથી ત્રિશલારાણીની કુક્ષિમાં સંક્રમણ કરાવ્યું. એ વખતે દેવાનંદા બ્રાહ્મણીએ પૂર્વભવમાં બાંધેલ અશુભ કર્મ ઉદયમાં આવ્યું. તેથી તેના સંતાનનું સંહરણ થયું.

આમ વીરપ્રભુના નીચગોત્રકર્મનો ઉદય પૂરો થયો અને દેવાનંદા બ્રાહ્મણીના અશુભકર્મનો ઉદય શરૂ થયો. આ બન્ને એક સાથે થયા. તેથી પ્રભુનું સંહરણ થયું.

આ પ્રસંગ બતાવે છે કે જગતમાં બનનારા પ્રસંગોમાં કોઇકના કર્મનો ઉદય પૂરો થાય છે અને કોઇકના કર્મનો ઉદય શરૂ થાય છે. દરેકને પોતાના કર્મના ફળ અવશ્ય મળે. કર્મો બધું એવી રીતે ગોઠવી દે છે કે દરેકને પોતાના સારા-ખરાબ કામોનું ફળ બરાબર મળી જાય છે. કર્મો કોઇને છોડતા નથી. તીર્થંકરના જીવે ભૂલ કરી તો કર્મે તેમને પણ સજા કરી. કર્મના ન્યાયમાં કોઇ પક્ષપાત નથી. કર્મ કોઇના સગા થતા નથી. કર્મ દરેક જીવને તેના કાર્યોનું ફળ આપે જ છે. બાહ્ય જગતમાં જીવ નાનો હોય કે મોટો હોય એનાથી કર્મને કશો ફરક પડતો નથી. સારા કાર્ય કરનારને એ ઇનામ પણ આપે છે અને ખરાબ

કાર્ય કરનારને એ સજા પણ ફટકારે છે. એને કોઇનો ડર નથી. એ તટસ્થ છે.

ભીખારીએ એક દિવસનું ચારિત્ર પાળ્યું અને કર્મે બીજા ભવમાં એને રાજા બનાવી દીધો. ચૌદપૂર્વધર મહાત્માએ પ્રમાદ કર્યો અને કર્મે બીજા ભવમાં એમને નિગોદમાં મોકલી દીધા. આમ કર્મને કોઇની શરમ નથી. **એ જીવ સામે જોઇને જીવને ફળ નથી આપતું. એ જીવના કાર્યોને જોઇને જીવને ફળ આપે છે.**

આમ કર્મના ન્યાયમાં નાના-મોટા બધા શુભ કાર્યોનું ફળ મળે છે અને નાના-મોટા બધા અશુભ કાર્યોનું પણ ફળ મળે છે.

કર્મના ન્યાયની આ તટસ્થતાને વિચારી અશુભ કાર્યોથી અટકવું અને શુભ કાર્યોમાં ઉદ્યમ કરવો. લોકોની દૃષ્ટિએ શુભ કે અશુભ કાર્ય છુપું રહી શકે પણ કર્મના કોમ્પ્યુટરમાં તો દરેકની એન્ટ્રી થયા જ કરે છે. લોકોને ખબર ન પડે, દંડ ન મળે તો ય અશુભ કાર્ય ન કરવું, કેમકે કર્મ અવશ્ય તેનું ફળ આપશે. લોકોમાં સન્માન ન મળે, વાહવાહ ન થાય તો પણ શુભ કાર્ય અવશ્ય કરવું, કેમકે કર્મ તેનું ફળ અવશ્ય આપે જ છે.



# કર્મના ખેલ, સમજવા મુશ્કેલ

જીવ અજ્ઞાનને લીધે પાપો કરે છે. તેનાથી તે કર્મો બાંધે છે. હસતા હસતા કર્મો બાંધે છે. તે કર્મોના ઉદય વખતે જીવની ભયંકર દશા થાય છે. તે કર્મોને ભોગવતી વખતે જીવને રડવાનો વારો આવે છે. કર્મ સબળાને નબળા કરી નાંખે છે. કર્મ રાજાને રંક બનાવી દે છે. કર્મ શ્રીમંતને ભિખારી બનાવી દે છે. કર્મ બુદ્ધિમાનને ગાંડો બનાવી દે છે. જગતના જીવોને કર્મ કઠપૂતળીની જેમ નચાવે છે. કર્મ જીવો પાસે જુદા જુદા ખેલ કરાવે છે. કર્મ જીવોને કેવા કેવા નાચ નચાવે છે ? એ કેટલાક ઉદાહરણો વડે સમજીએ.

આદીશ્વર પ્રભુનો જીવ પૂર્વભવમાં રસ્તેથી પસાર થતો હતો. એક ખેતરમાં ખેડુત કામ કરતો હતો. તેના બળદો વારંવાર ખેતરમાં ઉગેલા પાકમાં મોઢું નાંખતાં હતા. ખેડૂત વારંવાર તેમને અટકાવતો હતો. તેથી તે પોતાનું કાર્ય બરાબર કરી શકતો ન હતો. આ દૃશ્ય પ્રભુના જીવે પૂર્વભવમાં જોયું. ખેડુતના પૂછ્યા વિના તેણે તેને સલાહ આપી કે 'બળદોના મોઢે જાળી બાંધી દો એટલે તમને હેરાન નહી કરે.' ખેડુતે તેમ કર્યું. બળદો ૪ ઘડી સુધી ભૂખ્યા રહ્યા. તેથી પ્રભુના જીવે બળદોને ભોજનમાં વિઘ્ન કરીને અંતરાય કર્મ બાંધ્યું. તે કર્મ છેલ્લા ભવમાં પ્રભુએ દીક્ષા લીધી ત્યારે ઉદયમાં આવ્યું. તેથી પ્રભુને ૪૦૦ દિવસો સુધી ગોચરી ન મળી. પ્રભુને ૪૦૦ ઉપવાસ કરવા પડ્યા. **વણમાગી સલાહ આપીને** બળદોને ૪ ઘડી ભૂખ્યા રાખ્યા, તેથી એવું કર્મ બંધાયું કે પ્રભુને ૪૦૦ દિવસો સુધી ભૂખ્યા રહેવું પડ્યું.

વીર પ્રભુ સંસારી અવસ્થામાં હતા ત્યાં સુધી બધી અનુકૂળતા હતી. જેવી તેમણે દીક્ષા લીધી કે તેમણે પૂર્વે બાંધેલા અશુભ કર્મો તેમની ઉપર ત્રાટક્યા. સાડા બાર વરસ સુધી તે કર્મોએ ઉપસર્ગોની ઝડી વરસાવીને પ્રભુને પરેશાન કરવાના ઘણા પ્રયત્નો કર્યા. પ્રભુએ બધુ સમભાવે સહન કર્યું. પ્રભુના જીવે પૂર્વે અશુભ કર્મો કર્યા તો કર્મોએ તેમને છેલ્લા ભવમાં પણ ન છોડ્યા, પોતાના બદલો લઇને જ તેઓ જંપ્યા. પ્રભુના જીવે મરીચીના ભવમાં કુળનો મદ કર્યો તો કર્મોએ તેમને છેલ્લા ભવમાં પણ બ્રાહ્મણકુળમાં જન્મ આપ્યો. પ્રભુના જીવે મરીચીના ભવમાં ઉત્સૂત્રભાષણ કર્યું તો કર્મે તેમનો સંસાર ૧ કોડાકોડી સાગરોપમ જેટલો વધારી દીધો. પ્રભુના જીવે ત્રિપૃષ્ઠવાસુદેવના ભવમાં ઘણી હિંસા કરી તો કર્મે તેમને પછીના ભવમાં નરકમાં મોકલી દીધા. સિંહના ભવમાં

પ્રભુના જીવે ઘણી હિંસાઓ કરી તો કર્મે તેમને ચોથી નરકે મોકલ્યા. એકેન્દ્રિયના ઘણા ભવોમાં રખડાવ્યા.

સગરચક્રવર્તીના અષ્ટાપદ તીર્થની રક્ષા કરવા ગયેલા સાઇઠ હજાર જુવાનજોધ પુત્રોને નાગનિકાયના દેવોએ એક સાથે બાળી નાંખ્યા. તેથી સગર ચક્રવર્તી દુઃખી દુઃખી થઇ ગયા. આ તેમના પૂર્વેના અશુભ કર્મોનું ફળ હતું.

સનતચક્રવર્તી છ ખંડના અધિપતિ હતા, બત્રીસ હજાર દેશના માલિક હતા. રૂપનો ભંડાર હતા. તેમના શરીરમાં પણ સોળ રોગ ઉત્પન્ન થયા. તે પણ તેમના અશુભ કર્મોનું ફળ હતું.

સુભૂમચક્રવર્તી ધાતકીખંડને જીતવા પાલખીમાં બેસીને જઇ રહ્યા હતા. તેમની પાલખી સોળ હજાર યક્ષોએ ઉપાડી હતી. તે બધાએ એક જ સમયે પાલખી છોડી અને સુભૂમ ચક્રી લવણસમુદ્રમાં ડૂબી મર્યો અને નરકમાં ગયો. તે પણ તેમના અશુભ કર્મોના પરચા હતા.

એક બ્રાહ્મણે બ્રહ્મદત્ત ચક્રવર્તીની આંખો ફોડી નાંખી. ચક્રવર્તીની ઋદ્ધિ હોવા છતાં તેણે આંખ ગુમાવી. વૈર વાળવા રોજ તે બ્રાહ્મણોની આંખ ભરેલો થાળ મંગાવીને તેને સ્પર્શીને રાજી થતો. મરીને તે નરકે ગયો. આ બધાનું કારણ તેણે બાંધેલા પાપકર્મો હતા.

રાવણ ત્રણ ખંડનો અધિપતિ હતો. લક્ષ્મણે તેને માર્યો. બન્ને મરીને નરકમાં ગયા. આ તેમના પાપકર્મોનું પરિણામ હતું.

રામ અને લક્ષ્મણ રાજપુત્રો હતા અને મહાબળવાન હતા. તેમને પણ બાર વરસ સુધી વનમાં ભમવું પડ્યું. તેનું કારણ તેમના અશુભકર્મો હતા.

સીતા સતીએ રાવણને ત્યાં રહીને પણ નિર્મળ શીલ પાળ્યુ હતું. છતાં તેમની ઉપર પણ આળ મૂકાયું અને તેમને વનમાં એકલા મૂકી દેવાયા. તેનું કારણ તેમના જીવે પૂર્વે વેગવતીના ભવમાં મુનિને આપેલું આળ હતું. **આળ આપીને બંધાયેલા કર્મે તેમને આળ આપ્યું.**

કૃષ્ણ વાસુદેવ ત્રણ ખંડના અધિપતિ હતા, છપ્પન ક્રોડ યાદવોના નેતા હતા. તે પણ જંગલમાં પાણી વિના ટળવળીને એકલા મર્યા તેનું કારણ તેમના પાપકર્મો હતા.

પાંચ પાંડવો મહાબળવાન હતા. છતાં તેઓ દ્રૌપદીને હારી ગયા અને બાર વરસ સુધી તેમને વનમાં ભમવું પડ્યું તે તેમના પાપકર્મોના કારણે.

દ્રૌપદીના જીવે પૂર્વે સુકુમારિકા સાધ્વીના ભવમાં એક વેશ્યાની સાથે

પાંચ પુરૂષોને કામક્રીડા કરતા જોઇને નિયાણું કર્યુ કે, 'મને પાંચ પતિ મળજો' તેથી દ્રૌપદીના ભવમાં તેને પાંચ પાંડવો રૂપી પાંચ પતિ મળ્યા. આ તેણીએ **પૂર્વભવમાં નિયાણું કરીને** બાંધેલા કર્મોનું ફળ હતું.

હરિશ્ચંદ્ર રાજા હતા. તેમને સુતારા રાણીને વેચવી પડી. પોતે નીચના ઘરે બાર વરસ સુધી પાણી લાવવાનું કાર્ય કર્યું. આ બધાનું મૂળ તેમના અશુભકર્મો હતા.

ચંદનબાળા રાજપુત્રી હતી. છતા તે ચૌટામાં વેંચાણી. તે તેણીના પાપકર્મોનું પરિણામ હતું. શ્રેણિકરાજાએ સમ્યક્ત્વ પામ્યા પૂર્વે ગર્ભવતી હરણીનો શિકાર કરી તેની અનુમોદના કરી નરકાયુષ્ય બાંધ્યું હતું. પછી ક્ષાયિક સમ્યક્ત્વ પામ્યા, તીર્થંકર નામકર્મ બાંધ્યું છતાં પૂર્વે બાંધેલું નરકાયુષ્ય મરણ બાદ તેમને નરકમાં ઢસડી ગયું. શ્રેણિકરાજા મગધદેશના સમ્રાટ હતા, પ્રભુવીરના અનન્ય ભક્ત હતા. અંતિમ અવસ્થામાં તેમના પુત્ર કોણિકે તેમને જેલમાં પૂર્યા અને રોજ ચાબૂકના ફટકા મરાવ્યા. આ બધી તેમના પાપકર્મોની લીલા હતી.

નળરાજા જુગારમાં રાજ્ય હારી ગયો. જંગલમાં દમયંતી રાણીનો પણ વિયોગ થયો. પછી તે ખૂબ ભમ્યો. આ બધા તેમના પાપકર્મોના કારસ્તાન હતા.

સુદર્શન શેઠને શૂળીએ ચડવું પડ્યું. મુંજ રાજાને ભીખ માંગવી પડી. કોણિક મરીને છઠ્ઠી નરકમાં ગયો, ગજસુકુમાલ મુનિના માથે સસરાએ પાળ બાંધીને અંદર બળતા અંગારા નાંખ્યા. મેતારજમુનિને સોનીએ માથે વાધર વીંટી તડકામાં ઊભા રાખ્યા. ખંધકસૂરિના પાંચસો શિષ્યોને પાલક પાપી પૂરોહિતે ઘાણીમાં પીલી નાંખ્યા. ખંધકમુનિની રાજસેવકોએ જીવતા ચામડી ઊતારી. આર્દ્રકુમાર, નંદિષેણ મુનિ, અરણિકમુનિ વગેરેએ ચારિત્ર છોડી ફરી સંસાર માંડ્યો. સુભદ્રા સતીને માથે કલંક આવ્યું. ચૌદપૂર્વધરો નિગોદમાં ગયા. આ બધાનું કારણ તેમના પાપકર્મો જ હતા.

સતી કલાવતીના જીવે પૂર્વભવમાં પોપટની બે પાંખ કાપી હતી. તેથી બંધાયેલા પાપકર્મે કલાવતીના ભવમાં તેણીના બે હાથ કપાવ્યા.

રુક્મિણીએ શીલસન્નાહ મંત્રી (અન્ય ગ્રંથમાં અન્યદેશના રાજકુમારની વાત પણ આવે છે) ઉપર કામુક દૃષ્ટિ નાંખીને મનમાં કુવિચારો કર્યા. તેનાથી બંધાયેલા કુકર્મોએ તેને એક લાખ ભવમાં ભમાવી.

એક ખેડૂતે બાવળીયાના કાંટાથી જૂને મારી નાંખી. તેનાથી બંધાયેલા કર્મોના ઉદયે તે ખેડૂતને સાત વાર શૂળીએ ચઢવુ પડ્યું હતું.

રજ્જા સાધ્વીએ કાચુ પાણી પીવાનું શરૂ કર્યુ અને તીવ્રભાવથી તેઓ

અસત્ય બોલ્યા. કર્મોએ તેમને અનંતભવ ભટકવાની સજા કરી.

ચિત્ર અને સંભૂતિએ પૂર્વભવે મુનિની દુર્ગંચ્છા કરીને નીચગોત્રકર્મ બાંધ્યું. તેના પ્રભાવે તેઓ ચિત્ર-સંભૂતિના ભવમાં ચંડાળકુળમાં ઉત્પન્ન થયા.

રૂપસેને સુનંદાને વિકારી દૃષ્ટિથી જોઇ અને તેની સાથે ભોગના વિચારો કર્યા. તેથી કુકર્મો બાંધી તેને સાત ભવ જનાવરના કરવા પડ્યા અને સાતે ભવમાં સુનંદાના કારણે મરવું પડ્યું.

સર્ગે માતાને ગુસ્સામાં કહ્યું, 'શું તું શૂળીએ ચઢવા ગઇ હતી ?' ચંદ્રામાતાએ પુત્ર સર્ગને ગુસ્સામાં કહ્યું, 'શું તારા કાંડા કપાઇ ગયા હતા ?' આથી બંધાયેલા કર્મોએ બીજા ભવમાં સર્ગના જીવને શૂળીએ ચઢાવ્યો અને ચંદ્રાના જીવના કાંડા કપાવ્યા.

લક્ષ્મણા સાધ્વીજીએ ચકલા-ચકલીની સંભોગ ક્રિયા જોઇને વિચાર કર્યો કે, 'ભગવાને સંભોગની છૂટ કેમ ન આપી ?' આવા વિચારો કરીને, અશુદ્ધ પ્રાયશ્ચિત્તના અને માયાના કારણે બાંધેલા કર્મોએ તેમને ૮૦ ચોવીશી સુધી અસંખ્ય ભવોમાં ભમાવ્યા.

ઋષિદત્તા રાજકુમારીના જીવે પૂર્વે ગંગસેના રાજકુમારીના ભવમાં સાધ્વીજીને કલંક આપ્યું હતું. તેથી બંધાયેલા કર્મોએ ઋષિદત્તાના ભવમાં તેણીને કલંક આપ્યું.

દેવકી માતાના જીવે પૂર્વભવમાં શોક્યના સાત રત્નો ચોર્યા હતા. તેનાથી બંધાયેલા કર્મના પ્રભાવે દેવકીના ભવમાં તેમના સાત પુત્રો ચોરાયા.

ઢંઢણઋષિના જીવે પૂર્વભવે ખેડૂતો પાસે વધુ મજુરી કરાવી તેમને ભોજનમાં અંતરાય કર્યો હતો. તેથી ઢંઢણઋષિના ભવમાં તેમને પોતાની લબ્ધિથી આહાર ન મળ્યો. આ તેમના પાપકર્મોનો ખેલ હતો.

પીઠ અને મહાપીઠ મુનિઓને સાધુઓની વૈયાવચ્ચ કરનારા બાહુ અને સુબાહુ મુનિઓ પર **ઇર્ષ્યા થઇ અને તેમની પ્રશંસા કરનારા ગુરૂ ઉપર અસદ્-ભાવ થયો** પરિણામે બીજા ભવમાં તેમને બ્રાહ્મી અને સુંદરી રૂપે સ્ત્રી અવતાર લેવો પડ્યો. આ તેમના કર્મોનું જ પરિણામ હતું.

અંજનાસુંદરીના જીવે પૂર્વે કનકોદરી રાણીના ભવમાં શોક્યની જિનપ્રતિમા અશુચિસ્થાનમાં નાંખી દીધી હતી. તેથી બંધાયેલા દુષ્કર્મોને લીધે તેણીને અંજનાસુંદરીના ભવમાં ૨૨ વર્ષ સુધી પતિનો અસહ્ય વિયોગ સહન કરવો પડ્યો.

કુંતલા રાણીએ ધર્મમાં પોતાના કરતાં આગળ વધી ગયેલી શોક્ય રાણીઓ ઉપર ઇર્ષ્યા કરીને કુકર્મો બાંધ્યા. તે કુકર્મોએ તેણીને બીજા ભવમાં કૂતરીનો જન્મ આપ્યો.

વીરપ્રભુના જીવે ત્રિપૃષ્ઠ વાસુદેવના ભવમાં શય્યાપાલકના કાનમાં ગરમાગરમ સીસુ રેડાવી ભયંકર પાપકર્મ બાંધ્યું. તે કર્મના કારણે છેલ્લા વીરપ્રભુના ભવમાં તેમના કાનમાં ખીલા ઠોકાયા.

સોમદેવ બ્રાહ્મણે દીક્ષા લઇ કુળનું અભિમાન કર્યું. તેથી નીચગોત્ર કર્મ બાંધ્યું. તે કર્મના ઉદયે હરિકેશીબલના ભવમાં તેમને ચંડાળકુળમાં જન્મ લેવો પડ્યો.

રુક્મિણીના જીવે પૂર્વે રાણીના ભવમાં મોરલીના ઇંડા હાથમાં લીધા હતા. તેથી હાથમાં લાગેલા કંકુથી ઇંડા કંકુવર્ણના થયા. તેથી મોરલીએ ૧૬ ઘડી સુધી તેમને સેવ્યા નહીં. તેનાથી એવું કર્મ બંધાયું કે રુક્મિણીના ભવમાં તેણીને પુત્રનો ૧૬ વર્ષનો વિયોગ થયો.

વસુદેવસૂરિજીએ પૂર્વભવે ૫૦૦ શિષ્યોને વાંચના આપવાનું બંધ કરી એવું જ્ઞાનાવરણીય કર્મ બાંધ્યું કે વરદત્તના ભવમાં તેમનું શરીર કોઢ રોગથી ઘેરાઇ ગયું હતું અને તેમને જ્ઞાન ચઢતું ન હોતું.

સાગરશેઠે દેવદ્રવ્યનું ભક્ષણ કરીને એવું કર્મ બાંધ્યું કે તેમને અંડગોલિક મનુષ્ય તરીકે જન્મવું પડ્યું, વચ્ચે વચ્ચે અનેક ભવ કરીને સાતે નરકમાં બબ્બેવાર જવું પડ્યું, ભૂંડ-બકરા-હરણ-સસલા-સાબર-શિયાળ-બિલાડા-ઉંદર-ગરોળી-સર્પના ૧૦૦૦-૧૦૦૦ ભવો કરવા પડ્યા અને વિકલેન્દ્રિયના એક લાખ ભવ કરવા પડ્યા.

અજ્ઞાનદશામાં પાપ કરનારા આવા અનેક આત્માઓને કર્મે પરચા બતાવ્યા છે. આના પરથી બોધપાઠ લઇ આપણે પાપો કરતા અટકી જઇએ જેથી આપણને કર્મોના કડવા ફળ ભોગવવા ન પડે.

ભૂલથી પાપ થઇ ગયા પછી સાચું સમજાતા જેમને પશ્ચાત્તાપ થાય છે અને જેઓ ગુરૂ પાસે આલોચના-પ્રાયશ્ચિત્ત કરીને આત્મા પર લાગેલા દુષ્કર્મોને રવાના કરી દે છે તેમને તે કર્મો હેરાન કરતા નથી.

દૃઢપ્રહારીએ ચાર મહાહત્યાઓ કરી. પણ ચારિત્ર લઇને આલોચના-પ્રાયશ્ચિત્ત કર્યા તો એ જ ભવમાં એમનો મોક્ષ થયો.

અર્જુનમાળી રોજની સાત સાત હત્યાઓ કરતો હતો. છતાં આલોચના-પ્રાયશ્ચિત્તના પ્રભાવે તે મોક્ષમાં ગયો.

રોહિણીયા ચોરે ઘણી ચોરી કરી હતી. છતાં પ્રાયશ્ચિત્તથી પાપકર્મોને ધોઇને તે પણ મોક્ષે ગયો.

કામલક્ષ્મીએ રાજાને માર્યો અને પુત્ર સાથે કામક્રીડા કરી. પણ પ્રાયશ્ચિત્તથી પાપકર્મોને ખપાવી તે મોક્ષે ગઇ.

પુષ્પચૂલાના લગ્ન ભાઇ સાથે જ થયેલા. પણ પ્રાયશ્ચિત્તથી નિર્મળ થઇને તે મોક્ષે ગયા.

અરણિક મુનિવરે ચારિત્ર છોડી સંસાર માંડ્યો. પછી પશ્ચાત્તાપ થતા ગુરૂ પાસે પ્રાયશ્ચિત્ત કરીને તેઓ દેવલોકમાં ગયા.

આના પરથી આવો ઉંધો અર્થ લેવાનો નથી કે, 'પાપો કરવામાં કોઇ વાંધો નથી. પછી પ્રાયશ્ચિત્ત કરીને શુદ્ધ થઇ જવાશે.' આના પરથી બોધ એ લેવાનો છે કે, 'ભૂલથી કે જાણી જોઇને પાપો થઇ ગયા હોય તો પ્રાયશ્ચિત્તથી તેમને દૂર કરવા જોઇએ.'

પૂર્વે કર્મોને ખપાવવાનો એક ઉપાય બતાવ્યો હતો-અબાધાકાળમાં સાધના કરવાનો. અહીં કર્મોને ખપાવવાનો બીજો ઉપાય બતાવ્યો છે-**આલોચના પ્રાયશ્ચિત્ત કરવાનો.** જેઓ આ બે ઉપાયોને અપનાવતા નથી તેમને કર્મોના ફળો ભોગવવા જ પડે છે.

જીવ પોતાના માટે અને બીજાના માટે પાપો કરે છે. પણ એ પાપોથી બંધાયેલા કર્મોને ભોગવવામાં કોઇ એને સહાય કરતું નથી અને કોઇ એમાં ભાગ પડાવતું નથી. જીવે પોતે બાંધેલા કર્મો પોતે જ ભોગવવાના છે.

કર્મો જીવને હેરાન જ કરે છે એવું નથી. જેઓ ધર્મકાર્ય કરે છે તેમને કર્મો ઘણા ઊંચે લાવી દે છે, તેમને ઘણી અનુકૂળતાઓ કરી આપે છે. શુભકર્મો નબળાને સબળા બનાવી દે છે. કર્મો રંકને રાજા બનાવી દે છે. કર્મો ભીખારીને શ્રીમંત બનાવી દે છે. કર્મો મંદબુદ્ધિને બુદ્ધિમાન બનાવી દે છે. કર્મો કદરૂપાને રૂપવાન્ બનાવી દે છે. આમ કર્મો નીચે રહેલાને ઊંચે પણ લાવી દે છે. એના કેટલાક ઉદાહરણો જોઇએ.

સંગમ નામના ભરવાડપુત્રે મહાત્માને માસક્ષમણના પારણે ખીર વહોરાવી એવું પુણ્યકર્મ બાંધ્યુ કે શાલીભદ્રના ભવમાં તેને અઢળક ઋદ્ધિ મળી અને રોજ ૯૯ પેટીઓ મળતી હતી.

કુમારપાળ મહારાજાના જીવે પૂર્વભવે અઢાર ફૂલથી પરમાત્માની પૂજા કરીને બાંધેલા પુણ્યકર્મે તેમને કુમારપાળના ભવમાં અઢાર દેશના રાજા બનાવ્યા.

સંપ્રતિ મહારાજાના જીવે પૂર્વે ભીખારીના ભવમાં એક દિવસનું ચારિત્ર પાળ્યું હતું. તેનાથી બંધાયેલા પુણ્યકર્મે તેમને સંપ્રતિના ભવમાં જનમથી રાજા બનાવ્યા.

રાવણે અષ્ટાપદ પર ભાવથી પ્રભુભક્તિ કરી તીર્થંકરનામકર્મ બાંધ્યું, જે તેમને ભવિષ્યમાં તીર્થંકર બનાવશે.

સંભવનાથ ભગવાનના જીવે પૂર્વભવે દુકાળમાં સાધર્મિક ભક્તિ કરી તીર્થંકર નામકર્મ બાંધ્યું, જેણે તેમને તીર્થંકર બનાવ્યા.

બાહુ-સુબાહુ મુનિઓએ ૫૦૦ મહાત્માઓની વૈયાવચ્ચ કરી એવું પુણ્યકર્મ બાંધ્યું કે બીજા ભવે તેઓ ભરત ચક્રવર્તી અને બાહુબલીજી બન્યા.

કાર્તિકશેઠે શ્રાવકની પાંચમી પ્રતિમાની આરાધના ૧૦૦ વાર કરી. તેનાથી બંધાયેલ પુણ્યકર્મે તેમને બીજાભવે પહેલા દેવલોકના ઇન્દ્ર બનાવ્યા.

આ બધા ઉપરથી એ સમજવાનું છે કે, 'ધર્મકાર્ય કરનારાની ઉપર કર્મ મહેર કરે છે. માટે ધર્મકાર્યમાં જોડાઇ જવું.'

પુણ્યકર્મ ઉપર પણ વિશ્વાસ કરવા જેવો નથી. એ પણ એક પ્રકારનું બંધન જ છે. પાપકર્મ એ લોઢાની બેડી જેવું છે, તો પુણ્યકર્મ એ સોનાની બેડી જેવું છે. પુણ્યકર્મ આપણને આરાધનામાં સહાયક બને છે. એટલા પૂરતો એનો ઉપયોગ કરી આરાધના દ્વારા બધા કર્મોના નાશ માટે જ પ્રયત્ન કરવો. પુણ્યકર્મ અને પાપકર્મ બન્નેનો સંપૂર્ણ નાશ થવા પર જ જીવનો મોક્ષ થાય છે. પુણ્યોદયના કાળમાં બેદરકાર રહેનાર જીવ ચીકણાં કર્મો બાંધી સંસારમાં ભટકતો થઇ જાય છે. પુણ્યોદયના કાળમાં સાવધ રહી સાધના કરનાર જીવ બધા કર્મોનો અંત કરી મોક્ષે જાય છે.

આમ કર્મ નીચે રહેલાને ઊંચે લાવે છે અને ઊંચે રહેલાને નીચે પણ લાવે છે. કર્મ જીવોને વિવિધ ખેલો ખેલાવે છે. જીવો તેની આજ્ઞા મુજબ રમ્યા કરે છે. અજ્ઞાની જીવોને ખબર પડતી નથી કે કર્મ તેમને નાચ નચાવે છે. કર્મના ખેલ સમજવા બહુ મુશ્કેલ છે. અજ્ઞાની જીવો આ ખેલ સમજતા નથી. તેઓ કર્મને મિત્ર માનીને તેને પુષ્ટ કર્યા કરે છે. કોઇક વિરલા જીવો જ કર્મોના આ ખેલોને સમજી શકે છે. તેઓ કર્મને બરાબર ઓળખી લે છે. તેઓ કર્મને દુશ્મન તરીકે જાણે છે. તેઓ કર્મનો નિકાલ કરવાનો પુરૂષાર્થ કરે છે. આપણે પણ કર્મના ખેલને બરાબર સમજી લઇએ અને તેને દૂર કરવાના કડક પગલા આજથી જ લઇએ.

# જીવ અને કર્મમાં કોણ બળવાન ?

બે મિત્રો યાત્રા કરવા ગયા. તેઓ ધર્મશાળામાં ઊતર્યા. આવવામાં મોડુ થયું હોવાથી ભોજનશાળા બંધ થઇ ગઇ હતી. બન્નેને ભૂખ લાગી હતી. એક મિત્ર, 'નસીબમાં ભોજન હશે તો મળશે નહીંતર કાલે જમીશું' એમ વિચારી સુવાની તૈયારી કરવા લાગ્યો. બીજા મિત્રે વિચાર કર્યો, 'ધર્મશાળાની રૂમોમાં તપાસ કરૂં. કદાચ ક્યાંય કંઇક ખાવાનું મળી જાય. કોઇક યાત્રાળુ ખાવાના ડબ્બા ભૂલી ગયા હોય તો એ મળી જાય.' આમ વિચારી તેણે ધર્મશાળામાં શોધવાનું શરૂ કર્યુ. એક કલાકની મહેનત બાદ તેને એક રૂમમાંથી પેંડાનો ડબ્બો મળ્યો. તે ખુશ થઇ ગયો. ડબ્બો લઇ તે પોતાની રૂમમાં આવ્યો. તેણે મિત્રને કહ્યું, 'જો મેં પુરૂષાર્થ કર્યો તે મને ખાવાનું મળ્યું. લે તું પણ ખા.' પેંડા ખાતા ખાતા મિત્રે કહ્યું, 'તને પુરુષાર્થથી ખાવાનું મળ્યું. મને પુણ્યથી અહીં બેઠા બેઠા વિના મહેનતે ખાવાનું મળ્યું.'

પહેલો મિત્ર પુરૂષાર્થવાદી હતો. બીજો મિત્ર પ્રારબ્ધવાદી (કર્મવાદી) હતા. એકલા પુરૂષાર્થથી કે એટલા કર્મથી કંઇ મળતું નથી કે કંઇ થતું નથી. પુણ્યકર્મ અને જીવનો પુરૂષાર્થ બન્ને ભેગા થાય છે ત્યારે જ કાર્ય થાય છે. **ક્યારેક પુણ્યકર્મ બળવાન બને છે અને ક્યારેક જીવનો પુરૂષાર્થ બળવાન બને છે. પુણ્યકર્મ બળવાન બને ત્યારે ગૌણરૂપે જીવનો પુરૂષાર્થ પણ હોય જ છે. જીવનો પુરૂષાર્થ બળવાન બને ત્યારે ગૌણરૂપે પુણ્યકર્મ પણ હોય જ છે.** ઉપરના દૃષ્ટાંતમાં જેને પુરૂષાર્થથી ખાવાનું મળ્યુ તેને પણ પુણ્યકર્મનો ઉદય તો હતો જ. જેને પુણ્યથી ખાવાનું મળ્યું તેને પણ પોતાના ઘરથી ધર્મશાળાની તે રૂમ સુધી આવવાનો અને ભોજન માટે હાથ-મુખ ચલાવવાનો પુરૂષાર્થ તો કરવો જ પડ્યો હતો.

આમ ક્યારેક કર્મ બળવાન બને છે અને ક્યારેક જીવ બળવાન બને છે. માટે એકલા કર્મના ભરોસે જીવવું નહીં, પણ પુરૂષાર્થ પણ કરવો. પુણ્યકર્મના ઉદયની સાથે પુરૂષાર્થ હોય તો જ કાર્ય થાય. પાપકર્મનો ઉદય હોય, પણ તે વખતે ધર્મમાં પુરૂષાર્થ કરવાથી તે પાપકર્મ દૂર થાય છે.

જીવને સંસારમાં ભમવાનો છેલ્લો પુદ્ગલપરાવર્ત ચરમાવર્ત કહેવાય છે. તે પૂર્વેના કાળ અચરમાવર્તકાળ કહેવાય છે. **અચરમાવર્તકાળમાં કર્મ બળવાન હોય છે અને જીવનો પુરૂષાર્થ ગૌણ હોય છે.** અચરમાવર્તકાળમાં જીવ સદ્ભાવથી ધર્મ કરતો નથી, તેને આત્મહિતકર ધર્મ કરવાનું મન પણ થતું નથી, તેને 'ધર્મ' જ આત્મહિતકર થાય એવા અક્ષરોનું શ્રવણ પણ થતું નથી.

ચરમાવર્તમાં આવેલા જીવને કર્મ તરફથી બધી અનુકૂળતા મળે છે. એટલે હવે જીવે પુરૂષાર્થ કરવાનો રહે છે. કર્મો જીવને ધર્મ કરવાની સામગ્રી આપે છે, પણ ધર્મમાં પુરૂષાર્થ તો જીવે જ કરવો પડે છે. **ચરમાવર્તમાં કર્મો ગૌણ બને છે, જીવનો પુરૂષાર્થ મુખ્ય બને છે.**

રસ્તા ઉપર લાલ સિગ્નલ હોય તો ગાડી આગળ ચલાવી શકાતી નથી. રસ્તા ઉપર લીલુ સિગ્નલ થાય પછી ગાડી જેટલી ઝડપથી દોડાવે તેટલો વહેલો પહોંચે. અચરમાવર્તના કાળમાં જીવને ધર્મ કરવા માટે કર્મનું લાલ સિગ્નલ હોવાથી તે ધર્મ કરી શકતો નથી. ચરમાવર્તમાં જીવને ધર્મ કરવા માટે કર્મનું લીલુ સિગ્નલ મળી જાય છે. હવે તે ધર્મમાં જેટલો વધુ પુરૂષાર્થ કરે તેટલો તેનો વહેલો મોક્ષ થાય.

જેમ કાળને આશ્રયીને કર્મ અને જીવ ગૌણ-મુખ્ય બને છે, **તેમ ગતિને આશ્રયીને પણ કર્મ અને જીવ ગૌણ-મુખ્ય બને છે.** તે આ રીતે-

દેવો, નારકીઓ અને તિર્યંચો ચારિત્રધર્મની આરાધના કરી મોક્ષ પામી શકતા નથી. એ ત્રણે ગતિઓમાં એમને એવા કર્મોનો ઉદય હોય છે કે જે એમને ચારિત્રધર્મ સ્વીકારવા દેતા નથી. આમ એ ત્રણે ગતિમાં ચારિત્રધર્મની સાધના માટે કર્મ મુખ્ય બને છે, જીવનો પુરૂષાર્થ ગૌણ બને છે. મનુષ્યો ચારિત્રધર્મની આરાધના કરી મોક્ષ પામી શકે છે. મનુષ્યગતિમાં ચારિત્રધર્મની આરાધનામાં બાધક કર્મ પ્રાયઃ નથી. જીવ જો પુરૂષાર્થ કરે તો તે ચારિત્રધર્મ સ્વીકારી શકે છે. આમ **મનુષ્યગતિમાં ચારિત્રધર્મની સાધના માટે કર્મ ગૌણ બને છે, જીવનો પુરૂષાર્થ મુખ્ય બને છે.**

કર્મના બંધ, ઉદય, ઉદીરણા, ક્ષયોપશમ, ક્ષય વગેરે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અને ભવને આશ્રયીને થાય છે. અમુક દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અને ભવમાં કર્મના બંધ, ઉદય વગેરે થાય અને અન્ય દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અને ભવમાં કર્મના બંધ, ઉદય વગેરે ન થાય.

આમ જીવ અને કર્મના ગૌણ-મુખ્ય ભાવને વિચારી આપણે શુભમાં પુરૂષાર્થ કરવો અને અશુભમાં થતા પુરૂષાર્થને અટકાવવો.

કર્મ જડ છે. જીવ ચેતન છે. શુભાશુભ ભાવો કરીને જીવ જ કર્મ બાંધે છે. એ કર્મો જ જીવને ફળ આપે છે. આમ સુખ-દુઃખનું કારણ કર્મ છે અને કર્મનું કારણ જીવ છે. માટે જીવ જો સન્માર્ગે પુરૂષાર્થ કરે તો કર્મના બળને તોડી શકે. જડ કરતા ચેતનની તાકાત વધુ હોય છે. જીવ ધારે તો કર્મોને દૂર કરી શકે.

માત્ર કર્મના આધારે બેસી રહેવાથી કંઇ નહીં થાય. આપણે પુરૂષાર્થ કરવો જ પડશે. પુરૂષાર્થ કરનારને સિદ્ધિ અવશ્ય મળે છે.

# દોષ મ દેજો કોઇને રે, કર્મ વિડંબનહાર

એક વ્યક્તિએ કૂતરાને પથ્થર માર્યો. પથ્થર કૂતરાને વાગ્યો. કૂતરાને પીડા થઇ. કૂતરાએ વિચાર્યું, 'આ પથ્થરને લીધે મને પીડા થઇ.' એમ વિચારી તે પથ્થરને બચકા ભરવા લાગ્યો. કૂતરો ટૂંકી દૃષ્ટિવાળો હતો. તેણે એ ન વિચાર્યું કે, 'પથ્થર તો માત્ર નિમિત્ત હતો, હકીકતમાં મને દુઃખી કરનાર તો પથ્થર ફેંકનાર હતો.' થોડી વાર પછી પેલી વ્યક્તિએ ફરી પથ્થર મારી કૂતરાને દુઃખી કર્યો. આમ કૂતરા ઉપર વારંવાર પથ્થરના પ્રહારો થતા રહ્યા. કૂતરાએ ટૂંકી દૃષ્ટિથી વિચારીને કાર્ય કર્યું, તેથી તે દુઃખી થયો.

શિકારીએ સિંહને બાણ માર્યું. બાણ સિંહને વાગ્યું. તે લોહીલૂહાણ થયો. તેને ઘણી પીડા થઇ. સિંહે વિચાર્યું, 'આ બાણ તો એક સાધન છે. આ બાણ ફેંક્યુ કોણે ? બાણ ફેંકનારે જ મને દુઃખી કર્યો છે.' આમ વિચારી તેણે આજુ-બાજુ નજર ફેરવી. દૂર છુપાયેલો શિકારી તેની નજર ચૂકવી ન શક્યો. સિંહે તરાપ મારી શિકારીને મારી નાંખ્યો. સિંહનો ઘા રુઝાઇ ગયો. ફરી તેની ઉપર બાણનો પ્રહાર ન થયો. સિંહે દીર્ઘદૃષ્ટિથી વિચાર કરીને કાર્ય કર્યું તો સુખી થયો.

કર્મો જગતના જીવોને નિમિત્ત બનાવીને આપણને દુઃખી કરે છે. કોઇ નિંદા કરે છે, કોઇ મારે છે, કોઇ ગુસ્સો કરે છે એ બધાનું કારણ આપણા કર્મો છે. આપણા અશુભ કર્મો તેમની પાસે આવું કરાવે છે. એટલે આપણું ખરાબ કરનાર આપણા કર્મો જ છે. દુન્યવી વ્યક્તિઓ કે વસ્તુઓ તો એમાં માત્ર નિમિત્ત છે.

જ્યારે કોઇ વ્યક્તિ કે વસ્તુ તરફથી પ્રતિકૂળતા આવે છે ત્યારે કૂતરા જેવી **ટૂંકી દૃષ્ટિવાળા જીવો તે વ્યક્તિ કે વસ્તુને દોષિત માની તેમની ઉપર પ્રહાર કરે છે, તેમની ઉપર દુર્ભાવ કરે છે કે તેમને દૂર કરવા પ્રયત્ન કરે છે. વ્યક્તિ કે વસ્તુ કદાચ દૂર થઇ જાય છે, પણ તેમની પાસે આવું કાર્ય કરાવનારા જીવના કર્મો તો એમ જ રહી જાય છે.** તે કર્મો ભવિષ્યમાં ફરી તે જીવને બીજી રીતે દુઃખી કરે છે. તે જીવે વ્યક્તિ કે વસ્તુને દોષિત માનીને કરેલા પ્રહારોને લીધે નવા કર્મો પણ બંધાય છે. તે કર્મો પણ જીવને દુઃખી કરે છે. આમ ટૂંકીદૃષ્ટિવાળા જીવો વધુ ને વધુ દુઃખી થાય છે.

જ્યારે કોઇ વ્યક્તિ કે વસ્તુ તરફથી પ્રતિકૂળતા આવે છે. ત્યારે સિંહ જેવી દીર્ઘદૃષ્ટિવાળા જીવો લાંબુ વિચારે છે. તેઓ વિચારે છે કે, 'આ વ્યક્તિ કે વસ્તુ તો માત્ર નિમિત્ત છે. તેમની પાસે આવું કાર્ય કરાવનાર તો મારા પોતાના કર્મો છે. એટલે હકીકતમાં વાંક વ્યક્તિ કે વસ્તુનો નથી પણ મારા કર્મોનો જ છે. મારે એ વ્યક્તિ કે વસ્તુને દૂર કરવાના નથી, પણ મારા કર્મોને જ દૂર કરવાના છે. મારા કર્મો દૂર થઇ જશે પછી મને કોઇ દુઃખી નહીં કરી શકે. વ્યક્તિ કે વસ્તુને દૂર કરીશ અને કર્મોની ઉપેક્ષા કરીશ, તો કર્મો બીજી રીતે મને દુઃખી કરશે.' **આમ વિચારી તે જીવો વ્યક્તિ કે વસ્તુની ઉપર પ્રહાર કરતા નથી, તેમની ઉપર દુર્ભાવ કરતા નથી કે તેમને દૂર કરવાના પ્રયત્નો કરતા નથી. તેઓ પોતાના કર્મોને દૂર કરવાના પ્રયત્નો કરે છે.** કર્મોનો સંપૂર્ણપણે નાશ થઇ જતા તે જીવો કાયમ માટે સુખી થઇ જાય છે, તેમને કોઇ દુઃખી કરી શકતું નથી.

**ટૂંકીદૃષ્ટિવાળા જીવો ઉપરછલ્લુ કારણ જુએ છે. દીર્ઘદૃષ્ટિવાળા જીવો મૂળ કારણ શોધે છે.**

ઝાડને ઉપરથી કાપવાથી તે ફરીથી ઊગે છે. જો તેને મૂળથી ઉખેડી નંખાય તો તે ફરી ઉગતું નથી. તેમ દુઃખો, પ્રતિકૂળતાઓ, આપત્તિઓ વગેરેના બાહ્ય નિમિત્તને દૂર કરાય તો તેમના મૂળ કારણ રૂપ કર્મ અકબંધ હોવાથી ફરીથી દુઃખો, પ્રતિકૂળતાઓ, આપત્તિઓ વગેરે આવ્યા જ કરવાના. જો મૂળ કારણરૂપ કર્મોને દૂર કરાય તો દુઃખો, પ્રતિકૂળતાઓ, આપત્તિઓ વગેરે આવતા કાયમ માટે બંધ થઇ જાય.

દવાઓ દ્વારા રોગને ઉપરછલ્લો દૂર કરાય તો તાત્કાલિક રાહત મળે છે, પણ ભવિષ્યમાં નિમિત્ત મળતા રોગ ફરી ઉથલો મારે છે અને પીડે છે. જો રોગને મૂળમાંથી કાઢી નંખાય તો કાયમ માટેની નિરાંત થઇ જાય. તેમ પ્રતિકૂળતાઓના બાહ્ય નિમિત્તો દૂર કરાય તો તાત્કાલિક રાહત મળે, પણ ભવિષ્યમાં નિમિત્ત મળતા કર્મોને લીધે ફરી પ્રતિકૂળતાઓ આવે છે. જો પ્રતિકૂળતાઓના મૂળકારણરૂપ કર્મો જ મૂળમાંથી કાઢી નંખાય તો કાયમ માટે પ્રતિકૂળતાઓ દૂર થઇ જાય.

પોસ્ટમેન ટપાલ આપે અને તેમાં ખરાબ લખ્યું હોય તો તેમાં પોસ્ટમેનનો

વાંક નથી, વાંક તો ટપાલ લખનારનો છે. પોસ્ટમેનને ધમકાવવાને બદલે ટપાલ લખનારને જ ધમકાવવો જોઇએ.

માઇકમાંથી આવતો અવાજ કર્કશ હોય તો તેમાં માઇકનો દોષ નથી, બોલનાર કે ગાનારનો જ દોષ છે. માઇક બદલવાને બદલે બોલનાર કે ગાનારને જ સુધારવો કે બદલવો જોઇએ.

માલીકે નોકર પાસે બીજાને ખરાબ મીઠાઇ મોકલાવી અને તે મીઠાઇ ખાવાથી તે માણસ બીમાર પડે તેમાં નોકરનો વાંક નથી, મીઠાઇ મોકલનાર માલીકનો જ વાંક છે. **તેમ કોઇ વ્યક્તિ કે વસ્તુએ આપણાને દુઃખી કર્યા તો એમાં તે વ્યક્તિ કે વસ્તુનો વાંક નથી, વાંક તો એ વ્યક્તિ કે વસ્તુ પાસે આપણને દુઃખી કરવાનું કામ કરાવનાર આપણા કર્મોનો જ છે.** માટે વ્યક્તિ કે વસ્તુને દૂર કરવાને બદલે કર્મોને જ દૂર કરવા પુરૂષાર્થ કરવો.

દુનિયામાં કોઇ આપણું સારૂં કે ખરાબ કરતું નથી, **આપણું સારૂં કે ખરાબ આપણા કર્મો જ કરે છે.** માટે બીજા કોઇને દોષ ન દેવો, કર્મને જ દોષ દેવો. બીજા કોઇ ઉપર આક્રોશ ન કરવો, કર્મો ઉપર આક્રોશ કરવો. બીજા કોઇને મારવા નહીં, કર્મોને જ મારવા. બીજા કોઇનો નાશ ન કરવો કર્મોનો જ નાશ કરવો.



## કર્મવાદના સિદ્ધાંતને સમજવાથી અને જીવનમાં ઉતારવાથી થતાં લાભો

કર્મવાદના સિદ્ધાંતને સમજવાથી જીવનમાં અનેક લાભો થાય છે. તે આ પ્રમાણે-

૧) કર્મવાદને જાણનારો સમજે છે કે, 'જીવનમાં સુખ આવે છે તે પુણ્ય કર્મના ઉદયથી આવે છે. જ્યાં સુધી પુણ્યોદય હોય છે ત્યાં સુધી સુખ મળે છે. પુણ્યોદય પરવારતા સુખ મળતું નથી.' **તેથી પુણ્યોદયથી મળેલા સુખમાં તે લીન બનતો નથી. સુખનું તેને મમત્વ થતું નથી. સુખમાં તે વૈરાગ્યથી રહે છે. તે અલિપ્ત રહીને સુખને ભોગવે છે.** પુણ્યોદય પૂરો થતા સુખ પુરૂ થાય અને પ્રતિકૂળતાઓ આવે તો પણ **તે દુઃખી કે ઉદાસ થતો નથી.** તેનું મન જરાય ડામાડોળ થતું નથી. તે સ્થિતપ્રજ્ઞ રહે છે. તેને ખબર જ હતી કે, 'આ સુખ કાંઇ મારૂં પોતાનું નહોતું. એ તો કર્મની દેન હતી.' તે વિચારે છે કે, 'આ સુખ એક દિવસ જવાનું જ હતું. જે જવાનું જ હતું તે ગયું તેમાં દુઃખી શા માટે થવું ?' આમ વિચારી તે પ્રસન્ન રહે છે.

૨) કર્મવાદને જાણનારો સમજે છે કે, 'જીવનમાં દુઃખ આવે છે તે પાપકર્મના ઉદયથી આવે છે. તે પાપકર્મો મેં જ પહેલા કર્યા હતા. તેથી આજે મને એનું ફળ મળી રહ્યું છે.' તેથી પાપોદયથી આવતા **દુઃખમાં તે દીન બનતો નથી. તે હાયવોય કરતો નથી. તેને આર્તધ્યાન થતું નથી.** દુઃખમાં તે સમતાથી રહે છે. 'દુઃખ કાયમ ટકવાનું નથી. પાપોદય પૂરો થતા દુઃખ પુરું થશે' આમ વિચારી તે હતાશ થતો નથી.

૩) કર્મવાદ સમજેલો માણસ સમજે છે કે, 'પ્રતિકૂળતા કર્મને લીધે આવે છે. તેમાં કોઇ વ્યક્તિ કે વસ્તુનો દોષ નથી. દોષ મારો પોતાનો જ છે કે પૂર્વે મેં ખરાબ કાર્ય કરી આવા કર્મો બાંધ્યા.' તેથી તેને પ્રતિકૂળ આચરણ કરનાર વ્યક્તિ કે વસ્તુ ઉપર દ્વેષ કે અસદ્ભાવ થતો નથી. **'પ્રતિકૂળ આચરણ કરનાર ઉપર દ્વેષ કરવાથી મને કોઇ લાભ થવાનો નથી. ઉલ્ટું, તેમ કરવાથી હું જ કર્મોથી ભારે થઇશ.** એ કર્મોનું ફળ મારે જ ભોગવવું પડશે. પ્રતિકૂળ આચરણ કરનારને એના કર્મો એ દુષ્ટ આચરણનું ફળ અવશ્ય આપશે. માટે મારે એની ઉપર દ્વેષ કરવાની જરૂર નથી કે મારે એનો બદલો લેવાની ય જરૂર નથી.' આમ વિચારીને પણ તે દુષ્ટ આચરણ કરનાર ઉપર દ્વેષ કરતો નથી.

૪. કર્મવાદને જાણનાર જાણે છે કે, 'અનુકૂળતા કર્મને લીધે મળે છે. વ્યક્તિ કે વસ્તુ એમાં નિમિત્તમાત્ર છે.' તેથી તે અનુકૂળતા આપનાર ઉપર રાગ કરતો નથી. અનુકૂળ વસ્તુ ઉપર તેને આસક્તિ થતી નથી. તે સમજે છે કે, **'અનુકૂળ આચરણ કરનાર વ્યક્તિ કે વસ્તુ ઉપર રાગ કરીને મને કર્મબંધ થશે જેના ફળ મારે જ ભોગવવા પડશે.'** આમ વિચારીને પણ તે રાગ ન કરે. હા, અનુકૂળતા કરી આપનારા ઉપર **તેને બહુમાન હોય, તે તેનો ઉપકાર માને, તે તેના ઉપકારનો બદલો પણ વાળવા પ્રયત્ન કરે,** પણ રાગથી તો તે દૂર રહે.

૫. **કર્મવાદનો અભ્યાસી કોઇ પણ પ્રસંગમાં સમભાવ ટકાવી શકે છે.** તે સમજે છે કે, 'બધુ કર્મના આધારે થાય છે. મારે એમાં લેપાવાની જરૂર નથી. જો હું રાગ-દ્વેષ કરીશ તો મારે કર્મબંધ થશે.' તેથી તે ક્યાંય લેપાતો નથી. તે નિર્લેપ બનીને સમભાવમાં લીન બને છે.

૬. કર્મવાદ સમજેલ વ્યક્તિ **પાપથી અટકે** છે. તે સમજે છે કે, 'પાપ કરવાથી પાપકર્મો બંધાશે. તે પાપકર્મોના ઉદયે મારે જ કડવા ફળ ભોગવવા પડશે. અત્યારે સમજણપૂર્વક અગવડતાને હું સહન કરી શકીશ. એ અગવડને દૂર કરવા પાપ કરીશ તો પાપકર્મોના ઉદયે ભયંકર પ્રતિકૂળતાઓ આવશે. ત્યારે સમજણના અભાવે હું સહન નહીં કરી શકું અને વધુ કર્મ બાંધીશ. આમ કર્મની પરંપરા ચાલશે. એના કરતા અત્યારે થોડી અગવડતા વેઠવામાં મને મોટું નુકસાન નથી.' પાપકર્મના ઉદયે મળનારા નરકગતિ, તિર્યંચગતિ, દેવ-દુર્ગતિ (હલકા દેવપણું) અને મનુષ્ય-દુર્ગતિ (હલકા મનુષ્યપણું)ના દુઃખોને તે જાણે છે. હસતા બાંધેલા કર્મના ઉદયે જીવને રડવાનો વારો આવે છે એવું પણ એ જાણે છે. પાપકર્મોથી તે બહુ ડરે છે. તેથી જ તે પાપ કરતો નથી. ન છુટકે કરવા પડતા પાપો પણ તે રડતા રડતા કરે છે. તેથી તેને અલ્પ કર્મબંધ જ થાય છે.

૭. **કર્મવાદ જાણનાર વ્યક્તિ ધર્મમાં ઉદ્યમશીલ બને છે.** તે સમજે છે કે, 'ધર્મ કરવાથી પુણ્યબંધ થાય છે. તે પુણ્યનો ઉદય વધુ સારો ધર્મ કરવાની સામગ્રી આપે છે. આમ ઉત્તરોત્તર ચઢીયાતો ધર્મ કરવાથી એક દિવસ આત્માનો મોક્ષ થાય છે. ધર્મથી કર્મનિર્જરા પણ થાય છે. બધા કર્મોની નિર્જરા થતા આત્મા પોતાના શુદ્ધ સ્વરૂપને પામે છે.' ધર્મ એને કષ્ટદાયક નથી લાગતો, પણ શુદ્ધિદાયક લાગે છે. તેથી તે ખૂબ જ ઉલ્લાસપૂર્વક ધર્મ કરે છે.

૮. **કર્મવાદના મર્મને જાણનાર ગુસ્સો નહીં કરવાના પ્રયત્નો કરે છે.** 'કોઇ

પ્રતિકૂળ આચરણ કરે ત્યારે એ વ્યક્તિ કે વસ્તુ દોષિત નથી, પણ મારા કર્મો જ દોષિત છે.' એમ વિચારી તે વ્યક્તિ કે વસ્તુ ઉપર ગુસ્સો નથી કરતો, પણ પોતાના કર્મો ઉપર જ ગુસ્સો કરી તેમને દૂર કરવાના પ્રયત્નો કરે છે. 'ગુસ્સો કરવાથી મને કર્મબંધ થશે. મારે એ કર્મોનું ફળ ભોગવવું પડશે.' એમ વિચારીને પણ એ ગુસ્સો નથી કરતો. 'જો હું ગુસ્સો કરીશ તો સામી વ્યક્તિ પણ ગુસ્સે થશે અને પ્રતિકૂળ આચરણ કરશે. તેથી તેનો આત્મા પણ કર્મથી ભારે થશે. તે બિચારો કર્મથી ભારે છે જ. તેમાં વળી કર્મોનો નવો ભાર તેની ઉપર આવશે તો તે બિચારો બહુ જ દુઃખી થઇ જશે.' આ સામી વ્યક્તિને થનારા કર્મબંધને વિચારીને પણ તે ગુસ્સો કરતો નથી. 'હું તો કર્મવાદને સમજેલો છું. તે બિચારો કર્મવાદને સમજ્યો નથી. અણસમજને લીધે તે પ્રતિકૂળ આચરણ કરે એ કદાચ બરાબર છે, પણ કર્મવાદની સમજણ મળ્યા પછી પણ હું જો ગુસ્સો કરૂં અને તેના જેવો થઇ જાઉં તો તે મારા માટે તદ્દન અયોગ્ય છે. આમ કરવાથી તેનામાં અને મારામાં કોઇ ફેર નહીં રહે.' આમ વિચારીને પણ તે ગુસ્સો ન કરે. 'એ પ્રતિકૂળ આચરણ કરે છે. એનું ફળ એના કર્મો એને આપશે. મારે કાયદો હાથમાં લેવાની જરૂર નથી. જો હું ગુસ્સો કરીશ તો હું પણ ગુનેગાર થઇશ અને મારે એ ગુનાની સજા ભોગવવી પડશે.' આમ વિચારીને તે ક્ષમા રાખે. 'સામી વ્યક્તિને એના કર્મો પ્રતિકૂળ આચરણ કરવા પ્રેરે છે. દોષ એના કર્મોનો છે, એનો નહીં. એ તો બિચારો કર્મનો ગુલામ છે. કર્મ કરાવે તેમ તે કરે છે.' આમ વિચારીને તે બધુ સહન કરે, પણ પ્રતિકાર ન કરે. કર્મવાદ સમજેલ વ્યક્તિ આવી અનેક વિચારણાઓથી મનને મનાવી લે છે પણ એને ગુસ્સાથી કલુષિત થવા નથી દેતો.

૯) 'કોઇ પાસે આપણું લેણું લેવાનું બાકી હોય તો એ લેવાનું આપણે ચુકતા નથી. લેણુ જુનુ હોય તો વ્યાજ સાથે લઇએ છીએ. સજ્જન માણસ પોતાની ઉપર કોઇનું દેવું હોય તો તે અવશ્ય ચુકવી દે છે. જૂનુ દેવું હોય તો તે વ્યાજ સહિત ચુકવી દે છે. પુણ્યોદય એ આપણું લેણું છે. પાપોદય એ આપણું દેવું છે. પૂર્વે પુણ્ય બાંધ્યું હોવાથી આપણે લેણાના હકદાર છીએ. અત્યારે પુણ્યોદયથી આપણને બધુ મળે છે. એ બધું આપણને ગમે છે. પુણ્યોદયથી મળતું લેણું વ્યાજ સહિત આપણને મળે છે. પુણ્યોદય આપણને ગમે છે. પણ પાપોદય આપણને ગમતો નથી. પૂર્વે અશુભ કાર્ય કરીને પાપનું દેવું આપણે ઊભું કર્યું છે. અત્યારે વ્યાજ

સહિત આપણે એ દેવુ ચુકવવાનું છે. **જેમ પુણ્યોદયનું લેણું લેવાના આપણે હકદાર છીએ તેમ પાપોદયનું દેવું ચુકવવાની આપણી ફરજ છે. સજ્જન માણસ લેણું લેવામાં હજી મોડું કરે પણ દેવું ચુકવવામાં મોડુ ન કરે. વહેલી તકે એ દેવું ચુકવી દે. દેવું એને ભારરૂપ લાગે.** તેથી દેવું ચુકવતા એને ભાર ઓછો થયાનો અનુભવ થાય. તેથી દેવું ચુકવતા તે ખુશ થાય. ધર્માત્મા પુણ્યોદયને ભોગવવામાં હજી મોડું કરે, **પણ પાપોદયને તો વહેલાસર સહન કરે.** પાપો તેને બોજરૂપ લાગે. તેથી પાપોદય થતાં બોજ ઓછો થશે એમ વિચારી તે ખુશ થાય. પુણ્યોદય જેમ આપણને ગમે છે **તેમ પાપોદય પણ આપણને ગમવો જોઇએ.**

પાપોદયથી પ્રતિકૂળતાઓ આવે છે. રોગ આવે, કોઇ અપમાન કરે, કોઇ ગાળ આપે, કોઇ મારે, કોઇ પૈસા દબાવી દે, કોઇ હેરાન કરે, કોઇ નુકશાન થાય, કોઇ આપત્તિ આવે ત્યારે એમ વિચારવું કે **આ પાપોદયનું દેવું ચુકતે થાય છે.** આમ વિચારવાથી આર્તધ્યાન થતું અટકી જાય છે અને વિપરીત પરિસ્થિતિને સમભાવે સહન કરી શકાય છે. **પ્રતિકૂળતામાં નુકસાન દેખાય છે માટે દુઃખી થવાય છે. પ્રતિકૂળતામાં પાપનું દેવું ચુકવાયાનો લાભ દેખાય તો આનંદ થાય,** હસતા મોઢે પ્રતિકૂળતા સહેવાય, સામે ચાલીને પ્રતિકૂળતા સહેવાનું મન થાય. આજ સુધી ભલે પ્રતિકૂળતાઓનો તિરસ્કાર કર્યો. હવેથી પ્રતિકૂળતાઓને આવકાર આપતા શીખીએ. કર્મવાદને સમજેલો આ તત્ત્વજ્ઞાનને બરાબર સમજે છે. તેથી પ્રતિકૂળતાઓ આવે ત્યારે **'પાપોદયનું દેવું ચુકતે થાય છે.'** એમ વિચારી હસતા મોઢે તે પ્રતિકૂળતાઓને સહે છે.

૧૦. કર્મવાદને સમજેલી વ્યક્તિ **જીવન જીવવાની કળા શીખી જાય છે.** 'અનુકુળતા કે પ્રતિકૂળતા કર્મના ઉદયથી આવે છે.' એમ સમજીને એ સુખમાં મમતાને મૂકીને રહે છે અને દુઃખમાં સમતાને રાખીને રહે છે. તેથી તે સદા પ્રસન્ન રહે છે. તે ક્યારેય જીવનથી કંટાળતો નથી. **દરેક પ્રસંગમાંથી પોતાને થતો લાભ તે શોધી કાઢે છે.** તેથી તે સદા આનંદમાં રહે છે.

૧૧. કર્મવાદ ભણ્યા પછી 'કર્મ જીવને કેવો ઊંચે ચઢાવે છે અને ક્યાંય નીચે પટકી દે છે' એનું ભાન થવાથી **સંસાર પ્રત્યે વૈરાગ્ય થાય છે.**

૧૨. જુના વસ્ત્રો ફાટતા માણસ તેમને ફેંકી નવા વસ્ત્રો પહેરે છે. ઘર જુનું થતાં માણસ તેને બદલી નવા ઘરમાં રહેવા જાય છે. પેન બગડી જતા માણસ તેને ફેંકી નવી પેનથી લખે છે. આ બધામાં માણસને જુનું છોડ્યાનું દુઃખ નથી હોતું પણ નવું મળ્યાનો આનંદ હોય છે. આયુષ્ય

કર્મ પૂરૂં થતા જીવને જુનો ભવ છોડી નવા આયુષ્યકર્મવાળો નવો ભવ લેવો પડે છે. **આનું જ નામ મરણ.** કર્મવાદને સમજેલો મરણની આ વ્યાખ્યાને બરાબર સમજે છે. તેથી તે મરણથી ડરતો નથી. તેને મરણનું દુઃખ પણ નથી લાગતું. ઊલટું, **મરણ વખતે 'નવો ભવ મળશે અને વધુ સારી આરાધના થશે'** એમ વિચારી તે આનંદ પામે છે.

અન્ય જીવો મરણને દૂર કરવાના પ્રયત્નો કરે છે. કર્મવાદ સમજેલો જાણે છે કે, 'મરણનું કારણ જન્મ છે અને જન્મનું કારણ કર્મ છે. માટે જો મરણ ન જોઇતું હોય તો જન્મ ન લેવો જોઇએ અને જન્મ ન લેવો હોય તો કર્મોને સંપૂર્ણ રીતે દૂર કરવા જોઇએ. મરણ વખતે કર્મો બાકી હોય છે માટે જ જીવને જન્મ લેવો પડે છે. જન્મ થયો હોવાથી તેણે મરવું પણ પડે છે. જો મરણ પૂર્વે બધા કર્મો ખપી જાય તો જીવને નવો જન્મ લેવો પડતો નથી. તે કાયમ માટે મોક્ષે જાય છે.' **તેથી તે મરણને નિવારવાને બદલે કર્મને જ નિવારવાના ઉપાયો કરે છે.**

ટુંકમાં કર્મવાદને સમજવાથી અને જીવનમાં ઉતારવાથી જીવ

**૧. સુખમાં લીન થતો નથી,**
**૨. દુઃખમાં દીન થતો નથી,**
**૩. પ્રતિકૂળ આચરનાર ઉપર દ્વેષ કરતો નથી,**
**૪. અનુકૂળ આચરનાર ઉપર રાગ કરતો નથી,**
**૫. હંમેશા સમતામાં રહે છે,**
**૬. પાપથી અટકે છે,**
**૭. ધર્મમાં ઉદ્યમ કરે છે,**
**૮. ગુસ્સો કરતો નથી,**
**૯. દેવ ચુકતે થાય છે એમ સમજી પ્રતિકૂળતાઓને સહર્ષ સહન કરે છે,**
**૧૦. જીવન જીવવાની કળા શીખી જાય છે,**
**૧૧. સંસાર પ્રત્યે વૈરાગ્યવાળો થાય છે,**
**૧૨. મરણથી ડરતો નથી.**

કર્મવાદ સમજવાથી આવા અનેક લાભો થાય છે. માટે કર્મવાદને સમજવા અને જીવનમાં ઉતારવા પ્રયત્નશીલ બનવું.

આ સંપૂર્ણ પુસ્તકમાં જિનાજ્ઞાવિરૂદ્ધ કંઇ પણ લખાયું હોય તો તેનું ત્રિવિધે ત્રિવિધે મિચ્છામિ દુક્કડમ્ દઉં છું.

**જગતના સર્વ જીવોનું કલ્યાણ થાઓ**

**જગતના સર્વ જીવો સુખી થાઓ...**




શ્રી ભુવનભાનુ
પદાર્થ
પરિચય
શ્રેણિ

પ્રકાશક

જૈનમ્ પરિવાર

SHUBHAY
Cell:98205 30299